# સૂત્ર સંવેદના-૫

આવશ્યક ક્રિયાના સૂત્રો ભાવગ્રાહી વિવેચન સાથે

ભાગ-૫

આયરિય ઉવજ્ઝાએથી સકલતીર્થ સુધીના સૂત્રો



# સૂત્ર સંવેદના

**આવશ્યક ક્રિયાના સૂત્રો ભાવગ્રાહી વિવેચન સાથે**

**ભાગ-૫**

આયરિય ઉવજ્ઝાએથી સકલતીર્થ સુધીના સૂત્રો


**: સંકલન :**

પ્રશાંતમૂર્તિ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી ચરણશ્રીજી મહારાજના શિષ્યા

પરમ પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મહારાજના શિષ્યા

**સાધ્વીજીશ્રી પ્રશમિતાશ્રીજી**



**: પ્રકાશક :**

*સન્માર્ગ પ્રકાશન*

જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ,

અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૨૫૩૫૨૦૭૨

**સૂત્ર સંવેદના**

978-81-87163-72-5

**: પ્રકાશક :**

***સન્માર્ગ પ્રકાશન***

શ્વે. મૂ. તપ. જૈન આરાધના ભવન પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૨૫૩૫૨૦૭૨

E-mail : sanmargprakashan@gmail.com

મૂલ્ય : રૂ. **50-00** ● નકલ : **3000**

પ્રથમ આવૃત્તિ : જ્ઞાનપંચમી વિ. સં. ૨૦૬૭, ઈ.સન ૨૦૧૦

## સંપર્કસ્થાન – પ્રાપ્તિસ્થાન

■ **અમદાવાદ :**

- *સન્માર્ગ પ્રકાશન કાર્યાલય*
- **સરલાબેન કિરણભાઈ**
  "ઋષિકિરણ"
  ૧૨, પ્રકૃતિકુંજ સોસાયટી,
  આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
  ફોન : (O) ૨૨૧૬ ૪૫ ૨૧
  (R) ૨૬૬૨ ૦૯ ૨૦
  (M) ૯૮૨૫૦ ૦૭૨૨૬
- **વાઘજીભાઈ ભૂદરભાઈ**
  સ્વામિનારાયણ મંદિર રોડ,
  કાલુપુર, અમદાવાદ-૧.
  ફોન : (O) ૨૨૧૬ ૫૩ ૪૬
  (M) ૯૩૨૭૦ ૦૪૩૫૩

■ **સુરત :**

- **વાડીલાલ સંઘવી**
  ૫૦૪, ધરમ પેલેસ, પારલે પોઈન્ટ,
  અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૭.
  ફોન : (O) ૨૨૧૧૦૫૩ (R) ૨૪૨૫૮૮૩
  (M) ૯૮૨૫૧ ૪૦૨૧૨, ૯૩૭૬૮ ૧૧૭૦૨

■ **મુંબઈ :**

- **હિમાંશુભાઈ રાજા**
  ૬/૬૫, ગીતાંજલી બિલ્ડીંગ,
  ૭૩/૭૫, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬.
  (M) ૯૮૨૦૦ ૪૪૮૮૨
- **સાકેરચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી**
  સી વ્યૂ એપાર્ટમેન્ટ, ૭મે માળ
  ડુંગરસી રોડ, વાલ્કેશ્વર, મુંબઈ-૬.
  ફોન : (ઘર) ૨૩૬૭ ૬૩૭૯
  (M) ૯૮૨૦૦ ૮૧૧૨૪

જેમણે આપ્યું તેમના કરકમલમાં....

# ..... આભાર ....

## સન્માર્ગ પ્રકાશન દ્વારા આયોજિત

# સૂત્ર સંવેદના - ૫

### પુસ્તક પ્રકાશનનો આંશિક લાભ લેનાર પરિવાર

શતાધિક શિષ્યાઓના યોગક્ષેમકારિકા પ.પૂ. સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ.સા.ના શિષ્યા પરમ વિદૂષી સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી મ.સા.ના શિષ્યા સા. શ્રી જિનપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે શ્રી સુબોધચંદ્ર પોપટલાલ તથા તેમના પરિવારજનો તરફથી.

❖ મૃદુલાબેન પ્રવીણભાઈ શાહ
❖ ડૉ. શ્રીમતી કોકીલાબેન ભરતભાઈ શાહ
❖ શ્રીમતી રંજનાબેન અતુલભાઈ શાહ
❖ શ્રીમતી મોનીકાબેન સૌરભભાઈ ઝવેરી
❖ શ્રી મનનભાઈ મહેન્દ્રભાઈ હાજી
❖ શ્રી સમીરભાઈ દેવેન્દ્રભાઈ સંઘવી
❖ શ્રીમતી પૌરવીબેન ભાવીનભાઈ શાહ
❖ શ્રીમતી પાયલબેન ધવલભાઈ શાહ
❖ શ્રીમતી સોનલબેન ચેતનભાઈ તૂપે
❖ શ્રીમતી મેઘનાબેન મૌલિકભાઈ ગાંધી
❖ શ્રીમતી સુજાનાબેન મનનભાઈ શાહ
❖ કું. સેજલબેન શરદભાઈ શાહ
❖ શ્રી અલોકભાઈ શરદભાઈ શાહ
❖ શ્રી ઋષિભાઈ કિરણભાઈ શાહ
❖ શ્રીમતી હેલીબેન વિરાજભાઈ શાહ
❖ શ્રીમતી માનસીબેન દિપનભાઈ મહેતા
❖ શ્રી નિરવભાઈ ભરતભાઈ શાહ
❖ શ્રીમતી જયણાબેન જિનલભાઈ સતીયા
❖ શ્રી કવીભાઈ અશોકભાઈ ગાંધી
❖ શ્રીમતી કૌશાલીબેન મનીષભાઈ દળવી
❖ શ્રીમતી શેફાલીબેન અમીતભાઈ કટારીયા
❖ વ્યોમ-ક્ષિતિજા સૌરભભાઈ ઝવેરી
❖ શ્રીમતી માધવીબેન ગૌરવભાઈ શાહ

**આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.**

લિ. સન્માર્ગ પ્રકાશન

## સૂત્ર સંવેદના સંબંધિ પૂ.આ.ભ.
## વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ.નો અભિપ્રાય

- નારાયણધામ, વિ.સં. ૨૦૫૭, પો.વ.૪

**વિનાયાદિગુણોપેતા સા. શ્રી પ્રશમિતાશ્રીજી યોગ -**

જિજ્ઞાએ પૂર્વે રૂબરૂ વાત કરેલ તે પછી 'સૂત્ર સંવેદના' લખાણ વાંચવા મોકલેલ. તે વિહાર દરમ્યાન આખું વાંચી લીધું. ખરેખર કહું - વાંચવાથી મારા આત્માને તો જરૂર આનંદ આવ્યો. **એવો આનંદ અને તે વખતે પેદા થયેલી સંવેદનાઓ જો કાયમી બને, ક્રિયા વખતે સતત હાજર રહે તો જરૂર ક્રિયા-અનુષ્ઠાન ભાવાનુષ્ઠાન બન્યા વિના ન રહે.** ખૂબ સારી મહેનત કરી છે. આવી સંવેદના પાંચે પ્રતિક્રમણમાં ઉપયોગી બધા જ સૂત્રોની તૈયારી થાય તો જરૂર ખૂબ લાભદાયી બને. યોગ્ય જીવો માટે મેં જિજ્ઞાને માટે પ્રેરણા કરી છે. આમાં મૂળ તમે છો - તો તમને પણ જણાવું છું. મારી દૃષ્ટિએ આ સૂત્ર સંવેદના દરેક સાધુ/સાધ્વીઓ - ખાસ કરીને નવાએ ખાસ વાંચવી જોઈએ.

રત્નત્રયીની આરાધનામાં અવિરત ઉજમાળ બનો એ જ એક શુભાભિલાષા.

**લિ.**

**હેમભૂષણ સૂ. ની અનુવંદનાદિ**

## પ્રકાશનની વેળાએ...

ઉપકારી તત્ત્વો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો વધુ એક અવસર આવ્યો છે. તેનો આનંદ છે. સૂત્રસંવેદના લખાય છે એમાં મારું પોતાનું કહેવાય એવું લગભગ કાંઈ નથી. કંઈક કર્મરાજાની કૂણી લાગણી કે મને ગણધર ભગવંતોના શબ્દોનું રહસ્ય સમજવા મળે તેવા સંયોગો ઊભા કર્યા, કંઈક વડિલો પાસેથી સાંપડેલો ક્રિયા કરવાનો સંસ્કારવારસો, કંઈક મહાપુરુષોના સમાગમથી મળતી રહેતી સમજણ, કંઈક પૂજ્યો અને સહાધ્યાયીઓની પ્રેરણા, કંઈક આપ્તજનોનો સહકાર, કંઈક જિજ્ઞાસુ અભ્યાસીઓનો આગ્રહ...!! આ બધી બાબતોના સમન્વયમાંથી **સૂત્ર સંવેદના** સર્જાય છે. આ બધાનો જેટલો આભાર માનું તેટલો ઓછો.

નમસ્કાર મહામંત્રથી ચાલુ કરેલી યાત્રા આ ભાગમાં બે પ્રતિક્રમણના મોટા ભાગના સૂત્રોને આવરી લઈ 'સકલતીર્થવંદના સૂત્ર' પર થોડો વિરામ લે છે. આગળ સૂત્રસંવેદના-૬માં બીજા કેટલાક સૂત્રો અને પ્રતિક્રમણની વિધિ અને હેતુઓની સંવેદના આવશે.

પૂર્વની જેમ આ બધાના મૂળમાં મારા ધર્મ પિતા તુલ્ય (સંસારી પક્ષે મારા મામા) **વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા** છે. ધર્મના સંસ્કારોનું સિંચન કરી તેઓશ્રીએ **વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિરાજ ભાવાચાર્ય ભગવંત પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** સાથે મારો ભેટો કરાવ્યો. આ સુયોગથી મારું જીવન સન્માર્ગે પાંગર્યું. તે પૂજ્યના સહૃદય સૂચનથી મને મારા પરમોપકારી **ગુરુવર્યા શતાધિક શિષ્યાોના યોગક્ષેમકારિકા પરમવિદૂષી સા.શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ.સા.** કુશળ માર્ગચિંધક સ્વરૂપે મળ્યા. ઉપકારીઓના આશિર્વાદ અને સૂચનથી લખવાનું શરૂ કર્યું. ફળ તમારા હાથમાં છે.

**માર્ગાનુગામી પ્રતિભાસંપન્ન સન્માર્ગદર્શક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા** અને પ્રોત્સાહન તો આ કૃતિનું મૂળ છે.

તેઓશ્રીએ સમયે સમયે યથાર્થ પદાર્થને સરળતાથી રજૂ કરવા અનેક અમૂલ્ય સૂચનો કરી લખાણમાં સચ્ચાઈ અને સુગમતાના સૂર પૂર્યા છે.

સૂત્રોના ઊંડાણ સુધી પહોંચવામાં સુ. શ્રી પ્રવીણભાઈ મોતાનો સહકાર સદા અનુમોદનીય છે. તો વળી ભાષાકીય ચોક્કસાઈ જાળવવામાં પ.પૂ. રોહિતાશ્રીજી મ.સા. ના શિષ્યરત્ન **પૂ. સાધ્વીજીશ્રી ચંદનબાળાશ્રીજી** મ.સા. સ્મરણીય છે.

પ્રાંતે બહુશ્રુતજનોને એક પ્રાર્થના કરું કે ક્યાંય પણ ક્ષતિ જણાય તો મને જાણ કરશો. વીતરાગ સર્વજ્ઞની આજ્ઞાવિરુદ્ધ ક્યાંય કાંઈપણ લખાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં'

અંતરની એક અભિલાષા છે કે, આ સૂત્રો વાંચી પુસ્તકને મૂકી ન દેશો. તે તે ભાવોને પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતાં અનુભૂતિનો વિષય બનાવી અહીં જ આત્માનંદની મસ્તીને માણી પરમાનંદ પામવાનો પ્રયત્ન કરજો.

કા. સુ.૫ ૨૦૬૭
તા. ૧૦-૧૧-૨૦૧૦
રત્નત્રયી આરાધના ભવન
૪૬, વસંતકુંજ સોસાયટી,
અમદાવાદ

પરમ વિદૂષી પ.પૂ. ચન્દ્રાનનાશ્રીજી મ.સાના
શિષ્યા સા. પ્રશમિતાશ્રીજી

## સૂત્રસંવેદના ભા. ૧ - પ્રથમ આવૃત્તિના પ્રકાશકના
# હૈયાની વાતના અંશો

... મોક્ષમાર્ગ ઉપર ચાલવા માટે જ પૂ. સાધ્વીજી ભગવંતે અમોને સૂત્રોના અર્થ કરાવ્યા હતા. તેઓશ્રીએ સૂત્રાર્થનું જ્ઞાન માત્ર શબ્દથી નહોતું કરાવ્યું, અર્થનું જ્ઞાન માત્ર માહિતી માટે નહોતું આપ્યું, પરંતુ આવશ્યક ક્રિયા દ્વારા આત્માને કેમ નિર્મળ બનાવવો તે શીખડાવવા આપ્યું હતું. તેઓશ્રી હંમેશા કહેતા કે, આ સૂત્રાર્થના જ્ઞાન દ્વારા તમારે ક્રિયા કરતાં કેવા ભાવો કરવા, કેવી સંવેદનાઓનો અનુભવ કરવો તે ખાસ સમજવાનું છે. તેમનું લક્ષ્ય હંમેશા ક્રિયાને આત્મલક્ષી બનાવવાનું રહેતું. ક્રિયા પૂર્વે આત્મશુદ્ધિનું કે મોક્ષપ્રાપ્તિનું પ્રણિધાન થાય તો જ ક્રિયા સુયોગ્ય બને - એમ તેઓશ્રી વારંવાર કહેતા. પણ... મોક્ષપ્રાપ્તિના પ્રણિધાનપૂર્વકની ક્રિયાઓ બતાવવી કઈ રીતે, તે અમારી મુંઝવણનો વિષય હતો.

મુંઝવણનો ઉકેલ સામે હતો, પરંતુ ક્ષયોપશમની અલ્પતાને કારણે મને તો વધુ મૂંઝવણ થતી હતી કે, હું આ અર્થને યાંદ કઈ રીતે રાખું અને એને ક્રિયા કરતા કઈ રીતે ઉપસ્થિત કરું ? તેથી પૂ. સાધ્વીજીભગવંતને વિનંતી કરી કે, આપ આ અર્થનું ભાવસભર લખાણ કરી આપો તો અમે એનું વારંવાર પઠન-મનન કરી શકીએ અને તેના આધારે અમારો પ્રયત્ન પણ કંઈક સફળ બની શકે.

કૃપાળુ ગુરુદેવે અમારી વિનંતીનો સ્વીકાર કરી લખાણ તૈયાર કરી આપ્યું. તેઓશ્રીએ જેટલી મહેનત કરી લખાણ કરી આપ્યું છે; તેટલી કે તેથી અધિક મહેનત જો ધર્મક્રિયામાં થાય તો યત્કિંચિત ઋણમુક્ત બની શકાય. આ સિવાય ઋણમુક્તિનો અન્ય ઉપાય જણાતો નથી.

પ્રત્યક્ષથી જેટલું મળ્યું છે, તેની સામે લખાણથી પ્રાપ્ત થતું જ્ઞાન જો કે ઘણું અલ્પ છે, તો પણ આ જ્ઞાન ઘણાને સત્ક્રિયામાં ઉપયોગી નીવડશે, તેમ વિચારીને જ મેં આ લખાણ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રકાશનના માધ્યમે જે જ્ઞાન મને મળ્યું છે, તે જ્ઞાન અનેક તત્ત્વજિજ્ઞાસુઆત્મા સુધી પહોંચે અને તેઓ આનો વધુ લાભ ઉઠાવે તે જ અંતરની ઇચ્છા છે.

**"ઋષિકિરણ", ૧૨, પ્રકૃતિકુંજ સોસાયટી,**
**શ્રેયસ સ્કૂલ પાસે, અમદાવાદ-૧૫**
**ફોન : ૨૬૬૨૦૯૨૦**

**સરલાબેન કિરણભાઈ શાહ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૪ | આયરિય-ઉવજ્ઝાએ સૂત્ર | ૧-૧૨ |
| | • સૂત્ર પરિચય | ૧ |
| | • મૂળ સૂત્ર - અન્વય છાયા - શબ્દાર્થ | ૩ |
| | • ગાથા-૧ आयरिय० | ૪ |
| | • ગાથા-૨ सव्वस्स० | ૮ |
| | • ગાથા-૩ सव्वस्स० | ૧૦ |
| ૩૫ | નમોઽસ્તુ વર્ધમાનાય | ૧૩-૧૮ |
| ૩૬ | વિશાલ-લોચન દલં | ૧૯-૨૪ |
| ૩૭ | શ્રુતદેવતાની સ્તુતિ-૧ | ૨૫-૨૭ |
| | • सुअदेवया० | |
| ૩૮ | શ્રુતદેવતાની સ્તુતિ-૨ | ૨૮-૨૯ |
| | • कमलदल० | |
| ૩૯ | ક્ષેત્રદેવતાની સ્તુતિ-૧ | ૩૦-૩૧ |
| | • जीसे खित्ते० | |
| ૪૦ | ક્ષેત્રદેવતાની સ્તુતિ-૨ | ૩૨-૩૩ |
| | • यस्याः क्षेत्र० | |
| ૪૧ | ભુવનદેવતાની સ્તુતિ | ૩૪-૩૫ |
| | • ज्ञानादिगुण० | |
| ૪૨ | અડ્ઢાઈજ્જેસુ સૂત્ર | ૩૬-૪૨ |
| | • ગાથા-૧ अड्ढाइ० | ૩૮ |
| | • ગાથા-૨ पंच महव्वय० | ૩૯ |
| | • અઢાર હજાર શીલાંગરથ | ૪૧ |
| ૪૩ | વરકનક સૂત્ર | ૪૩-૪૫ |
| ૪૪ | લઘુ શાંતિ સ્તવ સૂત્ર | ૪૬-૧૧૭ |
| | • ગાથા-૧. शान्तिं० | ૫૧ |
| | • ગાથા-૨. ओमिति० | ૫૭ |
| | • ગાથા-૩. सकला० | ૬૧ |
| | • પરમાત્માના અતિશય | ૬૨ |
| | • ગાથા-૪. सर्वामर० | ૫૧ |
| | • ગાથા-૫. सर्व-दुरितौघ० | ૬૯ |
| | • ગાથા-૬. यस्येति० | ૭૨ |
| | • ગાથા-૭. भवतु नमस्ते० | ૭૫ |
| | • ગાથા-૮. सर्वस्यापि० | ૮૦ |
| | • ગાથા-૯. भव्यानां० | ૮૪ |
| | • ગાથા-૧૦. भक्तानां० | ૮૭ |
| | • ગાથા-૧૧. जिनशासन० | ૯૦ |
| | • ગાથા-૧૨-૧૩. सलिला० | ૯૪ |
| | • ગાથા-૧૪. भगवति० | ૯૮ |
| | • ગાથા-૧૫. एवं० | ૧૦૨ |
| | • ગાથા-૧૬. इति पूर्व० | ૧૦૪ |
| | • ગાથા-૧૭. यश्चैनं० | ૧૦૬ |
| | • ગાથા-૧૮. उपसर्गाः० | ૧૧૦ |
| | • ગાથા-૧૯. सर्वमङ्गल० | ૧૧૪ |
| ૪૫ | ચઉક્કસાય સૂત્ર | ૧૧૮-૧૨૮ |
| ૪૬ | ભરહેસર બાહુબલી સજ્ઝાય | ૧૨૯-૨૦૬ |
| ૪૭ | સકલતીર્થ વંદના | ૨૦૭-૨૫૮ |
| | • સ્થાવર તીર્થને વંદના | ૨૧૧ |
| | • ઊર્ધ્વલોકના તીર્થોની વંદના | ૨૧૩-૨૧૮ |

| ક્રમ વિષય | પાના નં. |
|---|---|
| ● અધોલોકના તીર્થોની વંદના | ૨૧૯-૨૨૧ |
| ● તીર્ચ્છાલોકના શાશ્વતચૈત્યોની વંદના | ૨૨૨-૨૪૦ |
| ● જંબૂદ્વીપના ભરતાદિક્ષેત્રના શાશ્વતચૈત્યો | ૨૨૩ |
| ● ભરતાદિક્ષેત્રના ચૈત્યોનું ચિત્ર | ૨૨૬ |
| ● મહાવિદેહક્ષેત્રના શાશ્વતચૈત્યો | ૨૨૭ |
| ● મહાવિદેહક્ષેત્રના ચૈત્યોનું ચિત્ર | ૨૨૮ |
| ● દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રના શાશ્વતચૈત્યો | ૨૩૦ |
| ● દેવકુરુ આદિના ચૈત્યોનું ચિત્ર | ૨૩૧ |

| ક્રમ વિષય | પાના નં. |
|---|---|
| ● જંબૂવૃક્ષના ચૈત્યોનું ચિત્ર | ૨૩૨ |
| ● મેરુપર્વતના ચૈત્યો | ૨૩૩ |
| ● મેરુપર્વતના ચૈત્યોનું ચિત્ર | ૨૩૫ |
| ● ધાતકીખંડ + પુષ્કરવર-દ્વીપના ચૈત્યો | ૨૩૬ |
| ● મનુષ્યલોકની બહારના ચૈત્યો | ૨૩૬ |
| ● નંદીશ્વરદ્વીપના ચૈત્યોનું ચિત્ર | ૨૩૭-૮ |
| ● વ્યન્તર આદિના ચૈત્યો | ૨૪૦ |
| ● દક્ષિણાર્ધ ભરતના પ્રસિદ્ધ તીર્થો | ૨૪૪ |
| ● વિહરમાન જંગમ તીર્થવંદના | ૨૫૩ |
| ● સાધુ ભગવંતોને વંદના | ૨૫૬ |

# સંદર્ભ ગ્રંથ સૂચિ


| ગ્રંથનું નામ | ગ્રંથકર્તા |
|---|---|
| અભિધાન ચિન્તામણી | પ.પૂ. હેમચન્દ્રાચાર્ય |
| અરિહંતના અતિશયો | પૂ. તત્ત્વાનંદવિજયજી |
| કાવ્યપ્રકાશ | કવિ મમ્મટ |
| ત્રિલોક તીર્થવંદના | પૂ. હેમચન્દ્ર સૂરીશ્વરજી |
| ધર્મસંગ્રહ | મહોપાધ્યાય શ્રી માનવિજયજી મ.સા. |
| નમસ્કાર સ્વાધ્યાય | શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી |
| પ્રબોધટીકા | શ્રી ધીરજલાલ ટોકરશી |
| પ્રભાવક ચરિત્ર | પ.પૂ. શ્રી પ્રભાચંદ્રસૂરી |
| જૈન તીર્થો | પ.પૂ. જ્ઞાનવિજયજી |
| બૃહદ્‌ક્ષેત્રસમાસ | પ.પૂ. જિનભદ્રગણી શ્રમાશ્રમણ |
| બૃહદ્‌સંગ્રહણી | પૂ. મલધારી હેમચંદ્રસૂરિ |
| ભરહેસર-બાહુબલી વૃત્તિ | પ.પૂ. શુભશીલગણી |
| યોગશાસ્ત્ર | કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય |
| લઘુક્ષેત્રસમાસ | પ.પૂ. આ. રત્નશેખરસૂરીશ્વરજી |
| લોકપ્રકાશ | મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીગણી |
| લઘુસંગ્રહણી | પ. પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. |
| લઘુશાંતિ ટીકા | શ્રીમદ્‌ હર્ષકીર્તિસૂરીશ્વરજી |
| લઘુશાંતિ ટીકા | શ્રીમદ્‌ સિદ્ધિચંદ્રગણી |

| ગ્રંથ | વિષય | સૂત્ર ક્રમ |
|---|---|---|
| સૂત્ર સંવેદના - ૧ | સામાયિકના સૂત્રો | ૧ - ૧૧ |
| સૂત્ર સંવેદના - ૨ | ચૈત્યવંદનના સૂત્રો | ૧૨ - ૨૫ |
| સૂત્ર સંવેદના - ૩ | પ્રતિક્રમણના સૂત્રો | ૨૬ - ૩૨ |
| સૂત્ર સંવેદના - ૪ | વંદિત્તુ સૂત્ર | 33 |
| સૂત્ર સંવેદના - ૫ | આયરિય ઉવજ્ઝાએથી સકલતીર્થ સુધીના સૂત્રો | ૩૪ - ૪૭ |
| * સૂત્ર સંવેદના - ૬ | મન્નહજિણાણંની સજ્ઝાય, સંતીકરં પૌષધના સૂત્રો, પ્રતિક્રમણના હેતુ | |
| * સૂત્ર સંવેદના - ૭ | પાંચ પ્રતિક્રમણના સૂત્રો | |

* પ્રકાશન બાકી છે.

# આયરિય-ઉવજ્ઝાએ સૂત્ર

## સૂત્ર પરિચય :

આ સૂત્રમાં આચાર્ય ભગવંતથી માંડીને સર્વ જીવો સાથે ક્ષમાપના કરવામાં આવેલી હોવાથી તેને 'खामणा सूत्र' કે 'आचार्यादि क्षमापना सूत्र' પણ કહેવાય છે.

મોક્ષપ્રાપ્તિની સાધનામાં કોઈપણ જીવ પ્રત્યે થયેલો કાષાયિક પરિણામ અત્યંત બાધક છે. આથી જ આ સૂત્ર દ્વારા જગતના સર્વ જીવોનું સ્મરણ કરીને તે સર્વ જીવો પ્રત્યે કોઈપણ પ્રકારનો કષાય મનમાં થયો હોય, વચન કે કાયાથી કોઈને દુઃખ પહોંચાડ્યું હોય તો તે સર્વ અપરાધને યાદ કરી, તેની ક્ષમા માંગી, મનને મોક્ષના અનન્ય ઉપાયરૂપ સમભાવમાં સ્થિર કરવાનું છે.

જૈનશાસન કેટલું વિશાળ છે અને કેટલા સૂક્ષ્મભાવો બતાવે છે, તેનો સુંદર પરિચય આ સૂત્રથી થાય છે. **'आत्मवत् सर्वभूतेषु'** નો ધબકાર અહીં જોવા મળે છે. જેવો હું છું તેવા જ જગતના સર્વ જીવો છે. કોઈનું પણ અયોગ્ય વર્તન મને નથી ગમતું તો મારું અયોગ્ય વર્તન કોઈને કેવી રીતે ગમે ? આથી જ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા કે લોભ વગેરે કોઈપણ પ્રકારના કષાયને આધીન થઈ મારાથી કોઈપણ જીવ સાથે અયોગ્ય વર્તન થયું હોય કોઈપણ પ્રકારે અપરાધ થયો હોય તો તે જીવ પાસે માફી માંગી તે જીવ સાથે મૈત્રીનો સંબંધ બાંધવો તેમાં જ મારું હિત છે, એવી ભાવના આ સૂત્રના એક એક શબ્દમાં જોવા મળે છે.

આ સૂત્રની **પ્રથમ ગાથા દ્વારા** જેમનું જીવન જોઈને પ્રમોદભાવ પ્રગટ થાય, તેવા આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ કે ગણના કોઈપણ સભ્ય પ્રત્યે ક્યારેય કોઈ પણ પ્રકારનો કષાય થયો હોય તો તેની દુઃખાર્દ્ર હૃદયે ક્ષમા માગવામાં આવી છે; કેમ કે આવા ઉત્તમ આત્માઓ પ્રત્યે થયેલો કષાય સાધકને મોક્ષમાર્ગથી દૂર લઈ જાય છે.

તીર્થંકરને પણ પૂજનીય એવા શ્રમણસંઘની પૂજા, ભક્તિ અને બહુમાન ભવસાગરથી તારે છે. જ્યારે કષાયને કારણે તેના પ્રત્યે થયેલી અરુચિ, અણગમો કે અયોગ્ય વર્તન સંસારસાગરમાં ડૂબાડે છે. આથી જ આવા સંઘ કે સંઘના એક પણ સભ્ય સાથે થયેલા અયોગ્ય વ્યવહારને યાદ કરી, મનમાં તેમના પ્રત્યેનો પૂજ્યભાવ પ્રગટ કરી, બે હાથ જોડી, મસ્તક નમાવી **બીજી ગાથા દ્વારા** તે જીવોની ક્ષમા માગવામાં આવી છે. સાથે જ કદાચ શ્રમણસંઘના કોઈ સભ્યે અયોગ્ય વર્તન કર્યું હોય તો તેને કારણે આપણા મનમાં ઉદ્ભવેલ દ્વેષાદિ ભાવને દૂર કરી સંઘ કે સંઘના સભ્યને સદ્ભાવપૂર્વક ક્ષમા આપવામાં આવી છે.

**ત્રીજી ગાથા દ્વારા** ગુણવાન કે ગુણહીન, નાના કે મોટા, ચૌદ રાજલોકરૂપ જગતના સર્વ જીવો પ્રત્યે મન, વચન, કાયાથી કોઈ પણ અપરાધ થયો હોય કે જેના કારણે તે જીવોને દુઃખ પહોંચાડ્યું હોય, વૈરભાવ પ્રગટાવ્યો હોય તો તે જીવોને યાદ કરી તેમની સાથે એકરાર કરવાનો છે કે, 'ત્યારે હું પાપી હતો, અધર્મી હતો, આજે મેં ભાવથી ધર્મનો સ્વીકાર કર્યો છે, મારા હૃદયમાં ક્ષમાદિ ધર્મને મેં પ્રસ્થાપિત કર્યો છે. આથી જ તમારા સર્વ પ્રત્યે મૈત્રીભાવને ધારણ કરી મિત્રતુલ્ય એવા તમારી પાસે હું મારાથી થયેલા અપરાધની માફી માગું છું. તમે પણ મને મારા અપરાધની ક્ષમા આપજો અને તમારા પણ અપરાધને હું ભૂલી જાઉં છું અને તમને ક્ષમા આપું છું.'

આ રીતે સૂત્રની ત્રણ ગાથા દ્વારા ગુણવાન આત્માઓની, શ્રમણસંઘની અને સર્વ જીવરાશિની ક્ષમા માગવામાં આવી છે. સર્વ જીવોને સ્વસમાન માનવારૂપ વિશાળતા અને કોઈના પ્રત્યે થયેલા અલ્પ પણ કષાયના સ્મરણરૂપ સૂક્ષ્મતા અહીં જોવા મળે છે.

આ સૂત્રનો ઉપયોગ પાંચમા કાઉસ્સગ્ગ આવશ્યકની પૂર્વમાં દેવસિઅ અને રાઈઅ પ્રતિક્રમણમાં થાય છે. તેનો ઉલ્લેખ 'પંચવસ્તુ' આદિ ગ્રંથમાં જોવા મળે છે.

**મૂળ સૂત્ર :**

**आयरिय-उवज्झाए, सीसे साहम्मिए कुल-गणे अ ।**
**जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ।।१।।**

**सव्वस्स समणसंघस्स, भगवओ अंजलिं करिअ सीसे ।**
**सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ।।२।।**

**सव्वस्स जीवरासिस्स, भावओ धम्म-निहिअ-निय-चित्तो ।**
**सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ।।३।।**

પદ - ૧૨ ગાથા-૩ ગુરુ અક્ષર - ૧૯ લઘુઅક્ષર-૯૧ કુલ અક્ષર-૧૧૦

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**आयरिय-उवज्झाए, सीसे साहम्मिए कुल-गणे अ ।**
**जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ।।१।।**

आचार्य-उपाध्याययोः, शिष्ये साधर्मिके कुल-गणे च ।
ये मया केऽपि (कृताः) कषायाः (तान्) सर्वान् त्रिविधेन क्षमयामि ।।१।।

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ પ્રત્યે મેં જે કષાયો કર્યા હોય, તે સર્વેની હું મન, વચન, કાયાથી ક્ષમા માંગુ છું. ૧

**सीसे अंजलिं करिअ, भगवओ सव्वस्स समणसंघस्स ।**
**सव्वं खमावइत्ता, अहयं पि सव्वस्स खमामि ।।२।।**

शीर्षे अञ्जलिं कृत्वा, भगवतः सर्वस्य श्रमणसङ्घस्य ।
सर्वान् क्षमयित्वा, अहम् अपि सर्वस्य क्षाम्यामि ।।२।।

મસ્તકે હાથ જોડીને, પૂજ્ય એવા સકલ શ્રમણ સંઘ સંબંધી (મારા) સર્વ (અપરાધો)ની ક્ષમા માંગીને, હું પણ તે સર્વના (સર્વ અપરાધોની) ક્ષમા આપું છું. ૨

**भावओ धम्म-निहिअ-निय-चित्तो, सव्वस्स जीवरासिस्स ।**
**सव्वं खमावइत्ता, अहयं पि सव्वस्स खमामि ।।३।।**

भावतः धर्म-निहित-निज-चित्तः, सर्वस्य जीवराशेः ।
सर्वान् क्षमयित्वा, अहम् अपि सर्वस्य क्षाम्यामि ।।३।।

ભાવથી ધર્મને વિશે સ્થાપિત કરેલા ચિત્તવાળો હું સર્વ જીવરાશિ સંબંધી (મારા) સર્વ (અપરાધોની) ક્ષમા માંગીને, હું પણ તે સર્વના (સર્વ અપરાધોની) ક્ષમા આપું છું. ૩

**વિશેષાર્થ :**

**आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुल-गणे अ ।**
**जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ।।१।।**

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ પ્રત્યે મેં જે કાંઈ કષાયો કર્યા હોય તે સર્વ માટે હું મન, વચન, કાયાથી ક્ષમા માંગુ છું.

**आयरिय** - આચાર્યના વિષયમાં

અરિહંત ભગવાનની અનુપસ્થિતિમાં જૈનશાસનની ધુરા વહન કરવાનું કાર્ય આચાર્ય ભગવંતો કરતા હોય છે. સંઘ અને સમુદાયની સમગ્ર જવાબદારી તેમના શિરે હોય છે, આથી જ સંઘના હિતચિંતક આચાર્ય ભગવંતને જ્યાં કોઈનું હિત ઘવાતું દેખાય, સંઘમાં ક્યાંય પણ ખરાબી થતી દેખાય કે શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન થતું દેખાય તો તેઓ સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા[1] દ્વારા તેમાં સુધારો કરવા પ્રયત્ન કરે છે. સારણાદિ કરતાં ઘણીવાર તેમની વાણીમાં કઠોરતા, કાયામાં કડકાઈ, આંખમાં લાલાશ તો કોઈકવાર તેમને હાથેય ઉગામવો પડતો હોય છે અને અવસર આવે શાસનની સુરક્ષા માટે યુદ્ધમાં પણ ઊતરવું પડે છે.

આવા પ્રસંગને જોઈ પૂર્વાપરનો વિચાર નહીં કરનારા અજ્ઞાની અને અસહિષ્ણુ જીવોને એવું થાય કે - 'આચાર્ય થઈને આવી રીતે બોલાય ? આવું વર્તન કરાય ? પોતાના શિષ્યને આવી રીતે ઠપકારાય ? ધર્મ માટે વળી આવા ઝઘડા કરાય ?', આવો કોઈપણ વિચાર, વાણી કે અયોગ્ય વર્તન તે આચાર્યની આશાતના છે. મોક્ષની સાધના કરતા સાધકે પ્રતિક્રમણ કરતાં તેની ક્ષમાપના કરવાની છે.

---

1. સારણા, વારણા, ચોયણા, પડિચોયણાની વિશેષ સમજ માટે જુઓ સૂત્રસંવેદના-૩ સુગુરુવંદન સૂત્ર

આ પદ બોલતાં સાધક વિચારે કે, *"ખરેખર હું પુણ્યહીન છું. સ્વહિતનો નાશક છું, કે જેને કારણે ગુણસંપન્ન અને અનેક આશ્રિત જનનું હિત કરનારા આચાર્ય ભગવંત માટે મેં આવો વિચાર કર્યો. મારાથી આ અયોગ્ય અને અવિચારક વર્તન થયું છે. આનાથી મેં જ મારા આત્માનું અહિત કર્યું છે. ગુણવાન આત્માની નિંદા કરી મેં મારી યોગ્યતા ગુમાવી છે."* આ રીતે આચાર્ય ભગવંતને નજર સમક્ષ રાખી, મસ્તક નમાવી પોતાના અયોગ્ય વિચાર, વાણી અને વર્તનની હૃદયપૂર્વક નિંદા કરતો સાધક આર્દ્ર સ્વરે તેઓ પાસે પોતાના અપરાધની ક્ષમા માંગે છે.

**उवज्झाए** - ઉપાધ્યાયને વિશે.

ઉપાધ્યાય ભગવંત સંઘની માતા સમાન છે. મા જેમ આહાર, વસ્ત્રાદિથી બાળકનું પાલન કરે છે, તેમ ઉપાધ્યાય ભગવંત સમુદાયના દરેક સાધુને આગમરૂપ અમૃતનું પાન કરાવી, તેમના આત્માનું લાલન-પાલન અને પોષણ કરે છે. આગમનું અધ્યયન કરાવતા કરુણાર્દ્ર હૃદયવાળા પાઠકને પણ અવિનયી, અજ્ઞાની કે પ્રમાદી શિષ્યના દોષોને દૂર કરવા ક્યારેક લાલ આંખ કરી, કઠોર વાણીથી શિષ્યને ઠપકો આપવો પડે છે. ત્યારે સ્વહિતને સમજતા શિષ્યને થાય કે, "હું પુણ્યવાન છું, જેથી મને આત્મહિત માટે અનુશાસ્તિ મળી, જાતને સુધારવાનો અવસર મળ્યો," આમ વિચારતાં તેને આનંદ થાય, પરંતુ સ્વહિતને નહિ સમજતા ઉપાધ્યાયજી મહારાજની હિતવૃત્તિને ધ્યાનમાં ન લેનારા, તેઓના ઉપકારની કદર ન કરનારા શિષ્યને પાઠકની આ પ્રવૃત્તિ પ્રત્યે અરુચિ કે દ્વેષ થાય છે. ઉપાધ્યાય પ્રત્યે થયેલ આવો દુર્ભાવ એ તેમનો મહા અપરાધ છે.

આ પદ બોલતાં, કષાયાધીન થઈ ઉપાધ્યાય ભગવંતનો કોઈપણ પ્રકારે અવિનય કે અપરાધ થયો હોય તો; તેને સ્મૃતિપથમાં લાવી વિચારવાનું છે કે- *"ઉપકારી પ્રત્યે મારો આવો ભાવ મને ક્યાં લઈ જશે અને કેવાં કર્મનો બંધ કરાવશે ? સાચે જ મેં ખોટું કર્યું."* આમ વિચારી સ્મૃતિમાં બિરાજમાન ઉપાધ્યાય ભગવંતની નતમસ્તકે કરુણાર્દ્ર હૃદયે માફી માગવાની છે.

**सिसे** - શિષ્યના વિષયમાં.

શરણે આવેલા શિષ્યનું હિત કરવાનું કાર્ય ગુરુ ભગવંતનું છે. આથી જ શિષ્યના હિત માટે ગુરુ ભગવંતો તેમને અવારનવાર હિતશિક્ષા આપે અને અવસરે સંયમ

જીવનમાં કોઈ સ્ખલના થતી દેખાય તો ઠપકો પણ આપે છે. યોગ્ય શિષ્ય બે હાથ જોડી, માથું નમાવી તેનો સહર્ષ સ્વીકાર કરે છે, પરંતુ કષાયને આધીન થઈ, કોઈ અયોગ્ય શિષ્ય, કોઈકવાર ગુરુની વાતનો વિનયપૂર્વક સ્વીકાર ન કરી શકે, સામું બોલે કે અયોગ્ય વર્તન કરે ત્યારે પણ કર્મસ્થિતિનો વિચાર કરતા ગુરુ ભગવંતે સમતા રાખવી જોઈએ. છતાં ક્યારેક ક્ષમાના બદલે તેવા શિષ્ય ઉપર દ્વેષાદિ ભાવ થયો હોય તો તે ગુરુ ભગવંત માટે પણ કર્મબંધનું કારણ બને છે. આથી જ આ પદ બોલતાં આત્મશુદ્ધિને ઈચ્છતા, ગુરુ ભગવંતો પણ શિષ્ય પ્રત્યે હિતબુદ્ધિથી થયેલા પોતાના અલ્પ પણ કષાયને યાદ કરી તેની ક્ષમા માગે છે.

**साहम्मिए** - સાધર્મિકના વિષયમાં.

સમાન ધર્મ આચરનાર શ્રાવક-શ્રાવિકા માટે અન્ય શ્રાવક-શ્રાવિકા અને સાધુ-સાધ્વીને માટે અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પોતાના સાધર્મિક છે. સાધર્મિકોની ઉત્તમ ભોજન આદિથી ભક્તિ, શ્રેષ્ઠ વસ્ત્રાદિથી સન્માન અને અવસરે તેમના ગુણોની પ્રશંસા કરવાનું ચૂકવું ન જોઈએ. વળી, સાથે ધર્મક્રિયા કરતાં અન્ય સાધર્મિકમાં ક્યાંય ઊણપ દેખાય કે તેમનો વ્યવહાર યોગ્ય ન દેખાય તો તેમને બચાવી લેવાની ભાવનાથી સૌહાર્દભાવે સૂચન કરવું જોઈએ; પરંતુ તેમના પ્રત્યે અણગમો, અરુચિ કે દ્વેષ ન કરવો જોઈએ.

આમ છતાં, અનાદિકાલીન કષાયોના કુસંસ્કાર, મનની મલિનતા, અસહનશીલતા, અનુદારતા આદિ દોષોને કારણે સાધર્મિક સાથે સારો વ્યવહાર ન થયો હોય, ઉચ્ચ સ્વરે કે કર્કશ શબ્દથી બોલાઈ ગયું હોય, મનથી તેમના વિશે કાંઈ અનુચિત વિચારાઈ ગયું હોય કે તેમની ઉપેક્ષા થઈ હોય તો તે સાધર્મિક પ્રત્યેનો અપરાધ છે. દિવસ દરમ્યાન સાધર્મિક પ્રત્યે આવો કોઈપણ અપરાધ થયો હોય તો તેને યાદ કરી આ શબ્દ દ્વારા તેમની ક્ષમા માગવાની છે.

**कुल गणे अ** - કુલ અને ગણ પ્રત્યે

એક આચાર્યના શિષ્યોના સમુદાયને 'કુલ' કહેવાય છે. અને પરસ્પર અપેક્ષા રાખનારાં એવા ત્રણ કુલોના સમુદાયને 'ગણ' કહેવાય છે. કુલ અને ગણમાં રહેલા સર્વ સાધકો મોક્ષ મેળવવા માટે મહેનત કરતા હોય છે. અલગ-અલગ ગુણોથી સંપન્ન હોય છે, પરંતુ સર્વ સાધકોનાં ભિન્ન ભિન્ન સંસ્કારો, અલગ અલગ કર્મ અને (વેયાવચ્ચાદિ) કાર્યો કરવાની ભિન્ન ભિન્ન પદ્ધતિના

કારણે; એકબીજાના ભાવને, એકબીજાના કાર્યને નહિ સમજી શકવાને કારણે ક્યારેક એકબીજા પ્રત્યે મનદુ:ખ, અયોગ્ય વર્તન કે કષાય થવાની સંભાવના રહે છે. આ રીતે કુલ કે ગણના એકપણ સભ્ય પ્રત્યે થયેલું અયોગ્ય વર્તન તે કર્મબંધનું કારણ બને છે. ગુણવાન આત્મા ઉપર થયેલો દ્વેષ ગુણપ્રાપ્તિમાં મહાવિઘ્ન કરનાર છે.

**जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि** - મેં જે કષાયો કર્યા હોય તે સર્વની હું મન-વચન અને કાયાથી ક્ષમા માગું છું.

આચાર્યાદિથી લઈને કુળ અને ગણના સર્વ સભ્યો પ્રત્યે કોઈપણ પ્રકારના કષાયને આધીન થઈ આજના દિવસમાં વાણીથી કોઈના ભાવોને ઠેસ પહોંચાડી હોય, કાયાથી કોઈ આશાતના થઈ હોય કે મનથી કોઈના પ્રત્યે અભાવ, આવેશ, ઈર્ષ્યા, ખોટી લાગણી વગેરે કોઈપણ પ્રકારે અપરાધ થયો હોય તો થયેલા તે અપરાધને સ્મરણમાં લાવી નતમસ્તકે, આર્દ્રસ્વરે તેમની ક્ષમાપના કરવાની છે.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"મહાપુણ્યના ઉદયથી વગર ઉપકારે ઉપકાર કરી મારા દોષના પુંજને દૂર કરાવનારા સદ્ગુરૂભગવંતોનો ભેટો થયો છે. મોક્ષમાર્ગમાં સતત સહાય કરે તેવા શિષ્યો અને સાધર્મિક મળ્યા છે, કષાયોરૂપી લૂંટારાથી સતત રક્ષણ થાય તેવો (કુલ-ગણરૂપી) સમુદાય મળ્યો છે. આવા ઉપકારીઓની સહાયથી હું જરૂર મોક્ષમાર્ગે પ્રગતિ કરી શકતો હતો, છતાં કષાયોને આધીન થઈ મેં આવા ઉપકારીઓ ઉપર અપકાર કર્યો છે. તેમના નાના દોષોને મોટા મુલવ્યાં છે. નાની નાની બાબતોમાં મેં તેમના પ્રત્યે ક્રોધાદિ ભાવો કરી મારા દોષોનો ગુણાકાર કર્યો છે. ભગવંત ! આ સર્વ અપરાધની હું અંત:કરણપૂર્વક નતમસ્તકે માફી માંગુ છું. આપ મને ક્ષમા આપશો. મારા અપરાધને આપ ભૂલી પુન: અનુશાસન કરજો. અનાદિની મારી અવળી ચાલને બદલાવી સવળી બનાવવા સતત યત્ન કરજો !"*

**सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिअ सीसे ।**
**सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ।।२।।**

મસ્તક ઉપર અંજલિ કરીને પૂજ્ય શ્રમણ સંઘની પાસે (ક્ષમા માગું છું.) શ્રમણ સંઘને ખમાવીને, હું પણ તેમને ક્ષમા આપું છું.

શ્રમણસંઘ પ્રભુની આજ્ઞાને જ સર્વસ્વ માનનારો હોય છે. આથી જ પ.પૂ. આ. શ્રીજયશેખરસૂરીશ્વરજી મહારાજાએ સંબોધસત્તરી નામના ગ્રંથમાં જણાવ્યું છે કે,

आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ...

એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા પણ જો જિનાજ્ઞાથી યુક્ત હોય તો તે 'સંઘ' છે. એ સિવાયનો જિનાજ્ઞા વગરનો હજારોનો સમુદાય પણ હાડકાનો ઢગલો છે.

મોક્ષમાર્ગને વહન કરવામાં શ્રીસંઘની ઉપયોગિતાને અને અનિવાર્યતાને લક્ષ્યમાં લઈને સ્વયં શ્રી તીર્થંકર પરમાત્મા પણ તેને 'नमो तित्थस्स' કહી વંદન કરે છે. આ વાતને યાદ રાખી દરેક સાધકે ધ્યાન રાખવું જોઈએ કે શ્રીસંઘ છદ્મસ્થ હોવા છતાં પૂજનીય છે. તેના દરેક સભ્ય આદરણીય છે. તેમની કોઈપણ પ્રકારે આશાતના ન થઈ જાય તેની ખૂબ કાળજી રાખવી જોઈએ.

કર્મ અને કષાયને પરાધીન હોવાથી શ્રીસંઘના સભ્યોની પણ ક્યારેક ભૂલ થઈ શકે છે. તે નજરમાં આવતા એક 'મા'ની જેમ તેને વાળી, સાથે બેસી, તે દેખીતી ભૂલની ચર્ચા-વિચારણા કરી, સંઘના સભ્યને ભૂલમાંથી ઉગારી લેવો તે સંઘસેવક તરીકે આપણા સૌની ફરજ છે. દરેકે એક-બીજાની ભૂલોને પચાવી વાત્સલ્યપૂર્વક સંઘના દરેક સભ્યો આરાધનામાં ઉજમાળ રહે તેમ વર્તવું જોઈએ.

તેના બદલે સંઘના સભ્યની કોઈ નાની ભૂલ જોઈ અકળાઈ જવું, ઉકળી ઉઠવું. તેની સાથે કજીઓ કરવો, ચોરે ને ચૌટે તેની નિંદા કરવી, સ્વયં તેવા કાર્ય કરવા કે જેનાથી શ્રીસંઘની નિંદા થાય, સંઘના સભ્યો પ્રત્યે દ્વેષ, રોષ, ઇર્ષ્યા આદિ દુર્ભાવો સેવવા, તેમની સાથે દુર્વ્યવહાર કરવો, કોઈની સંઘ પ્રત્યેની આસ્થા ડગી જાય તેવા વચન બોલવા કે તેવો વ્યવહાર કરવો, સંઘની મહત્તા પ્રત્યે વિકલ્પો કરવા, તેનું વિકૃત સ્વરૂપ પ્રકાશિત કરવું વગેરે અનેક રીતે શ્રીસંઘની નીવ ઢીલી પાડવાના કાર્ય કર્યા હોય તો તે શ્રીસંઘ પ્રત્યેનો અપરાધ છે.

શ્રીસંઘ કે તેના સભ્યો સાથે દુર્વ્યવહાર કે દુર્ભાવ થવા પાછળ ઘણીવાર પરસ્પરના મતભેદો કામ કરતા હોય છે. તેથી શ્રીસંઘની આશાતના આદિથી બચવા, જ્યારે જ્યારે કોઈ મતભેદ ઊભા થાય ત્યારે મનભેદ કર્યા વિના, સતત એક-બીજાની વાતને સમજવા યત્ન કરવો જોઈએ. શાસ્ત્રના આધારે સત્ય તત્ત્વ સમજી તેનો સ્વીકાર કરવો જોઈએ. જ્યાં સુધી વાત ન સમજાય ત્યાં સુધી મધ્યસ્થ રહી સત્યની ગવેષણા કરવા પૂરો યત્ન કરવો જોઈએ, પણ અડધું જાણી એક-બીજાને ઉતારી પાડવાની વૃત્તિ ન અપનાવવી જોઈએ. 'ધર્મક્ષેત્રમાં પણ આવા ઝઘડા ચાલે !' - 'આવો ધર્મ શું કરવો ?' - 'આવા ધર્મગુરુઓને શું કામ પગે લાગવું ?' વગેરે વચનો ક્યારે પણ ન ઉચ્ચારવા જોઈએ. પૂર્વકાળમાં તો જ્યારે પણ કોઈ મતભેદ ઊભો થાય તો તેનો ઉકેલ લાવવાં રાજસભામાં છ-છ મહિના સુધી વાદ ચાલતા. સૌ પોતાના પક્ષની શાંતિથી રજુઆત કરતાં. આવું કરવાને બદલે વસ્તુ વિચાર્યા વિના બીજાના મતને ખોટો કહેવો, તેની નિંદા કરવી તે પણ શ્રમણ સંઘનો અપરાધ છે. વળી સત્ય તત્ત્વની ગવેષણા કરવામાં પ્રમાદ સેવવો, 'આપણા માટે તો બધા સરખા' એવું બોલી સત્યને ટકાવવા પ્રત્યે બેદરકાર બનવું તે પણ શ્રીસંઘની આશાતના છે. કેમકે એવું કરવામાં પ્રભુના ઉપકારી વચનોનો હ્રાસ થાય છે.

ચતુર્વિધ શ્રીસંઘ પ્રત્યે આવો કોઈ પણ અપરાધ થયો હોય તો સૌ પ્રથમ આપણા તે સર્વ અપરાધોની ક્ષમા માંગવી જોઈએ. સ્વયં ક્ષમા માંગ્યા પછી કદાચ કર્માધીન બની, પ્રમાદને પરવશ બની, અવિચારક અવસ્થામાં, બીજાની વાતોમાં ખેંચાઈ જઈને આવો કોઈપણ અપરાધ આપણા પ્રત્યે કોઈએ કર્યો હોય, તો તે સંઘના સભ્યને સહોદર માની, ધર્મનો પ્રેરક માની, તેના અપરાધની ક્ષમા આપવી જોઈએ. ક્ષમા આપી તેની ભૂલને ભૂલી જવી જોઈએ. ચિત્તમાં ક્યાંય તેના પ્રત્યે અસદ્ભાવ ન રહેવો જોઈએ. આ રીતે શ્રીસંઘની ભૂલોને સહન કરી લઈને તેની સાથે આદરણીય વ્યવહાર કરવો જોઈએ.

પ્રભુની આજ્ઞાનો સાર એટલો જ છે કે, ચિત્તને સદા નિર્મળ રાખવું, તેથી જૈન શાસનમાં ક્ષમા માંગવાનું અને ક્ષમા આપવાનું બન્ને કાર્યો કરવાનું વિધાન છે. આમ કરવાથી મૈત્રી, પ્રમોદ આદિ ભાવોની વૃદ્ધિ થાય છે, મન નિર્મળ બને છે અને ઉભયપક્ષે વૈરભાવનો નાશ થાય છે. ક્ષમા માગવામાં જેમ માનાદિ ભાવોને દૂર કરવા પડે છે તેમ ક્ષમા આપવામાં દ્વેષ આદિ ભાવો દૂર કરવા પડે છે, તેથી આત્મશુદ્ધિ ઇચ્છતા સાધકો માટે તો આ બન્ને અત્યંત ઉચિત કર્તવ્યો છે.

આ ગાથા બોલતાં સાધક શ્રમણ સંઘને સ્મૃતિપટ ઉપર સ્થાપિત કરી, અત્યંત આદરપૂર્વક બે હાથ જોડી, મસ્તક નમાવી શ્રીસંઘને જણાવે કે,

*"પ્રમાદાદિ દોષોને આધીન થઈ મેં આપના અનેક અપરાધો કર્યા છે. આજે આ સર્વ અપરાધો યાદ કરી હું આપની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. મેં આ ખોટું કર્યું છે તેનો એકરાર કરું છું. પુનઃ આવી ભૂલ ન થાય તે માટે સાવધ બનું છું. આપ પૂજ્યની પણ કદાચ ભૂલ થઈ હોય તો હું પણ આપના અપરાધને ભૂલી જાઉં છું અને પુનઃ એક સન્મિત્રની જેમ આપની સાથે વર્તવાનો એકરાર કરું છું. પ્રભુને પ્રાર્થના કરું છું મારો આ એકરાર અખંડિત રાખજે !"*

**सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअनियचित्तो ।**
**सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ।।३।।**

ભાવપૂર્વક ધર્મમાં મન સ્થિર કરીને હું ચૌદ રાજલોકમાં રહેલા સર્વ જીવોને યાદ કરી, તેમના પ્રત્યે કોઈ પણ પ્રકારનો અપરાધ થયો હોય તો તે સર્વ અપરાધો બદલ ક્ષમા માગું છું અને તેમનો પણ મારા પ્રત્યે કોઈપણ અપરાધ થયો હોય તો હું તેમને ક્ષમા આપું છું.

જીવ જ્યાં સુધી ધર્મ સમજતો નથી, ત્યાં સુધી તેની વૃત્તિ સંકુચિત હોય છે. તે માત્ર 'હું અને મારું' આટલું જ વિચારી શકે છે. તે સિવાયનાનું શું તેવો તેને વિચાર સુદ્ધા આવતો નથી, પરંતુ જીવ જ્યારે ધર્મ સમજે છે ત્યારે તેનું હૈયું વિશાળ બને છે. ધર્મ સમજતાં તેનામાં 'आत्मवत् सर्वभूतेषु'-સર્વ જીવો મારા જેવા છે' એવી સમજ પ્રગટે છે. દુનિયાના જીવમાત્ર પોતાના જેવા લાગતાં તેની વૃત્તિમાંથી 'હું અને મારું'ની દિવાલો ભેદાઈ જાય છે અને તે સર્વ જીવોના સુખ-દુઃખની વિચારણા કરવા લાગે છે. જગતના જીવોને પણ મારી જેમ દુઃખ ગમતું નથી અને સુખ ગમે છે, તેથી મારાથી તેઓ દુઃખી ન થાય તેની તે કાળજી રાખવા અત્યંત સાવધાન બની પ્રવૃત્તિ કરે છે. આવી વૃત્તિ હોવા છતાં સંસારમાં હોવાને કારણે ધર્માત્માને પણ મને કે કમને કોઈને પીડા ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ કરવી પડે છે. આવી પ્રવૃત્તિથી ધર્માત્મા વ્યથિત બની જતો હોય છે. તેથી તે પોતાનાથી થયેલા સર્વ જીવોના અપરાધને યાદ કરી તેની ક્ષમા માગે છે.

વળી સંસારમાં એક-બીજાના સંપર્કમાં આવતાં દુનિયાના જીવોથી પણ ધર્માત્માને પીડા થવાની સંભાવના રહે છે. ત્યારે ધર્માત્માને પણ તે જીવોના અપરાધ ઉપર દ્વેષ આદિ દુર્ભાવો થયા હોય એવું બને. ધર્મ સમજવાને કારણે સાધકને હવે કોઈ પ્રત્યે દુર્ભાવ રાખવો નથી માટે તે સર્વ જીવોને પણ કહે છે કે, 'હું પણ તમને ક્ષમા આપું છું. તમે કરેલા અપરાધો ભૂલી જાઉં છું અને પુનઃ આપ સર્વને મારા મિત્ર માનું છું.'

આ ગાથા બોલતાં સાધક વિચારે છે કે,

*"આજ દિવસ સુધી આ ધર્મ હું સમજ્યો ન હતો. કદાચ સમજાયો તો હૃદયથી મેં તેનો સ્વીકાર કર્યો ન હતો. આથી જ સ્વ અને સ્વજનના સુખ ખાતર મેં તમારા અનંતા અપરાધો કર્યા છે, તમોને ઘણી રીતે દુઃખી કર્યા છે, અનેક પ્રકારે મેં તમને પીડ્યા છે. હવે હું તમોને મારા જેવા માનું છું. મેં મારા અંતઃકરણમાં તમારા માટે ભાવપૂર્વક મિત્રભાવ પ્રગટાવ્યો છે. મિત્રતુલ્ય તમારા પ્રત્યે થયેલા અપરાધોની નતમસ્તકે હું ક્ષમા યાચું છું. વળી, તમારાથી મારા પ્રત્યે જે કોઈ અપરાધો થયા હોય, તો તે સર્વ અપરાધોને કારણે મારા અંતરમાં થયેલા વૈરભાવને દૂર કરી મિત્રતુલ્ય માનેલા તમને પણ હું ક્ષમા આપું છું."*

**જિજ્ઞાસા :** પહેલા આચાર્ય પછી ઉપાધ્યાય આદિની ક્ષમાપના, આવો ક્રમ શા માટે ?

**તૃપ્તિ :** ક્ષમાપનાના ક્રમમાં પહેલા આચાર્ય, ઉપાધ્યાય અને પછી અન્ય. આવો ક્રમ રાખવા વિષે વિચાર કરતાં લાગે છે કે, સૌ પ્રથમ ગુણવાન આત્માની ક્ષમા માગવી જોઈએ. વર્તમાનમાં ગુણની દૃષ્ટિએ શ્રેષ્ઠ આચાર્ય ભગવંતો છે, માટે સૌ પ્રથમ તેમની ક્ષમા માગી છે અને ત્યાર પછી તેનાથી ઊતરતા ક્રમમાં આવતા ઉપાધ્યાયાદિની ક્ષમા માંગી છે.

**જિજ્ઞાસા :** શિષ્યનો સમાવેશ કુલ, ગણ અને સાધર્મિકમાં થતો હતો, છતાં શિષ્યનો ઉલ્લેખ જુદો કેમ કર્યો અને તેમની કુલ, ગણ અને સંઘ પહેલાં કેમ ક્ષમા માંગી ?

**તૃપ્તિ :** જો કે શિષ્યનો સમાવેશ કુલ, ગણ આદિમાં થઈ શકે છે, તોપણ શિષ્યનું હિત કરવાની જવાબદારી ગુરુભગવંતોની હોવાથી ક્યાંય પણ શિષ્યની સ્ખલના થાય તો તે સમયે ગુરુભગવંતને સારણાદિ કરવી પડે છે. આવું કરતાં ક્યારેક

કોઈપણ કષાયાદિ ભાવ સ્પર્શી ગયા હોય તો પહેલાં જ તેની વિશેષથી ક્ષમાપના કરવા માટે શિષ્યનો અલગ અને આગળ ઉલ્લેખ કર્યો હોય તેમ લાગે છે. છતાં આ અંગે વિશેષજ્ઞો વિચારે.

**જિજ્ઞાસા :** આચાર્યાદિ ગુણવાન આદિ પાસે ક્ષમા માગી છે, તેમને ક્ષમા આપી કેમ નથી ?

**તૃપ્તિ :** ગુણવાન આત્માઓ કર્માધીન જીવોની સ્થિતિ સમ્યગ્ પ્રકારે સમજતા હોય છે, તેથી તેઓને તેવા જીવો પ્રત્યે દ્વેષાદિ થવાની સંભાવના નહિવત્ છે, માટે તેમને ક્ષમા આપવાની જરૂર જણાતી નથી.

**જિજ્ઞાસા :** धम्म શબ્દથી અહીં 'સર્વ જીવોને પોતાના સમાન માનવાં' તે રૂપ ધર્મનો જ સ્વીકાર કેમ કર્યો ?

**તૃપ્તિ :** ક્ષમાપના માટેનું આ સૂત્ર છે અને સર્વ જીવો સાથે ક્ષમાપના તો જ થઈ શકે કે જો સર્વ જીવોને પોતાના તુલ્ય માનીએ તો. વળી, '**आत्मवत् सर्वभूतेषु**'નો પરિણામ તે સમતાનું મૂળ છે, મૈત્રીભાવનું બીજ છે, સર્વ ધર્મનું સાધન છે, માટે અહીં ધર્મ શબ્દથી આ ભાવ ગ્રહણ કરવો વધુ યોગ્ય લાગે છે. છતાં આ અંગે શ્રુતજ્ઞો સ્વયં વિચારે...

**જિજ્ઞાસા :** भावओ धम्मनिहिअनियचित्तो - આ વિશેષણને છેલ્લી ગાથામાં મૂકવાનું કારણ શું ?

**તૃપ્તિ :** ભાવથી ધર્મમાં જેનું ચિત્ત સ્થપાયેલું છે એવું વિશેષણ છેલ્લી ગાથામાં મૂકવામાં આવ્યું તેનું કારણ એ છે કે પહેલી બે ગાથામાં ગુણવાન આત્માઓ પ્રત્યે થયેલ અપરાધની ક્ષમા માગવામાં આવી છે. ગુણવાન આત્મા પ્રત્યે પ્રમોદભાવ અને પૂજ્યભાવ જરૂરી છે. જ્યારે જગતના સર્વ જીવો સાથે સમભાવ કે મિત્રભાવરૂપ ધર્મ હૃદયમાં પ્રગટાવવાનો છે, માટે છેલ્લે સર્વ જીવરાશિને ખમાવતાં કહ્યું કે, તમો સર્વ પણ મારા જેવા જ છો, મારા મિત્ર છો, મિત્રતુલ્ય તમારા અપરાધની હું ક્ષમા માગું છું.

# નમોઽસ્તુ વર્ધમાનાય

**સૂત્ર પરિચય :**

શ્રી વર્ધમાન સ્વામીની એટલે કે ચરમતીર્થપતિ, આપણા આસન્ન ઉપકારી શ્રી વીરપ્રભુની આ સ્તુતિ છે. તેથી તે 'વર્ધમાનસ્તુતિ' તરીકે પણ ઓળખાય છે.

છ આવશ્યકની પૂર્ણાહૂતિ થયા પછી મંગલ-સ્તુતિ નિમિત્તે પુરુષો આ સૂત્ર બોલે છે. તેની પહેલા તેઓ નમોઽર્હત્ થી મંગલાચરણ કરે છે. આ અતિસુંદર કાવ્યની રચના કોણે કરી છે તે ખ્યાલમાં નથી; પરંતુ શ્રી તિલકાચાર્યજીએ રચેલી સામાચારીમાં આ સ્તુતિ જોવા મળે છે. સંસ્કૃત ભાષાના ત્રણ જુદા જુદા ગેય છંદોમાં આ સ્તુતિની રચના છે. સૌની સાથે ભાવપૂર્વક તેને ગાતા વીરપ્રભુની અનેક અદ્ભુત વિશેષતાઓથી ચિત્ત રંજીત થયા વિના રહેતું નથી.

આપણી પરંપરા પ્રમાણે પ્રથમ સ્તુતિ અધિકૃત જિનની, બીજી સ્તુતિ સામાન્ય જિનની અને ત્રીજી સ્તુતિ આગમ અથવા શ્રુતજ્ઞાનની હોય છે. આ સૂત્ર પણ આ પ્રસિદ્ધ પરંપરાને અનુસરે છે. તેમાં પણ પહેલી ગાથામાં વર્ધમાન સ્વામીને નમસ્કાર કરાયો છે, બીજી ગાથામાં ચોત્રીસ અતિશયો આદિ ઋદ્ધિસંપન્ન સર્વ જિનોને પ્રાર્થવામાં આવ્યા છે. પ્રાંતે છેલ્લી ગાથામાં 'મારા ઉપર શ્રુતજ્ઞાન તુષ્ટ થાઓ એવા રોમાંચિત કરનારા શબ્દો દ્વારા મને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાઓ.' મારા હૈયામાં પ્રભુના વચનોનો વાસ હો એવી સુંદર ભાવના વ્યક્ત કરાઈ છે.

**મૂળ સૂત્ર :**

**नमोऽस्तु वर्धमानाय, स्पर्धमानाय कर्मणा ।**
**तज्जयावाप्तमोक्षाय, परोक्षाय कुतीर्थिनाम् ।।१।।**

**येषां विकचारविन्द-राज्या, ज्यायः-क्रम-कमलावलिं दधत्या ।**
**सदृशैरिति सङ्गतं प्रशस्यं, कथितं सन्तु शिवाय ते जिनेन्द्राः ।।२।।**

**कषायतापार्दित-जन्तु-निर्वृतिं, करोति यो जैनमुखाम्बुदोद्गतः ।**
**स शुक्र-मासोद्भव-वृष्टि-सन्निभो, दधातु तुष्टिं मयि विस्तरो गिराम् ।।३।।**

**અન્વય તથા ગાથાર્થ :**

कर्मणा स्पर्धमानाय, तज्जयावाप्तमोक्षाय,
कुतीर्थिनां परोक्षाय, वर्धमानाय नमोऽस्तु ।।१।।

જેઓ કર્મની સાથે સ્પર્ધા કરનાર છે. કર્મ સામે જય મેળવી જેમણે મોક્ષ પ્રાપ્ત કર્યો છે તથા જેઓ મિથ્યાત્વીઓ માટે પરોક્ષ છે તેવા વર્ધમાનસ્વામીને મારો નમસ્કાર થાઓ. ॥૧॥

येषां ज्यायः-क्रम-कमलावलिं दधत्या विकचारविन्द-राज्या
'सदृशैः सङ्गतं प्रशस्यम्' इति कथितं ते जिनेन्द्राः शिवाय सन्तु ।।२।।

જેમની શ્રેષ્ઠ ચરણકમલની શ્રેણીને ધારણ કરનારી (દેવનિર્મિત સુવર્ણ) વિકસિત કમલોની પંક્તિ વડે જાણે એમ કહેવાયું કે 'સરખાની સાથે સમાગમ થવો તે પ્રશંસનીય છે' તે જિનેન્દ્રો મોક્ષ માટે થાઓ. ॥૨॥

शुक्र-मासोद्भव-वृष्टि-सन्निभो जैनमुखाम्बुदोद्गतः यः गिराम् विस्तरः
कषायतापार्दितजन्तुनिर्वृतिं करोति सः मयि तुष्टिं दधातु ।।३।।

જેઠ માસમાં થયેલી (પહેલી) વર્ષા સમાન જિનેશ્વરના મુખરૂપી મેઘમાંથી પ્રગટ થયેલો જે વાણીનો વિસ્તાર કષાયના તાપથી પીડિત પ્રાણીઓને શાંતિ આપે છે તે (વાણીનો વિસ્તાર) મારી ઉપર પ્રસન્ન થાઓ ॥૩॥

**વિશેષાર્થ :**

**નમોऽस्तु वर्धमानाय** - વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ.

વીરપ્રભુ જ્યારથી માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી તેમના પિતાના ભંડારોમાં ધન-ધાન્ય આદિની વૃદ્ધિ થવા લાગી. તેથી માતા-પિતાએ તેમનું નામ વર્ધમાન રાખ્યું હતું. વળી, તેઓની આંતરિક ગુણસમૃદ્ધિ પણ પ્રતિદિન વૃદ્ધિમાન રહેતી. તેથી તેઓ વાસ્તવમાં વર્ધમાન હતા. આ સ્તુતિ તે આ ચોવીસીના ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુની છે. તેમને મારો નમસ્કાર[1] થાઓ.

**स्पर्धमानाय कर्मणा** - કર્મની સાથે સ્પર્ધા કરી રહેલા (વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ)

શ્રી વીરપ્રભુએ દીક્ષા લઈને કર્મની સાથે મોરચો માંડ્યો હતો બાર વર્ષ સુધી તેઓશ્રી અદ્વિતીય પરાક્રમ ફોરવી શૌર્યપૂર્વક કર્મ અને આંતરશત્રુઓ સામે ઝઝૂમ્યા હતા. અનાદિકાળથી આત્માને વળગેલા શત્રુઓને દૂર કરવાનું કાર્ય સહેલું નથી. વર્ધમાન સ્વામી પાસે જે ધીરતા, વીરતા, પરાક્રમ આદિ ગુણો હતા તે જ તેમને કર્મ સામે બાથ ભીડવા સક્ષમ બનાવતા હતા.

**तज्जयावाप्तमोक्षाय** - કર્મરૂપી શત્રુ ઉપર જય મેળવવા દ્વારા મોક્ષ મેળવનાર (વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ)

સ્પર્ધામાં તો ઘણા ઊતરે પણ શત્રુના જોરદાર હુમલા સામે ટકી રહેવું, ઘોર-અતિઘોર ઉપસર્ગો અને પરિષહોનો સામનો કરીને દુર્જેય એવા આંતર શત્રુઓ ઉપર જય મેળવવો તે સામાન્ય માણસનું ગજું નથી. આ કાર્ય તો વિરલ વીર પ્રભુ જેવા જ કરી શકે.

**परोक्षाय कुतीर्थिनाम्** - મિથ્યાત્વીઓ માટે પરોક્ષ (એવા શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર થાઓ)

**ખોટા** મતને પ્રવર્તાવનારને કુતીર્થિક કહેવાય છે. જગતના સર્વ પદાર્થો **અનેકાન્તરૂપ** છે. અનંતધર્માત્મક તે પદાર્થોનું તે રૂપે નિરૂપણ કરવું તે સન્મત છે, **સુતીર્થ છે,** આ જ પદાર્થોને કોઈ એક દૃષ્ટિથી જોઈ જીવાદિ પદાર્થો આવા જ છે **તેવું નિરૂપણ** કરવું તે કુમત છે. આવા કુમતને ચલાવનાર કુતીર્થિકો છે. કદાગ્રહના

---

1. **નમસ્કાર** થાઓ ના વિશેષ અર્થ માટે સૂત્ર સંવેદના - ૨માંથી નમોડત્થુણં સૂત્ર જોવું.

કારણે આવા કુતીર્થિકો પ્રભુએ પ્રરૂપેલા પદાર્થોને તે રૂપે ક્યારેય જોઈ શકતા નથી પ્રભુનો માર્ગ ક્યારેય તેમની બુદ્ધિનો વિષય બનતો નથી. તેમના માટે તો પ્રભુ કે પ્રભુએ પ્રરૂપેલો માર્ગ પ્રત્યક્ષ બનતો જ નથી માટે જ પ્રભુ કુતીર્થિકો માટે પરોક્ષ છે એવું કહેવાયું છે.

આ ગાથા બોલતાં ઉપરોક્ત ત્રણ વિશેષણોથી વિશિષ્ટ બાહ્ય અને અભ્યંતર સમૃદ્ધિના સ્વામી વીરપ્રભુને સ્મૃતિપટ પર સ્થાપી, બે હાથ જોડી મસ્તક નમાવી પ્રાર્થના કરવાની છે કે,

*'હે પ્રભુ ! કર્મની સાથે સ્પર્ધામાં ઉતરી આપ તો વિજયની વરમાળાને વર્યા છો અને અમે તો કર્મના સકંજામાં સપડાયા કરીએ છીએ. કુતીર્થિઓ તો આપને ઓળખી ન શકે તે સમજાય તેવું છે, પણ અમે તો આપના જ સંતાન છીએ છતાં આપનું શુદ્ધ સ્વરૂપ અમારા માટે પ્રત્યક્ષ બનતું નથી.*

*હે નાથ ! આ નમસ્કારના ફળરૂપે આપ અમને કર્મના જોરથી બચાવો ! આપના શુદ્ધ સ્વરૂપના દર્શન કરાવો અને અમને મોક્ષનું મહાસુખ આપો !'*

**येषां विकचारविन्दराज्या ज्यायःक्रमकमलावलिं दधत्या -** જેઓના શ્રેષ્ઠ ચરણકમળની શ્રેણીને ધારણ કરનારી (દેવનિર્મિત) વિકસિત એવી (સુવર્ણ) કમળની હારમાળા વડે

સંસ્કૃત કાવ્યના અર્થાન્તરગર્ભિત ઉત્પ્રેક્ષા અલંકારથી શોભતી આ પંક્તિ જિનેશ્વરના વિહારનું દૃશ્ય નજર સમક્ષ ઉપસ્થિત કરે છે. તેમાં विकचारविन्द એટલે વિકસિત થયેલું કમળ राजि એટલે શ્રેણી. પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તીર્થંકર નામકર્મનો વિપાકોદય ચાલું થાય છે. અષ્ટ મહાપ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશયોથી પ્રભુ શોભવા લાગે છે. તેમાં એકવીસમો અતિશય એવો છે કે, પ્રભુ જે માર્ગેથી પસાર થાય છે ત્યાં દેવો માખણ જેવા મુલાયમ સુવર્ણના કમળોની રચના કરે છે. પ્રભુ કેવળજ્ઞાન પછી ક્યારેય ભૂમિ ઉપર પગ મૂકતા નથી. તેમના ચરણોને આ સુવર્ણના વિકસિત એવા નવ કમળોની શ્રેણી ધારણ કરે છે. તેથી વિકસિત કમળોની શ્રેણીનું વિશેષણ છે ज्यायः क्रमकमलावलिं दधती, તેમાં ज्यायः એટલે શ્રેષ્ઠ, क्रम એટલે ચરણ, आवलि એટલે શ્રેણી અને दधती એટલે ધારણ કરતી; શ્રેષ્ઠ એવા ચરણ કમળની શ્રેણીને (અર્થાત પ્રભુના પવિત્ર એવા બે પગને)

ધારણ કરનારી. આવી રચના દ્વારા કવિ કહે છે કે, દેવ નિર્મિત સુવર્ણ કમળની શ્રેણી શ્રેષ્ઠ એવા ચરણ કમળની શ્રેણીને ધારણ કરે છે.

**सद्दशैरिति सङ्गतं प्रशस्यं कथितं** - (જે સુવર્ણ કમળની શ્રેણીએ પ્રભુના ચરણ કમળની શ્રેણીને ધારણ કરી છે તે) કહે છે કે સરખાની સાથે સમાગમ થવો તે પ્રશંસનીય છે.

તીર્થંકર પરમાત્મા વિહાર કરે ત્યારે દેવોએ રચેલી નવ સુવર્ણ કમળોની શ્રેણી જાણે એમ કહી રહી છે કે,'જેવા અમે કમળો છીએ તેવા શ્રી જિનેશ્વરદેવના ચરણો પણ કમળો છે. આમ કમળો સાથે કમળોનો સંયોગ થયો છે. સરખે સરખાનો મેળ જામ્યો છે. આ બહુ સારું થયું.'

**सन्तु शिवाय ते जिनेन्द्राः** - તે જિનેન્દ્રો શિવ માટે થાઓ !

સુવર્ણ કમળ ઉપર પગ મૂકી વિહાર કરનારા સર્વ જિનેન્દ્રો અમારા કલ્યાણ માટે થાઓ. પ્રભુની સ્તુતિ કરવાનું એક જ લક્ષ્ય હોય છે - પ્રભુ જેવા બનવાનું. પ્રભુ સ્વયં નિર્દ્વન્દ્વ અવસ્થા પ્રાપ્ત કરી મોક્ષનું મહાસુખ ભોગવી રહ્યા છે. સાધક પણ આ શબ્દો દ્વારા તે જ શિવસુખની પ્રાર્થના કરે છે.

આ ગાથા બોલતાં કેવળજ્ઞાનને પામેલા, સુરનિર્મિત સુવર્ણના કમળ ઉપર પાદાર્પણ કરી પૃથ્વીતળ ને પાવન કરતાં સર્વ અરિહંત ભગવંતોને સ્મરણમાં લાવી તેમને વંદના કરતાં પ્રાર્થના કરવાની છે કે,

> *"હે વિભો ! આપ તો કલ્યાણકર સ્થાનને પામી ચૂક્યા છો. અમને પણ આપ પરમ કલ્યાણના કારણભૂત શિવના સ્થાનને આપો !"*

**कषायतापार्दित-जन्तु-निर्वृत्तिं करोति यो जैनमुखाम्बुदोद्गतः स शुक्र मासोद्भव-वृष्टि-सन्निभो दधातु तुष्टिं मयि विस्तरो गिराम्** - જે વાણીનો સમૂહ જિનેશ્વરના મુખરૂપ મેઘથી પ્રગટ થઈને કષાયના તાપથી પીડિત થયેલા પ્રાણીઓને શાંતિ આપે છે અને જે જેઠ માસમાં થયેલી (પહેલી) વર્ષા જેવો છે તે મારા પર તુષ્ટિને ધારણ કરો.

જેઠ માસમાં સૂર્ય ખૂબ જ તપે છે, તેથી ગરમી અને ઉકળાટ ઘણા લાગે છે. તે વખતે જે વરસાદ આવે છે તે અતિ સુખકર અને સંતોષ જનક લાગે છે, તેવી જ રીતે જગતના જીવો અનાદિકાળથી ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચાર

કષાયોથી ખૂબ તપી ગયેલા હોય છે, તેમના ઉપર શ્રી જિનેશ્વરદેવના મુખરૂપી મેઘમાંથી નીકળેલો વાણીનો પ્રવાહ અમૃતનો છંટકાવ કરે છે.

અંતે સ્તુતિકાર પોતાના હૃદયની અભિલાષા વ્યક્ત કરતા કહે છે કે આવી અમૃતતુલ્ય વાણી મારા પર તુષ્ટ થાઓ, મારા ઉપર પ્રસન્ન થાઓ. અહીં વાણી તો જડ છે છતાં તે પ્રસન્ન થાય તેવી ભાવના દ્વારા ગ્રંથકાર એવું ઇચ્છે છે કે મારા હૈયામાં પ્રભુની પાવનકારી વાણીનો વાસ થાઓ. મારી દરેક ક્રિયા તે વાણી અનુસારે થાય, મારી વિચારસરણી તે શમકારી વાણી પ્રમાણે જ પ્રવર્તો. આવી શુભ અભિલાષા સાથે આ સ્તુતિ પૂર્ણ થાય છે.

આ છેલ્લી ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"કષાયોના તાપ અને સંતાપ ના કારણે અનંતકાળથી સંતપ્ત રહ્યો છું આ તાપને ટાળવાની તાકાત જિનવચનોમાં છે. જિનવાણીથી હૃદય ભીંજાય તો અનંતકાળનો તાપ ટળે. તેથી હે પ્રભુ ! કષાયોના તાપને ટાળનારા આપના વચનો મારા હૃદયમાં પરિણામ પામો ! મારા હૃદયને પ્લાવિત કરો એવી પ્રાર્થના કરું છું !"*

# વિશાલ-લોચન દલં

**સૂત્ર પરિચય :**

પ્રભાતના પ્રતિક્રમણમાં છ આવશ્યકની પૂર્ણાહુતિ પછી મંગલસ્તુતિ તરીકે આ સૂત્ર બોલાય છે. માટે તેનું બીજું નામ **પ્રાભાતિક સ્તુતિ** કે પ્રાભાતિક વીર સ્તુતિ છે. પરંપરાગત રચનાશૈલીને અનુસરતી આ સ્તુતિમાં પણ પહેલી ગાથા અધિકૃત જિનની બીજી ગાથા સર્વ જિનેશ્વરોની અને ત્રીજી ગાથા આગમની સ્તુતિરૂપ છે. પૂર્વાચાર્યોની પરંપરા જ તેનું આધાર સ્થાન છે.

પુરુષો રાત્રિક પ્રતિક્રમણમાં જ્યારે મંગલ તરીકે આ સૂત્ર બોલે છે ત્યારે સ્ત્રીઓ **'સંસારદાવાનલ'**ની સ્તુતિ બોલે છે. વિવિધ અલંકારોથી સજ્જ તેના શ્લોકો દ્વારા પરમાત્માનું અદ્ભુત સ્વરૂપ આંખ સામે ઉપસ્થિત થાય છે અને તેમ થતાં સાધક લક્ષ્યશુદ્ધિ કરવા પૂર્વક દિવસની શરૂઆત કરી શકે છે.

**મૂળ સૂત્ર :**

**विशाल-लोचन-दलं, प्रोद्यद्-दन्तांशु-केसरम् ।**
**प्रातर्वीरजिनेन्द्रस्य, मुख-पद्मं पुनातु वः ।।१।।**

**येषामभिषेक-कर्म कृत्वा, मत्ता हर्षभरात् सुखं सुरेन्द्राः ।**
**तृणमपि गणयन्ति नैव नाकं, प्रातः सन्तु शिवाय ते जिनेन्द्राः ।।२।।**

**कलङ्क-निर्मुक्तममुक्तपूर्णतं, कुतर्क-राहु-ग्रसनं सदोदयम् ।**
**अपूर्वचन्द्रं जिनचन्द्रभाषितं, दिनागमे नौमि बुधैर्नमस्कृतम् ।।३।।**

**ગાથા :**

**विशाल-लोचन-दलं, प्रोद्यद्-दन्तांशु-केसरम् ।**
**प्रातर्वीरजिनेन्द्रस्य, मुख-पद्मं पुनातु वः ।।१।।**

**ગાથાર્થ :**

વિશાલ નેત્રોરૂપી પત્રોવાળું, ઝળહળતા દાંતનાં કિરણોરૂપ કેસરાવાળું, શ્રી વીરજિનેશ્વરનું મુખરૂપી કમલ પ્રાતઃકાળમાં તમને પવિત્ર કરો. ૧

**વિશેષાર્થ :**

વીરપ્રભુની સ્તુતિ કરતાં આ ગાથામાં સૌ પ્રથમ રચનાકારે પ્રભુના મુખને કમળ સાથે સરખાવ્યું છે. જેમ પ્રાતઃકાળમાં ખીલી ઊઠતું કમળ પોતાના મનોહર રૂપ, સુમધુર સુવાસ આદિથી અનેક ભમરાઓને આકર્ષે છે અને માનવીના મનને પ્રસન્ન કરે છે. તેમ વીરપ્રભુનું બે વિશાળ નેત્રો રૂપ પત્ર(પાંદડા)વાળું અને તેજસ્વી દાંતના કિરણોરૂપ કેસરાથી યુક્ત મુખકમળ સુયોગ્ય આત્માઓને પોતાના તરફ આકર્ષે છે. આકર્ષાયેલા જીવો ઉત્તમ દ્રવ્યોથી પ્રભુની બાહ્ય ભક્તિ કરે છે અને તેમના ગુણોને જાણી તે ગુણોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી, આત્મકલ્યાણકારી અંતરંગ ભક્તિ કરે છે. ગાથાના અંતમાં 'પ્રભુનું આવું મુખારવિંદ તમને સૌને પવિત્ર કરો !' એમ કહી સૂત્રકારશ્રીએ સર્વ જીવો પ્રત્યેની શુભકામના વ્યક્ત કરી છે.

આ ગાથા બોલતાં અનુપમ સૌન્દર્યયુક્ત પ્રભુના મુખકમળને સ્મૃતિમાં લાવી, સાધક વિચારે કે,

> *"જેમનું બાહ્યરૂપ આવું છે, તેનું અંતરંગ સ્વરૂપ કેવું હશે ? આ રૂપને જોવા જાણવા અને માણવા યત્ન કરું તો હું પણ તે સ્વરૂપને જરૂર પ્રાપ્ત કરી શકીશ."*

ગાથા :

**येषामभिषेक-कर्म कृत्वा, मत्ता हर्षभरात् सुखं सुरेन्द्राः ।**
**तृणमपि गणयन्ति नैव नाकं, प्रातः सन्तु शिवाय ते जिनेन्द्राः ।।२।।**

અન્વય :

येषाम् अभिषेक-कर्म कृत्वा हर्षभरात् मत्ताः सुरेन्द्राः
नाकं सुखं तृणमपि नैव गणयन्ति ते जिनेन्द्राः प्रातः सुखाय सन्तु ।।२।।

ગાથાર્થ :

જેમનો અભિષેક કરીને હર્ષથી મત્ત થયેલા દેવેન્દ્રો સ્વર્ગનાં સુખને તૃણવત્ પણ ગણતા નથી, તે જિનેન્દ્રો પ્રાતઃકાળમાં શિવ-સુખ આપનારા થાઓ. ૨

**વિશેષાર્થ :**

તીર્થંકરનામકર્મરૂપ ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિવાળા જીવોનો જન્મ થતાં જ સૌધર્મેન્દ્રનું આસન કંપે છે. તેનાથી ૬૪ ઇન્દ્રો અને સર્વ દેવોને પ્રભુના જન્મની જાણકારી મળે છે. પ્રભુ જન્મ્યાંના સમાચાર મળતાં હર્ષઘેલા થયેલા દેવ અને દેવેન્દ્રો દૈવિક સુખોનો ત્યાગ કરી પ્રભુનો જન્માભિષેક કરવા દોડી જાય છે. મેરુપર્વત ઉપર જઈ ઉત્તમ સામગ્રી અને ઉત્તમ ભાવથી પ્રભુનો જન્માભિષેક કરે છે.

પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી, જન્મથી જ વૈરાગી, પરમ યોગી, ધીર, ગંભીર, એવા પ્રભુનો જન્માભિષેક કરતાં વિબુધવરોને જેવો આનંદ થાય છે, હૈયામાં જેવી ઊર્મિઓ ઊઠે છે, જેવા સુખદ સંવેદનો થાય છે તેવો આનંદ કે તેવી સંવેદના તેમને ભૌતિક સુખ ભોગવતાં ક્યારેય અનુભવાતી નથી, દેવીઓ સાથે વિલાસ કરતાં આનંદ સાથે તૃષ્ણાની આગ તેમના હૃદયને બાળતી હતી, તો અનેક પ્રકારની ક્રીડાઓ કરતાં મજાની સાથે સાથે ચિંતાની પીડા ચિત્તને વિહ્વળ કરતી હતી. જ્યારે પ્રભુભક્તિ કરતાં આવા દુઃખમિશ્રિત સુખનો નહિ પણ માત્ર સુખનો જ અનુભવ થતો હોવાથી તેમને પ્રભુભક્તિના આનંદની સામે પરાકાષ્ઠાના દૈવિક સુખો તૃણ જેવા લાગે છે. દેવોની આ પરિસ્થિતિ જાણી સાધક પોતાની ભાવના વ્યક્ત કરે છે કે તે જિનેશ્વરો અમને પણ મોક્ષ સુખ આપનારા બને.

આ ગાથા બોલતા સાધક મેરુશિખર ઉપર જન્માભિષેક દ્વારા પૂજાતાં જિનેશ્વર પરમાત્માઓને સ્મૃતિમાં લાવી વિચારે કે,

*"જે પ્રભુનો જન્મ માત્ર પણ વિબુધવરોને આટલો આનંદપ્રદ છે તે પ્રભુનો પ્રૌઢકાળ તો કેવો અદ્દભુત હશે ! આ પ્રભુની ભક્તિ કરી હું પણ તે પ્રભુ પાસે શિવસુખની પ્રાર્થના કરું અને પ્રયત્ન કરી તેને પામું"*

**ગાથા :**

**कलङ्क-निर्मुक्तममुक्तपूर्णतं, कुतर्क-राहु-ग्रसनं सदोदयम् ।**
**अपूर्वचन्द्रं जिनचन्द्रभाषितं, दिनागमे नौमि बुधैर्नमस्कृतम् ।।३।।**

**અન્વય :**

कलङ्क-निर्मुक्तम्, अमुक्तपूर्णतम्, कुतर्कराहुग्रसनं सदोदयम्
अपूर्वचन्द्रम् बुधैर्नमस्कृतम्, जिनचन्द्रभाषितं दिनागमे नौमि ।।३।।

**ગાથાર્થ :**

જે કલંકથી રહિત છે, પૂર્ણતાને જે છોડતો નથી, જે કુતર્કરૂપી રાહુને ગળી જાય છે, જે સદા ઉદય પામેલો રહે છે, જે જિનચંદ્રની વાણીસુધાથી બનેલો છે અને પંડિતો જેને નમસ્કાર કરે છે, તે આગમરૂપી અપૂર્વચન્દ્રની પ્રાતઃકાળે હું સ્તુતિ કરું છુ. ॥૩॥

**વિશેષાર્થ :**

ચંદ્ર તાપને શમાવી શીતળતાને આપે છે અને સૌમ્ય પ્રકાશ ફેલાવે છે તેમ જિનાગમ પણ કષાયોના તાપને શમાવે છે અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે. માટે તેને ચંદ્ર સાથે સરખાવી શકાય; પરંતુ જિનાગમમાં ચંદ્ર જેવા કોઈ કલંક નથી માટે સૂત્રકાર કહે છે કે તે ચંદ્ર કરતાં પણ ક્યાંય અધિક છે.

વર્તમાનમાં ઉદય પામતો ચંદ્ર કલંકથી યુક્ત છે જ્યારે સર્વજ્ઞ કથિત શ્રુતરાશિરૂપ ચંદ્રમાં કોઈપણ પ્રકારનું કલંક નથી. તેથી સ્વદર્શનના રાગી તો ઠીક

પણ મધ્યસ્થદૃષ્ટિથી વિચાર કરતો કોઈ પરવાદી પણ તેમાં દોષ શોધી શકે તેમ નથી.

રાત્રિમાં ઉગતો ચંદ્ર તો કૃષ્ણ પક્ષમાં ક્ષીણ ક્ષીણતર થતો જાય છે. જ્યારે જિનાગમરૂપી ચંદ્ર તો હંમેશા પૂર્ણકલાએ ખીલેલો જ રહે છે. ક્યારેક કોઈ ક્ષેત્ર કે કોઈ વ્યક્તિને આશ્રયીને આગમમાં ચડાવ ઉતાર દેખાય પણ સમષ્ટિગત વિચારણા કરવામાં આવે તો આગમ હંમેશા પૂર્ણપણે ખીલેલું રહે છે. ક્યાંક ને ક્યાંક કોઈ શ્રુતકેવલી ચૌદ પૂર્વધર હોય જ છે.

વળી, આકાશના ચંદ્રને તો ક્યારેક રાહુ ગળી જાય છે. જ્યારે શ્રુતરૂપ શીતાંશુ તો કુતર્કરૂપી રાહુને ગળી જાય છે. કહેવાનો ભાવ એ છે કે જિનાગમની યુક્તિયુક્ત વાતોની સામે એક પણ કુતર્ક ટકી શકતો નથી.

ગગનનો ચંદ્ર રાત્રે ઉદય પામે છે અને દિવસે આથમી જાય છે. જ્યારે શ્રુતરૂપી ઉડુપતિ તો હંમેશા ઉદય પામેલો જ રહે છે. ક્યારેય તેનો અસ્ત થતો નથી. 'હા' પાંચમા આરાના અંતે ભરતક્ષેત્રમાં જિનાગમને ધરનારા કોઈ નહિ રહે, પણ ત્યારે પણ મહાવિદેહ આદિમાં તો આ ચંદ્ર ચમકતો જ રહે છે.

લોક જેને જોઈને ક્ષણભર આનંદ પામે છે તે નભોમંડળનો ચંદ્ર તો જ્યોતિષ્ક દેવના રત્નના વિમાનસ્વરૂપ હોવાથી પુદ્ગલરૂપ છે. જ્યારે આગમરૂપી ઇન્દુ તો જિનેશ્વર ભગવાનની વાણી સુધાથી નિર્મિત છે તેથી તે તો અનંતજ્ઞાનમય ચેતનાનો સંચાર છે.

આકાશના ચંદ્રને સામાન્ય જન ભૌતિક આશંસાઓથી નમે છે જ્યારે તે જ ભૌતિક આશંસાઓથી મુક્ત થવા પ્રભુના આગમરૂપી ચંદ્રને તો દેવ, દેવેન્દ્રો, ચક્રવર્તીઓ અને ધુરંધર પંડિતો પણ ભાવથી વારંવાર પ્રણમે છે. સતત તેની અધ્યયન - અધ્યાપન - ચિંતન - મનન આદિરૂપે ઉપાસના કરે છે. આવા વિશિષ્ટ આગમ ગ્રંથો અદ્ભુત અને અનુપમ હોવાથી અપૂર્વ છે, માટે પ્રાતઃકાળના પવિત્ર સમયે તેની સ્તુતિ કરું છું. પ્રાર્થના કરું છું કે, આવું આગમ મારા અજ્ઞાનને ઉલેચી જ્ઞાનનો પ્રકાશ રેલાવી મારા આજના દિવસને અને સમગ્ર જીવનને અજવાળે.

આ ગાથા બોલતાં સાધક પ્રભુના આગમરૂપ ચંદ્રને સ્મૃતિમાં લાવી ભાવથી પ્રણામ કરતાં વિચારે કે,

> *"જ્ઞાનનો પ્રકાશ મારી સામે છે, મારે તેને ઝીલવાનો છે અને તેને ઝીલીને મારે મારા અજ્ઞાનના અંધારાને ઉલેચવાનું છે. હે પ્રભુ ! આ આગમરૂપી ચંદ્રના આધારે મારું અજ્ઞાન ટળે અને જ્ઞાનનો પ્રકાશ મને મળે એવા આશિષ આપજો"*

# શ્રુતદેવતાની સ્તુતિ

**સૂત્ર પરિચય :**

આ સૂત્રમાં શ્રુતદેવીની સ્તવના કરી, તેમને પ્રાર્થના કરવામાં આવી છે, તેથી તેને 'सुअदेवयाथुइ' 'શ્રુતદેવતાસ્તુતિ' કહેવાય છે.

સહજાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાથી થાય છે. સમ્યગ્ ક્રિયા સમ્યગ્ જ્ઞાન વિના શક્ય નથી અને સમ્યગ્ જ્ઞાન જ્ઞાનાવરણીયકર્મના નાશ વિના પ્રગટ થતું નથી. આથી જ મોક્ષાર્થી સાધક, આ સૂત્રના માધ્યમે, શ્રુતદેવી પાસે શ્રુતજ્ઞાન પ્રત્યે ભક્તિવાળા આત્માના જ્ઞાનાવરણીયકર્મના નાશ માટે પ્રાર્થના કરે છે. પ્રાર્થનાથી પ્રસન્ન થયેલી શ્રુતદેવી યોગ્ય આત્માને શ્રુતજ્ઞાનમાં સહાય કરવા દ્વારા તેના કર્મક્ષયમાં નિમિત્તભૂત પણ બને છે.

આ સ્તુતિ પૂર્વ-અન્તર્ગત હોવાથી તે બહેનો તથા સાધ્વીજી ભગવંતો દ્વારા પ્રતિક્રમણમાં બોલી શકાતી નથી, તોપણ પાક્ષિક સૂત્રના અંતમાં આ ગાથા આવે છે, તેથી સંઘ સાથે આ ગાથા બોલવામાં આવે છે.

આ સ્તુતિના બદલે સાધ્વીજી ભગવંતો તથા શ્રાવિકા બહેનો "કમલદલ"ની સ્તુતિ બોલે છે. જે સંસ્કૃત ભાષામાં છે અને તે આજથી ૫૦૦ વર્ષ પૂર્વે થયેલા મલ્લવાદીસૂરિએ બનાવેલી હશે, તેવી સંભાવના છે.

આ સૂત્ર આવશ્યકસૂત્ર ચૂર્ણિ, પ્રવચનસારોદ્ધાર આદિ ગ્રંથોમાં જોવા મળે છે.

**મૂળ સૂત્ર :**

**सुअदेवया भगवई, नाणावरणीअ-कम्मसंघायं ।**
**तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ।।१।।**

પદ-૪ ગાથા-૧ સંપદા-૪ ગુરુઅક્ષર ૨ લઘુઅક્ષર-૩૫ કુલ અક્ષર - ૩૭

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**भगवई सुअदेवया, जेसिं सुअसायरे भत्ती ।**
**तेसिं नाणावरणीयकम्मसंघायं सययं खवेउ ।।१।।**

श्रुतदेवता भगवती ! येषां श्रुतसागरे भक्तिः ।
तेषां ज्ञानावरणीय-कर्मसंघातं सततं क्षपयतु ।।

હે પૂજ્ય શ્રુતદેવી[1] ! જેઓને શ્રુતસાગરમાં અત્યંત ભક્તિ છે, તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો આપ સતત નાશ કરો.

**વિશેષાર્થ :**

સૂતરમાં સારી રીતે પરોવાયેલા મોતીની જેમ, સારી રીતે બંધાયેલા ભગવાનના વચનને સૂત્ર કે શાસ્ત્ર કહેવાય છે. આ શાસ્ત્રના આધારે જ જીવોને આત્મહિતકર જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાય છે. શ્રુત પ્રત્યે જેને હૃદયમાં અત્યંત ભક્તિ છે, તીવ્ર આદર છે, અને જે દ્વાદશાંગી આદિ શ્રુતની અધિષ્ઠાયિકા છે, તે દેવીને શ્રુતદેવી કહેવાય છે. શ્રુત પ્રત્યેની તેમની ભક્તિ અને સમ્યગ્દર્શન આદિ ગુણોને કારણે શ્રુતદેવી શ્રીસંઘને માટે માનનીય, સ્મરણીય અને પૂજનીય છે.

પૂજ્ય એવી શ્રુતદેવીને સ્મૃતિપટ પર સ્થાપિત કરી તેને સંબોધીને સાધક કહે છે કે,

*"હે મા શ્રુતદેવી ! આ જગતમાં જેને શ્રુતસાગર પ્રત્યે અત્યંત ભક્તિ છે, જેઓ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરી રહ્યા છે, તેવા ભક્તોના જ્ઞાનાવરણીયકર્મના સમૂહના નાશ માટે આપ સતત પ્રયત્ન કરજો."*

---

1 - શ્રુતદેવી કોણ છે ? તે અંગેની વિશેષ સમજ માટે જુઓ 'સૂત્ર સંવેદના' ભા. ૨, સૂત્ર : કલ્લાણ કંદં - સંસારદાવા સૂત્ર ગા. ૪ જોવી.
શ્રુતદેવીનો બીજો અર્થ : શ્રુત=પ્રવચન અને તે જ દેવતા છે. અને તેને ઉદ્દેશીને સાધક કહે છે, હે પ્રવચનદેવી ! જેને પ્રવચનમાં ભક્તિ છે તેના જ્ઞાનાવરણીયકર્મનો આપ નાશ કરો.

**જિજ્ઞાસા :** જેઓના હૃદયમાં શ્રુતજ્ઞાન પ્રત્યે ઊંડો ભક્તિભાવ છે, જેઓ શ્રુતજ્ઞાન માટે સતત યત્ન કરે છે, તેવા સાધકને પોતાની તેવા પ્રકારની પરિણતિ અને પ્રવૃત્તિથી જ કર્મનો નાશ થવાનો છે. તો પછી શ્રુતદેવીને આ રીતે પ્રાર્થના કરવાનું કારણ શું છે ?

**તૃપ્તિ :** કોઈના પણ કર્મનો નાશ પોતાના પ્રયત્નથી જ થાય છે, તે વાત સત્ય છે; તોપણ કર્મનાશ માટે કરવામાં આવતો પ્રયત્ન બાહ્ય અનુકૂળતા આદિની અપેક્ષા રાખે છે. ઈચ્છિત શાસ્ત્ર, તે શાસ્ત્રને સમજાવનારા સદ્ગુરુ ભગવંતો કે સ્વાધ્યાય માટે સાનુકૂળ સ્થળ વગેરે મળે તો ઉત્સાહમાં, પ્રયત્નમાં વેગ આવે છે; અને આવું ન મળે તો ક્યારેક ઉત્સાહ ક્રમશઃ મંદ પડી જાય છે અને ક્યારેક નાશ પણ પામે છે. આથી જ આ સ્તુતિ બોલી શ્રુતદેવીને પ્રાર્થના કરવામાં આવે છે અને પ્રાર્થનાથી પ્રસન્ન થયેલી શ્રુતદેવી પણ યોગ્ય સંયોગો પ્રાપ્ત કરાવવા દ્વારા કર્મક્ષયમાં જરૂરી નિમિત્ત પણ પૂરું પાડી શકે છે. જેમ પ.પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મ.સા.માં યોગ્યતા-પાત્રતા હોવા છતાં સરસ્વતી દેવીની સાધનાથી વિશિષ્ટ ક્ષયોપશમ ખીલ્યો. પુણ્યની કચાશ આદિના કારણે ક્યારેક શ્રુતદેવી પ્રત્યક્ષ (પ્રગટ) ન થાય તો પણ શ્રુતભક્તિનો ભાવ આ રીતની સ્તવનાથી વૃદ્ધિ પામે છે અને તેનાથી પણ કર્મક્ષય થાય છે.

**જિજ્ઞાસા :** શ્રુતસાગર પ્રત્યે જેમના હૃદયમાં ભક્તિભાવ છે, તેમના જ કર્મનાશની પ્રાર્થના શા માટે ?

**તૃપ્તિ :** શ્રુત પ્રત્યે ભક્તિભાવ વિનાના આત્માના કર્મનો નાશ શ્રુતદેવી પણ કરી શકતી નથી. કર્મનાશમાં બાહ્ય અનુકૂળતા કે સહાયની જરૂર હોવા છતાં તે માટે સૌ પ્રથમ તો અંતરના શુભભાવનું મહત્ત્વ છે. તેથી સર્વના કર્મનાશ માટે પ્રાર્થના ન કરતાં માત્ર જેઓના હૃદયમાં શ્રુત પ્રત્યેનો ભક્તિભાવ છે, તેમના જ કર્મનાશની પ્રાર્થના કરવામાં આવી છે.

# શ્રુતદેવતાની સ્તુતિ-૨
# કમલદલની સ્તુતિ

**મૂળ સૂત્ર :**

**कमलदलविपुलनयना, कमलमुखी कमलगर्भसमगौरी ।**
**कमले स्थिता भगवती, ददातु श्रुतदेवता सिद्धिम् ।।१।।**

પદ-૧ ગાથા-૧ સંપદા-૪ ગુરુઅક્ષર-૪ લઘુઅક્ષર - ૪૦ કુલ અક્ષર-૪૪

**અન્વય સહિત શબ્દાર્થ :**

कमलदलविपुलनयना कमलमुखी कमलगर्भसमगौरी ।
कमले स्थिता भगवती श्रुतदेवता (मम) सिद्धिं ददातु ।।

કમળના પત્ર જેવા વિશાળ નયનોવાળી, કમળ જેવા મુખવાળી, કમળના મધ્યભાગ જેવા ગૌરવર્ણવાળી, કમળ પર બિરાજમાન થયેલી એવી પૂજ્ય શ્રુતદેવી (સરસ્વતી દેવી) (મને શ્રુતસંબંધી) સિદ્ધિ આપો.

**વિશેષાર્થ :**

પ્રતિક્રમણમાં બોલાતી આ સ્તુતિમાં શ્રુતદેવીના શરીરનું વર્ણન કરી, તેમની પાસે શ્રુતજ્ઞાન સંબંધી સિદ્ધિની પ્રાર્થના કરવામાં આવી છે.

શ્રુતદેવીની સ્તુતિ કરતી વખતે તેમને વિશેષરૂપે ચિત્તમાં ઉપસ્થિત કરવા માટે અહીં તેમના બાહ્ય સ્વરૂપનું વર્ણન કરતાં ત્રણ વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો

છે. સરસ્વતી દેવીની આંખો કમળની પાંદડી જેવી અણીદાર છે. તેમનું મુખ ખીલેલા કમળ સમાન છે અને તેમનો વર્ણ કમળના ગર્ભ જેવો શ્વેત છે.

'आकृतिः गुणान् कथयति' એ કથન પ્રમાણે કઈ વ્યક્તિમાં કેટલા ગુણો છે, તે તેની આકૃતિ ઉપરથી જણાઈ આવે છે. તે જ રીતે શ્રુતદેવીની આકૃતિનાં દર્શન માત્રથી જ જણાય છે કે, તેઓ કેવાં પુણ્યશાળી અને ગુણવાન હશે. ગુણસંપન્ન વ્યક્તિ પાસે જ પ્રાર્થના કરવાથી પ્રાર્થના ફળે છે, માટે જ સાધક, મા શારદા પાસે શ્રુતની સિદ્ધિની પ્રાર્થના કરે છે. પ્રાર્થના કરાયેલી દેવી પણ સાધકને અનેક રીતે સહાય કરી, શ્રુતજ્ઞાનની વૃદ્ધિનું કારણ બને છે.

આ સ્તુતિ બોલતાં સાધક દેદીપ્યમાન સ્વરૂપવાળા સરસ્વતી દેવીને સ્મૃતિપટ ઉપર સ્થાપન કરી પ્રાર્થના કરે છે કે,

*"હે મા શારદા ! આપ જાણો છો કે મારે સર્વ કષાયો અને કર્મોના બંધનોથી મુક્ત થઈ સદા માટે સુખી થવા મોક્ષે જવું છે. શ્રુતજ્ઞાન વિના મોક્ષમાર્ગમાં ચાલી શકાતું નથી અને મારામાં એવું સામર્થ્ય નથી કે હું શ્રુતના પારને પામી શકું. આજ સુધી મેં આપને ઘણીવાર પ્રાર્થના કરી છે પણ તે મિથ્યાશ્રુત મેળવવા અને માનને પોષવા. આજે આપની પાસે માનને તોડવા સમ્યક્ શ્રુતની માગણી કરું છું. આપ મારી ઉપર કૃપા કરજો અને મને શ્રુતજ્ઞાનના વિષયમાં સિદ્ધિ મળે તેવું સામર્થ્ય આપજો."*

# ક્ષેત્રદેવતા સ્તુતિ-૧

**સૂત્ર પરિચય :**

આ સૂત્ર દ્વારા ક્ષેત્રદેવતાની સ્તુતિ કરવામાં આવે છે. તેથી તેને 'खित्तदेवया - थुई' કહેવામાં આવે છે

દૈવસિક પ્રતિક્રમણમાં રત્નત્રયીની શુદ્ધિ અર્થે ત્રણ કાયોત્સર્ગ કર્યા પછી શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાના ઉપકારની સ્મૃતિ અર્થે કાઉસ્સગ્ગ કરી તેમની સ્તુતિ બોલવામાં આવે છે. ત્યાં ક્ષેત્રદેવતાની સ્તુતિ તરીકે પુરુષો આ સ્તુતિ બોલે છે. જ્યારે સ્ત્રીઓ 'यस्याः क्षेत्रम्' ની સ્તુતિ બોલે છે, પુરુષો પણ પાક્ષિક, ચાતુર્માસિક સાંવત્સરિક તથા માંગલિક પ્રતિક્રમણમાં આના બદલે 'यस्याः क्षेत्रम्' બોલે છે.

ક્ષેત્રની અધિષ્ઠાયિકા દેવી પોતાના ક્ષેત્રમાં રહેલા સાધુઓના અનિષ્ટો, ઉપદ્રવો, વિઘ્નો દૂર કરે છે તથા સાર-સંભાળ કરવારૂપ ભક્તિ કરે છે, તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા જ આ સ્તુતિ બોલાય છે.

આ સૂત્ર સામાચારીની પરંપરાથી પ્રાપ્ત થયું છે. તેનું કોઈ વિશેષ આધારસ્થાન નથી.

**મૂળ સૂત્ર :**

**जीसे खित्ते साहू, दंसण-नाणेहिं चरण-सहिएहिं ।**
**साहंति मुक्ख-मग्गं, सा देवी हरउ दुरिआइं ।।१।।**

પદ-૪ ગાથા-૧ સંપદા-૪ ગુરુઅક્ષર-૩ લઘુઅક્ષર ૩૩ કુલ અક્ષર-૩૬

**અન્વય સહિત સંસ્કૃત-છાયા :**

यस्याः क्षेत्रे साधवः, दर्शन ज्ञानाभ्यां चरण-सहिताभ्याम् ।
साधयन्ति मोक्षमार्गं, सा देवी हरतु दुरितानि ।।१।।

**શબ્દાર્થ :**

જેના ક્ષેત્રમાં રહીને સાધુ-સમુદાય જ્ઞાન, દર્શન અને ચારિત્ર સહિત મોક્ષમાર્ગને સાધે છે, તે ક્ષેત્રદેવતા દુરિતોને-વિઘ્નોને-અનિષ્ટોને દૂર કરો.

**વિશેષાર્થ :**

આ સૂત્રનો વિશેષાર્થ યસ્યા: ક્ષેત્રમ્ સ્તુતિ જેવો જ હોવાથી તે સંબંધી વિશેષ વાતો ત્યાંથી જ જોઈ લેવી; પરંતુ આ સ્તુતિની રચનામાં 'दंसण-नाणेहिं चरण-सहिएहिं साहंति मुक्ख-मग्गं' એવા શબ્દો મોક્ષ માર્ગની ઘણી વિશેષતાઓ સંક્ષિપ્તમાં પ્રગટ કરે છે. સાધુઓ મોક્ષમાર્ગની સાધના કરે છે. આ સાધના દર્શન અને જ્ઞાનથી થાય છે, પણ એકલા દર્શન કે એકલા જ્ઞાનથી થતી નથી. ચારિત્ર સહિતના દર્શન-જ્ઞાન હોય તો જ મોક્ષ સાધી શકાય છે. એટલે ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય કે સમ્યગ્દર્શનની શુદ્ધિ પણ હોય; પરંતુ પાંચ મહાવ્રતો દસ યતિધર્મ, દસ પ્રકારની વૈયાવૃત્ય, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ, બાર પ્રકારના તપ અને ક્રોધ આદિ ચાર કષાયોના નિગ્રહ આદિ ચારિત્રના ગુણો ન હોય તો મોક્ષ મળી શકતો નથી.

આ રીતે ચારિત્ર સહિત જ્ઞાન દર્શનની જે સાધના કરે છે તેવા સાધુ ભગવંતોને મોક્ષમાર્ગમાં જે વિઘ્નો આવે છે તેને ક્ષેત્રદેવતા નાશ કરે તેવી પ્રાર્થના આ સૂત્રમાં કરવામાં આવી છે.

# ક્ષેત્રદેવતા સ્તુતિ-૨

**સૂત્ર પરિચય :**

સાધુ-સાધ્વીજી ભગવંતો જે ક્ષેત્રમાં રહીને પોતાની સાધના-આરાધના કરે છે, તે ક્ષેત્રદેવતાને ઉદ્દેશીને આ સ્તુતિ રચવામાં આવી છે. તેથી તેનું નામ खित्तदेवया- थुइ છે.

મોક્ષમાર્ગનો સાચો સાધક એ છે કે જે કોઈના નાના સરખા ઉપકારને પણ અવસરે યાદ કર્યા વિના ન રહે. આ જ વાતનું સમર્થન આ સ્તુતિમાં જોવા મળે છે. જેણે પોતાની માલિકીના ક્ષેત્રમાં રહેવા દીધા, કોઈપણ પ્રકારના ઉપદ્રવ વગર સાધના કરવા દીધી, તે ક્ષેત્રદેવતાને આ સ્તુતિ દ્વારા યાદ કરીને, તેમના પ્રત્યેનો કૃતજ્ઞભાવ અહીં વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે સાથે તેમને પ્રાર્થના પણ કરવામાં આવી છે કે - "હે ક્ષેત્રદેવતા ! આપ ભવિષ્યમાં પણ અમોને સાધનામાં અનુકૂળતા કરી આપો."

દેવસિય આદિ પ્રતિક્રમણમાં શ્રુતદેવીની સ્તુતિ બોલ્યા પછી આ થોય બોલાય છે.

**મૂળ સૂત્ર :**

**यस्याः क्षेत्रं समाश्रित्य,**
**साधुभिः साध्यते क्रिया ।**
**सा क्षेत्र-देवता नित्यं,**
**भूयान्नः सुख-दायिनी ।।१।।**

પદ-૪ ગાથા-૧ સંપદા-૧ ગુરુઅક્ષર-૧૧ લઘુઅક્ષર - ૨૧ કુલ અક્ષર-૩૨

**અન્વય સહિત શબ્દાર્થ :**

यस्याः क्षेत्रं समाश्रित्य साधुभिः क्रिया साध्यते ।
सा क्षेत्र-देवता नः नित्यं सुख-दायिनी भूयात् ।।

જેમના ક્ષેત્રનો આશ્રય લઈને સાધુ-સાધ્વીજીભગવંતો વડે (મોક્ષમાર્ગની સાધક) ક્રિયા સધાય છે, તે ક્ષેત્રદેવતા અમને હંમેશા સુખ આપનારા થાઓ.

**વિશેષાર્થ :**

ક્ષેત્રના અધિષ્ઠાયક દેવોને ક્ષેત્રદેવતા કહેવાય છે. આ ક્ષેત્રદેવતાઓ પોતપોતાના ક્ષેત્રની સંભાળ રાખે છે અને સાથે જ સુયોગ્ય આત્માઓને સાનુકૂળતા અને દુર્જનને દંડ પણ કરતા હોય છે. મોક્ષમાર્ગના સાધક સાધુ-સાધ્વીજીભગવંતો જે ક્ષેત્રમાં નિર્વિઘ્નપણે આરાધના કરી રહ્યાં છે, તેમાં તે તે ક્ષેત્રના ક્ષેત્રદેવતાનો પણ ઉપકાર છે. આ દૃષ્ટિએ ઉપકારી એવા ક્ષેત્રદેવતા પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યક્ત કરવા જ આ સ્તુતિમાં સાધક કહે છે કે,

*"હે ક્ષેત્રદેવતા ! આપનો પ્રભાવ સાંભળી અજ્ઞાની ભક્તો આપની પાસે ભૌતિક સુખની પ્રાર્થના કરે છે. પણ શ્રુતના માધ્યમે મને આજે ભૌતિક સુખની અનર્થકારિતાનું ભાન થયું છે, તેથી હું ભૌતિક સુખનો નહીં આત્મિક સુખનો અર્થી છું. માટે આપ પાસે ભૌતિક સુખની નહીં આત્મિક સુખની યાચના કરવી છે. જાણું છું કે આત્માની સુખમય અવસ્થાને પામવા માટે સ્વયં જ સાધના કરવી પડશે, છતાં આપ જો સાધનાને અનુકૂળ ક્ષેત્રપ્રદાન ન કરો, તેને નિરુપદ્રવ ન રાખો તો હું સાધના કેવી રીતે કરી શકું ? આજ સુધી આપે આવું ક્ષેત્રપ્રદાન કરવા દ્વારા મારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. તે બદલ હું આપનો સદા માટે ઋણી છું. અને આપને વિનંતી કરું છું કે ભવિષ્યમાં પણ મને સાધનાને અનુકૂળ રહે તેવું ક્ષેત્ર પ્રદાન કરવા કૃપા કરશો"*

# ભુવનદેવતાની સ્તુતિ

**સૂત્ર પરિચય :**

ભુવનદેવતાને ઉદ્દેશીને રચાયેલી આ સ્તુતિને ભુવનદેવતા સ્તુતિ કહેવાય છે. ભુવન એ ક્ષેત્ર અંતર્ગત એક વિભાગ છે. જે મુકામમાં રહી સાધુ-સાધ્વીજીભગવંતો પોતાના સંયમની સાધના કરે છે તેને ભુવન કહેવાય છે. આ ભુવન જો ઉપદ્રવ રહિત હોય તો સાધુ-સાધ્વીજી ભગવંતો નિશ્ચિંત બની સંયમાદિની સાધના કરી શકે છે. તેથી આ સ્તુતિ દ્વારા આ ભુવનના અધિષ્ઠાયક દેવતાને પ્રાર્થના કરવામાં આવે છે કે તમો જ્ઞાનાદિમાં રક્ત એવા સાધુ-સાધ્વીનું શિવ કરો એટલે કે આ ભવનના વાતાવરણને ઉપદ્રવ રહિત કરો. શ્રમણભગવંતો જ્યારે સ્થાનાંતર કરે છે ત્યારે તે નવા સ્થાનમાં તેઓ માંગલિક પ્રતિક્રમણ કરે છે. આ માંગલિક પ્રતિક્રમણ તથા પક્ખિ, ચઉમાસી અને સાંવત્સરિક પ્રતિક્રમણના અંતે ભુવનદેવતાના સ્મરણાર્થે એક નવકારનો કાયોત્સર્ગ કરી આ સ્તુતિ બોલાય છે.

શ્રમણસંઘની વૈયાવચ્ચ કરનાર દેવતાઓનું અવસરે સ્મરણ કરવું તે સાધકનું કર્તવ્ય છે. આવી વાત પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ લલિત-વિસ્તરા ગ્રંથમાં, પૂ. ભદ્રબાહુસ્વામીએ આવશ્યકનિર્યુક્તિમાં તથા પ્રતિક્રમણ હેતુગર્ભ ગ્રંથમાં પણ જણાવેલી છે.

**મૂળ સૂત્ર :**

**ज्ञानादि-गुणयुतानां, नित्यं स्वाध्याय-संयमरतानाम् ।**
**विदधातु भवनदेवी, शिवं सदा सर्वसाधूनाम् ।।१।।**

**અન્વય :**

ज्ञानादि-गुणयुतानाम् नित्यं स्वाध्याय-संयमरतानाम् ।
सर्वसाधूनाम् भवनदेवी ! सदा शिवं विदधातु ।।

**શબ્દાર્થ :**

હે ભુવનદેવી ! જ્ઞાન-દર્શન-ચારિત્રગુણથી યુક્ત અને હંમેશા સ્વાધ્યાય તથા સંયમમાં મગ્ન રહેનારા સાધુઓને ઉપદ્રવ રહિત કરો.

**વિશેષાર્થ :**

હે ભુવનદેવી ! જે મહાત્માઓ સાચા સુખની શોધ માટે નીકળ્યા છે. તે માટે જેઓ હંમેશા જ્ઞાન, દર્શન અને ચારિત્ર માટે ઉદ્યમવંત છે, પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં યત્ન કરે છે અને સત્તર પ્રકારના સંયમમાં સ્થિર છે, તે મહાપુરુષોને તમે ઉપદ્રવ રહિત કરો, તેમનું કલ્યાણ કરો તેમને શીઘ્ર આત્મિક સુખની પ્રાપ્તિ થાય તે માટેનું અનુકૂળ વાતાવરણ સર્જી આપો.

આનો વિશેષ અર્થ ક્ષેત્રદેવતાની સ્તુતિઓ પ્રમાણે સમજવો.

# અડ્ઢાઈજ્જેસુ સૂત્ર

**સૂત્ર પરિચય :**

આ સૂત્ર દ્વારા સાધુઓને વંદન કરવામાં આવે છે, તેથી આ સૂત્રનું બીજું નામ 'साहुवंदणसुत्तं' છે. સંયમ જીવનનો સ્વીકાર કર્યા વિના સાંસારિક દુઃખથી મુક્ત બની આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થઈ શકતું નથી અને સંયમ જીવન જીવવાની શક્તિ સંયમી આત્માના દર્શન, વંદન વિના પ્રાપ્ત થઈ શકતી નથી. એ શક્તિ પ્રાપ્ત કરવા માટે જ આ સૂત્રમાં સંયમ-જીવનનો યથાયોગ્ય નિર્વાહ કરનાર સાધુભગવંતોને વંદના કરવામાં આવી છે.

ચૌદ રાજલોક પ્રમાણ લોકમાં, મનુષ્યો માત્ર અઢી દ્વીપમાં જ હોય છે અને તેમાંય ધર્મની પ્રાપ્તિ થઈ શકે તેવા મનુષ્યો માત્ર પંદર કર્મભૂમિમાં જ હોય છે. આથી આ સૂત્રમાં ક્ષેત્રથી આ સ્થાનમાં રહેલા; દ્રવ્યથી રજોહરણ, પાત્ર અને ગુચ્છાને ધારણ કરનારા, ભાવથી પાંચ મહાવ્રતો તથા ૧૮,૦૦૦ શીલાંગને ધારણ કરનારા અને કાળથી વર્તમાનમાં વિચરતા હોય, ભૂતકાળમાં થયા હોય કે ભવિષ્યમાં થનારા હોય તેવા સર્વ સાધુભગવંતોને સ્મૃતિમાં લાવી, મન, વચન, કાયાથી વંદના કરવામાં આવી છે.

આ સૂત્રનો મૂળ પાઠ આવશ્યકનિર્યુક્તિમાં સાધુપ્રતિક્રમણ સૂત્ર - 'પગામ સિજ્જાએ' અંતર્ગત જોવા મળે છે..

મૂળ સૂત્ર :

**अड्ढाइज्जेसु दीव-समुद्देसु,**

**पन्नरससु कम्मभूमीसु ।**

**जावंत केवि (इ) साहू,**

**रयहरण-गुच्छ-पडिग्गह-धारा ।।१।।**

**पंच महव्वय-धारा,**

**अट्ठारस-सहस्स-सीलंग-धारा ।**

**अक्खुयायार (अक्खयायार) - चरित्ता,**

**ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि ।।२।।**

ગાથા-૨ ગુરુઅક્ષર-૧૩ લઘુઅક્ષર ૭૨ કુલ અક્ષર-૮૫

સંસ્કૃત છાયા :

अर्धतृतीयेषु द्वीप-समुद्रेषु, पञ्चदशसु कर्मभूमिषु ।
यावन्तः केऽपि साधवः रजोहरण-गुच्छ-प्रतिग्रह-धारिणः ।।१।।

पञ्चमहाव्रत-धारिणः, अष्टादश-सहस्र-शीलाङ्ग-धारिणः ।
अक्षताचारचारित्राः (अक्षुताचारचारित्राः/अक्ष्युताचारचारित्राः),
तान् सर्वान् शिरसा मनसा मस्तकेन वन्दे ।।२।।

શબ્દાર્થ :

અઢી દ્વીપમાં આવેલી પંદર કર્મભૂમિઓમાં જે કોઈ સાધુઓ રજોહરણ, ગુચ્છ અને (કાષ્ઠ) પાત્ર (આદિ દ્રવ્યલિંગ) તેમજ પંચમહાવ્રત અને અઢાર હજાર શીલાંગ ધારણ કરનારા તથા અખંડિત આચાર પાળનારા છે, તે સર્વને કાયા અને મન (તથા વચન) વડે વંદન કરું છું.

**વિશેષાર્થ :**

[1]**अड्ढाइज्जेसु दीवसमुद्देसु** - અર્ધતૃતીય દ્વીપ સમુદ્રમાં,

ત્રીજો જેમાં અડધો છે એટલે બે સંપૂર્ણ દ્વીપ અને ત્રીજો અડધો દ્વીપ છે જેમાં, તેવા (જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને અડધો પુષ્કરાવર્તદ્વીપ તે રૂપ) અઢી દ્વીપમાં.

**पन्नरससु कम्मभूमिसु** - પંદર કર્મભૂમિમાં

જ્યાં અસિ, મસિ અને કૃષિનાં કર્મ પ્રવર્તે છે, તેવી પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહરૂપ પંદર કર્મભૂમિમાં.

**जावंत के वि साहु** - જે કોઈ પણ સાધુ હોય.

ચૌદ રાજલોક પ્રમાણ એક વિશાળ ફલક ઉપર આ વિશ્વ વિસ્તરેલું છે. તેમાં બરાબર મધ્યમાં એક રાજલોક પ્રમાણ તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. આ અસંખ્ય દ્વીપોમાં પણ મનુષ્યના જન્મ-મરણ તો અઢીદ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં જ થાય છે. તેમાં પણ ધર્મ કરવાની સામગ્રી તો માત્ર પંદર કર્મભૂમિના મનુષ્યોને જ મળે છે. આથી આ ગાથામાં ક્ષેત્રમર્યાદાને જણાવતાં કહ્યું, જેઓ અઢી દ્વીપ અને પંદર કર્મભૂમિમાં રહેલા સાધુઓ છે.

આ પદ બોલતાં વિચારવું જોઈએ કે, *'આટલા વિશાળ વિશ્વમાં સંયમી આત્માનાં દર્શન થાય તેવું ક્ષેત્ર તો એક બિંદુ જેટલું પણ નથી. તેવા ક્ષેત્રમાં મારો જન્મ થયો છે. ખરેખર, હું ધન્ય છું.'*

**रयहरणगुच्छपडिग्गहधारा** - રજોહરણ, ગુચ્છા અને પાત્રાને ધારણ કરનારા.

રજનું હરણ કરે તેને **રજોહરણ (ઓઘો)** કહેવાય છે. રજોહરણ દ્રવ્યથી બાહ્ય રજને દૂર કરે છે અને ભાવપૂર્વક કરાતો તેનો ઉપયોગ આત્મા ઉપર લાગેલી કર્મરજને દૂર કરે છે. આ રજોહરણ હિંસા, જૂઠ, ચોરી આદિ સર્વ પાપોનો ત્યાગ કરી સંયમી બનેલા આત્માનું લિંગ છે. તે સુંવાળી ઊનમાંથી

---

1A - અહીં अड्ढाइज्जेसु दोसु दीवसमुद्देसु એવો પાઠ પણ આવશ્યક ચૂર્ણિમાં છે. મૂળ પાઠમાં दोसु શબ્દ અધ્યાહાર છે. એટલે સંપૂર્ણ બે દ્વીપ-સમુદ્ર અને અર્ધ તૃતીય એમ અઢી દ્વીપ સમુદ્રમાં.

B - હારિભદ્રીય આવશ્યક ટીકામાં આ બંને પદોનો સળંગ અર્થ जंबुद्वीप, धातकीखण्ड, पुष्करार्द्धेषु કરેલો છે. તે ઉપરથી આ પંક્તિનો અર્થ જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધ પુષ્કરાવર્ત દ્વીપરૂપ અઢી દ્વીપ કરવો વધુ યોગ્ય લાગે છે.

C - અઢી દ્વીપની વિશેષ સમજ માટે જુઓ 'સૂત્ર સંવેદના ભા. ૨' પુક્ખરવરદી સૂત્ર.

બનાવવામાં આવે છે. ૨૪ આંગળની દાંડી અને ૮ આંગળ લાંબી દશી મળી કુલ-૩૨ અંગુલ પ્રમાણ તેની લંબાઈ હોય છે. સચિત્ત રજથી ખરડાયેલી ભૂમિ કે જીવાકુલ ભૂમિ હોય ત્યારે મહાત્માઓ અત્યંત જયણાપૂર્વક હળવા હાથે, કોઈ જીવોને પીડા ન થાય તેવા પરિણામપૂર્વક આ રજોહરણથી તે ભૂમિનું પ્રમાર્જન કરે છે અને પછી તે ભૂમિ ઉપર સ્વાધ્યાય, ધ્યાન આદિ કરે છે.

ગુચ્છ=ગુચ્છા. પંચ મહાવ્રતધારી મહાત્માઓ આહાર માટે કાષ્ઠનાં પાત્રા રાખે છે. જયણા માટે તે પાત્રા ઉપર જે ઊનનું વસ્ત્ર રખાય છે, તેને **ગુચ્છા** કહેવાય છે. તે પાત્ર-પરિકરની[2] એક વસ્તુ છે.

પડિગ્ગહ=પતદ્ગ્રહ. પડતાં આહારને જે ગ્રહણ કરે - ધારણ કરે તે પતદ્ગ્રહ કે **પાત્રા** કહેવાય છે. અપરિગ્રહવ્રતવાળા સંયમી સાધકો આહાર લેવા અને વાપરવા માટે જે કાષ્ઠમય ભાજન (લાકડાનાં બનેલાં ભાજન)નો ઉપયોગ કરે તેને પાત્રા કહેવામાં આવે છે.

જો કે અહીં રજોહરણ, પાત્રા અને ગુચ્છા - આ ત્રણ વસ્તુના નામનો જ ઉલ્લેખ કર્યો છે. પરંતુ આના ઉપલક્ષણથી શ્વેત વસ્ત્ર, કાષ્ઠનો દંડ, ગરમ કામળી વગેરેનો સમાવેશ પણ સ્વમતિથી સમજી લેવો જોઈએ.

આ પદ દ્વારા સમગ્ર બાહ્ય સંસારનો ત્યાગ કરી અભ્યંતર સંસારનો ક્ષય કરવા જેઓએ સંયમ જીવનનો સ્વીકાર કર્યો છે, તેવા સાધુ મહાત્માઓનો પોતાનાં વ્રતને અનુરૂપ બાહ્ય વેષ પણ કેવો છે, તેનું ચિંતન, મનન અને ધ્યાન કરવાનું છે..

દ્રવ્યથી રજોહરણ આદિ લિંગને ધારણ કર્યા હોવા છતાં કેટલાકમાં સાધુના ગુણ નથી આવા વેષધારીની અહીં વાત નથી તેથી આવા વેષની સાથે મુનિ કેવા ભાવયુક્ત હોવા જોઈએ, તે હવે જણાવે છે.

**पंच महव्वयधारा** - પાંચ મહાવ્રતોને ધારણ કરનારા,

જેનું સ્વરૂપ પંચિંદિય સૂત્રમાં જણાવ્યું છે, તેવા પાંચ મહાવ્રતોને ધારણ કરનારા.

---

2- પાત્રા સંબંધી સાત ઉપકરણોને પાત્ર-નિર્યોગ અથવા પાત્ર-પરિકર કહેવાય છે. તેમાં. ૧. પાત્રા ૨. પાત્ર-બન્ધ (ઝોળી) ૩. પાત્ર-સ્થાપન (પાત્રાનું પડિલેહણ આદિ કરતી વખતે પાત્રાને રાખવા માટેનું ઉની કપડું-પાત્રાની કામળી) ૪. પાત્ર-કેસરિકા (પૂંજણી) ૫. પડલાં (ભિક્ષા અવસરે પાત્ર ઢાંકવાનું વસ્ત્ર) ૬. રજસ્રણ (રજથી રક્ષણ કરવાનું સુતરાઉ વસ્ત્ર જેમાં પાત્રા વીંટાળાય છે) અને ૭. ગોચ્છક (ઝોળીમાં પાત્રા બાંધ્યા પછી ઉપરના ભાગમાં ઢાંકવામાં આવતું ઊનનું વસ્ત્ર-ગુચ્છા) આ સાત ઉપકરણો પાત્ર સંબંધી હોય છે.

**अट्ठारससहस्स-सीलंगधारा**[3] - અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા,

શીલનો અર્થ છે ચારિત્ર અને અંગનો અર્થ છે અવયવ. ચારિત્રરૂપ રથના ૧૮,૦૦૦ અવયવો (વિભાગો) છે. સર્વ અવયવોથી યુક્ત એવું ચારિત્રરૂપ અવયવી પૂર્ણ ગણાય છે.

ભાવથી સંયમ જીવનનો જેમણે સ્વીકાર કર્યો છે, તેવા મુનિભગવંતો ક્ષમા આદિ દસ યતિધર્મનું પાલન કરનારા હોય છે. યતિધર્મ દસ પ્રકારનો છે : ૧-ક્ષમા, ૨-માર્દવ, ૩-આર્જવ, ૪-મુક્તિ, ૫-તપ, ૬-સંયમ, ૭-સત્ય, ૮-શૌચ, ૯-અકિંચનત્વ અને ૧૦-બ્રહ્મચર્ય.

દસ પ્રકારના યતિધર્મને આચરનારા-મુનિએ (૧) પૃથ્વીકાય-સમારંભ, (૨) અપ્કાય-સમારંભ (૩) તેજસ્કાય-સમારંભ (૪) વાયુકાય-સમારંભ (૫) વનસ્પતિકાય-સમારંભ (૬) દ્વીન્દ્રિય-સમારંભ (૭) ત્રીન્દ્રિય-સમારંભ, (૮) ચતુરિન્દ્રિય-સમારંભ, અને (૯) પચ્ચેન્દ્રિય-સમારંભ (૧૦) અજીવ-સમારંભ (અજીવમાં જીવબુદ્ધિ કરીને), એ દસ સમારંભોનો ત્યાગ કરવાનો છે. તેથી તે દરેક ગુણ દસ દસ પ્રકારનો થતાં શીલનાં ૧૦૦ અંગો થાય છે.

આ યતિધર્મ-યુક્ત યતના (જયણા) પાંચ ઇન્દ્રિયોના જયપૂર્વક કરવાની છે, તેથી તે સો પ્રકારના પાંચ-પાંચ પ્રકારો થતાં કુલ સંયમના અંગોની સંખ્યા ૫૦૦-પાંચસોની થાય છે.

વળી સાધુનો ઇંદ્રિયજય આહાર-સંજ્ઞા, ભયસંજ્ઞા મૈથુન-સંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાથી રહિત હોવો જોઈએ, તેથી ૫૦૦x૪ = ૨૦૦૦ અંગો થાય. આ અંગોનું પાલન પણ ત્રણ કરણ અને ત્રણ યોગ પૂર્વકનું હોવું જોઈએ. તેથી તે ૨૦૦૦ અંગો મન, વચન અને કાયાથી ન કરવારૂપ, ન કરાવવારૂપ અને ન અનુમોદવારૂપ હોવાથી ૨૦૦૦ x ૩ કરણ x ૩ યોગ = ૧૮૦૦૦ થાય છે. તેનો વધારે સ્પષ્ટ ખ્યાલ આપવા માટે અહીં શીલાંગ-રથ રજૂ કરવામાં આવે છે.

---


3 - શીલના અઢાર હજાર અંગોને વ્યક્ત કરતી ગાથા.

जोए करणे सन्ना, इंदिय भोमाइ समणधम्मे य ।

सीलंग-सहस्साणं, *अट्ठारस-सहस्स णिप्फत्ती ।।*

યોગ, કરણ, સંજ્ઞા, ઇંદ્રિય, પૃથ્વિકાય આદિ તથા શ્રમણધર્મ એ રીતે અઢાર હજાર અંગોની સિદ્ધિ થાય છે. ૧૦ યતિધર્મથી x ૧૦ પૃથ્વીકાયાદિનું રક્ષણ x ૫ ઈન્દ્રિયનો સંવર x ૪ સંજ્ઞાનો ત્યાગ x ૩ યોગ x કરણ-કરાવણ-અનુમોદન ૩ = ૧૮૦૦૦

## અઢાર હજાર શીલાંગરથ




[4]**अक्खुयायार-चरित्ता** - અક્ષત આચારરૂપ ચારિત્રવાળા.

૧૮,૦૦૦ શીલાંગના પાલનથી ચારિત્રરૂપ રથના અંગોની ઉત્પત્તિ થાય છે. ૧૮,૦૦૦માંથી એકાદ પણ અંગની સ્ખલનાથી ચારિત્રરૂપ રથ અખંડ ગણાતો નથી. અહીં તેવા સાધુને વંદન કરવામાં આવ્યું છે કે જેનો સંયમરૂપ રથ અખંડિત છે અર્થાત્ ક્ષમાદિ દશ યતિધર્મ વગેરેનું પૂર્ણપણે જેઓ પાલન કરી રહ્યા છે, તેવા સાધુને અહીં વંદન કર્યું છે.

---

4 - अक्षताचार एव चारित्रं - આવશ્યકનિર્યુક્તિ (હારિભદ્રીય વૃત્તિ). તેથી अक्खयायार આવો પણ પાઠ છે, પરંતુ પ્રચલિત अक्खुयायार છે અને અને તેમાં खु વર્ણ આર્ષ પ્રયોગમાં હોય એમ જણાય છે.

**ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि** - તે સર્વને શિર વડે, મન વડે અને મસ્તક વડે હું વંદન કરું છું.

અખંડપણે ચારિત્રનું પાલન કરનારા તે મહાત્માઓને મસ્તકથી (કાયાથી) અંતઃકરણપૂર્વક (મનથી) અને 'મત્થએણ વંદામિ' એમ બોલવારૂપ વાણી વડે નમસ્કાર કરું છું.

શાસ્ત્રમાં કહ્યું છે કે સંયમનું પાલન મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું, અથવા મેરુના મહાભારને વહન કરવા જેવું છે, તે યોગ્ય જ લાગે છે. કેમ કે, એક દિવસ કે એક કલાક માત્ર પણ ક્ષમા રાખવી હોય તો મન-વચન-કાયા ઉપર કેટલું નિયંત્રણ રાખવું પડે છે અને તે કેટલું કઠિન છે, તે સમજાય છે. તો પછી સંયમી આત્માને તો માત્ર ક્ષમા નહિ, પરંતુ દશેય યતિધર્મો, પાંચ મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિનું સતત પાલન, પાંચ ઈન્દ્રિયો અને ચાર સંજ્ઞા ઉપર સતત સજાગતા અને મન, વચન, કાયાથી ક્યાંય પાપ પ્રવૃત્તિ ન થઈ જાય તેની કાળજી રાખવાની હોય છે. મનના નિયંત્રણ વિના, વાણીના સંયમ વિના અને કાયા ઉપરનાં કાબૂ વિના આ કશું જ શક્ય નથી. એક ક્ષણ માટે પણ આવું જીવન જીવવું સામાન્યજન માટે રાધાવેધ સાધવા જેવું છે.

આ પદ બોલતાં વર્તમાનકાળમાં પણ રાધાવેધ સાધવા જેવા દુષ્કર સંયમનું પાલન કરતાં જે બે હજાર ક્રોડ સાધુઓ વિચરી રહ્યા છે. તેમને સ્મૃતિમાં લાવી, બહુમાનભાવથી હૃદયને ભરી, મસ્તક નમાવી, વાણી દ્વારા તેમને વંદના કરવાની છે અને વંદન કરતાં અંતરમાં એવો ભાવ પ્રગટાવવાનો છે કે,

*"અહો ! જૈન શાસને સુખી થવાનો કેવો અનુપમ માર્ગ બતાવ્યો છે. પ્રારંભિક ભૂમિકામાં આ માર્ગ અતિ દુષ્કર લાગે છે છતાં વર્તમાનકાળમાં પણ તલવારની ધાર જેવા આ માર્ગ ઉપર ચાલનારા ૨૦૦૦,૦૦,૦૦,૦૦૦ (બે હજાર કરોડ) સાધુ-સાધ્વીજી ભગવંતો છે. જ્યારે આટલી મોટી સંખ્યાના મોક્ષેચ્છુઓ આવું નિર્દોષ જીવન જીવી સ્વયં પ્રસન્ન રહી અનેકને પ્રસન્ન રાખી શકે છે, ત્યારે હું નિર્ભાગી એક-બે ઘડી માટે પણ તેમના જેવું જીવન જીવી નથી શકતો. ધન્ય છે તે મુનિવરોને ! આજે તેમના સત્ત્વ અને સામર્થ્યને નમન કરી પ્રાર્થના કરું છું કે, હે ભગવંત ! સંયમ જીવન સ્વીકારીને તેનું નિરતિચાર પાલન થાય તેવું સામર્થ્ય આપો !"*

# વરકનક સૂત્ર

**સૂત્ર પરિચય :**

'તિજયપહુત્ત' સૂત્રની અગિયારમી ગાથાની સંસ્કૃત છાયા રૂપ આ સૂત્રમાં ૧૭૦ જિનેશ્વરોને વંદન કરવામાં આવે છે. તેથી તેનું બીજું નામ सप्तति-शत-जिनवन्दनम् પણ છે. આ અવસર્પિણીમાં અજિતનાથ ભગવાનના સમયમાં ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં કુલ મળીને ૧૭૦ તીર્થંકરો વિચરતા હતા. આ નાનકડા સૂત્રમાં તે સર્વને તેમના શરીરના વર્ણના સ્મરણપૂર્વક વંદન કરવામાં આવે છે. આ સૂત્ર માત્ર પુરુષો દૈવસિક પ્રતિક્રમણમાં સ્તવન બોલ્યા પછી બોલે છે અને ત્યારબાદ 'ભગવાનહં' આદિ બોલી મુનિઓને વંદન કરે છે. તદ્ઉપરાંત શાંતિસ્નાત્રાદિ પ્રસંગોમાં 'તિજયપહુત્ત'માં આવતી આ પ્રાકૃત ગાથાને આદિમાં 'ૐ' તથા અંતમાં 'સ્વાહા' પદ જોડીને બોલવામાં આવે છે. આમાં વર્ણવાયેલું પ્રભુજીનું બાહ્ય અને અભ્યન્તરસ્વરૂપ યંત્રના સ્મરણ માટે ઉપયોગી બને છે.

**મૂળ સૂત્ર :**

**वरकनक-शङ्ख-विद्रुम-मरकत-घन-सन्निभं विगत-मोहम् ।**
**सप्ततिशतं जिनानां, सर्वामर-पूजितं वन्दे ।।१।।**

પદ-૪ ગાથા-૧ સંપદા-૪ ગુરુઅક્ષર-૪ લઘુઅક્ષર - ૩૭ કુલ અક્ષર-૪૧

**અન્વય :**

वरकनक-शङ्ख-विद्रुम-मरकत-घन-सन्निभं विगत-मोहम् ।
सर्वामर-पूजितं सप्ततिशतं जिनानां वन्दे ।।१।।

**શબ્દાર્થ :**

શ્રેષ્ઠ સુવર્ણ, શ્રેષ્ઠ શંખ, શ્રેષ્ઠ પરવાળાં, શ્રેષ્ઠ નીલમ અને શ્રેષ્ઠ મેઘ જેવા વર્ણવાળા, મોહ રહિત અને સર્વ દેવો વડે પૂજાયેલા એકસો ને સિત્તેર જિનેશ્વરોને હું વંદું છું.

**વિશેષાર્થ :**

આ અવસર્પિણીમાં જ્યારે વર્તમાન ચોવિસીના બીજા તીર્થંકર શ્રીઅજિતનાથ ભગવાન વિચરી રહ્યા હતા ત્યારે એક સાથે અવનિતલ ઉપર ૧૭૦ તીર્થંકરો વિચરતા હતા. વિચરતા તીર્થંકરોની આ ઉત્કૃષ્ટ સંખ્યા છે. તે વખતે ૫ ભરતમાં ૫ તીર્થંકરો, ૫ ઐરવતક્ષેત્રમાં ૫ તીર્થંકરો, ૫ મહાવિદેહક્ષેત્રના ૩૨ વિજયોમાં દરેકમાં ૧-૧ તીર્થંકરો તેથી મહાવિદેહક્ષેત્રમાં ૧૬૦ તીર્થંકરો. આમ કુલ (૧૬૦ + ૫ + ૫ =) ૧૭૦ તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા પ્રાપ્ત થાય છે.

આ ૧૭૦ તીર્થંકરો પ્રકૃષ્ટ પુંણ્યના સ્વામી હોય છે. તેમની આંતરિક સમૃદ્ધિ તો વિશિષ્ટ હોય જ છે; પરંતુ જન્મતાની સાથે જ પ્રાપ્ત થયેલ શ્રેષ્ઠ દેહ આદિ ઉત્તમોત્તમ બાહ્ય સમૃદ્ધિ પણ તેમના અંતરંગ વૈભવને સૂચિત કરતી હોય છે. જિનેશ્વરોની આવી બાહ્ય સમૃદ્ધિને ઉપસ્થિત કરવા સ્તુતિકાર કહે છે કે ઉત્કૃષ્ટા ૧૭૦ જિનેશ્વરોમાં ૩૬ જિનેશ્વરો वरकनक એટલે કે શ્રેષ્ઠ સુવર્ણ જેવા પીળા રંગની છટાવાળા હોય છે, તો ૫૦ શ્રેષ્ઠ શંખ જેવા શ્વેત (સફેદ) વર્ણવાળા હોય છે. વળી ૩૦ તીર્થંકરો શ્રેષ્ઠ विद्रुम એટલે કે પરવાળા (Corals) જેવા રક્તવર્ણ વાળા હોય છે, ૩૮ જિનેશ્વરો વળી मरकत એટલે શ્રેષ્ઠ નીલમ (emerald) જેવા હરિત-નીલ-લીલા રંગની કાંતિ ધરાવતા હોય છે. તો વળી, ૧૬ જિનેશ્વરો વળી घन એટલે મેઘ જેવી શ્યામ રંગની છટાવાળા હોય છે. આમ તીર્થંકરો પંચવર્ણવાળા હોય છે.

આ રીતે સૌ પ્રથમ સ્તુતિકારે શ્રીપરમાત્માના બાહ્ય સૌદર્યનું વર્ણન કરી તેમના અદ્‌ભૂત અતિશયોની સ્મૃતિ કરાવી છે. ત્યારપછી विगतमोहम् શબ્દ દ્વારા પરમાત્માના આંતરિક સૌંદર્યની ઝલક કરાવી છે. જેમનામાંથી મોહ અર્થાત્ રાગ-દ્વેષ અને અજ્ઞાન ચાલી ગયા છે તેવા વિગતમોહ પરમાત્મા વીતરાગ-સર્વજ્ઞ છે. આ વિશેષણ દ્વારા પરમાત્માનો અપાયાપગમ અતિશય જણાવાયો છે.

વળી, सर्वामरपूजितं એવા ત્રીજા વિશેષણ દ્વારા જણાવાયું છે કે પરમાત્મા સર્વ દેવો દ્વારા પૂજાયેલા છે. જઘન્યથી પરમાત્માની સેવામાં ૧ કરોડ દેવતાઓ હોય છે. જે રીતે શ્રી અરિહંત પરમાત્મા દેવો દ્વારા અષ્ટ પ્રાતિહાર્ય, દેવકૃત અતિશયો, પાંચે કલ્યાણકોની ઉજવણી આદિથી પૂજાય છે તેવી રીતે દુનિયાના બીજા કોઈ કહેવાતા દેવો પૂજાતા નથી. આ પરમાત્માનો પૂજા અતિશય છે.

ઉપરોક્ત ત્રણ વિશેષણોથી શોભતા તે ૧૭૦ તીર્થંકરોને હું વંદન કરું છું.

આ સુંદર સ્તુતિ બોલતાં સુયોગ્ય સ્થાનોમાં રહેલા, બાહ્યથી સુંદર વર્ણવાળા, ગુણસંપત્તિનું કારણ, ઋદ્ધિસંપન્ન સુરવરોથી પૂજાયેલા વિહરતા ૧૭૦ તીર્થંકરને સ્મરણમાં લાવી બે હાથ જોડી નમસ્કાર કરવાનો છે અને તે દ્વારા મોહને મારવાની અને ગુણસમૃદ્ધિ પામવાની પ્રાર્થના કરવાની છે.

# લઘુ શાંતિ સ્તવ સૂત્ર

**સૂત્ર પરિચય :**

આ સૂત્રમાં શાંતિનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે, માટે તેનું નામ **'શાંતિસ્તવ'** છે. પંચ-પ્રતિક્રમણમાં આવતા બૃહત્શાંતિસ્તોત્ર કરતાં આ સૂત્ર નાનું હોવાથી તેને **'લઘુશાંતિ'** પણ કહેવાય છે.

આ સૂત્રની રચના પાછળ એક મોટો ઇતિહાસ છે. વીર નિર્વાણની લગભગ સાતમી સદીનાં અંતમાં તક્ષશિલાં* નામની મહાનગરીમાં શાકિની નામની વ્યંતરીએ ઉપદ્રવ કર્યો. તેના કારણે આખા નગરમાં મરકી નામનો રોગ ફાટી નીકળ્યો. શ્રીસંઘના અનેક સભ્યો મૃત્યુના મુખમાં હોમાવા લાગ્યા. સંઘની આ હાલતથી ચિંતાતુર બનેલા સંઘના અગ્રણીઓએ શાસનરક્ષક દેવ-દેવીઓનું સ્મરણ કર્યું. શાસનદેવે પ્રત્યક્ષ થઈ જણાવ્યું કે, 'નાડોલ નગરમાં પરમતપસ્વી, નિર્મળ-બ્રહ્મચારી, પરોપકારનિષ્ઠ પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજા બિરાજે છે. તેઓના પાદપ્રક્ષાલનનું જળ સંઘના દરેક ઘર ઉપર છાંટવાથી ઉપદ્રવ શમી જશે.' શાસનદેવનું સૂચન સાંભળી સંઘના અગ્રગણ્ય શ્રાવકો તુરંત જ નાડોલ પહોંચ્યા. ત્યાં સૂરિજી ધ્યાનમાં મગ્ન હતા. સંઘના સભ્યો દર્શન કરી ત્યાં જ ઊભા રહ્યા. જ્યારે ધ્યાનદશા પૂર્ણ થઈ ત્યારે સંઘના વિવેકી સભ્યોએ સૂરિજીને પોતાના ગામની સ્થિતિથી વાકેફ કર્યા અને ત્યાં પધારવા આગ્રહભરી વિનંતી કરી; પરંતુ કેટલીક પ્રતિકૂળતાના કારણે પૂજ્યશ્રી

* ક્યાંક શાકંભરી નગરીનો પણ ઉલ્લેખ છે.

સ્વયં પધારી શકે તેમ નહોતા. આમ છતાં શ્રીસંઘ પ્રત્યેના અખૂટ વાત્સલ્યભાવથી તેઓશ્રીએ તરત જ આ 'શાંતિસ્તવ' સ્તોત્ર બનાવ્યું અને પોતાનું પાદપ્રક્ષાલન તથા આ સ્તોત્ર શ્રીસંઘને અર્પણ કર્યું. શ્રાવકો તે પાદપ્રક્ષાલનનું જળ લઈને પોતાના ગામ આવ્યા. અન્ય જળ સાથે તે જળ મેળવી આખા ગામમાં છંટાવ્યું, સાથે 'શાંતિસ્તવ'નો પાઠ પણ ચાલુ કર્યો. તેના પ્રભાવે ઉપદ્રવ ટળી ગયો અને આખા ગામમાં સર્વત્ર શાંતિ પ્રવર્તી.

આ સ્તોત્રનો આવો અચિન્ત્ય પ્રભાવ જોઈને સંઘની શાંતિ માટે ગીતાર્થ ગુરુ ભગવંતોએ રોજ દૈવસિક પ્રતિક્રમણના અંતે આ સ્તોત્ર બોલવાનું ચાલુ કરાવ્યું.

આ સ્તવમાં શાંતિનાથ ભગવાનની તથા તેમના પ્રત્યે પરમભક્તિવાળી શ્રી શાંતિદેવીની સ્તવના કરવામાં આવી છે. આ શાંતિદેવીના જયા અને વિજયા નામના બે સ્વરૂપ છે.

આર્યા છંદથી અલંકૃત ઓગણીસ શ્લોક ગર્ભિત આ શાંતિસ્તવ પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.

| | વિષય | ગાથા નં. |
|---|---|---|
| (૧) | મંગલાચરણ | ૧ |
| (૨) | શાંતિનાથ ભગવાનની પંચરત્ન સ્તુતિ | ૨ થી ૬ |
| (૩) | જયા અને વિજયાદેવીની નવરત્નમાલા સ્તવના | ૭ થી૧૫ |
| (૪) | સ્તવનું ફળ | ૧૬,૧૭ |
| (૫) | ભગવદ્‌ભક્તિ અને જૈનશાસનનું મહત્ત્વ | ૧૮,૧૯ |

**મંગલાચરણ :**

આ સ્તવની **પ્રથમ ગાથામાં** અનુબંધ ચતુષ્ટય સાથે શ્રી શાંતિનાથ ભગવાનના બાહ્ય અને અંતરંગ સ્વરૂપનું દર્શન કરાવતાં ત્રણ વિશેષણો બતાવી, તેમને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કરવામાં આવ્યું છે.

**પંચરત્ન સ્તુતિ :**

**બીજી ગાથાથી છઠ્ઠી ગાથા** સુધી નામમંત્ર સ્તુતિ છે, માટે આ પાંચ ગાથાને **'શ્રીશાંતિજિનપંચરત્નસ્તુતિ'** કહેવાય છે. તેમાં સોળ વિશેષણો સ્વરૂપ સોળ

નામો વડે શાંતિનાથ ભગવાનની વિશેષતા દર્શાવી તેમની સવિશેષ સ્તવના કરવામાં આવી છે.

**નવરત્નમાલા સ્તવના :**

**સાતમીથી પંદરમી**-એમ **નવ ગાથાઓ**માં શાંતિનાથ ભગવાનની સ્તવનાથી સંતુષ્ટ થયેલા વિજયાદેવીનું સ્વરૂપ કેવું છે અને જગતનું હિત કરવાની તેઓ કેવી શક્તિ ધરાવે છે તેની સુંદર છણાવટ કરતાં ચોવીસ વિશેષણોથી તેમની સ્તવના કરેલી છે. આ નવ ગાથાને **'જયા-વિજયા નવ રત્નમાલા'** કહેવાય છે.

**સ્તવનું ફળ અને સ્તવકર્તાનો નામોલ્લેખ :**

સ્તવના કર્યા પછી **સોળમી ગાથા**માં પ.પૂ માનદેવસૂરીશ્વરજી મહારાજાએ સ્પષ્ટ કર્યું છે કે આ વિશિષ્ટ રચના મેં મારી મતિ કલ્પનાથી નથી કરી; પરંતુ પૂર્વાચાર્યોએ દર્શાવેલા મંત્રોને મેં માત્ર આ સ્તવમાં ગોઠવવાનું કાર્ય કર્યુ છે. આવું જણાવી તેઓશ્રીએ સૂચિત કર્યું છે કે, આ સ્તવની રચના ગુરુ આમ્નાયપૂર્વક થઈ છે. આ સાથે જ અહીં એ પણ જણાવવામાં આવ્યું છે કે આ સ્તવ ભક્તજનોના ભૌતિક ક્ષેત્રે આવતા ભયો નિવારી તેમને શાંતિ અર્પે છે. વળી આ સ્તવ માત્ર ભૌતિક સુખ નહિ પણ આધ્યાત્મિક સુખ પણ પ્રાપ્ત કરાવે છે તેમ **સત્તરમી ગાથા**માં જણાવીને, આ સ્તવના ફળનો નિર્દેશ કર્યો છે અને તે સાથે જ તેમાં પોતાના નામોલ્લેખ દ્વારા પોતાને પણ આ સુખ મળે તેવી ભાવના સ્તવકર્તાશ્રીએ વ્યક્ત કરી છે.

**ભગવદ્ભક્તિ અને જૈન શાસનનું મહત્ત્વ :**

અંતિમ બે ગાથાઓમાં પરમાત્માની ભક્તિનું ફળ અને જૈનશાસનનું મહત્ત્વ શું છે ? તે જણાવ્યું છે.

આ અતિપ્રાચીન સ્તવની રચના પ્રભુ મહાવીરની ૧૯મી પાટે બિરાજમાન પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાએ કરેલ છે. તેની ઉપર મુખ્યત્વે બે ટીકાઓ તથા અવચૂરિ મળે છે, તેમાંથી અહીં વિવેચન કરવાના અવસરે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે પ.પૂ હર્ષકીર્તિસૂરીશ્વરજી મહારાજની ટીકાનો સહારો લીધો છે.

મંત્રમય અને ચમત્કારિક આ સ્તવનું મનન-પરિશીલન અતિ કલ્યાણકારી બને છે.

ભૂળ સૂત્ર:

शान्तिं शान्तिनिशान्तं, शान्तं शान्ताशिवं नमस्कृत्य ।
स्तोतुः शान्तिनिमित्तं, मन्त्रपदैः शान्तये स्तौमि ।।१।।

ओमिति निश्चितवचसे, नमो नमो भगवतेऽर्हते पूजाम्।
शान्तिजिनाय जयवते, यशस्विने स्वामिने दमिनाम् ।।२।।

सकलातिशेषक-महा-सम्पत्ति-समन्विताय शस्याय ।
त्रैलोक्यपूजिताय च, नमो नमः शान्तिदेवाय ।।३।।

सर्वामरसुसमूह- स्वामिक-सम्पूजिताय न जिताय ।
भुवनजनपालनोद्यततमाय सततं नमस्तस्मै ।।४।।

सर्वदुरितौघनाशन-कराय सर्वाशिवप्रशमनाय ।
दुष्टग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय ।।५।।

यस्येति नाममन्त्र-प्रधानवाक्योपयोगकृततोषा ।
विजया कुरुते जनहितमिति च नुता नमत तं शान्तिम् ।।६।।

भवतु नमस्ते भगवति ! विजये सुजये परापरैरजिते ।
अपराजिते ! जगत्यां, जयतीति जयावहे भवति ।।७।।

सर्वस्यापि च सङ्घस्य, भद्रकल्याणमङ्गलप्रददे ।
साधूनां च सदा शिव-सुतुष्टि-पुष्टिप्रदे ! जीयाः ।।८।।

भव्यानां कृतसिद्धे, निर्वृतिनिर्वाणजननि ! सत्त्वानाम् ।
अभयप्रदाननिरते, नमोऽस्तु स्वस्तिप्रदे तुभ्यम् ।।९।।

भक्तानां जन्तूनां, शुभावहे ! नित्यमुद्यते ! देवि !
सम्यग्दृष्टीनां धृति-रति-मति-बुद्धिप्रदानाय ।।१०।।

जिनशासननिरतानां, शान्तिनतानां च जगति जनतानाम् ।
श्री सम्पत्कीर्तियशोवर्द्धनि ! जय देवि विजयस्व ।।११।।

सलिलानलविषविषधर-दुष्टग्रहराजरोगरणभयतः ।
राक्षसरिपुगणमारी-चौरेतिश्वापदादिभ्यः ।।१२।।

अथ रक्ष रक्ष सुशिवं, कुरु कुरु शान्तिं च कुरु कुरु सदेति ।
तुष्टिं कुरु कुरु पुष्टिं, कुरु कुरु स्वस्तिं च कुरु कुरु त्वम् ।।१३।।

भगवति ! गुणवति ! शिवशान्ति-तुष्टि-पुष्टि-स्वस्तीह कुरु कुरु जनानाम्।
ओमिति नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फूट् फूट् स्वाहा ।।१४।।

एवं यन्नामाक्षर-पुरस्सरं संस्तुता जयादेवी ।
कुरुते शान्तिं नमतां, नमो नमः शान्तये तस्मै ।।१५।।

इति पूर्वसूरिदर्शित-मन्त्रपद-विदर्भितः स्तवः शान्तेः ।
सलिलादिभयविनाशी, शान्त्यादिकरश्च भक्तिमताम् ।।१६।।

यश्चैनं पठति सदा, शृणोति भावयति वा यथायोगम् ।
स हि शान्तिपदं यायात्, सूरिः श्रीमानदेवश्च ।।१७।।

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ।।१८।।

सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ।।१९।।

(નોંધ : અન્વય અને શબ્દાર્થ દરેક ગાથા સાથે લીધેલ છે.)

**ગાથા :**

**शान्तिं शान्ति-निशान्तं शान्तं शान्ताशिवं नमस्कृत्य ।**
**स्तोतुः शान्ति-निमित्तं मन्त्रपदैः शान्तये स्तौमि ।।१।।**

**અન્વય :**

शान्ति-निशान्तं शान्तं शान्ताशिवं शान्तिं नमस्कृत्य ।
स्तोतुः शान्तये मन्त्रपदैः शान्ति-निमित्तं स्तौमि ।।१।।

**ગાથાર્થ :**

શાંતિના સ્થાનભૂત, શાંત ભાવથી યુક્ત, જેમના ઉપદ્રવો શાંત થઈ ગયા છે એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરીને, સ્તુતિ કરનારની શાંતિ માટે મંત્રપદો દ્વારા શાંતિ કરવામાં નિમિત્તભૂત એવા શ્રી શાંતિનાથ ભગવાનની હું સ્તુતિ કરું છું.

**વિશેષાર્થ :**

**शान्तिं शान्तिनिशान्तं** - શાન્તિના સ્થાનભૂત એવા શાન્તિનાથ ભગવાનને (નમસ્કાર કરીને)

આ સંપૂર્ણ સ્તવમાં શાંતિનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે માટે તે પૂર્ણપણે મંગલરૂપ જ છે; છતાં પણ આવી વિશિષ્ટ રચનામાં કોઈ વિઘ્ન ન આવે તે માટે પ્રારંભમાં મંગલાચરણ કરતાં અહીં શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે.

આ ગાથામાં સૌ પ્રથમ વપરાયેલો 'शान्तिम्'[1] શબ્દ સોળમાં તીર્થપતિ શાંતિનાથ ભગવાનનો સૂચક છે. તેઓ શાંતિવાળા છે, શાંતિસ્વરૂપ છે અને શાંતિ કરવામાં

---

1. આ સ્તવના પ્રારંભમાં 'शान्तिम्' પદ દ્વારા બે હેતુઓની સિદ્ધિ થાય છે. એક તો ઉપર જણાવ્યું તેમ શ્રી તીર્થંકર દેવના નામ-સ્મરણ દ્વારા મંગલ કરાયું છે અને બીજું મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ પ્રારંભમાં 'કર્મ' નું નામ લખવું તે 'દીપન' છે. જે શાંતિકર્મ માટે આવશ્યક છે એ દીપન અહીં કરાયું છે. કર્મો મુખ્ય છ પ્રકારના છે : શાંતિકર્મ, વશ્યકર્મ, સ્થંભનકર્મ, વિદ્વેષકર્મ, ઉચ્ચાટનકર્મ અને મારણકર્મ.

સમર્થ છે[2] માટે જ તેમનું નામ તેમના ગુણોને અનુરૂપ છે. ત્યારપછીના ત્રણ પદો તે જ પરમાત્માની વિશેષતાઓને બતાવવા વિશેષણરૂપે વપરાયેલ છે.

તેમાં પહેલું વિશેષણ 'शान्ति-निशान्तं' છે અર્થાત્ પ્રભુ શાંતિનું ધામ છે. શાંતિનું ઘર છે. શાંતિનું આશ્રય સ્થાન છે. શાંતિ એટલે શાંતભાવ, શમનનો પરિણામ. આ જગતમાં દુષ્ટ ગ્રહોના કારણે, વ્યંતરાદિના કારણે, કુદરતી પ્રકોપના કારણે કે અન્ય કોઈપણ કારણોસર જે અનેક પ્રકારના ઉલ્કાપાત મચે છે કે ઉપદ્રવો થાય છે, તે ઉપદ્રવો આદિનું શમન થવું, તેનું નામ બાહ્ય શાંતિ છે જ્યારે કષાયોના કારણે, વિષયોની આસક્તિના કારણે કે કોઈ કર્મના ઉદયના કારણે જે અંતરમાં ઉલ્કાપાત મચે છે, વિકૃત ભાવો પ્રગટ થાય છે કે મનની વ્યથાઓ જન્મે છે, તે સર્વ વિકારોનું શમન તે આંતરિક શાંતિ છે. આ શાંતિ જ મનની સ્વસ્થતા, ચિત્તની પ્રસન્નતા અને આત્માનો અપૂર્વ આનંદ અર્પે છે.

શાંતિનાથ ભગવાન પાસે જવાથી, તેમને નમસ્કાર કરવાથી, તેમનું સ્મરણ કે ધ્યાન કરવાથી એવો પ્રકૃષ્ટ પુણ્યનો ઉદય જાગૃત થાય છે કે જેનાથી બાહ્ય ઉપદ્રવો તો શમી જાય છે, પરંતુ સાથે જ એક એવી આંતરિક શુદ્ધિ પ્રગટે છે કે જેનાથી ગમે તેવા આંતરિક ઉપદ્રવો પણ શમી જાય છે. આથી જ પ્રભુ **શાંતિના સ્થાનભૂત** કહેવાય છે.

*પ્રભુ શાંતિના સ્થાનભૂત કેમ છે તે જણાવવા હવે બીજું વિશેષણ દર્શાવે છે:*

**शान्तं**[3] - શાંતભાવથી યુક્ત, પ્રશમરસમાં નિમગ્ન એવા (શાંતિનાથ ભગવાનને)

કષાયના શમનથી પ્રગટેલા ભાવને શાંતભાવ[4] (શાંતરસ)[5] કહેવાય છે. આ શાંતભાવ મહા આનંદ આપનાર છે, શ્રેષ્ઠ સુખનો અનુભવ કરાવનાર છે તેમજ પરમ પ્રમોદનું કારણ છે. આ સિવાય જગતમાં એવો કોઈ ભાવ નથી, જે આવા સુખ-આનંદ કે પ્રમોદ આપી શકે.

---

2. शान्तियोगात् तदात्मकत्वात् तत्कर्तृत्वात् च शान्तिः — અભિધાન ચિન્તામણી

3. 'शान्तं' प्रशान्तं उपशमोपेतं रागद्वेषरहितं इति अर्थः । - શ્રીમદ્ હર્ષકીર્તિસૂરિનિર્મિત વૃત્તિ.

4. न यत्र दुःख न सुखं न चिन्ता न द्वेष-रागौ न च काचिदिच्छा ।
रसः स शान्तः कथितो मुनीन्द्रैः सर्वेषु भावेषु शमः प्रधानः ॥

5. शृंगार - हास्य - करुण - रौद्र - वीर - भयानकः । बीभत्साद्भुतसंज्ञौ चेत्यष्टौ नाट्ये रसाः स्मृताः ॥
- काव्यप्रकाशः

આ આઠ રસમાં ક્યારેક શાંતરસને ઉમેરી નવ રસ કહેવાય છે.
निर्वेदस्थायिभावोऽस्ति शान्तोऽपि नवमो रसः ।

દુનિયામાં શૃંગાર આદિ ઘણા ભાવો સુખના કારણ મનાય છે, પરંતુ તે સર્વ ભાવો પરાધીન છે. તેને ભોગવવા અન્ય વસ્તુ કે વ્યક્તિની આવશ્યકતા અને અપેક્ષા રહે છે. તે ભોગવતી વખતે શ્રમનો અનુભવ થાય છે. તે માત્ર મર્યાદિત સમય માટે માણી શકાય છે. માણતી વખતે મોટે ભાગે ભય અને દુઃખની અનુભૂતિ પણ થાય છે. વળી, આ શૃંગાર આદિ ભાવો એકાંતે સુખ જ આપે તેવું પણ નથી. જ્યારે શાંતભાવ તેનાથી તદ્દન ભિન્ન હોય છે. તે સ્વાધીનપણે અમર્યાદિત કાળ સુધી ભોગવી શકાય છે. તે માણતી વખતે શ્રમ કે કંટાળાનો અનુભવ થતો નથી. ઊલ્ટાનો અન્ય કાર્યોથી જે શ્રમ લાગ્યો હોય તે પણ શાંતભાવથી દૂર થાય છે. તે ભોગવતાં ભય કે દુઃખની અનુભૂતિ થતી નથી. આથી જ તે એકાંતે સુખ આપનાર, અલૌકિક અને અદ્વિતીય ભાવ છે. શાંતિનાથ ભગવાન આવા શાંતભાવથી યુક્ત છે, તેથી તેમને શાંત કહેવાય છે અને **શાંત** એવા તે અન્યને પણ શાંતિનું સ્થાન બને છે.

*અહીં પ્રશ્ન થાય કે પ્રભુ આવા શાંતભાવથી યુક્ત કઈ રીતે રહી શકે છે ? તેના સમાધાનરૂપે ત્રીજું વિશેષણ આપ્યું છે :*

**शान्ताशिवं** - જેમના અશિવ-ઉપદ્રવો શાંત થઈ ગયા છે (તે શાંતિનાથ ભગવાનને)

બાહ્ય ઉપદ્રવો, પ્રતિકૂળતાઓ કે પીડાઓનું કારણ કર્મો છે, તો અંતરંગ ઉપદ્રવો આદિનું કારણ કષાયો છે. આ બન્ને ઉપદ્રવો જ્યાં સુધી શાંત થતાં નથી ત્યાં સુધી કોઈ જીવ શાંતભાવને વહન કરી શકતો નથી. શાંતિનાથ પ્રભુના કર્મ અને કષાયના ઉદયથી થનાર સર્વ પ્રકારના ઉપદ્રવો શાંત થઈ ગયા છે. આ જ કારણે તેઓ શાંતભાવને માણી શકે છે. વળી, જેઓ સ્વયં શાંતભાવને વહન કરે છે તેઓ જ અન્યને માટે શાંતિનું સ્થાન બને છે. શાંતિનાથ ભગવાન શાંતભાવને વહન કરે છે. આથી જ જે સાધક શાંતિને પામવા તેમને નમસ્કાર કરે છે કે એ સ્વરૂપે તેમનું ધ્યાન કરે છે, તે સાધક તેમના માધ્યમે ક્રમે કરીને મોક્ષની પરમ શાંતિ સુધી પહોંચી શકે છે.

શાંતભાવે રહેલા પ્રભુનું ધ્યાન કે નમસ્કાર તો શાંતિ આપે છે; પરંતુ જેઓ નમસ્કાર આદિ નથી કરતાં માત્ર તેમના સાંનિધ્યમાં રહે છે તેઓના ઉપદ્રવો પણ પ્રભુના અચિન્ત્ય પુણ્ય પ્રભાવથી શમી જાય છે અને તેઓ શાંતિ પામે છે; પ્રભુના આવા સામર્થ્યના પ્રભાવે જ તેઓનું સાન્વર્થ એવું **'शान्तिनाथ'** નામ પડ્યું હતું.

પ્રભુ જ્યારે માતાના ગર્ભમાં અવતર્યા ત્યારે તે દેશમાં મારીનો રોગ ફેલાયેલો હતો. ગર્ભમાં રહેલા પ્રભુનો એવો પ્રભાવ હતો કે તેમની માતાએ જેવો જળ છંટકાવ કર્યો કે તરત જ આખા નગરનો રોગ શાંત થઈ ગયો. આમ, પ્રભુને કરેલો નમસ્કાર કે તેમના સ્વરૂપનું ધ્યાન તો દૂર રહ્યું; પરંતુ પ્રભુના ગર્ભઅવતરણ-માત્રથી પણ અનેકના અશિવ-ઉપદ્રવો શાંત થયા હતા. આથી જ પ્રભુને **'શાંતાશિવં'** કહેવાય છે.

(शान्तिं) **नमस्कृत्य** - (શાંતિનાથ ભગવાનને) નમસ્કાર કરીને.

નમસ્કાર કરવો એટલે ઉપર જણાવેલા ત્રણે વિશેષણોથી વિશિષ્ટ સ્વરૂપવાળા શાંતિનાથ ભગવાનમાં રહેલા ગુણોને પોતાનામાં પ્રગટાવવા માટે, બે હાથ જોડી મસ્તક નમાવી, તેમના પ્રત્યેના આદરભાવને વ્યક્ત કરવો; અથવા આવા સ્વરૂપે રહેલા શાંતિનાથ ભગવાનને ધ્યેયરૂપે સ્થાપી, ધ્યાનની ક્રિયા દ્વારા તેમના સ્વરૂપમાં લીન[6] થઈ જવું. તદુપરાંત તેમના વચનાનુસાર જીવન જીવવા પ્રયત્ન કરવો, એ પણ એક વિશિષ્ટ નમસ્કાર છે.

*નમસ્કાર કરીને શું કરવાનું છે તે હવે જણાવે છે :*

**स्तोतुः शान्ति-निमित्तं मन्त्रपदैः शान्तये स्तौमि** - સ્તુતિ કરનારની શાંતિ માટે હું શાંતિ કરવામાં નિમિત્તભૂત (એવા શાંતિનાથ ભગવાનની) મંત્ર ગર્ભિત પદો વડે સ્તુતિ કરું છું:

**स्तोतुः शान्तये** સ્તુતિ કરનારની શાન્તિ માટે.

'જે વ્યક્તિ શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે, તે વ્યક્તિને શાંતિ મળે તે માટે હું શાંતિનાથ ભગવાનની સ્તવના કરું છું.' આમ કહેવા દ્વારા આ સ્તવની રચના પાછળનું પ્રયોજન શું છે તે જણાવવામાં આવ્યું છે.

તક્ષશિલા નગરીમાં જ્યારે વ્યંતરીએ મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો હતો ત્યારે શ્રીસંઘની આરાધનામાં મોટું વિઘ્ન આવી ગયું હતું. આ સ્થિતિનો ખ્યાલ આવતા શ્રીસંઘ પ્રત્યે વાત્સલ્ય ધરાવતા પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાએ, જૈન શાસનની ઊજળી પાટ પરંપરામાં થયેલા અનેક આચાર્યોની જેમ, શ્રીસંઘને આરાધનામાં ઉજમાળ રાખવાના લક્ષ્યથી, શ્રીસંઘની શાંતિ માટે મંત્રાધિષ્ઠિત એવા

6. नत्वा तत्त्वतः स्वाभेदेनान्तर्भूतध्यातृध्येयभावेन प्रणिधाय - ઉપદેશરહસ્ય

આ સ્તોત્રની રચના કરી હતી. આથી જ પ્રારંભની આ ગાથામાં તેઓશ્રી કહે છે કે સ્તુતિ કરનારની શાંતિ માટે હું શાંતિનાથ ભગવાનની સ્તવના કરું છું.

આમ આ સ્તવની રચના થઈ ત્યારે તેનું તત્કાળ અને મુખ્ય પ્રયોજન ઉપદ્રવ શમનનું હતું અને આજે પણ તે જ છે, તોપણ આ સ્તવની એ તાકાત છે કે જ્યારે પણ સાધક આ સ્તવના માધ્યમે શાંતિનાથ ભગવાનની સ્તવના કરે છે, ત્યારે બાહ્ય ઉપદ્રવો સાથે તેના કષાય કે કર્મના હુમલારૂપ આંતરિક ઉપદ્રવો પણ શમી જાય છે અને સુખશાંતિનો અનુભવ કરતો તે સાધક છેક પરમ સુખ અને શાંતિના ધામરૂપ મોક્ષને પણ પ્રાપ્ત કરી શકે છે. આ રીતે આ પદ દ્વારા પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજીમહારાજાની શ્રીસંઘને પરમ શાંતિ પ્રદાન કરવાની ઉત્તમોત્તમ ભાવના દ્યોતિત થાય છે.

**शान्ति-निमित्तं (शान्तिं) मन्त्रपदैः स्तौमि** - હું શાંતિ કરવામાં નિમિત્તભૂત એવા શાંતિનાથ ભગવાનની મન્ત્રપદો દ્વારા સ્તુતિ કરું છું.

શાંતિની પ્રાપ્તિમાં નિમિત્તકારણ શાંતિનાથ ભગવાન છે. જો કે સૌ કોઈ જીવો પોતાના શુભભાવથી શાંતિ પામે છે; તોપણ આ શુભભાવને પ્રગટ કરવામાં કોઈક નિમિત્ત પણ ચોક્કસ કાર્ય કરે છે. શાંતિનાથ ભગવાનનું સ્મરણ, વંદન, પૂજા આદિ સાધકને શુભભાવનું પુષ્ટ આલંબન પૂરું પાડે છે, માટે શાંતિનાથ ભગવાન શાંતિના નિમિત્ત કહેવાય છે.

આવા શાંતિનાથ ભગવાનની મંત્રપદો વડે હું સ્તુતિ કરું છું. શાંતિનાથ ભગવાનની સ્તુતિ પણ અહીં સ્તવકારે સામાન્ય શબ્દોથી નથી કરી; પરંતુ શાસ્ત્રોનું અવગાહન કરી, આ સ્તવ માટે યોગ્ય મંત્રોનું સંશોધન કરી, મંત્રગર્ભિત પદો વડે કરી છે. મંત્રો એટલે શબ્દોની એક વિશિષ્ટ રચના, એક પાઠસિદ્ધ શક્તિ કે જે દેવાધિષ્ઠિત હોય છે.

**જિજ્ઞાસા :** સામાન્ય શબ્દોથી પણ શાંતિનાથ ભગવાનની સ્તવના થઈ શકતી હતી. છતાં અહીં સ્તવકારે મંત્રગર્ભિત પદો વડે સ્તવના શા માટે કરી ?

**તૃપ્તિ :** પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજે વ્યંતરથી કરાયેલા ઉપદ્રવના શમન માટે આ સ્તવની રચના કરી હતી અને દૈવિક ઉપદ્રવો દૈવિક શક્તિથી જ શમે છે, તેથી પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાએ તે ઉપદ્રવને શમાવવા આગમ ગ્રંથોનું દોહન કરી, જે મંત્રોના ઉચ્ચારણથી જયા-વિજયા જેવી દેવીઓ પ્રત્યક્ષ થઈ ઉપદ્રવનું શમન કરે તેવા શક્તિશાળી દેવાધિષ્ઠિત મંત્રો શોધી, તે મંત્રોથી જ આ સ્તવની રચના કરી. આથી જ આમાં સામાન્ય શબ્દોને બદલે વિશિષ્ટ મંત્રોનો પ્રચુર પ્રયોગ છે.

મંત્રોથી યુક્ત આ રચનાની પ્રથમ ગાથામાં બીજી પણ અનેક વિશેષતાઓ છે. જેમ કે, આ ગાથામાં 'શ' શબ્દનો પ્રયોગ આઠ વાર કર્યો છે. 'શ' એ શાંતિમય સુખદ સ્થિતિનો નિદર્શક હોવાથી મંગલરૂપ છે અને આઠ વાર મંગલ થાય તે અષ્ટમંગલની પૂજા સ્વરૂપ છે.

મંગલાચરણની સાથોસાથ આ પ્રથમ ગાથામાં દરેક ગ્રંથોના પ્રારંભમાં જણાવાતું અનુબંધચતુષ્ટય પણ સૂચિત કરાયું છે. 'शान्तिं नमस्कृत्य' આ પદ દ્વારા ઇષ્ટ દેવતાને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કર્યું છે, 'स्तोतुः शान्तये' એ પદ દ્વારા પ્રયોજન દર્શાવાયું છે, અને 'शान्ति-निमित्तं स्तौमि' દ્વારા વિષય જણાવ્યો છે, શાંતિઇચ્છુક અધિકારી છે તેમ સામર્થ્યથી જાણી શકાય છે અને 'मन्त्रपदैः' શબ્દ દ્વારા પૂર્વાચાર્યો સાથેનો સંબંધ જણાવાયો છે. આ રીતે વિષય, સંબંધ, પ્રયોજન અને આ ગ્રંથ ભણવાના અધિકારી કોણ છે; એ ચાર વિગતો મંગલાચરણ સાથે દર્શાવાઈ છે.

આ ગાથા બોલતાં સાધકને એકબાજુ પરમ શાંતિના ધારક અને અનેક માટે શાંતિનું કારણ બનનારા શાંતિનાથ પ્રભુ સ્મરણગોચર થાય છે; તો બીજી બાજુ અંતરંગ-બાહ્ય ઉપદ્રવોને કારણે અશાંતિમાં ડૂબેલી પોતાની જાત દેખાય છે. બન્નેની તુલના કરતાં સાધકને પોતાની દુઃખદાયી અવસ્થામાંથી છૂટી પ્રભુ જેવા શાંત બનવાની ભાવના જાગે છે અને તેને સફળ કરવા સાધક ભાવ-વિભોર બની પ્રભુને પ્રાર્થના કરે છે કે,

*"હે પ્રભુ ! અનાદિકાળથી હું શાંતિના સ્વરૂપને સમજી પણ નથી શક્યો. આપનો શાંત સ્વભાવ કે ઉપદ્રવો વગરની આપની લોકોત્તર અવસ્થા એ મારી કલ્પનાનો વિષય પણ નથી બનતી, તો પછી વાસ્તવિક શાંતિનો અનુભવ મને ક્યાંથી થઈ શકે ? આમ છતાં, હે શાંતિનાથ દાદા ! આપની કૃપાથી આપના શાસનને પામી હવે સુખ અને શાંતિ કોને કહેવાય તે સમજાય છે. 'આપ જ આ પરમ શાંતિ આપવા સમર્થ છો' એવો વિશ્વાસ છે. મારી પાસે પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મ.સા. જેવો નથી આપના ગુણોનો બોધ કે નથી કોઈ મંત્રગર્ભિત સ્તવ રચવાની શક્તિ. તોપણ તેમણે બનાવેલ આ સ્તવના માધ્યમે આપની સ્તુતિ કરું છું અને પ્રાર્થના કરું છું કે આ સ્તવના પ્રભાવે મને અને જગતના જીવોને પણ આપના જેવી શ્રેષ્ઠ શાંતિ પ્રાપ્ત થાય અને સૌ કોઈ નિર્વિઘ્નપણે સાધનાના માર્ગે આગળ વધે !"*

*હવે પછીની પાંચ ગાથાઓમાં વિવિધ નામોવડે શ્રી શાંતિનાથ ભગવાનની નામસ્તુતિ કરી છે માટે તેને **'શ્રી શાંતિજિન પંચરત્ન સ્તુતિ'** કહેવાય છે.*

**ગાથા :**

**ओमिति निश्चितवचसे नमो नमो भगवतेऽर्हते पूजाम् ।**
**शान्ति-जिनाय जयवते यशस्विने स्वामिने दमिनाम् ।।२।।**

**અન્વય :**

[१]ओम् इति निश्चितवचसे [२]भगवते [३]पूजाम् अर्हते ।
[४]जयवते [५]यशस्विने [६]दमिनाम् स्वामिने शान्ति-जिनाय नमो नमः ।।२।।

**ગાથાર્થ :**

[૧]જેમનું ॐ એવું નિર્ધારિત કરેલું નામ છે, [૨]ભગવાન, [૩]પૂજાને યોગ્ય, [૪]જયવાળા, [૫]યશસ્વી, [૬](ઇન્દ્રિયોનું) દમન કરનારાઓના (સાધુઓના) સ્વામી એવા શ્રી શાંતિનાથ ભગવાનને વારંવાર નમસ્કાર હો.

**વિશેષાર્થ :**

**१. ओमिति निश्चितवचसे-**[7] જેમનું નામ 'ॐ' એ પ્રમાણે નિર્ધારિત કરાયું છે (તે શાંતિજિનને મારો નમસ્કાર થાઓ),

'ॐ' એ પરમ તત્ત્વની વિશિષ્ટ સંજ્ઞા છે. મંત્ર શાસ્ત્રમાં તેને 'પ્રણવ બીજ' કહેવાય છે. 'ॐ'માં પંચપરમેષ્ઠિનો પણ સમાવેશ થાય છે. વળી, આ શબ્દ પરમાત્મા અને પરમ જ્યોતિનો વાચક છે, તેથી પરમબ્રહ્મસ્વરૂપ શાંતિનાથ ભગવાનને પણ 'ॐ' એવા વાચક પદથી સંબોધી શકાય અર્થાત્ ॐ એટલે જ શાંતિનાથ ભગવાન. તેમને આ પદ દ્વારા નમસ્કાર કરાય છે.

**नमो नमो** (शान्ति-जिनाय)-(શાંતિનાથ ભગવાનને) વારંવાર નમસ્કાર હો.

નમો એટલે નમસ્કાર હો, "સોળ-સોળ વિશેષણો દ્વારા જેમની સ્તુતિ કરવામાં

---

7. ॐ इति निश्चितम् निर्धारितम् 'वचो' वाचकम् पदम् यस्य सः ओमिति निश्चितवचस्तस्मै निश्चितवचसे
- श्री हर्षकीर्तिसूरि निर्मित टीका

આવી છે તે શાંતિનાથ ભગવાનને બે હાથ જોડી મસ્તક નમાવી હું પુનઃ પુનઃ નમસ્કાર કરું છું અને આવા સ્વામીના સેવક થવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે તે મારા પરમ ભાગ્યની નિશાની છે તેમ માનું છું." - આવું વિચારી બે વાર નમો નમો બોલી સાધક શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરે છે.

**જિજ્ઞાસા :** નમસ્કાર કરવા 'નમો' શબ્દ બે વાર શા માટે ઉચ્ચારાય છે ? શું આ રીતે એકનો એક શબ્દ બે વાર બોલવામાં પુનરુક્તિ દોષ ન લાગે ?

**તૃપ્તિ :** આ સંપૂર્ણ સ્તવ મંત્રની એક વિશિષ્ટ રચનાસ્વરૂપ છે. તેથી અહીં મંત્ર પ્રયોગરૂપે 'નમો' શબ્દ બે વાર ઉચ્ચારાયો છે. વળી, હર્ષના આવેગમાં કે સ્તુતિ આદિ કરતાં એકનો એક શબ્દ બે વાર બોલાય તો પણ ત્યાં પુનરુક્તિ દોષ લાગતો નથી. જેમ કોઈક આદરણીય વ્યક્તિ આવે ત્યારે બહુમાનપૂર્વક સહજતાથી જ "આવો...આવો...આવો..." આવું બોલાઈ જાય છે. આદર પ્રદર્શિત કરવા માટે, આ રીતે એક જ શબ્દનું વારંવાર થતું ઉચ્ચારણ પણ દોષપાત્ર નથી બનતું.

**२. भगवते** - ભગવાનને, ઐશ્વર્યાદિથી યુક્ત (તે શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

'ભગ'[8] એટલે ઐશ્વર્ય, રૂપ, બળ વગેરે. 'ભગ'વાળાને ભગવાન કહેવાય છે. અર્થાત્ સર્વશ્રેષ્ઠ કોટિનું રૂપ, અનંતુ બળ, સર્વથી ચઢિયાતું ઐશ્વર્ય, અનંતજ્ઞાનાદિ લક્ષ્મી વગેરે ગુણો જેનામાં હોય, તેને ભગવાન કહેવાય છે. શાંતિનાથ ભગવાનમાં આ સર્વ ગુણો રહેલા છે. આથી તેમના માટે **'ભગવાન'** એવા વિશેષણનો પ્રયોગ કરી તેમને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**३. अर्हते पूजाम्** - પૂજાને યોગ્ય (એવા શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

'अर्हत्'[9] એટલે યોગ્ય. શાંતિનાથ પરમાત્મા તેમના વિશિષ્ટ ગુણોને કારણે ઉત્તમ દ્રવ્યો અને ઉત્તમ ભાવથી જગતવર્તી જીવોના વંદન, પૂજન, સત્કાર આદિ માટે અત્યંત યોગ્ય છે. વળી, ૩૪ અતિશયરૂપી મહાસમૃદ્ધિને પાત્ર પણ તેઓ જ છે. તેથી તેઓને અર્હત્ કહેવાય છે.

---

8. ભગ. શબ્દની વિશેષ સમજ માટે સૂત્ર સંવેદના ભાગ-૨માંથી નમોઽત્થુણં સૂત્ર જોવું.

9. अतिशयपूजार्हत्वाद् अर्हन्तः स्वर्गावतरणजन्माभिषेक-परिनिष्क्रमण-केवलज्ञानोत्पत्तिपरिनिर्वाणेषु देवकृतानां पूजानां देवासुरमानवप्राप्तपूजाभ्योऽधिकत्वाद् अतिशयानामर्हत्वाद् अर्हन्तः ।

- ષટ્ખંડાગમ.

આ જગતમાં જે કોઈ દેવો, અસુરો કે માનવો, જે પૂજા-સત્કાર-સન્માન પ્રાપ્ત કરે છે, તેના કરતાં અનંતગુણ અધિક પૂજા તીર્થંકરોની થાય છે. વળી, તેમના કલ્યાણક આદિ પ્રસંગે દેવો જે પ્રકારે તેમની વિશિષ્ટ ભક્તિ કરે છે, તે મહાન ભક્તિ માટે જગતમાં એક માત્ર પરમાત્મા જ યોગ્ય છે, માટે તેમને **અર્હત્** તરીકે સંબોધી નમસ્કાર કરાય છે.

**૪. शान्ति-जिनाय जयवते** - જયવાળા શાંતિજિનને (મારો નમસ્કાર થાઓ.)

આ જગતમાં બાહ્ય સુખ માટે જેમ બાહ્ય શત્રુઓ ઉપર વિજય મેળવવો પડે છે. તેમ આંતરિક સુખ માટે અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવવો પડે છે.

શાંતિનાથ ભગવાનનો પુણ્ય પ્રભાવ જ એવો હતો કે બાહ્ય શત્રુને જીતવા માટે તેમને કોઈ પ્રયત્ન કરવો પડ્યો ન હતો. બાહ્ય દુનિયામાં તો તેઓ જન્મજાત વિજેતા હતા, પરંતુ તપ અને ધ્યાનની વિશિષ્ટ સાધના દ્વારા તેમણે પ્રયત્નપૂર્વક અંતરંગ શત્રુઓને પણ પરાસ્ત કર્યા હતા. અડ્ડો જમાવી બેઠેલો મોહરૂપી મહાશત્રુ કે જેણે આખી દુનિયાને હંફાવી છે, ભલભલા ભડવીરોને પોતાના સકંજામાં લીધા છે, સર્વત્ર જીત મેળવનારા પરાક્રમી પુરુષો પણ જેનાથી પછડાયા છે, તે મોહરૂપી મહાશત્રુને પ્રભુએ ક્ષમા આદિ શસ્ત્રો દ્વારા એવી રીતે મહાત કર્યો કે ત્યારપછી તે ક્યારેય પ્રભુનો પડછાયો લેવા સુદ્ધાં પણ આવ્યો નહિ. આ રીતે પ્રભુ બાહ્ય અને અંતરંગ શત્રુઓના વિજેતા હતા. આથી જ સ્તવકારે **'जयवते'** વિશેષણથી પ્રભુને બિરદાવી કહ્યું છે કે, 'સર્વત્ર વિજયને વરેલા શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.'

**૫. यशस्विने** - યશવાળા, યશસ્વી (એવા શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

યશવાળા હોવું એટલે લોકોમાં પ્રશંસાપાત્ર બનવું, યશસ્વી વ્યક્તિના કાર્યની લોક કદર કરે છે, તેણે થોડું જ કર્યું હોય તો પણ લોક તેને ઘણું કર્યું માને, તેનું ગમે તેવું કાર્ય પણ લોકને સારું લાગે, આમ જેનાથી લોક ચાહના મળે તેને 'યશ' કહેવાય છે. આવી લોકચાહના મળવા પાછળ પુણ્યનો ઉદય કામ કરે છે. આઠ પ્રકારના કર્મમાં છઠ્ઠા નામકર્મમાં 'યશનામકર્મ' નામનું એક કર્મ છે. તેના ઉદયથી યશની પ્રાપ્તિ થાય છે. શાંતિનાથ ભગવાનનું યશનામકર્મ એવું વિશિષ્ટ હતું કે તેમના કાર્ય તો દૂર રહ્યા, પરંતુ તેમનું નામ માત્ર પણ લોક માટે આનંદનું કારણ બનતું. તેમનું

જીવન અને જીવનના એક-એક પ્રસંગો લોકપ્રશંસાના પરમ હેતુ બનતા.

આવું વિશિષ્ટ યશનામકર્મ તેમની પૂર્વભવોની સાધનાનું ફળ હતું. પૂર્વના ભવોમાં અંતરંગ સાધના સ્વરૂપે તેમણે પરોપકાર, અહિંસા આદિ ગુણો સહજ સિદ્ધ કર્યા હતા. મેઘરથ રાજાના ભવમાં તો એક માત્ર પારેવડાને (કબૂતરને) બચાવવા પોતાના પ્રાણને પણ તેમણે હોડમાં મૂક્યા હતા. આવા ગુણોને કારણે જ શાંતિનાથ ભગવાનનો યશ આજે પણ અખંડિત રીતે પ્રવર્તી રહ્યો છે. આથી જ ભગવાનને **'यशस्विन्'** વિશેષણ દ્વારા નમસ્કાર કર્યો છે.

**૬. स्वामिने दमिनाम्** - (મન અને ઇન્દ્રિયોનું) દમન કરનારા સાધકોના સ્વામી (એવા શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

મન અને ઇન્દ્રિયોનું જેઓ દમન કરે છે તેને દમી કે મુનિ કહેવાય છે. આવા મુનિ ભગવંતો પણ શાંતિનાથ પ્રભુને સ્વામી તરીકે સ્વીકારે છે. સ્વામી તરીકે સ્વીકારવા એટલે તેમની આજ્ઞાનુસાર જીવવાનો સંકલ્પ કરવો. આથી જ મુનિ ભગવંતો પ્રતિપળ તેમની આજ્ઞાનો વિચાર કરી, તે આજ્ઞાને સમજી પોતાનું સમગ્ર જીવન તેમના વચનના અનુસારે જીવે છે. તેઓ જાણે છે કે, 'આ સ્વામીની આજ્ઞાનુસાર જીવવાથી જ વર્તમાન પણ સુખમય બનશે અને ભાવિમાં પણ મોક્ષના મહાસુખને માણી પણ શકીશું. તેમની આજ્ઞાથી ક્યાંય પણ આઘાં પાછા થઈશું તો સુખ તો ક્યારેય નહિ મળે પણ દુર્ગતિની ગર્તામાં પડવું પડશે', તેથી જ તેઓ તપ, જપ ઇન્દ્રિયદમન જેવા સંયમના યોગો સ્વેચ્છાએ સ્વીકાર્યા હોવા છતાં તેનું પાલન સ્વેચ્છાએ નથી કરતાં; પરંતુ પ્રભુની આજ્ઞાને આગળ રાખીને જ કરે છે. તેઓ સમજે છે કે 'હું પ્રભુ આજ્ઞા મુજબ ઇન્દ્રિયોનું દમન કરીશ તો જ તે દમન સાનુબંધ બનશે અને પરંપરાએ મને સર્વથા ઇન્દ્રિયોની ગુલામીમાંથી મુક્ત કરી સ્વાધીન સુખનો સ્વામી બનાવશે' આમ, મુનિઓ પણ શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે. તેથી શાંતિનાથ ભગવાનને મુનિ ભગવંતોના સ્વામી કહી, નમસ્કાર કરવામાં આવ્યો છે.

આ રીતે આ ગાથામાં છ વિશેષણો દ્વારા શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે.

આ ગાથા બોલતાં સાધક વિચારે છે કે,

*"હે પ્રભુ ! જ્યાં મારી નાભિમાંથી ૐનો નાદ નીકળે છે ત્યાં કરોડો દેવતાઓ દ્વારા ભક્તિસ્વરૂપે નિર્મિત અષ્ટ મહાપ્રાતિહાર્યથી શોભતી આપની તેજસ્વી આકૃતિ મારી નજર સમક્ષ ઉપસ્થિત થાય*

*છે. આપનું આ ઐશ્વર્ય જ આપના યોગના સામ્રાજ્યને પ્રકાશિત કરે છે. સર્વત્ર પ્રસરેલો આપનો જય મારી સ્મૃતિને ભીંજવી દે છે. ક્યાં આપનો દરેક શત્રુઓને પરાસ્ત કરવાનો સ્વભાવ અને ક્યાં મારો દરેકથી પરાજિત થવાનો સ્વભાવ. ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવા યોગીરાજો પણ આપને સ્વામી તરીકે સ્વીકારે છે. હે નાથ ! આજે હું પણ આપના ચરણોમાં મસ્તક ઢાળી પુનઃ પુનઃ નમસ્કાર કરું છું અને પ્રાર્થના કરું છું કે, આ વિષયોના વિકારોથી મારું રક્ષણ કરજો અને યોગમાર્ગ પર ચાલવાની મને શક્તિ આપજો.*

**ગાથા :**

**सकलातिशेषक-महासम्पत्ति-समन्विताय शस्याय ।**
**त्रैलोक्य-पूजिताय च नमो नमः शान्तिदेवाय ।।३।।**

**અન્વય :**

[7]सकलातिशेषक-महासम्पत्ति-समन्विताय [8]शस्याय ।
[9]त्रैलोक्य-पूजिताय च, शान्तिदेवाय नमो नमः ।।३।।

**ગાથાર્થ :**

[7]સકલ અતિશયરૂપ મહાઋદ્ધિવાળા, [8]પ્રશસ્ત=વખાણવા યોગ્ય, [9]ત્રણ લોકથી પૂજાયેલા શાંતિનાથ ભગવાનને મારો વારંવાર નમસ્કાર થાઓ !

**વિશેષાર્થ :**

**૭ सकलातिशेषक-महासम्पत्ति-समन्विताय** - સકલ અતિશયરૂપ મહાસંપત્તિથી યુક્ત (એવા શ્રીશાંતિનાથ ભગવાનને નમસ્કાર હો.)

સકલ એટલે સર્વ અને અતિશેષક[10] એટલે અતિશય. આ વિશ્વમાં સર્વથી

---

10. जगतोऽप्यतिशेते तीर्थकरा एभिरित्यतिशयाः ।

અભિધાનચિંતામણિની સ્વોપજ્ઞ ટીકા.

આજે અતિશય શબ્દ પ્રચલિત છે, જ્યારે શાસ્ત્રમાં આના માટે अइसेस કે अतिशेष શબ્દ પણ મળે છે. સંસ્કૃતમાં क સ્વાર્થમાં લાગે છે, એટલે અતિશેષક કે અતિશેષ એક જ અર્થ ધરાવે છે.

ચઢિયાતી અને ભગવાન સિવાય ક્યાંય ન હોય તેવી સંપત્તિને અતિશય કહેવાય છે. તીર્થંકર પરમાત્મામાં આવા ચોત્રીસ અતિશયો હોય છે. આમ તો પ્રભુની દરેક બાબત અતિશય સ્વરૂપ જ હોય છે, છતાં શાસ્ત્રોમાં વિશેષ વિગતોને લક્ષ્યમાં લઈ આ ચોત્રીસ અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રભુને જન્મતાંની સાથે ચાર અતિશયો પ્રાપ્ત થાય છે. (૧) દેહ માનવનો હોય અને મેલ કે પરસેવો ન થાય તેવું ક્યારેય ન બને, પણ પ્રભુનું માનવીય શરીર પણ હંમેશા રોગ, મેલ અને પ્રસ્વેદ વિનાનું અતિ રૂપસંપન્ન હોય છે. (૨) અન્ય માનવીના શરીરનું લોહી અને માંસ રક્ત વર્ણના અને જોવા ન ગમે તેવા હોય છે, જ્યારે ભગવાનના લોહી અને માંસ દૂધ જેવા શ્વેત વર્ણના હોય છે. (૩) સામાન્ય માનવીનો શ્વાસોશ્વાસ ઉષ્ણ અને અન્યને પીડાકારક હોય છે, જ્યારે ભગવાનનો શ્વાસોશ્વાસ અન્યને આકર્ષે તેવો કમળના જેવી સુગંધવાળો હોય છે. (૪) સામાન્ય માનવીની આહાર લેવાની ક્રિયા કે મળ વિસર્જનની ક્રિયા સૌ જોઈ શકે તેવી હોય છે, જ્યારે પ્રભુની આ ક્રિયા પણ અદૃશ્ય હોય છે.

પ્રભુનો જન્મ ભોગપ્રધાન એવા રાજકુળમાં થાય છે, પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ ભોગો ભગવાનને જન્મે ત્યારથી પ્રાપ્ત થાય છે, છતાં પણ સહજ ભવવિરક્ત પ્રભુ આવા ઉત્કૃષ્ટ ભોગોને પણ મારા કર્મ ખપાવવાનો અત્યારે આ ઉપાય છે તેમ સમજી અનાસક્ત ભાવે ભોગવે છે.

ભોગાવલી કર્મનો નાશ થતાં તેઓ સંવત્સર દાન આપી સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે. જે ક્ષણે પ્રભુ સર્વ સાવદ્ય યોગની પ્રતિજ્ઞા કરે છે તે જ ક્ષણે પ્રભુને ચોથું મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે. સાથે જ ઘણી ઘણી સાધનાઓ પછી પણ બીજા માટે દુર્લભ બને તેવી અણિમાદિ લબ્ધિઓ અને આમર્ષૌષધિ આદિ ઋદ્ધિઓ પ્રભુને પ્રાપ્ત થાય છે. આમ છતાં કોઈની પણ અપેક્ષા વગર પરાક્રમ કરનારા પ્રભુ આ કોઈ લબ્ધિઓનો ઉપયોગ ક્યારેય કરતાં નથી. પરિષહો અને ઉપસર્ગોને સમભાવે સહન કરી, ઘનઘાતીકર્મોનો નાશ કરી પ્રભુ કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પ્રગટતાં પ્રભુને તીર્થંકરનામકર્મનો વિપાકોદય ચાલુ થાય છે. જેના પરિણામે કર્મના ક્ષયથી થનારા ૧૧ અતિશયો અને દેવો વડે કરાયેલા ૧૯ અતિશયો પ્રગટ થાય છે.

કર્મક્ષયકૃત ૧૧ અતિશયોને કારણે પ્રભુ વિચરતાં હોય ત્યાં માત્ર એક યોજનમાં કરોડો દેવતા સમાઈ જાય છે[1]. તેમની વાણી સર્વ ભાષાઓમાં પરિણામ પામી દેવ-

નર-તિર્યંચ સર્વેને પ્રતિબોધ પમાડી શકે છે[૨], તેમનાં મસ્તક પાછળ ભામંડળ શોભાયમાન થાય છે.[૩] અને ૧૨૫ યોજન સુધી રોગ[૪], વૈર[૫], ઇતિ[૬], મારી[૭], અતિવૃષ્ટિ[૮], અનાવૃષ્ટિ[૯], દુકાળ[૧૦] કે સ્વચક્ર-પરચક્ર ભય[૧૧] દૂર થાય છે.

આ ઉપરાંત પરમાત્માના ગુણોથી આકર્ષાયેલા દેવતાઓ પરમાત્માની ભક્તિ સ્વરૂપે ૧૯ અતિશયો પ્રગટ કરે છે. ઓછામાં ઓછા કરોડ દેવતાઓ પ્રભુની સેવામાં હરપળે હાજર રહે છે[૧]. પ્રભુ દીક્ષા લે પછી તેમના મસ્તકના વાળ, શરીરની રોમરાજી નખ, દાઢી કે મૂછ વધતાં નથી.[૨] પગ મૂકે ત્યાં માખણથી પણ મુલાયમ નવ સુવર્ણકમલની[૩] રચના, સુવર્ણ-રજત અને રત્નોથી શોભતા ત્રણ ગઢ[૪] અને પ્રભુના ત્રણ રૂપ સહિત સમવસરણની રચના[૫], ધર્મચક્ર[૬], ચામર[૭], પાદપીઠ[૮], ત્રણ છત્રો[૯], રત્નમય ધ્વજ[૧૦], અશોકવૃક્ષ[૧૧], સુગંધી જલ[૧૨] અને પુષ્પોની વૃષ્ટિ[૧૩], દુંદુભિનાદ[૧૪], અવળા કાંટા[૧૫], નમેલા વૃક્ષો[૧૬], અનુકૂળ પવન[૧૭], પ્રદક્ષિણા દેતાં પક્ષીઓ[૧૮], અનુકૂળ એવી સર્વ ઋતુઓ[૧૯] વગેરે અનેક રીતે વિસ્મય પમાડનારા ૧૯ દેવકૃત અતિશયો પણ પ્રભુની સંપત્તિ છે.

**જિજ્ઞાસા :** દેવકૃત અતિશયોને ભગવાનનો અતિશય કઈ રીતે કહેવાય ?

**તૃપ્તિ :** પ્રભુના પુણ્યપ્રભાવ વિના એક પણ દેવની તાકાત નથી કે પ્રભુના અંગૂઠા જેવો અત્યંત રૂપસંપન્ન એક અંગુઠો પણ બનાવી શકે કે સમવસરણ, અષ્ટ મહા-પ્રાતિહાર્ય વગેરેની રચના પણ કરી શકે. જ્યારે ભગવાનના પુણ્ય પ્રભાવનું બળ ભળે છે ત્યારે જ દેવતાઓ ભગવાનના જેવા જ ત્રણ રૂપો તથા આઠ મહાપ્રાતિહાર્ય વગેરેની રચના કરી શકે છે. આમ દેવકૃત અતિશયો પણ પ્રભુના પુણ્યના કારણે જ દેવતાઓ રચી શકે છે તેથી એ ભગવાનની વિશેષતા કે ભગવાનના અતિશય તરીકે ઓળખાવાય છે.

આ ચોત્રીસે અતિશયો જેમાં સમાઈ જાય તેવા અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશયરૂપ ચાર અતિશયો પણ શાસ્ત્રમાં વર્ણવ્યા છે.

**અપાયાપગમાતિશય :** ભગવંત જ્યાં વિદ્યમાન હોય ત્યાં ૧૨૫ યોજન સુધી લોકોમાં દુર્ભિક્ષ, મારી, મરકી વગેરે સર્વ પ્રકારના કષ્ટો, રોગ કે ઉપદ્રવો શમી જાય છે; તે ભગવંતનો અપાયાપગમાતિશય છે. આવી કષ્ટહારિણી શક્તિ જગતમાં અન્ય કોઈમાં પણ હોતી નથી.

**જ્ઞાનાતિશય :** કેવળીભગવંતોનું જ્ઞાન સંપૂર્ણ હોવા છતાં તેમાં પરમાત્મા જેવો અતિશય નથી. પરમાત્મા પોતાના કેવળજ્ઞાન દ્વારા જે રીતે અનેક જીવો ઉપર ઉપકાર કરી શકે છે, અનુત્તરવાસી દેવોના પણ સંશય છેદે છે તે રીતે સામાન્ય કેવળી નથી કરી શકતાં. આમ તીર્થંકરપ્રભુનું કેવળજ્ઞાન સ્વરૂપથી સર્વ કેવળીઓ જેવું જ હોવા છતાં ફળની અપેક્ષાએ વિચારીએ તો એ વિશેષ જ છે.

**પૂજાતિશય :** પૂજ્યોની પૂજા થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી, પરંતુ પૂજ્ય એવા પરમાત્મા અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ દ્વારા જે રીતે પૂજાય છે તે રીતે અન્ય કોઈ પૂજાતા નથી.

**વચનાતિશય :** પ્રભુની દેશનાનો પ્રભાવ પણ અલૌકિક છે. કદાચ આજના મશીનો ભાષાનો અનુવાદ કરી શકે. પરંતુ ૩૫ ગુણોથી યુક્ત, અનેક દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચો એકી સાથે સમજી શકે તેવી વાણી માત્ર તીર્થંકર પરમાત્માની જ હોય છે.

માત્ર આ ચાર અતિશયો પણ શ્રીઅરિહંત ભગવંતનું સંપૂર્ણ સ્વરૂપ જણાવવા સમર્થ છે. આ ચાર અતિશયોમાં જ પૂર્વે કહેલા ૩૪ અતિશયો સમાઈ જાય છે. કર્મક્ષયથી પ્રાપ્ત ૩૫ ગુણોથી વિશિષ્ટ વાણીનો સમાવેશ વચનાતિશયમાં થાય છે. તો ઇતિ-ઉપદ્રવોની શાંતિનો સમાવેશ અપાયાપગમાતિશયમાં થાય છે. તેમજ આઠ મહાપ્રાતિહાર્યો સહિત દેવકૃત કરાયેલ અતિશયોનો સમાવેશ પૂજાઅતિશયમાં થાય છે. તેથી અપેક્ષાએ અરિહંત પરમાત્માનું સંપૂર્ણ વ્યક્તિત્વ આ ૪ અતિશયોમાં સમાઈ જાય છે.

પ્રભુનો અંતરંગ ગુણવૈભવ તો લોકોત્તર કોટિનો હોય છે, પરંતુ પ્રભુનો બાહ્યવૈભવ પણ લોકોત્તર છે. અંતરંગ ગુણોને જોવાની જેની ક્ષમતા ન હોય તેવા બાળ જીવો પણ ભગવાનના આ બાહ્ય અતિશયોથી અંજાઈને સમવસરણમાં આવે છે. અમૃતરસના સિંચન સમાન પ્રભુની કર્ણપ્રિય દેશના સાંભળે છે. દેશના સાંભળતાં તેમના મિથ્યાત્વાદિ કર્મના પડલો ભેદાય છે, અને પ્રભુના લોકોત્તર સ્વરૂપને જાણી, તેઓ પણ લોકોત્તર ધર્મને પામી, આત્મકલ્યાણના માર્ગે આગળ વધી શકે છે.

આ ચોત્રીશ અતિશયો પરમાત્માની પિંડસ્થ અને પદસ્થ અવસ્થાના ધ્યાન માટે અતિ ઉપકારક છે. અંતરંગ કે બાહ્યવિઘ્નોના નાશને ઇચ્છતા સાધક માટે આ

અતિશયોનું ધ્યાન એક ઊંચુ આલંબન બની શકે છે. આથી જ અહીં સ્તવકારે પણ શાંતિનાથ ભગવાન સાથે એક સંબંધ જોડવા સમગ્ર અતિશયોરૂપ મહાસંપત્તિથી યુક્ત એવું વિશેષણ વાપરી પ્રભુને નમસ્કાર કર્યો છે.

૮ **શસ્યાય** - પ્રશંસાને યોગ્ય (એવા શ્રી શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

જેનું જીવન ગુણોથી સમૃદ્ધ હોય તે જ વ્યક્તિ પ્રશંસાને યોગ્ય થઈ શકે છે. જગતના જીવોમાં સ્વપ્રશંસાની ભૂખ હોય છે, પરંતુ ગુણસમૃદ્ધિ નથી હોતી. વળી, ક્યાંક પ્રશંસાપાત્ર બને એવો એકાદ ગુણ હોય તો બીજા અનેક દોષો હોય છે. તેથી પ્રાયઃ કરીને તેમાંના કોઈનું સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રશંસાપાત્ર બની શકતું નથી. જ્યારે શાંતિનાથ ભગવાનનું વ્યક્તિત્વ અત્યંત પ્રશંસનીય હતું. અનેક ભવોની સાધનાના પરિણામે તેઓ અનેક ગુણોથી સહકૃત ઉત્કૃષ્ટ પુણ્યના ભોક્તા હતા. તે પુણ્યના પ્રભાવે જ તેઓશ્રી ચક્રવર્તી બની ષટ્ખંડના ભોક્તા બન્યા હતા. નવનિધાન તેમના ચરણોમાં આળોટતા હતા, ચૌદ રત્નો તેમની સેવામાં હરપળે હાજર રહેતા, લાખો સમર્પિત સ્ત્રીઓના તે સ્વામી હતા. આમ પાંચે ઇન્દ્રિયોને અનુકૂળ એવી સર્વ સામગ્રીનો ઉપભોગ કરવા છતાં પ્રભુને ક્યાંય રાગનો અંશ પણ સ્પર્શ્યો નહોતો, ઉત્કૃષ્ટ ભોગો વચ્ચે પણ પ્રભુનો વૈરાગ્ય ઝળહળતો હતો. તેઓ હજારો રાજાના અધિપતિ હતા, કરોડોનું સૈન્ય તેમની સુરક્ષા માટે સજ્જ હતું. અનેક માનવો તો ઠીક દેવો પણ તેમના દાસ હતા. તેમનું રૂપ, લાવણ્ય, શરીરની વિશેષતા આદિ માટે તો શું કહેવાનું હોય, માન અને મદ ઉપજાવે તેવી આ સર્વ સામગ્રી હોવા છતાં પ્રભુની વાણી, વર્તન કે વ્યવહારમાં ક્યાંય ગર્વનું નામ નિશાન દેખાતું નહોતું. આટલી સત્તાના સ્વામી હોવા છતાં ક્યાંય ઉદ્ધતાઈ તો નહોતી; પરંતુ તેમનો વ્યવહાર સર્વત્ર નમ્રતાભર્યો રહેતો. પ્રભુ જન્મ્યા ત્યારથી નિર્મળ એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના સ્વામી હતા, છતાં તેઓમાં ક્યાંય ઉત્સુકતા કે ઉછાંછળાપણું નહોતું. સર્વ પ્રસંગોમાં તેમની ગંભીરતા સ્પષ્ટ જણાઈ આવતી હતી. પ્રભુને ક્યાંય રાગ નહોતો, ક્યાંય પ્રભુને લાગણી કે આસક્તિ નહોતી, કોઈના પ્રત્યે મમતાનો ભાવ નહોતો; છતાં પ્રભુ ક્યારેય કોઈની પણ સાથે કોઈપણ પ્રકારનું ઔચિત્ય ચૂક્યા ન હતા. રાગ કે મમતા વિના સર્વને સંતોષ થાય તેવો વ્યવહાર કરવો અતિ મુશ્કેલ છે છતાં પ્રભુ બધો જ વ્યવહાર સહજ ભાવે કરતાં હતા.

લૌકિક હોય કે લોકોત્તર, ઔદયિક હોય કે ક્ષાયોપશમિક સર્વ ગુણોની

પરાકાષ્ઠા પ્રભુમાં જોવા મળતી. આથી જ અહીં પ્રભુને **'પ્રશંસવા યોગ્ય'** તરીકે બિરદાવ્યા છે.

**૯. त्रैलोक्य-पूजिताय च** - અને ત્રણે લોકથી પૂજાયેલા (શ્રી શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ)

ગુણસમૃદ્ધિથી પ્રશંસાને પાત્ર બનેલા પ્રભુ ત્રણે જગતના જીવોથી અર્થાત્ ઊર્ધ્વ, અધો અને તીર્ચ્છા લોકમાં રહેલા ભવ્યાત્માઓથી ભક્તિપૂર્ણ હૃદયે પૂજાયેલા છે. અર્થાત્ ત્રણે જગતના યોગ્ય જીવો ભગવાનને નાથ તરીકે સ્વીકારે છે, પોતાની ભૂમિકા અનુસાર યથાશક્તિ તેમની આજ્ઞાનું પાલન કરે છે અને બહુમાનપૂર્વક ઉત્તમ દ્રવ્યોથી વિવિધ પ્રકારે તેમની પૂજા, ભક્તિ આદિ કરે છે. આ રીતે ભગવાન ત્રણે જગતથી પૂજાયેલા છે.

**૧૦. नमो नमः शान्तिदेवाय** - શાંતિના અધિપતિ એવા શ્રી શાંતિનાથ ભગવાનને મારો વારંવાર નમસ્કાર થાઓ !

પૂર્વની ગાથામાં જણાવ્યું તેમ અહીં પણ નમો નમઃ પદ બે વાર બોલાયેલું છે; પરંતુ તે સ્તુતિ કરનારના વિશેષ હર્ષના અતિરેકને પ્રદર્શિત કરે છે, માટે પુનરુક્તિ દોષ નથી.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"દુનિયામાં કોઈ પાસે ન હોય તેવી સમૃદ્ધિના સ્વામી હોવા છતાં મારા નાથની નિર્લેપતા કેવી છે ! સર્વની પ્રશંસાનું સ્થાન છતાં તેમની નિઃસ્પૃહતા કેવી છે ! ત્રણે લોકમાં પૂજનીય છતાં તેમની ઉદાસીનતા કેવી છે ! આવા સ્વામીના સેવક થવાનું સૌભાગ્ય દ્રવ્યથી સાંપડ્યું છે; પરંતુ વાસ્તવમાં તેમના ચરણની રજ થવાની પણ મારી યોગ્યતા નથી. પ્રભુ આપને નમસ્કાર કરું છું અને જ્યાં સુધી સંસારમાં છું ત્યાં સુધી આપના સેવક થવાની યોગ્યતા પ્રગટે તેવી અભ્યર્થના કરું છું."*

**ગાથા :**

**[११]सर्वामर-सुसमूह-स्वामिक-सम्पूजिताय [१२]न जिताय ।**
**[१३]भुवन-जन-पालनोद्यततमाय सततं नमस्तस्मै ।।४।।**

**અન્વય :**

[૧૧]सर्वामर-सुसमूह-स्वामिक-सम्पूजिताय [૧૨]न जिताय ।

[૧૩]भुवन-जन-पालनोद्यततमाय तस्मै सततं नमः ।।४।।

**ગાથાર્થ :**

સર્વ દેવોના સુંદર એવા સમૂહના સ્વામીઓથી વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા,[૧૧] કોઈથી નહિ જિતાયેલા,[૧૨] વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં તત્પર[૧૩] એવા તે શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર હો !

**૧૧. सर्वामर-सुसमूह-स्वामिक-सम्पूजिताय**[11] - સર્વ દેવોના સુંદર સમૂહ અને તેમના સ્વામી અર્થાત્ ઇન્દ્ર મહારાજાથી સમ્યગ્ પ્રકારે પૂજાયેલા.

માનવો કરતાં અસંખ્યગુણી ઋદ્ધિ, સમૃદ્ધિ અને શક્તિ સામાન્ય દેવોની હોય છે. આ દેવોની પણ વિશાળ દુનિયા છે. જેમાં અસંખ્ય દેવો છે. તેમના સુંદર સમૂહના સ્વામી ૬૪ ઇન્દ્રો છે. મહા ઋદ્ધિ અને સમૃદ્ધિના સ્વામી તથા વિશિષ્ટ બુદ્ધિના માલિક ચોસઠ ઇન્દ્રો પણ શાંતિનાથ ભગવાનની ગુણસમૃદ્ધિથી આકર્ષાયેલા છે. આથી જ તેઓ ભાવપૂર્ણ હૃદયથી ભગવાનની સમ્યક્ પ્રકારે પૂજા કરીને પોતાની જાતને ધન્ય માને છે. સામાન્ય દેવ કે મનુષ્ય ભગવાનની ભક્તિ કરે તે તો ઠીક છે, પરંતુ આવા સમૃદ્ધિ સંપન્ન દેવેન્દ્રો પણ ભગવાનની ભક્તિ કરે છે. તેનાથી સમજાય તેવું છે કે શાંતિનાથ ભગવાન કેવા મહાન હશે.

**જિજ્ઞાસા :** આગળ પરમાત્માને 'ત્રણ જગતથી પૂજાયેલા' કહ્યા તેનાથી પરમાત્મા ઇન્દ્રોથી પૂજાયેલા છે તે વાત આવી જતી હતી. આમ છતાં અહીં જુદું વિશેષણ કેમ આપવામાં આવ્યું ?

---

11. सनरामरसुरस्स णं सव्वस्सेव जगस्स अट्ठमहापाडिहेराइपूयाइसओवलक्खियं ।
अणण्णसरिसमचिंतमाहप्पं केवलाहिट्ठियं पवरुत्तमत्तं अरहंति ति अरहंता ।

નમસ્કારસ્વાધ્યાય પ્રાકૃત વિભાગ પૃ. ૪૨.

सर्व બધા अमर-દેવો, તે सर्वामर તેમનો सुसमूह તે सर्वामरसुसमूह, તેના स्वामिक તે सर्वामर-सुसमूह-स्वामिक, તેના વડે सम्पूजित તે सर्वामर-सुसमूह-स्वामिक सम्पूजित, તેમને सर्वामर-सुसमूह-स्वामिक-सम्पूजिताय. सुसमूह-સુંદર યૂથ, 'क' પ્રત્યય અહીં સ્વાર્થમાં લાગેલો છે. सम्पूजित-સમ્યક્ પ્રકારે પૂજાયેલ, વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા. સુસમૂહના સ્થાને સસમૂહ એવો પાઠ પણ મળે છે. તેનો અર્થ 'પોતપોતાના સમૂહ સાથે' એવો થાય છે.

**તૃપ્તિ :** વાત સત્ય છે. તો પણ અહીં ઇન્દ્રોથી પ્રભુ સારી રીતે પૂજાયેલા છે, તેમ કહેવાનું કારણ એ છે કે દુનિયા જેની પાછળ દોડે છે તેવી ટોચ કક્ષાની ઋદ્ધિ અને સમૃદ્ધિના સ્વામી ઇન્દ્રો છે. આથી ઘણા દેવો ઇન્દ્રને સ્વામી માને છે. માનવો અને નરેન્દ્રો તેમને ઇષ્ટ દેવ માની તેમની પૂજા આદિ કરે છે. આ રીતે અનેકથી પૂજાતા ઇન્દ્રો પણ ભગવાનની પૂજા કરે છે. તેમને પોતાના નાથ માને છે. સ્વામી તરીકે સ્વીકારી તેમની સેવામાં હરપળે હાજર રહે છે. એવું જાણવાથી જગતના જીવોને ભગવાનની મહાનતાનો વિશેષ પ્રકારે બોધ થઈ શકે છે આથી 'सर्वामर-सुसमुह-स्वामिक-सम्पूजिताय' સ્વરૂપ એક અલગ વિશેષણનો ઉપયોગ કર્યો છે.

**૧૨. न जिताय**[12] - કોઈથી નહિ જિતાયેલા (એવા શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

શાંતિનાથ ભગવાન ચક્રવર્તીપણાનું પુણ્ય લઈને આ અવની ઉપર અવતર્યા હતા. આ પુણ્યના પ્રતાપે જ તેઓ છ એ ખંડના સર્વ રાજાઓ ઉપર જીત મેળવી છ ખંડના માલિક બન્યા હતા. છ ખંડની વાત તો દૂર રહી પરંતુ દુનિયાના દેવ-દેવેન્દ્રોની પણ તાકાત ન હતી કે પ્રભુને જીતી શકે, તેમને વશ કરી શકે કે તેમનો કોઈ પરાભવ કરી શકે. આ રીતે પ્રભુ બાહ્ય દુનિયામાં કોઈથી જિતાયેલા નહોતા.

આ ઉપરાંત પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનરૂપ અંતરંગ છ ખંડ છે. સામાન્ય જન માટે તો ઘણી સાધના પછી પણ આ છ ખંડોને જીતવા ખૂબ મૂશ્કેલ હોય છે. મોટા ભાગના જીવો તો આ મન અને ઇન્દ્રિયોને વશ પડેલા જ હોય છે. પગલે પગલે તેનાથી પરાભવ પામી તેઓ ગમે તેવી અનુચિત પ્રવૃત્તિઓ પણ કરી બેસે છે. જ્યારે આ છએ ખંડ ઉપર પ્રભુનો તો વિશિષ્ટ કોટીનો પ્રભાવ અને પ્રતાપ વર્તતો હતો. પ્રભુની ઇચ્છા વિરુદ્ધ આ છ એ ખંડમાં થોડી પણ હીલચાલ થતી નહોતી.

આ છ ખંડના પ્રભુ વિજેતા હતા, તેથી જ સર્વત્ર પ્રભુનો વ્યવહાર ઔચિત્યપૂર્ણ હતો. પ્રભુના જીવનમાં ક્યાંય ઔચિત્યનો ભંગ જોવા મળતો ન હતો. આમ પ્રભુ બાહ્ય શત્રુથી તો ક્યારેય જિતાયા ન હતા. પરંતુ આ છ અંતરંગ શત્રુથી પણ ક્યારેય જિતાયા નથી. બલ્કે સદા તેના ઉપર જીત મેળવેલી હતી માટે ભગવાન **'ન જિતાય'** કહેવાય છે.

---

12. निजिताय, नजिताय, विजिताय, निचिताय વગેરે પાઠાંતર મળે છે.

**१३. भुवन-जन-पालनोद्यततमाय**[13] વિશ્વના લોકોનું પાલન કરવામાં અત્યંત ઉદ્યમવાળા.

પ્રભુ જ્યારે સ્વદેહે વિચરતા હતાં ત્યારે તેઓ ધર્મદેશના દ્વારા જગતના લોકને અહિત માર્ગથી ઉગારી હિતકારી માર્ગમાં સ્થિર કરતાં હતાં. તે સ્વરૂપે તેઓ ત્રણે જગતના લોકોનું પાલન કરવામાં ઉદ્યત હતાં અને વર્તમાનમાં તેમના વચનામૃતનો જેમાં સંગ્રહ થયો છે તેવા શાસ્ત્રો જગતના જીવોનું પાલન કરવામાં ઉદ્યત છે. તેથી પરમાત્મા ત્રણે ભુવનના લોકોનું પાલન કરવામાં ઉદ્યમશીલ કહેવાય છે.

**सततं नमस्तस्मै** - તે શાંતિનાથ ભગવાનને મારો વારંવાર નમસ્કાર થાઓ !

જે શાંતિનાથ ભગવાન્ ઇન્દ્રોથી પૂજાયેલા છે, કોઈનાથી જિતાયેલા નથી અને ત્રણે જગતનું પાલન કરવામાં ઉદ્યત છે તે શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ !

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"હે પ્રભુ ! આપનો કેવો અચિંત્ય પ્રભાવ છે કે ખુદ દેવેન્દ્રો પણ આપની પૂજા કરવા તત્પર છે. આપનો પ્રતાપ પણ કેવો છે કે શત્રુઓને જીતવા આપને કોઈ ઉદ્યમ કરવો પડતો નથી. વળી, આપની કરુણા પણ કેવી છે કે વિશ્વપાલનની આપની કોઈ જવાબદારી ન હોવા છતાં પણ આપ વિશ્વનું પાલન કરવા ઉદ્યમશીલ છો. ત્રણ જગતના રક્ષણહાર હે પ્રભુ ! આપને પુનઃ પુનઃ નમસ્કાર કરું છું અને એક પ્રાર્થના કરું છું કે આ કષાયરૂપી ચોરોથી હું સતત લુંટાઈ રહ્યો છું. આપ કૃપા કરી મારું રક્ષણ કરો."*

**ગાથા :**

**सर्व-दुरितौघ-नाशनकराय सर्वाशिव-प्रशमनाय ।**
**दुष्टग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय ।।५।।**

---

13. भुवन ના जन તે भुवन-जन, તેનું पालन તે भुवन-जन-पालन તેના વિશે उद्यततम તે भुवनजन-पालनोद्यततम. भुवन-विश्व. 'भुवनस्य विश्वस्य' (ह.), जन લોક. पालनं રક્ષણ. 'पालनं रक्षणम्' (सि.) उद्यततम અતિ ઉદ્યત, તત્પર. तम પ્રત્યય અહીં અતિશયના અર્થમાં આવેલો છે. એટલે અતિશય પ્રયત્ન કરનાર, જેણે અતિશય પ્રયત્ન કરેલો છે એવો. 'उद्यतः कृतयत्नः' (सि.), જે વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં પ્રયત્નશીલ કે તત્પર છે તેને.

**અન્વય :**

[૧૪]सर्व-दुरितौघ-नाशनकराय [૧૫]सर्वाशिव-प्रशमनाय ।

[૧૬]दुष्टग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय ।।५।।

**ગાથાર્થ :**

સમગ્ર દુરિતના સમૂહનો નાશ કરનાર[૧૪], બધા ઉપદ્રવોનું શમન કરનાર[૧૫], દુષ્ટ ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીઓની પીડાને વેરવિખેર કરનાર[૧૬] (શાંતિનાથ ભગવાનને મારો નમસ્કાર થાઓ.)

**વિશેષાર્થ :**

**૧૪. सर्व-दुरितौघ-नाशनकराय** - સર્વ દુઃખના સમૂહનો નાશ કરનાર (શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.)

સર્વ પ્રકારના દુરિત એટલે દુઃખ, તેનો ઓઘ એટલે સમૂહ અને નાશનકર એટલે નાશ કરનાર શાંતિનાથ ભગવાનના નામ સ્મરણથી, જાપથી કે ભક્તિથી દુઃખના સમૂહનો નાશ થાય છે માટે શાંતિનાથ ભગવાન સર્વ દુરિતૌઘનાશનકર કહેવાય છે.

શાંતિનાથ ભગવાનની પ્રતિમા કે સ્વયં વિચરતા શાંતિનાથ ભગવાન તો દુઃખોને દૂર કરે છે, પરંતુ શાંતિનાથ ભગવાનનું નામ પણ એવું છે કે શાંતિ કરે. તેમનું નામ કે માટીની મૂર્તિમાં કરેલી તેમની સ્થાપનાથી પણ ભયાદિ દૂર થાય છે અને શાંતિ થાય છે તેવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રોના પાને પણ જોવા મળે છે અને આજે અનુભવમાં પણ આવે છે. જેમ કે, મહાસતી દમયંતી જંગલમાં એકલા પડ્યા. ત્યાં તેમને જંગલી પ્રાણીઓ ઉપરાંત રાક્ષસ, ચોર, ડાકુઓ વગેરેનાં અનેક ભયો ઉત્પન્ન થયા, પરંતુ તેઓ શાંતિનાથ પ્રભુના પ્રભાવથી આ સર્વ આફતોમાંથી હેમ-ખેમ ઉગરી શક્યા હતાં.

**૧૫. सर्वाशिव-प्रशमनाय** - સર્વ ઉપદ્રવોનું શમન કરનારા (શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ).

મારી, મરકી, સ્વપક્ષ કે પરપક્ષ વિષયક કોઈપણ પ્રકારના અશિવ એટલે ઉપદ્રવો થયા હોય તો શાંતિનાથ ભગવાનના મંત્ર-જાપથી તે શમી જાય છે.

તક્ષશિલા નગરીમાં પ્રગટેલો મારી - મરકીનો ઉપદ્રવ પણ 'શાંતિસ્તવ'ના પાઠથી શમી ગયો હતો માટે પ્રભુ સર્વ અશિવનો નાશ કરનારા કહ્યા તે સાર્થક છે.

**१६. दुष्टग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय** - દુષ્ટ ગ્રહો, ભૂત, પિશાચ અને શાકિનીઓને વેરવિખેર કરનાર (શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ)

એકાગ્રતાપૂર્વક કરાયેલ શાંતિનાથ ભગવાનનું ધ્યાન કે જાપ સૂર્ય, મંગળ કે શનિ આદિ ક્રૂર ગ્રહોની પીડા; ભૂત વગેરે વ્યંતર જાતિના દેવોથી કરાયેલ પીડા અને મેલી વિદ્યાને જાણનારી સ્ત્રીથી કરાયેલ પીડાને વેરવિખેર કરી નાંખે છે.

પંચરત્નમાલાની આ ગાથાઓ બોલતાં સાધક વિચારે કે,

*"શબ્દાતીત અવસ્થામાં રહેલા પ્રભુને પરખવા સહેલા નથી. યોગસાધનાથી પ્રગટેલી વિશિષ્ટ શક્તિવાળા યોગીઓ જ પ્રભુને સાચા અર્થમાં સમજી શકે છે. આવી યૌગિક શક્તિ તો મારામાં નથી છતાં પણ મારું પરમ સૌભાગ્ય છે કે પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજાએ પોતાની સાધનાથી શાંતિનાથ પ્રભુને યથાર્થરૂપે જોયા અને જે સ્વરૂપે જોયા તે સ્વરૂપે ઓળખાવવા આ શબ્દોના માધ્યમે પ્રયત્ન કર્યો. તેમના શબ્દોના સહારે હે નાથ ! હું પણ જેમ જેમ આપને જોતો જાઉં છું, આપના બાહ્ય અને અંતરંગ સ્વરૂપને નિહાળતો જાઉં છું, તેમ તેમ મારી રોમરાજી વિકસ્વર થાય છે. મારું હૃદય સુખદ સંવેદનાઓથી ભરાઈ જાય છે અને અનાયાસે આપને પુનઃ પુનઃ નમસ્કાર થઈ જાય છે.*

*હે નાથ ! આપને પ્રાર્થના કરું છું કે આપ જે રીતે જગતનું રક્ષણ કરો છો તે રીતે દુર્ગતિમાં પડતાં મારું પણ રક્ષણ કરજો ! હે કરુણાસાગર જેમ આપ જગતવર્તી જીવોના દરેક પ્રકારના દુઃખાદિને દૂર કરો છો તેમ મોક્ષમાર્ગમાં મારી પણ કાયરતાને દૂર કરી મને પણ નિર્ભય બનાવો, અને મોક્ષના માર્ગે મને આગળ વધારો !"*

**અવતરણિકા :**

પૂર્વમાં જણાવ્યું કે ભગવાન ત્રણ ભુવનના લોકોનું પાલન કરવામાં ઉદ્યત છે અને સર્વ પ્રકારના દુઃખ આદિનો નાશ કરે છે. ત્યાં શંકા થાય કે ભગવાન તો વીતરાગ છે. વીતરાગને તો કોઈનું પાલન કરવાની કે કોઈના દુઃખનાશની ઇચ્છા પણ થતી નથી તો તેવી પ્રવૃત્તિ કઈ રીતે સંભવે ? આનું સમાધાન આપતાં સ્તવકાર આ ગાથામાં કહે છે કે, ભગવાન સ્વયં ભલે આ કાર્ય નથી કરતાં તો પણ તેમના પ્રભાવે જ આ કાર્ય થાય છે. કેમકે તેમના નામ માત્રનો પ્રભાવ પણ એવો છે કે તેને સાંભળતા જ તેમના પ્રત્યે ભક્તિવાળા દેવતાઓ ઉત્સાહિત થઈ દુઃખાદિનો નાશ કરે છે.

**ગાથા :**

**यस्येति नाम-मन्त्र-प्रधान-वाक्योपयोग-कृततोषा ।**
**विजया कुरुते जनहितमिति च नुता नमत तं शान्तिम् ।।६।।**

**અન્વય :**

(भो भव्याः !) यस्येति नाम-मन्त्र-प्रधान-वाक्योपयोग-कृततोषा ।
इति च नुता विजया जनहितं कुरुते तं शान्तिं नमत ।।६।।

**ગાથાર્થ :**

હે ભવ્ય જીવો ! જેના = જે શાંતિનાથ ભગવાનના, આ પ્રકારે કરાયેલા = પૂર્વ ગાથા ૨ થી ૫માં કરાયેલા, નામમંત્રવાળા શ્રેષ્ઠ વાક્યના પ્રયોગોથી સંતુષ્ટ થયેલી અને આ રીતે જેની સ્તુતિ કરાઈ છે તેવી વિજયાદેવી લોકોનું હિત કરે છે, તે શાંતિનાથ ભગવાનને તમે નમસ્કાર કરો.

**વિશેષાર્થ :**

**यस्येति नाम-मन्त्र-प्रधान[14]-वाक्योपयोग-कृततोषा[15] विजया कुरुते जनहितम्** -જેમના આ પ્રકારે (પૂર્વ ગાથા ૨ થી ૫માં) કરાયેલા

---

14. અહીં પ્રધાન શબ્દના 'મુખ્યતા' અને 'શ્રેષ્ઠ' એમ બે અર્થ થાય છે. વાક્યપ્રયોગનો અર્થ અહીં જાપ કરવાનો છે. તેથી नाम-मंत्र-प्रधान-वाक्योपयोग એટલે 'નામમંત્ર છે મુખ્ય જેમાં એવો જાપ' કે 'નામમંત્ર હોવાને કારણે જ જે શ્રેષ્ઠ છે તેવો જાપ' એવો અર્થ કરી શકાય.
15. नामैव मन्त्रः इति नाममन्त्रः । तेन प्रधानं (श्रेष्ठं) यद् वाक्यं (यद् वचनं) इति नाममन्त्रप्रधान-वाक्यं । तस्य उपयोगेन (उच्चारमात्रेण स्मरणेन वा) कृतः तोषः (चित्ते संतोषः) यस्याः सा नाममन्त्र-प्रधानवाक्योपयोग-कृततोषा । - શ્રીમદ્ હર્ષકીર્તિસૂરિનિર્મિત ટીકા

નામમંત્રવાળા શ્રેષ્ઠ વાક્યપ્રયોગોથી = જાપથી સંતુષ્ટ થયેલી, વિજયાદેવી લોકોનું હિત કરે છે.

વિજયાદેવી શાંતિનાથ ભગવાન ઉપર પરમ ભક્તિ અને આદર ધરાવે છે. આથી જ શાંતિનાથ ભગવાનના નામમંત્રથી[16] જે જાપ શ્રેષ્ઠ બને છે તેવો જાપ કરનાર સાધક ઉપર વિજયાદેવી સંતુષ્ટ થાય છે અર્થાત્ પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થયેલી વિજયાદેવી લોકોનું હિત કરે છે. તેમના ઉપર આવેલા ઉપદ્રવોનું નિવારણ કરે છે અને તેમને ધર્મ કરવા માટે અનુકૂળતાઓ કરી આપે છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવું કે, શાસનના અધિષ્ઠાયક દેવ-દેવીઓ પોતાની સ્તુતિથી પ્રસન્ન થાય છે તેવું નથી, પરંતુ તેમને જેમના પ્રત્યે આદર છે, જેમને તેઓ સ્વામી તરીકે સ્વીકારે છે, તે સ્વામીના નામનો જે વ્યક્તિ જાપાદિ કરે છે, તે વ્યક્તિ ઉપર તેઓ શીઘ્ર પ્રસન્ન થાય છે, પરંતુ પોતાના સ્વામીની ઉપેક્ષા કરી જેઓ તેમની ભક્તિ કરે છે, તેમના ઉપર તેઓ પ્રસન્ન થતા નથી.

**इति च नुता** - અને આ પ્રમાણે સ્તવાયેલી (વિજયાદેવી)

इति એટલે 'આ પ્રમાણે' અને नुता એટલે 'સ્તવાયેલી'. नुता શબ્દ વિજયાદેવીનું વિશેષણ છે. તેથી इति च नुता એટલે 'આ પ્રમાણે સ્તવાયેલી વિજયાદેવી'[17]

આ ગાથાનો સામાન્ય શબ્દાર્થ જોતાં એવું લાગે કે ગાથામાં વિજયાદેવીની કોઈ સ્તુતિ કરાઈ નથી. અહીં તો नमत तं शान्तिम् દ્વારા શાન્તિનાથ ભગવાનની સ્તુતિ કરી છે, તો 'આ પ્રમાણે સ્તવાયેલી વિજયાદેવી' એવું કેમ લખ્યું હશે ? શબ્દો માત્રને આશ્રયીને વિચાર કરીએ તો આ વાત સાચી લાગે કે અહીં વિજયાદેવીની સ્તુતિ કરાઈ નથી. પરંતુ 'इति' શબ્દના ગર્ભિત અર્થને ઊંડાણથી જોવા પ્રયત્ન કરીએ તો અહીં કેવી રીતે વિજયાદેવી સ્તવાયેલી છે તે ખ્યાલમાં આવી શકે.

---

16. ગાથા ૨ થી ૫માં કુલ ૧૬ નામમંત્રો આવ્યા છે.
દા.ત. ॐ नमो नमः भगवते श्री शांतिनाथाय नमः । -પ્રબોધટીકા ભાગ-૨ની આવૃત્તિ-૧ જોવી

17. જેમ इति च नुता નો આવો અર્થ થાય કે, પ્રભુના નામમંત્રના પ્રયોગથી ખુશ થનારી અને એ રીતે સ્તવાયેલી વિજયાદેવી તેમ इति च नुता નો બીજો અર્થ એવો પણ થઈ શકે કે, આ રીતે એટલે આ પછીની ગાથા ૭ થી ૧૫માં જે રીતે વિજયાદેવીની સ્તુતિ કરાઈ છે તે રીતે સ્તવાયેલી વિજયાદેવી. વિશેષ નિર્ણય બહુશ્રુતોને આધીન છે.

'इति' = આ પ્રમાણે સ્તવાયેલી એટલે ગાથાના પ્રથમ પદમાં કહ્યું કે 'પ્રભુનું નામ સાંભળી સંતુષ્ટ થયેલી વિજ્યાદેવી' એ પ્રમાણે સ્તવાયેલી; આ વિશેષણમાં જ તેમની વિશિષ્ટ સ્તવના સમાયેલી છે.

સ્તવના કરવાનો આ એક વિશેષ પ્રકાર છે. વિજયાદેવીના ઔદાર્ય, સંઘ-વાત્સલ્ય આદિ ગુણોની અહીં કોઈ સ્તુતિ કરી નથી. અહીં તો તેમનો પ્રભુના નામ-શ્રવણ માત્રથી ઉલ્લસિત થઈ જવાનો અતિ આદરણીય ગુણ ગર્ભિત રીતે સ્તવાયો છે. આમાં જ તેમની ગુણાનુરાગિતાના દર્શન થાય છે. શાંતિનાથ ભગવાન અનંત ગુણના સ્વામી છે. તેથી જ વિજયાદેવીને તેમના પ્રત્યે તીવ્ર અનુરાગ છે. સમ્યગ્ દર્શનની શુદ્ધિ વિના પ્રભુના વિશેષ ગુણોની ઓળખ પણ થતી નથી તો અનુરાગની તો વાત જ ક્યાં રહે ? નિર્મળ એવા સમ્યગ્દર્શનના કારણે જ વિજયાદેવી પ્રભુનું નામ માત્ર સાંભળતાં હર્ષિત થઈ જાય છે. આ એક ભક્તની પરાકાષ્ઠા છે. પ્રભુ વીરે જેમને ધર્મલાભ પાઠવેલો તે સૌભાગ્યશાલિની સુલસા શ્રાવિકામાં પણ આ વિશિષ્ટ ગુણ હતો. તેઓ પણ વીરપ્રભુનું નામ સાંભળતાં રોમાંચિત બની જતા અને તેમનું હૃદય આનંદથી છલકાઈ જતું. લોકોત્તર દૃઢ શ્રદ્ધાનું જ આ પરિણામ હોય છે.

અહીં જેમ 'इति'નો આવો વિશિષ્ટ અર્થ કર્યો છે તેમ ગાથા નં. ૧૫ કે જે વિજયાદેવીની સ્તુતિ સ્વરૂપ નવરત્નમાલાની છેલ્લી ગાથા છે, તેમાં પણ 'एवं यन्नामाक्षर-पुरस्सरं संस्तुता जयादेवी...' પદો દ્વારા પુનઃ આ જ વાત દોહરાવાઈ છે. ત્યાં પણ અંતમાં એમ કહેવામાં આવશે કે, 'શાંતિનાથ ભગવાનના નામ લેવાપૂર્વક જ સ્તવાયેલી જયાદેવી.' તેની વિશેષ સમજ તે જ ગાથામાં મેળવીશું.

**नमत तं शान्तिम्** - તે શાંતિનાથ ભગવાનને તમે નમસ્કાર કરો.

જે શાંતિનાથ ભગવાનનું નામ પણ એટલું પ્રભાવક છે કે તે નામપૂર્વકના મંત્રો સાંભળીને વિજયાદેવી ખેંચાઈને આવે છે અને સંઘનું હિત કરે છે, તે શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"પ્રભુનો કે પ્રભુના વચનની સેવનાનો તો અચિન્ત્ય મહિમા છે જ પણ પ્રભુના નામનો પણ કેવો મહિમા છે કે માત્ર તેમના નામનો જાપ કરવાથી પણ દેવી ખુશ થઈ આપણી સર્વ કામનાઓ સિદ્ધ કરે છે."*

**અવતરણિકા :**

પૂર્વે છટ્ઠી ગાથામાં જણાવ્યું કે શાંતિનાથ ભગવાનના નામમંત્રથી પ્રસન્ન થયેલી વિજયાદેવી સંઘની આપત્તિ ટાળે છે. તેથી ફલિત થાય છે કે, શાંતિનાથ ભગવાનના નામમંત્રનો પણ એવો પ્રભાવ છે કે તેનાથી જ અભિષ્ટ કાર્યો સિદ્ધ થઈ જાય. તોપણ પ. પૂ. માનદેવસૂરિ મ.સા. હવેની **ગાથા ૭ થી ૧૫માં** કાર્યસાધિકા વિજયાદેવીની પ્રસંગોચિત સ્તુતિ કરે છે.

આ નવ ગાથાઓને નવ રત્નમાલા કહેવાય છે. તેમાં ગાથા ૭ થી ૧૧ સુધીનો પહેલો વિભાગ નામસ્તુતિનો છે. ગાથા ૧૨ થી ૧૫ સુધીનો બીજો વિભાગ અક્ષર સ્તુતિનો છે. પહેલા વિભાગમાં દેવીને સંઘ માટે મંગલ કરનારા કાર્ય કરવા પ્રેરણા કરાઈ છે.

**ગાથા :**

**भवतु नमस्ते भगवति ! विजये ! सुजये ! परापरैरजिते ! ।**
**अपराजिते ! जगत्यां जयतीति जयावहे ! भवति ! ।।७।।**

**અન્વય :**

भगवति ! विजये ! सुजये ! परापरैरजिते ! ।
अपराजिते ! जगत्यां जयतीति जयावहे ! भवति ! ते नमो भवतु ।।७।।

**ગાથાર્થ :**

હે ભગવતિ !, હે વિજયા ! હે સુજયા ! પર કે અપર દેવો વડે નહિ જિતાયેલી હે અજિતા ! હે અપરાજિતા ! (તમે) જગતમાં જય પામો છો. એથી કરીને હે જયાવહા ! હે હાજરાહજુર દેવી ! આપને નમસ્કાર હો.

**અથવા**

હે ભગવતિ ! હે વિજયા ! હે સુજયા ! હે અજિતા ! હે અપરાજિતા ! તમે જગતમાં પર અને અપર મંત્રો વડે જય પામો છો. એથી કરીને જ હે જયાવહા ! હે સાક્ષાત્ થનારી દેવી ! તમને નમસ્કાર હો.

**વિશેષાર્થ :**

હવે પછીની ગાથાઓ બોલતાં માનસપટ ઉપર એક ચિત્ર ઉપસ્થિત થવું જોઈએ. તેમાં પ્રભુવીરની ૧૯મી પાટે બિરાજમાન પરમ શાસન પ્રભાવક પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મ.સા. દૃશ્યમાન થવા જોઈએ અને સાથે જ તેમની સેવામાં હાજરાહજુર રહેતી, તેમની પરમ ભક્ત એવી ચાર દેવીઓ પણ બુદ્ધિ પ્રત્યક્ષ થવી જોઈએ. આ દૃશ્ય ઉપસ્થિત થતાં જ આપણને થવું જોઈએ કે અત્યંત નિઃસ્પૃહી અને આત્મકલ્યાણમાં ઓતપ્રોત રહેનારા એવા પણ આ આચાર્ય ભગવંતને સંઘના પ્રત્યેક અંગની આરાધના નિર્વિઘ્ને થાય તેની કેટલી ચિંતા છે ? શાસન કે સંઘ કોઈ આપત્તિમાં આવી જાય, તેમની આરાધનામાં ખલેલ પહોંચે ત્યારે સંઘહિતચિંતક આચાર્ય ભગવંત દૈવિક શક્તિનો ઉપયોગ કરીને પણ સંઘને આપત્તિમાંથી ઉગારવા પ્રયત્ન કરે છે. દેવીને તેમની શક્તિઓનું સ્મરણ કરાવી સંઘની ભક્તિ કરવા પ્રોત્સાહિત કરે છે અને સાથે જ તેમનો ક્યાંય પણ પરાજય ન થાય તેવા આશીર્વાદ પણ આપે છે.

**भवतु नमस्ते** - (હે વિજયાદેવી !) તમને નમસ્કાર હો !

આ પદો દ્વારા વિજયાદેવીને નમસ્કાર કરવામાં આવ્યો છે. સામાન્યથી 'नमस्' અવ્યયનો સામાન્ય અર્થ નમસ્કાર છે અને નમસ્કાર એટલે આદર અને બહુમાનને સૂચિત કરતી ક્રિયા. તેથી ઉપલક દૃષ્ટિથી ભલે એવું લાગે કે પ. પૂ. માનદેવસૂરિ મ.સા. શાંતિનાથ પ્રભુની સેવામાં સતત હાજર રહેનારી, પ્રભુની તથા પોતાની પરમ ભક્તા એવા વિજયાદેવીને નમસ્કાર કરી રહ્યા છે. પરંતુ વાસ્તવમાં 'नमस्' એ નિપાત અવ્યય છે. તેના અનેક અર્થો થાય છે. અહીં આ અવ્યયના પ્રયોગ દ્વારા વિજયાદેવી પ્રત્યે આદર-બહુમાન વ્યક્ત કરવામાં આવ્યો છે. સૂત્રકાર સૂરીશ્વરજી જણાવે છે કે, "હે વિજયાદેવી ! તમો સંઘ સુરક્ષા, શાસનસેવાના કે સંયમીની વૈયાવચ્ચ આદિના જે કાર્ય કરો છો તેના કારણે મને તમારા પ્રત્યે માન છે, સદ્ભાવ છે. તમારા આ કાર્યની હું ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું. આ સ્વરૂપે હું તમોને નમસ્કાર કરું છું."

**જિજ્ઞાસા :** છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકમાં રહેલા પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજા શું ચોથા ગુણસ્થાનકમાં રહેલા દેવીને નમસ્કાર કરી શકે ?

**તૃપ્તિ :** સામાન્યથી તો એવું જ કહેવું પડે કે ના ! એક આચાર્યથી ચોથા ગુણસ્થાનકવાળા દેવ-દેવીને નમસ્કાર ન કરાય. પરંતુ જૈનશાસન એકાંતવાદી

નથી. તે કોઈપણ વસ્તુની રજૂઆત અનેક મુદ્દાઓને લક્ષ્યમાં લઈને કરે છે. ગીતાર્થ એવા પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજાએ અહીં જે નમસ્કાર કર્યો છે, તે માત્ર તેમના પ્રત્યેના આદરભાવને વ્યક્ત કરતાં શબ્દો ઉચ્ચારવારૂપ જ છે. વળી, જયાદેવીના અવિરતિકૃત કાર્યો પ્રત્યે આચાર્ય ભગવંત બહુમાન વ્યક્ત નથી કરતા, પરંતુ અવિરતિધર એવી પણ આ સમ્યગ્દૃષ્ટિ દેવી જે રીતે શાસનસેવા કરે છે, વૈયાવચ્ચ કરે છે, તે વિશેષ કાર્યોની અનુમોદના વ્યક્ત કરતો આ નમસ્કાર છે. આમ આ નમસ્કાર વંદનાત્મક નથી પણ શાસનસેવાના કાર્યની અનુમોદના સ્વરૂપ છે.

આવો નમસ્કાર પરમ ઔચિત્યનું દર્શન કરાવે છે. જેઓ પણ આપણી સાધનામાં સહાયક થતાં હોય, શુભભાવની નિષ્પત્તિમાં જે જે ઉપકારીઓનું યોગદાન હોય તેઓને સ્મરણમાં લાવવા, તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવો, કૃતજ્ઞતા દર્શાવવી, એ આપણું ઔચિત્ય છે.

સમ્યગ્દૃષ્ટિ દેવો મોક્ષમાર્ગની સાધનામાં સહાયક બને તેવું વાતાવરણ સર્જવામાં, ચિત્તની પ્રસન્નતા કે મનની સ્વસ્થતાના સાધનો પૂરા પાડવામાં જરૂર સહાય કરે છે. વળી, તેમના સ્મરણથી શાસનદ્વેષી દેવોથી થયેલા ઉપદ્રવો આદિ શમે છે અને સાધના નિર્વિઘ્ન બને છે, માટે તેમનું સ્મરણ, તેમના સત્કાર્યનું અનુમોદન યોગ્ય છે.

હવે કોને નમસ્કાર કરવાના છે, તે જણાવે છે :

**भगवति !** - હે ભગવતી ! (તમને નમસ્કાર હો.)

'ભગવાન' શબ્દનું સ્ત્રીલિંગ રૂપ 'ભગવતી' થાય છે. અહીં સ્તવકારે વિજયાદેવીને ભગવતી ! તરીકે સંબોધ્યા છે. ભગવતી એટલે જ્ઞાન, માહાત્મ્ય, રૂપ, યશ, વીર્ય, પ્રયત્ન આદિવાળા હે દેવી !

**જિજ્ઞાસા :** 'ભગ' શબ્દના અર્થો તો તીર્થંકર પરમાત્મામાં ઘટે છે, તેથી તેમને જ ભગવાન તરીકે સંબોધાય છે. તેમના જેવું જ વિશેષણ દેવી માટે કેવી રીતે વપરાય ?

**તૃપ્તિ :** વાત સાચી છે 'ભગ' શબ્દના જ્ઞાનાદિ અર્થોની પરાકાષ્ઠા તો અરિહંત પરમાત્મામાં જ હોય છે. આમ છતાં વિજયાદેવીમાં પણ સામાન્ય જનસમૂહ કરતાં કાંઈક વિશેષ જ્ઞાન, માહાત્મ્ય, રૂપ આદિ ગુણો જોવા મળે છે તેથી જેમ થોડા

ધનવાળી પણ વ્યક્તિ ધનવાન કહેવાય છે. તેમ લોક કરતાં વિશેષ પ્રકારનાં જ્ઞાન, રૂપ આદિના કારણે દેવીને 'ભગવતી' કહેવામાં દોષ નથી.

આવા સંબોધનથી સ્તવકારે વિજયાદેવીનો પુણ્ય પ્રભાવ અને શાસન સેવા માટે ઉપયોગી બળ અને પ્રયત્ન કેટલા વિશિષ્ટ છે તે જણાવ્યું છે. પુનઃ એટલું ખાસ લક્ષ્યમાં રાખવું કે પૂ. માનદેવસૂરીશ્વરજી મ.સા ને દેવીના રૂપ કે ઐશ્વર્યાદિ માટે માન નથી, પરંતુ તેમની શાસનની સેવા-ભક્તિ-કરવાની શક્તિ પ્રત્યે ચોક્કસ આદર છે. તેથી આવી શક્તિને આશ્રયીને જ અહીં તેમને 'ભગવતિ' તરીકે સંબોધ્યા છે.

**विजये !** - હે વિજયા ! (તમને નમસ્કાર હો.)

જૈનશાસનની ઉન્નતિને સહન નહિ કરી શકનાર લોકો જ્યારે જ્યારે શાસન ઉપર આક્રમણ કરે છે ત્યારે ત્યારે વિજયાદેવી તેને ખાળવામાં ક્યાંય પાછા પડ્યા નથી, કોઈનાથી હારી ગયા નથી. આથી સ્તવકારે તેમને 'વિજયે' ! કહીને સંબોધ્યા છે.

**सुजये !** - હે સુજયા ! (તમને નમસ્કાર હો.)

જયાદેવી માત્ર વિજયને વરેલા છે તેમ નહિ; પરંતુ તેમનો જય ન્યાય-નીતિપૂર્વકનો હોય છે. કાયર પુરુષની જેમ તેમણે જીત મેળવવા ક્યાંય અન્યાય-અનીતિનો સહારો લીધો નથી. વીર પુરુષને છાજે તેવો તેમનો જય છે. શત્રુઓ ઉપર જય મેળવ્યા પછી પણ કીર્તિ, પ્રતિષ્ઠા, પ્રભાવ, પ્રતાપની વૃદ્ધિ થાય જ એવું નથી હોતું જ્યારે વિજયાદેવીનો ન્યાયપૂર્વકનો જય સર્વત્ર આદરપાત્ર બન્યો છે. આથી તેમને विजये ! તરીકે સંબોધ્યા પછી સ્તવકાર તેમને सुजये ! તરીકે પણ સંબોધે છે.

**परापरैरजिते**[18] - અન્ય દેવો વડે નહિ જિતાયેલી એવી હે અજિતા ! (તમને નમસ્કાર હો.)

परापरैः એટલે પ્રકૃષ્ટ એવા અન્ય દેવો વડે. વિજયાદેવી ક્યારેય અન્ય દેવોથી જિતાયેલી નથી માટે જ તેમને અજિતા કહી નમસ્કાર કરવામાં આવ્યો છે.

---

18. 'परापरैः' નો અન્વય જેમ ઉપર પરાપરૈઃ અજિતા જોડે કર્યો તેમ 'પરાપરૈઃ' શબ્દને जयति इति जयावहे સાથે જોડી તેનો અન્વય जगत्यां परापरैः जयति इति जयावहे એ રીતે પણ થઈ શકે. આ રીતે અર્થ કરીએ તો પ્રબોધટીકા પ્રમાણે પરાપરૈઃ એટલે પર અને અપર મંત્રોના રહસ્ય વડે વિજયાદેવી જગતમાં જય પામે છે, એથી કરીને જ એ જયાવહા છે એવો અર્થ થાય.

**अपराजिते**[19] - હે અપરાજિતા ! (તમને નમસ્કાર હો.)

વિજયાદેવીને વળી અપરાજિતા તરીકે સંબોધન કરી એમ સૂચવવામાં આવ્યું છે કે, તેઓ ક્યારેય કોઈથી પરાભવ કે તિરસ્કાર નથી પામતા.

**જિજ્ઞાસા :** દેવીને સંબોધન કરતાં વિજયે, સુજયે, અજિતે અને અપરાજિતે આ ચારે શબ્દો એકાર્થક હોવા છતાં આ ચાર અલગ-અલગ શબ્દોનો પ્રયોગ શા માટે કર્યો છે ?

**તૃપ્તિ :** અપેક્ષાએ આ વાત યોગ્ય છે કે આ ચારે શબ્દો એકાર્થવાચી છે, છતાં પણ ચારેમાં વિશેષતા પણ છે. **'વિજયા'** શબ્દ તેમણે શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે તેમ સૂચવે છે તો **'સુજયા'** તેમને ન્યાય નીતિપૂર્વક જય મેળવ્યો તેમ સૂચવે છે. **'અજિતા'** શબ્દ એ જણાવે છે કે તેઓએ અકારણ ક્યારેય શત્રુ ઉપર હલ્લો કર્યો નથી. પરંતુ કોઈએ જ્યારે પણ આક્રમણ કર્યું ત્યારે તેઓ કોઈના વડે જિતાયા નથી. વળી, **'અપરાજિતા'** એટલે તેમનો પુણ્યપ્રભાવ પણ એવો છે કે કોઈનાથી તેઓનો પરાભવ કે તિરસ્કાર આદિ થતા નથી. આ રીતે ચારેય શબ્દો કાંઈક વિશેષતા પણ જણાવે છે.

**અથવા**

પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજાની સેવામાં જયા, વિજયા, અજિતા અને અપરાજિતા, આ ચાર દેવીઓ સતત હાજર રહેતી હતી. ઉપદ્રવ નિવારણનું કાર્ય મુખ્યપણે વિજયાદેવીને સોંપવામાં આવ્યું હતું. આમ છતાં પણ જયાદેવીના વિશેષણો દ્વારા ગર્ભિત રીતે આ ચારેય દેવીઓને યાદ કરવામાં આવી હોય તેમ જણાય છે અને ભગવતી, જયાવહે અને ભવતિ એ ત્રણ વિશેષણો ચારે દેવીઓ માટે છે છતાં આ અંગે વિશેષજ્ઞો વિચારે.

---

19. અહીં વિજયાદેવી માટે સુજયા, અજિતા અને અપરાજિતા વિશેષણો વાપરી પૂ. માનદેવસૂરિ મ.સા.એ એક જ દેવીને સંબોધન કરીને તેમની સાંન્નિધ્યમાં રહેતી પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચારે દેવીઓને સૂચિત કરી છે. અથવા
ચાર દેવીઓના આ જુદા જુદા સંબોધન છે તેમ માનીએ તો ભગવતી, જયાવહા અને ભવતિ એ ત્રણ પદો ચારે માટે વિશેષણરૂપ બને. કોઈ પ્રત્યે અત્યંત બહુમાન દર્શાવવા પણ આ રીતે અલગ અલગ વિશેષણો પૂર્વક સંબોધન કરાય છે.

**जगत्यां**[20] **जयतीति**[21] **जयावहे** - (હે દેવી ! તમો) જગતમાં જય પામો છો એથી કરીને જ (તમે જયાવહા છો. તેથી) હે જયાવહા ! (તમને નમસ્કાર હો.)

વિજયાદેવી સંપૂર્ણ જગતમાં જય પામે છે. વળી, તેઓ શાંતિનાથ ભગવાનના ભક્તોને પણ જય પમાડે છે. તેથી તેમને જયાવહા ! તરીકે પણ સંબોધ્યા છે.

**भवति** - સાક્ષાત્ થનારી હે દેવી ! (તમને નમસ્કાર હો.)

જે સાધક વિજયાદેવીનું સ્મરણ કરે છે તે સાધકને આ દેવી હાજરાહજૂર થાય છે. તેથી અહીં દેવી માટે 'भवति' અર્થાત્ સાક્ષાત્ થનાર એવું સંબોધન વાપર્યું છે.

**અવતરણિકા :**

વિવિધ વિશેષણો દ્વારા વિજયાદેવી પ્રત્યે આદર વ્યક્ત કરીને, હવે પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજા જગત-મંગલ-કવચની રચના કરવાપૂર્વક દેવીને સંઘાદિનું હિત કરવા પ્રેરણા કરે છે. અથવા તેઓ સંઘાદિના રક્ષણના કાર્યમાં ઉત્સાહિત થઈ પ્રવૃત્તિ કરે તે રીતે તેમને સંબોધે છે.

**ગાથા :**

**सर्वस्यापि च सङ्घस्य भद्र-कल्याण-मङ्गल-प्रददे !**
**साधूनां च सदा शिव-सुतुष्टि-पुष्टि-प्रदे जीयाः ।।८।।**

**અન્વય :**

सर्वस्य अपि च सङ्घस्य भद्र-कल्याण-मङ्गल-प्रददे !
साधूनां च सदा शिव-सुतुष्टि-पुष्टि-प्रदे (त्वं) जीयाः ।।८।।

---

20. जगति - શિલ્પ વિષયક શાસ્ત્રોમાં આ શબ્દનો અર્થ સમવસરણની બાજુના પરસાળનો ભાગ થાય છે કે જ્યાં ચાર દેવીઓ દ્વારપાલિકા તરીકે સેવા કરે છે.

21. इति - જે કારણથી વિજયાદેવી જય પામે છે તે કારણથી તેને જયાવહા કહેવાય છે અથવા इति વાક્યની સમાપ્તિ સૂચક છે.

**ગાથાર્થ :**

સકળ પણ સંઘને પ્રકર્ષથી ભદ્ર, કલ્યાણ અને મંગલ આપનારા અને સાધુઓને સદા પ્રકર્ષથી શિવ = નિરુપદ્રવતા, સુતુષ્ટિ = ચિત્તસંતોષ અને પુષ્ટિ = ધર્મકાર્યની કે ગુણોની વૃદ્ધિ આપનારા હે દેવી ! તમે જય પામો.

**વિવેચન :**

**सर्वस्यापि[22] च सङ्घस्य भद्र-कल्याण-मङ्गल-प्रददे[23]!** - સકલ પણ સંઘને ભદ્ર, કલ્યાણ અને મંગલ આપનારી (હે દેવી ! તમે જય પામો.)

સ્તવકાર સૌ **પ્રથમ** કહે છે, *"હે ! જયાદેવી ! તમે સકળ સંઘનું ભદ્ર, કલ્યાણ અને મંગલ કરનારા છો."* સંઘનો[24] અર્થ છે સમુદાય. શાસ્ત્રીય પરિભાષામાં જિનેશ્વરની આજ્ઞાને શિરોમાન્ય કરતા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાના સમુદાયને સંઘ કહેવાય છે. આવા પ્રકારના સંઘ પ્રત્યે વિજયાદેવીને અત્યંત આદર છે. આ જ કારણથી તેઓ સંઘનું ભદ્રાદિ કરે છે.

ભદ્ર, કલ્યાણ અને મંગલ આ ત્રણે શબ્દો સામાન્યથી સુખના પર્યાયવાચી શબ્દો છે. તો પણ તેના વિશેષ અર્થ આ પ્રકારે થઈ શકે છે. **ભદ્ર**[25] એટલે સૌખ્ય અર્થાત્ વિજયાદેવી અવસરે અવસરે શ્રીસંઘને સુખ સામગ્રી પૂરી પાડવા દ્વારા સંઘનું ભદ્ર

---

22. सर्वस्यापि - સર્વ પણ સંઘને એવો પ્રયોગ કરવા દ્વારા 'પણ' શબ્દથી સ્તવકર્તાએ સકળ સંઘ = ચતુર્વિધ સંઘને ગ્રહણ કર્યો છે.

23. આ ગાથામાં દેવીની વિવિધ નામો વડે સ્તુતિ કરવાની સાથે પૂજ્ય માનદેવસૂરિમ.સા.પોતાની આખા જગતનું હિત કરવાની ભાવના વ્યક્ત કરતા 'જગત-મંગલ-કવચ'ની રચના પણ કરી છે. કવચનો સામાન્ય અર્થ 'બખ્તર' કે રક્ષણનું સાધન થાય છે. મસ્તક, વદન, કંઠ, હૃદય, હાથ અને પગ આ છ અંગના રક્ષણ માટે કવચ ધારણ કરવામાં આવે છે. મંત્ર સાધનામાં કવચનો અર્થ 'સર્વ અંગોનું રક્ષણ કરનારી સ્તુતિ' એવો થાય છે. મંત્ર સાધનામાં કવચ અતિ અગત્યની વસ્તુ છે. જુદા જુદા દેવતાઓને આશ્રયીને કવચો પણ જુદા જુદા પ્રકારના હોય છે.
જગત-મંગલ-કવચની રચના કરતાં સૌ પ્રથમ સ્તવકારે **મસ્તક** સ્થાનીય શ્રી **સંઘ**નું સ્મરણ કર્યું છે. કેમ કે, આ સ્તવની રચનાનો મુખ્ય ઉદ્દેશ પણ સંઘ ઉપર આવેલી આપત્તિ ટાળવાનો હતો.

24. 'आणाजुत्तो संघो सेसो पुण अट्ठिसंघाओ' ભગવાનની આજ્ઞાયુક્ત હોય તે જ સંઘ કહેવાય છે. આજ્ઞાને બાજુ ઉપર મૂકી માત્ર શ્રાવક-શ્રાવિકા કે સાધુ-સાધ્વીનું લેબલ લઈને ફરનાર સંઘ નથી, પણ હાડકાનો માળો છે. - સંબોધસત્તરી + યોગવિંશિકાની ટીકા.

25. भद्रं सौख्यं, कल्याणं नीरोगित्वं, मङ्गलं दुरितोपशामकम् । - લઘુશાંતિ સ્તવ ટીકા.

કરે છે. **કલ્યાણ** એટલે નિરોગીપણું. જગતના જીવો ક્ષયાદિ દ્રવ્ય રોગથી અને રાગ, દ્વેષ વગેરે ભાવ રોગથી રીબાઈ રહ્યા છે. શ્રીસંઘમાં આવા કોઈપણ પ્રકારના રોગોના વિશેષ ઉપદ્રવો થાય ત્યારે દેવી તેને શમાવવા ખાસ પ્રયત્ન કરે છે માટે તેઓ શ્રીસંઘનું કલ્યાણ કરનારા પણ છે. વળી, **મંગલ** એટલે દુ:ખ, દુરિત કે વિઘ્નોનો નાશ. શ્રીસંઘમાં કોઈપણ પ્રકારના દુ:ખ, દુરિત કે વિઘ્નો ઊભા થાય ત્યારે દેવી તે તે દુરિતનો નાશ કરવા પણ હાજરાહજૂર થાય છે, માટે તેઓને શ્રીસંઘનું મંગળ કરનારા પણ કહેવાય છે.

ભદ્ર, કલ્યાણ કે મંગળ જો કે પોતાના પુણ્ય અને પુરુષાર્થને આધીન છે, તો પણ તેવા પ્રકારના પુરુષાર્થમાં અને પુણ્યનો ઉદય કરાવવામાં દેવીની સહાય પણ અમુક અંશે ઉપકારક બને છે, માટે અહીં દેવીને ભદ્રાદિને કરનારા કહ્યા તેમાં કોઈ દોષ નથી.

**साधूनां[26] च सदा शिव-सुतुष्टि-पुष्टि-प्रदे** - અને સાધુ-સાધ્વીજી ભગવંતોને હંમેશા શિવ, સંતોષ અને ધર્મની વૃદ્ધિ કરનારી (એવા હે દેવી ! તમે જય પામો.)

સ્તવકાર આ શબ્દો દ્વારા કહે છે કે, *"હે વિજયાદેવી ! શ્રીસંઘનું તો તમે ભદ્ર, કલ્યાણ આદિ કરો છો અને તેમાં પણ સંઘમાં જેઓ મુખ્ય સ્થાને રહેલા છે, જેઓ પ્રતિપળ મોક્ષની સુંદર સાધના કરી સંયમ જીવનનો નિર્વાહ કરી રહ્યા છે તેવા સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોનું તો તમો સવિશેષ શિવ કરો છો. તેમને સંતોષ આપો છો અને તેમને ગુણવૃદ્ધિ કરવામાં સહાયક બનો છો."*

શિવનો અર્થ છે નિરુપદ્રવતા. સંયમની સાધનામાં આવતા કોઈપણ ઉપદ્રવોને દેવી દૂર કરે છે. તેમને જેવી ખબર પડે કે, આ સાધુ કે સાધ્વીને કોઈ દેવ કે મનુષ્યથી ઉપદ્રવ થઈ રહ્યો છે તેવા તેઓ તરત જ ત્યાં પહોંચી જાય છે અને તેમના ઉપદ્રવોને દૂર કરી સાધુઓની સંયમસાધનામાં સહાયક બને છે.

વળી, દેવી સાધુઓને સુતુષ્ટિ એટલે સમ્યગ્ પ્રકારનો ચિત્તનો સંતોષ પણ આપે છે. સુંદર સંયમપાલનની ઉત્કટ ભાવનામાં ઝીલતા સંયમી આત્માઓને

26. મંત્રશાસ્ત્ર પ્રમાણે જગત-મંગલ-કવચની રચનામાં **સાધુ -સાધ્વીરૂપ શ્રમણ સમુદાયથી વદન =** મુખને ગ્રહણ કરવાનું છે.

પોતાની સંયમયાત્રા સુંદર ચાલે તેમાં જ આનંદ ઉત્સાહ અને સંતોષ હોય છે. આમ છતાં ક્યારેક પ્રતિકૂળ પરિસ્થિતિ કે નબળા નિમિત્તો તેમના મનને વિહ્વળ બનાવી દે છે, ઉત્તમ મનોરથો પીંખી નાંખે છે અને શુભ સંકલ્પો ભાંગીને ભુક્કો કરી નાંખે છે. તેવા સમયે સ્મરણ કરાયેલ વિજયાદેવી અનુકૂળ વાતાવરણ ઊભું કરી સંયમી આત્માના ચિત્તને સંતોષ પમાડી તેમના મનને આનંદમાં રાખવાનો પ્રયત્ન કરે છે. તેથી તેઓને **સુતુષ્ટિદા** કહેવાય છે.

વળી, મુનિભગવંતોને દેવી પુષ્ટિ આપનારા છે. પુષ્ટિનો અર્થ વૃદ્ધિ છે. જ્ઞાનાદિ ગુણોની કે ધર્મ કાર્યોની વૃદ્ધિ દેવી કરે છે. જોકે આત્મામાં પ્રગટનારા આ ગુણોનો વિકાસ સાધકે સ્વયં કરવો પડે છે. તોપણ આ ગુણોના વિકાસમાં અમુક સામગ્રી, સંયોગો કે વાતાવરણ સહાયક જરૂર બને છે. દેવી આ સર્વ વસ્તુ પૂરી પાડી ગુણવિકાસમાં જરૂર સહાય કરે છે. જેમકે જ્ઞાનગુણના વિકાસ માટે જરૂરી સદ્ગુરુ, સદ્ગ્રંથ, સાનુકુળ વાતાવરણ વગેરે સર્વ પૂરું પાડવા દેવી શક્ય સર્વ પ્રયત્ન કરે છે. આ રીતે તેઓ સંયમી આત્માની ગુણવૃદ્ધિ કરનારા બને છે તેથી તેમને **પુષ્ટિદા** કહેવાય છે.

**જીયાઃ** - (હે જયા દેવી) ! તમો જય પામો.

*"હે જયાદેવી ! જે જે સત્કાર્યનો આપ પ્રારંભ કરો તેમાં તમોને પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાઓ ! કોઈ નબળા તત્ત્વોથી આપ ક્યારેય પરાજય ન પામો !"* પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજા આવા શબ્દો દ્વારા જયાદેવીને જય પામવાના આશીર્વાદ આપી રહ્યા છે.

અહીં પ્રશ્ન થાય કે સંયમી આત્માઓ આ પ્રમાણે દેવીને શું આશીર્વાદ આપી શકે ? વિચારતાં લાગે છે કે સંઘાદિના સંરક્ષણરૂપ શુભ કાર્ય માટે આ રીતે આશીર્વાદ આપવા કે શુભ મનોકામના વ્યક્ત કરવી તે કોઈ રીતે અયોગ્ય જણાતું નથી. અવસરના જાણ આચાર્ય ભગવંત આવા અવસરે દેવીને આ રીતે વધુ સજાગ બનાવે તે યોગ્ય જ લાગે છે.

**અવતરણિકા :**

વિજયાદેવી શ્રીસંઘ તથા સાધુ ભગવંતો માટે શું કરે છે તે જણાવી હવે ભવ્ય પ્રાણીઓ માટે તે શું કરી શકે છે તે જણાવે છે :

**ગાથા :**

**भव्यानां कृतसिद्धे ! निर्वृति-निर्वाण-जननि सत्वानाम् ! ।**
**अभय-प्रदान-निरते ! नमोऽस्तु स्वस्ति-प्रदे तुभ्यम् ।।९।।**

**અન્વય :**

भव्यानां सत्वानाम् कृतसिद्धे ! निर्वृति-निर्वाण-जननि ! ।
अभय-प्रदान-निरते ! स्वस्ति-प्रदे ! तुभ्यं नमोऽस्तु ।।९।।

**ગાથાર્થ :**

ભવ્ય-પ્રાણીઓના કાર્યને સિદ્ધ કરનારી; નિર્વૃત્તિ એટલે શાંતિ અને નિર્વાણ એટલે પરમ પ્રમોદ, તેને પ્રાપ્ત કરાવનારી; અભયનું દાન આપવામાં તત્પર અને ક્ષેમને આપનારી એવી હે દેવી ! તમને નમસ્કાર હો.

**વિવેચન :**

**भव्यानां (सत्त्वानां)**[27] **कृतसिद्धे**[28] - ભવ્યજીવોના કાર્યોને સિદ્ધ કરનારી (હે વિજયાદેવી ! તમને નમસ્કાર હો !)

સાધુઓ માટે સંયમ સહાયક એવા વિજયાદેવીની વિશેષતાઓ જણાવીને હવે સ્તવકાર કહે છે કે, *"હે વિજયાદેવી ! તમો ભવ્ય પ્રાણીઓના સર્વ કાર્ય સિદ્ધ કરનારા છો."* ભવ્ય[29] એટલે મોક્ષગમનની યોગ્યતા ધરાવનાર જીવ. મોક્ષમાં

27. આ ગાથાનો અર્થ કરતાં भव्यानां सत्त्वानाम् આ બંને શબ્દો ભેગા લીધા છે. કેમકે ટીકાકારે પણ તે બન્ને શબ્દોને ભેગા લીધા છે અને વળી મૂળમાં 'च' નો પ્રયોગ ન હોવાથી આ વાત વધુ સંગત લાગે છે.
પ્રબોધ ટીકાકારે આ ગાથાનો અર્થ કરતા भव्यानाम् અને सत्त्वानाम् આ બંને શબ્દોને અલગ રાખ્યા છે. તેમણે ભવ્યથી ઉત્તમ પ્રકારના ઉપાસકો, સત્ત્વ શબ્દથી મધ્યમ કક્ષાના ઉપાસકો અને હવે પછી આવનાર भक्तानां जन्तूनाम् આ શબ્દથી કનિષ્ઠ કોટિના ઉપાસકોને ગ્રહણ કરેલ છે. મન્ત્ર શાસ્ત્ર પ્રમાણે કોઈપણ કામના વગર ભક્તિ કરનારા ઉત્તમ કોટિના ઉપાસકોને દિવ્ય કહેવાય છે. સત્ત્વશાળી પરંતુ સકામ ભક્તિવાળા મધ્યમ કોટિના ઉપાસકોને વીર કહેવાય છે; અને અતિ સકામ ભક્તિવાળા જઘન્ય કોટિના ઉપાસકોને પશુ કહેવાય છે. તેમાં અહીં દિવ્ય કક્ષાના ઉપાસકોને 'ભવ્ય' શબ્દથી ગ્રહણ કરવાના છે.
28. भव्यानां कृतसिद्धे - भव्यानां सत्त्वानां भविकप्राणिनां कृता सिद्धिः सर्वकार्येषु निर्विघ्नसमाप्तिः यया सा । तस्याः संबोधने - हे भव्यानां कृतसिद्धे । ભવ્ય પ્રાણીઓને સર્વ કાર્યમાં નિર્વિઘ્ને સમાપ્તિ જેના વડે કરાઈ છે તેવી હે દેવી !
29. અહીં જગત મંગલ કવચની રચનામાં **'ભવ્ય'** શબ્દથી **હૃદય** ગ્રહણ કરવાનું છે.

જવાની યોગ્યતા તો અનંતા જીવોની છે, પરંતુ જેઓ નજીકમાં મોક્ષમાં જવાના છે, તેવા જીવોને આસન્ન ભવ્ય જીવો કહેવાય છે. આ ગાથામાં 'ભવ્ય' શબ્દથી આસન્ન ભવ્ય જીવો ગ્રહણ કરવાના છે.

આવા જીવોની મુખ્ય ઇચ્છા આત્મહિત સાધવાની હોય છે. આત્મહિતના કોઈપણ કાર્યનો પ્રારંભ કરાય ત્યારે વિઘ્નોની સંભાવના રહે છે. વિઘ્નના એંધાણ દેખાતા સાધક શાસનભક્ત દેવોનું સ્મરણ કરે છે. યોગ્ય કાર્ય જણાતા દેવો હાજર પણ થાય છે અને સત્કાર્યમાં જે વસ્તુની જરૂર હોય તેને પૂરી પાડી તેઓ કાર્યસિદ્ધિમાં સહાયક બને છે. જેમ વિમલમંત્રીને મંદિર બાંધવા આરસની જરૂર પડી ત્યારે તેમણે અંબિકામાતાનું સ્મરણ કર્યું. મા અંબિકા ત્યાં પહોંચ્યા અને વિમલ મંત્રીના મનોરથો પૂર્ણ કર્યા. આ જ રીતે વિજયાદેવી પણ કોઈપણ ભવ્ય જીવોના સર્વ ઉચિત મનોરથોને પૂર્ણ કરવાનું કાર્ય કરે છે, માટે તેઓ **કૃતસિદ્ધા** પણ કહેવાય છે.

**निर्वृति-निर्वाण-जननि !**[30] શાંતિ અને પરમ આનંદને પ્રાપ્ત કરાવનારી (હે દેવી ! તમને નમસ્કાર હો.)

*"હે દેવી ! તમો ભવ્ય પ્રાણીઓને નિર્વૃત્તિ એટલે ચિત્તની શાંતિ અને નિર્વાણ એટલે મોક્ષ અથવા પરમ આનંદને પ્રાપ્ત કરાવનારા છો."*

દેવી શાસનના, સંઘના અને સંયમી આત્માઓની સુરક્ષા આદિના વિશિષ્ટ કાર્યો કરવાની સાથે સામાન્ય ભવ્ય જીવોના પણ મોક્ષમાર્ગમાં આવતા વિઘ્નોને વિદારવાનું કાર્ય કરે છે. સાધકને દૃઢ વિશ્વાસ હોય છે કે વિજયાદેવી વિઘ્નોને નક્કી દૂર કરશે આથી જ તેમનું સ્મરણ પણ ભવ્યજીવોના ચિત્તને સુખ આપે છે.

પરમાનંદરૂપ મોક્ષ જો કે સ્વપ્રયત્ન સાધ્ય છે. તેમાં કોઈનો પ્રયત્ન કામ લાગતો નથી. તો પણ તે પ્રયત્નમાં બળ પૂરું પાડવાનું કાર્ય નિમિત્તભાવે અન્ય વ્યક્તિ પણ કરી શકે છે. જેમ ખંધક મુનિના ૫૦૦ શિષ્યો, ગુરુના વચનના સહારે પ્રયત્ન કરી મોક્ષે ગયા છે. તેમ અનંતા જીવો ભગવાનના વચનના સહારે મોક્ષે ગયા છે. તો વળી અનંતા જીવો શુભ દ્રવ્ય, ક્ષેત્રાદિના આલંબને પણ મોક્ષે ગયા છે. આ રીતે જે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, વચન કે વ્યક્તિ મોક્ષમાર્ગમાં સહાયક હોય તેમને પણ

---

**30.** 'सत्वानां भव्यसत्त्वानां निर्वृतिनिर्वाणजननि' निर्वृतिश्चित्तसौख्यं निर्व्वाणं मोक्षं परमानन्दं वा जनयत्युत्पादयति या सा निर्वृतिनिर्व्वाणजननी तस्याः सम्बोधने धर्म्मे साहाय्यकरणात् परम्परया मोक्षमपि जनयति यदार्षं - सम्मदिट्ठि देवा दिन्तु समाहिं च बोहिं चेति वचनात् ।

મોક્ષ આપનારા કહેવાય છે. તેની જેમ વિજયાદેવી પણ મોક્ષમાર્ગની સાધના નિર્વિઘ્ને થઈ શકે તે માટે સહાયક સામગ્રી પૂરી પાડે છે. આથી તેઓને પણ **નિર્વૃત્તિદા** અને **નિર્વાણદા** કહેવાય છે.

**सत्वानां[31] अभय-प्रदान-निरते !** (ભવ્ય) જીવોને પ્રકર્ષથી અભયનું દાન કરવામાં તત્પર રહેનારી હે દેવી ! (તમોને નમસ્કાર હો.)

*"વળી, હે દેવી ! તમો ભવ્ય પ્રાણીઓને અભય[32] પણ આપનારા છો."* જીવ જ્યારે ભયભીત બન્યો હોય ત્યારે તેને જો પોતાનાથી વિશેષ શક્તિ ધરાવનાર વ્યક્તિની સહાય મળી જાય તો તે મહદ્ અંશે નિર્ભય બની શકે છે. વિજયાદેવી વિશિષ્ટ શક્તિસંપન્ન છે. તેથી તેમનું સ્મરણ કે તેમની હાજરી પણ ભય ઉત્પન્ન કરનારા દુષ્ટ દેવતાઓ આદિને દૂર કરે છે. આ રીતે વિજયા દેવી સાધકને નિર્ભય કરી તેને સાધના કરવામાં સહાય કરે છે. આથી જ તેમને **અભયદા** કહેવાય છે.

**नमोऽस्तु[33] स्वस्ति-प्रदे तुभ्यं** - પ્રકર્ષથી કલ્યાણને આપનારી હે દેવી ! તમોને નમસ્કાર હો.

*"વળી, હે દેવી ! તમો ભવ્ય પ્રાણીઓને પ્રકર્ષથી કલ્યાણ આપનારા છો."* કલ્યાણનો અર્થ સુખ અને નિરોગીપણું છે. જેમ દેવી સંઘ અને શ્રમણ ભગવંતોનું કલ્યાણ કરે છે, તેમ ભવ્ય જીવોનું પણ તેઓ કલ્યાણ કરે છે, માટે અહીં **સ્વસ્તિપ્રદા** તરીકે દેવીને સંબોધી તેમને નમસ્કાર કરવામાં આવ્યો છે.

આ ગાથા બોલતાં સાધક પ્રાર્થના કરે કે

*"હે દેવી ! આપ ભવ્ય પ્રાણીઓના કાર્યને સિદ્ધ કરી તેમને શાંતિ આદિ આપો છો; પણ મારી તો એવી યોગ્યતા નથી કે એવું*

---

31. જગત-મંગલ-કવચની રચનામાં **'સત્ત્વ'**થી **હાથ**ને ગ્રહણ કરવાના છે; અને વળી જેમ 'ભવ્ય' શબ્દથી દિવ્ય એવા ઉત્તમ ઉપાસકો ગ્રહણ કર્યા તેમ 'સત્ત્વ' થી વીર એવા મધ્યમ કક્ષાના ઉપાસકો ગ્રહણ કરવાના છે.
અહીં દેવી તરીકે જયાદેવીને ગ્રહણ કરવાની છે. પ્રબોધટીકામાં વિજયા-જયા એમ બે દેવીઓનો ઉલ્લેખ છે. ક્યાંક શાંતિદેવી તરીકે પણ ઉલ્લેખ મળે છે. તો વળી શ્રી શાંતિનાથ ભગવાનની અધિષ્ઠાયિકા નિર્વાણી દેવીનો પણ કવચિત્ ઉલ્લેખ છે.
32. ભય સાત પ્રકારના છે. તેની વિશેષ વિગત માટે જુઓ नमोऽत्थुणं સૂત્ર.
33. 'નમો' માટે જુઓ ગાથા નં. ૭

*પુણ્ય પણ નથી કે પ્રત્યક્ષપણે આપ મારું કાર્ય કરો. તોપણ નતમસ્તકે આપને પ્રાર્થના કરું છું કે, આપ પરોક્ષપણે પણ મારા કાર્યને સિદ્ધ કરજો ! મને શાંતિ આપજો ! મને મોક્ષમાર્ગમાં સહાય કરજો !"*

**અવતરણિકા :**

ભવ્ય પ્રાણીઓ માટે દેવીની ભાવના કેવી છે તે જણાવી, હવે ભક્તો અને સમ્યગ્દૃષ્ટિ જીવો માટે વિજયાદેવી કેવા સામર્થ્યવાળી છે તે જણાવે છે :

**ગાથા :**

**भक्तानां जन्तूनां शुभावहे ! नित्यमुद्यते ! देवि ! ।**
**सम्यग्दृष्टीनां धृति-रति-मति-बुद्धि-प्रदानाय ॥१०॥**

**અન્વય :**

भक्तानां जन्तूनां शुभावहे ! सम्यग्दृष्टीनां धृति-रति-मति-
बुद्धि-प्रदानाय नित्यम् उद्यते देवि ! (तुभ्यं नमः अस्तु) ॥१०॥

**ગાથાર્થ :**

ભક્ત પ્રાણીઓનું શુભ કરનાર, સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપવામાં સદા તત્પર (રહેનારી એવી) હે દેવી ! (તમને નમસ્કાર હો !)

**વિશેષાર્થ :**

**भक्तानां जन्तूनां[34] शुभावहे** - ભક્ત પ્રાણીઓનું શુભ કરનારા હે દેવી ! (તમને નમસ્કાર હો.)

શાંતિનાથ ભગવાનના પરમભક્ત અને સમ્યગ્દર્શનને વરેલા વિજયાદેવી અત્યંત શક્તિસંપન્ન છે. તેથી તેમના ઘણા ભક્તો છે, તે ભક્તોનું વિજયાદેવી ભલું

---

34. 'જન્તુ' શબ્દનો અર્થ 'પશુ' કરી, તેના દ્વારા અત્યંત સકામ ભક્તિવાળા નિમ્ન કક્ષાના 'પશુ' સંજ્ઞક ઉપાસકો ગ્રહણ કરવાના છે; અને જગત મંગલ કવચની રચનામાં આ શબ્દ દ્વારા પગને ગ્રહણ કરવાના છે.

કરે છે. તેમને શ્રેયમાર્ગે આગળ વધવામાં વિજયાદેવી અનેક રીતે સહાયક બને છે. આમ વિજયાદેવી ભક્તોને શુભભાવ પ્રાપ્ત કરાવનાર હોવાથી તેમને **શુભંકરા** પણ કહેવાય છે.

**नित्यमुद्यते देवि सम्यग्दृष्टीनाम्[35] धृति-रति-मति-बुद्धि-प्रदानाय[36]** - સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિનું પ્રદાન કરવામાં નિત્ય ઉદ્યમશીલ એવી હે દેવી ! (તમને નમસ્કાર હો.)

વિજયાદેવી સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૃતિ આપે છે. ધૃતિનો અર્થ છે ધીરજ. કોઈપણ કાર્યનો પ્રારંભ કર્યા પછી વિઘ્ન આવે તો દીન ન થવું, ક્યારે કાર્ય પૂર્ણ થશે તેવી ઉત્સુક્તા ન કરવી પણ સ્વસ્થ ચિત્તે કાર્યની પૂર્ણાહુતિ સુધી પહોંચવું તેનું નામ ધૃતિ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવોની આંતર ચક્ષુ નિર્મળ થવાના કારણે તેઓ ભૌતિક સુખની ભયંકરતાને અને આત્મિક સુખની મહત્તાને જાણતા હોય છે. તેથી તેમની અધિક રુચિ આત્મિક સુખ પામવાની હોય છે, પરંતુ આત્મિક સુખને મેળવવાનો માર્ગ સહેલો નથી. વળી આ માર્ગ ચર્મચક્ષુથી જોઈ શકાય તેવો નથી અને આ માર્ગે ચાલતાં તુરંત ફળ મળી જ જાય તેવું પણ નથી. આથી ક્યારેક સારા સાધકોનું મન પણ સાધનામાર્ગમાં ચળ-વિચળ થઈ જાય છે. ત્યારે મનમાં એવી વ્યથા અને વિહ્વળતાનો અનુભવ થાય છે કે, 'આ માર્ગે ચાલું તો છું પણ ફળ મળશે કે નહિ ?' સાધકમાં ક્યારેક આવી અધૃતિ પેદા થાય ત્યારે તેમની ધીરજ ટકાવવા, શ્રદ્ધાને અડગ રાખવા અને કોઈપણ પ્રકારની ઉત્સુકતા કે અસર વગર, આરંભેલા કાર્યને પૂર્ણ કરાવવા સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓ અનેક પ્રયત્નો કરે છે. જેમકે સંયમ જીવનનો ત્યાગ કરી સંસાર તરફ પગ માંડવા તત્પર બનેલા આષાઢાચાર્યને બચાવી લેવા દેવ અનેકવાર બાળકનું રૂપ કરી સ્વયં હાજર થયા અને તેમને પ્રતિબોધ પમાડી અંતે ધર્મમાં સ્થિર પણ કર્યા.

---

35. સમ્યગ્દૃષ્ટિના ઉપલક્ષણથી કવચની રચનામાં કંઠને ગ્રહણ કરવાનો છે.

36. 'सम्यग्दृष्टीनां धृतिरतिमतिबुद्धिप्रदानाय' नित्यमुद्यते सम्यक् समीचीना दृष्टि दर्शनं सम्यक्त्वं येषां ते सम्यग्दृष्टयः तेषां सम्यग्दृष्टीनां जीवानां धृतिः सन्तोषो, रतिः प्रीतिः, मतिरप्राप्तविषया आगामिदर्शिनी, बुद्धिः साम्प्रतदर्शिनी उत्पत्त्यादिकाचतुर्विधा, ततो द्वंद्व एतासां 'प्रदानाय' वितरणाय नित्यं सदैव उद्यता उद्यमवती सावधाना तत्परा या सा तस्याः सम्बोधने ।

આ રીતે-આરંભેલા કાર્યમાં મનની નિશ્ચળતા રાખી, વિઘ્નોની અસર મન કે મુખ પર ન વર્તાય તે રીતે આંતરિક પ્રીતિપૂર્વક અને ફળની ઉત્સુકતા વગર કાર્ય કરવાના નિમિત્તો વિજયાદેવી પણ પૂરા પાડે છે માટે તેઓ **ધૃતિદા** કહેવાય છે.

ધૃતિની જેમ જયાદેવી સમ્યગ્દૃષ્ટિ જીવોને રતિ પણ આપે છે, તેથી સ્તવકારશ્રી કહે છે કે *"હે દેવી ! સમ્યગ્દૃષ્ટિ જીવોને આપ રતિ આપનારા છો."* રતિનો અર્થ છે હર્ષ, આનંદ કે પ્રીતિ. જયાદેવીની પ્રભુભક્તિ, સમ્યગ્દર્શનની શુદ્ધિ, સંયમી આત્માઓ પ્રત્યેની પ્રીતિ તથા ભક્તિ તેમજ તેમના સંઘસેવાના અનેકવિધ કાર્યો સૌના આનંદની વૃદ્ધિ કરે તેવા છે. આથી જ તેઓ **રતિદા** પણ છે.

વળી સ્તવકારશ્રી દેવીને સંબોધી કહે છે કે, *"આપ સમ્યગ્દૃષ્ટિ જીવોને મતિ આપનારા પણ છો."* મનન કરવાની, વિચારવાની કે એક પદાર્થને અનેક દૃષ્ટિથી જોવાની શક્તિને મતિ કહેવાય છે. આવી મતિ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. તો પણ આ ક્ષયોપશમને પ્રગટાવવામાં અનુકૂળ સામગ્રી કે વાતાવરણ પ્રદાન કરવા દ્વારા દેવી એક ઊંચું પ્રેરક બળ પૂરું પાડે છે માટે તેઓ **મતિદા** છે.

સ્તવકારશ્રી હવે કહે છે કે *"વળી, આપ સમ્યગ્દૃષ્ટિ જીવોને બુદ્ધિ પ્રદાન કરનારા છો. માટે આપ બુદ્ધિદા છો:"* બુદ્ધિનો અર્થ છે હિતાહિતનો, સારાસારનો વિવેક કરવાની શક્તિ. આવી શક્તિ પણ સ્વકર્મના ક્ષયોપશમથી પ્રગટે છે. તો પણ તેમાં અન્ય નિમિત્ત ચોક્કસ ઉપકારક બને છે. જેમ જ્ઞાનની પ્રાપ્તિ તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે તો પણ સદ્ગુરુ ભગવંતો અને સારા શિક્ષકોની સહાય વિના વિદ્યાર્થી જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, તેથી ગુરુભગવંત વિદ્યાદાતા કહેવાય છે. તેની જેમ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વિશિષ્ટ મતિ અને બુદ્ધિ ભલે તેમના કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે, તોપણ તેમાં નિમિત્ત પૂરું પાડવાનું કામ દેવી કરે છે. માટે તેમને **બુદ્ધિદા** પણ કહેવાય છે.

સામાન્યથી 'મતિ' અને 'બુદ્ધિ' એકાર્થવાચક શબ્દો છે, છતાં શાસ્ત્રકાર તેનો સૂક્ષ્મ ભેદ જણાવતાં કહે છે કે, ભવિષ્યનું જ્ઞાન જેનાથી થાય તેને મતિ કહેવાય છે અને વર્તમાનના ભાવો જેનાથી સુયોગ્ય રીતે જણાય તેને બુદ્ધિ કહેવાય છે. આ બુદ્ધિના ચાર પ્રકાર છે. ૧. ઔત્પાતિકી બુદ્ધિ, ૨. વૈનયિકી બુદ્ધિ, ૩. કાર્મિકી બુદ્ધિ અને ૪. પારિણામિકી બુદ્ધિ.

- પૂછાયેલા પ્રશ્નોનો તત્કાળ પ્રત્યુત્તર પાઠવતી બુદ્ધિને **ઔત્પાતિકી બુદ્ધિ** કહેવાય છે.

- ગુરુનો વિનય કરતાં પ્રાપ્ત થયેલ બુદ્ધિને **વૈનયિકી બુદ્ધિ** કહેવાય છે.
- કામ કરતાં કરતાં કાર્ય કરવાની કુશળતા પ્રાપ્ત થાય તેને **કાર્મિકી બુદ્ધિ** કહેવાય છે.
- પરિણામને અર્થાત્ ફળને જોનારી બુદ્ધિને **પારિણામિકી બુદ્ધિ** કહેવાય છે.

આમ જોઈએ તો આ ચારે બુદ્ધિઓ જો કે અશ્રુતનિશ્રિત[37] મતિજ્ઞાનના જ પ્રકારરૂપ છે તો પણ અપેક્ષાએ આ રીતે મતિ અને બુદ્ધિમાં ભેદ પણ છે. છતાં આ અંગે વિશેષજ્ઞો વિચારે.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"જયાદેવીની કેવી ઉમદા ભાવના છે ! ભક્તોનું ભલું કરે છે અને સમ્યગ્દૃષ્ટિજીવોને અતિ-પ્રિય એવી ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપે છે. હું નથી તો ભગવાનનો એવો વિશેષ ભક્ત કે નથી મારામાં સમ્યગ્દર્શન કે જેના કારણે દેવી મને કાંઈ પણ આપે. છતાં દેવીને નિઃસ્વાર્થ ભાવે પ્રાર્થના કરું કે આપ મને આપનો કે શાંતિનાથ ભગવાનનો એક ગાંડો ઘેલો ભક્ત માની મારું પણ ભલું કરજો અને યોગમાર્ગમાં આવતાં વિઘ્નોને વિદારી મને સ્થિર કરજો. મારી બુદ્ધિને સદા નિર્મળ રાખી મને સત્કાર્યો કરવામાં જ આનંદ આવે તેવી મતિ આપજો."*

**ગાથા :**

**जिनशासननिरतानां शान्तिनतानां च जगति जनतानां ।**
**श्रीसम्पत्कीर्तियशोवर्द्धनि जयदेवि विजयस्व ।।११।।**

**અન્વય :**

जिनशासननिरतानां शान्तिनतानां च जनतानां ।
श्रीसम्पत्कीर्तियशोवर्द्धनि (हे) जयदेवि ! जगति विजयस्व ।।११।।

---

37. પૂર્વે જે પદાર્થોનો શ્રુતજ્ઞાન દ્વારા અભ્યાસ ન કર્યો હોય, તે પદાર્થને જાણ્યો ન હોય, જોયો ન હોય. પરંતુ સ્વાભાવિક ક્ષયોપશમની વિશેષતાથી જ્ઞાનશક્તિ-પદાર્થની બોધશક્તિ પ્રગટ થાય કે જેના કારણે શ્રુતના અભ્યાસ વિના સહજ રીતે પદાર્થનો બોધ થાય તેને અશ્રુત-નિશ્રિત મતિજ્ઞાન કહેવાય.

**ગાથાર્થ :**

જૈન શાસનમાં અત્યંત તત્પર રહેનારાઓના અને શ્રી શાંતિનાથ ભગવાનને નમેલા લોકોના લક્ષ્મી, સમૃદ્ધિ, કીર્તિ અને યશ વધારનારા એવા હે જયાદેવી ! તમે જગતમાં વિજય પામો.

**વિશેષાર્થ :**

**जिनशासननिरतानां शान्तिनतानां च जनतानाम्**[38] - જૈન શાસનમાં અત્યંત રક્ત અને શાંતિનાથ ભગવાનને નમેલા લોકોના

जिनशासननिरतानां - રાગ, દ્વેષ આદિ દોષોથી રહિત સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વરભગવંતે, જગતના જીવોના કલ્યાણ માટે, જે માર્ગ સ્થાપ્યો તેને જિનશાસન કહેવાય છે. આ શાસન જેને અતિ ઈષ્ટ છે અને તે કારણથી તદ્ અનુસાર જેઓ જીવન જીવી રહ્યા છે તેને જિનશાસનનિરત કહેવાય છે.

સામાન્યથી વિચારતાં જેઓએ પોતાનું સમગ્ર જીવન જિનશાસનને સમર્પિત કર્યું છે તેવા સંયમી આત્માઓ અથવા તો જેઓને જિનમત પ્રત્યે તીવ્ર રુચિ છે તેવા સમ્યગ્દષ્ટિ જીવો જિનશાસનમાં નિરત કહેવાય, પરંતુ આ બંનેનો સ્પષ્ટ ઉલ્લેખ આગળ આવી જ ગયો છે. તેથી હવે આ પદથી 'કોના સંબંધી વિચારણા કરવી ? તેવો પ્રશ્ન ઉઠે. વિચારતા એવું લાગે છે કે મિથ્યાત્વની મંદતાના કારણે જેમને જિનમત ઉપર રુચિ પ્રગટી છે. વળી, પોતાની સમજ અને શક્તિ અનુસાર જેઓ જિનમત પ્રમાણે જીવન જીવવા પ્રયત્ન કરે છે, તેવા અપુનર્બંધક કક્ષાના જીવો આ પદથી લેવા જોઈએ. આમ છતાં આ અંગે વિશેષજ્ઞો વિચારે. આવા જિનશાસનમાં નિરત જીવોનું પણ દેવી કલ્યાણ કરે છે.

शान्तिनतानां च जनतानाम् - શાંતિનાથ ભગવાનને નમેલા એવા લોકો એટલે કે જેમને જિનમત પ્રત્યે કે મોક્ષમાર્ગ પ્રત્યે હજુ રુચિ નથી થઈ, પરંતુ શાંતિનાથ પ્રભુના અચિંત્ય પ્રભાવથી જેઓ અંજાઈ ગયા છે, પ્રભુની ભક્તિથી મળતા ભૌતિક ફળ જોઈને જેઓ પ્રભાવિત થયા છે અને તેને કારણે જ જેઓ શાંતિનાથ ભગવાનની વંદના, પૂજના, સ્તવના કે નમસ્કાર કરે છે તેવા મુગ્ધ જીવોને અહીં શાન્તિનાથ ભગવાનને નમેલી જનતાસ્વરૂપે ગ્રહણ કરવાના છે.

શાંતિનાથ ભગવાન પ્રત્યે દેવીની ભક્તિ અને શ્રદ્ધા એવી વિશિષ્ટ છે, કે

---

38. જગતમંગલકવચની રચનામાં સામાન્ય જનતાને સકલદેહ સમજીને રક્ષા માંગી છે.

કોઈપણ કારણસર જેઓ શાંતિનાથ ભગવાનની ભક્તિ કરે છે, તેમનું તેઓ ભલું કરે છે. આચાર્ય ભગવંત પણ આવા જીવોનું ભલું કરવા દેવીને પ્રેરણા કરે છે. કેમ કે, તેઓ સમજે છે કે મુગ્ધ કક્ષાના જીવો આ રીતે પણ ક્યારેક માર્ગ પામી વાસ્તવિક સુખ મેળવી શકશે. આ જ તેમની દૂરવર્તી યોગ્યતા ધરાવતા જીવો પ્રત્યેની કરુણા છે.

**श्रीसम्पत्कीर्तियशोवर्धनि**[39] - લક્ષ્મી, સમૃદ્ધિ, કીર્તિ અને યશની વૃદ્ધિ કરનારી (હે દેવી) !

*"હે દેવી ! જૈન શાસન પ્રત્યે તીવ્ર શ્રદ્ધા ધરાવનારા કે માત્ર શાંતિનાથ ભગવાનને નમતા જીવોને પણ તમો લક્ષ્મી આદિનું પ્રદાન કરો છો."*

શ્રી એટલે લક્ષ્મી અથવા સૌંદર્ય. જયાદેવી જાણે છે કે જૈનશાસન પ્રત્યે જેમને રુચિ પ્રગટી છે. એવા અપુનર્બંધક જીવો કે સામાન્યથી પ્રભુને નમતા લોકોની જૈનશાસન પ્રત્યેની રુચિ ઉત્પન્ન કરાવવાનું સાધન લક્ષ્મી, સંપત્તિ, સમૃદ્ધિ, યશ, કીર્તિ આદિ છે, માટે તેઓ હીરા, માણેક મોતી આદિ સ્વરૂપ લક્ષ્મીથી તે લોકોનો ધનભંડાર ભરી આપે છે. વળી, તેઓ શૃંગાર આદિના સાધનો દ્વારા ઉપર જણાવેલા જીવોના શરીરની શોભા અને સૌંદર્ય પણ વધારે છે.

સંપત્તિ એટલે હાટ, હવેલી, બાગ, બગીચા, નોકર, ચાકર, રાચ, રચિલા રૂપ ઐશ્વર્ય. જયાદેવી જૈન શાસન પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા જીવોને આવા ઐશ્વર્યની ભેટ ધરે છે.

એક દિશામાં થતી પ્રશંસા અથવા દાન-પુણ્યથી થતી પ્રશંસાને કીર્તિ કહેવાય છે અને ચારે દિશામાં ફેલાયેલ પ્રશંસા અથવા પરાક્રમથી પ્રાપ્ત થતી પ્રશંસાને યશ કહેવાય છે. દેવી આવા કીર્તિ અને યશને વધારનારી છે.

**जगति जयदेवि विजयस्व**[40] - જગતમાં હે જયાદેવી ! તમે જય પામો.

"શ્રી સંઘના, સંયમી આત્માઓના કે અન્ય કોઈના રક્ષણાદિના શુભ કાર્યમાં હે

---

39. श्री लक्ष्मीः, सम्पद् ऋद्धिविस्तारः, कीर्तिः ख्यातिर्यशः सर्व्वदिग्गामि, यतः "दानपुण्यभवा कीर्तिः पराक्रमभवं यशः एकदिग्गामिनिकीर्तिः सर्वदिग्गामिकं यशः" ततः श्रीसम्पत्कीर्तियशांसि वर्द्धयतीति श्रीसम्पत्कीर्त्तियशोवर्द्धनी तस्याः सम्बोधने

40. દેવીની શક્તિ અને વિભૂતિઓથી જે જનસમૂહને ઉપકાર થયો છે તે સમૂહને જગત કહીએ તો ગાથા નં. ૮ થી ૧૧ની સ્તુતિમાં જગતના રક્ષણ માટે 'જગન્મંગલકવચ' સમાયેલું છે. તેમાં 'જગત્'ની જનતાના ઉપલક્ષણથી સૂચિત દેહનાં અંગો અને તેના આધારે દેવી કેવા શુભ કૃત્યો કરે છે તે નીચેની રીતે સમજવા.


જયાદેવી ! આ જગતમાં સર્વત્ર તમારો જય થાઓ ! અન્ય દેવોના પ્રભાવથી તમારો ક્યારેય પરાજય ન થાઓ ! કોઈપણ પ્રકારના સત્કાર્યમાં આપ સિદ્ધિ હાંસલ કરો ! સર્વ પ્રકારે તમારો ઉત્કર્ષ થાઓ...” આવા શબ્દો દ્વારા પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજા પોતાના સાન્નિધ્યમાં રહેતી જયાદેવીને વિજયના આશીર્વાદ આપે છે.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*“અહો ! વિજયાદેવીની કેવી કરુણા ! જે લોકો જૈનશાસન પ્રત્યે માત્ર જરાક રુચિવાળા થયા છે અને જેઓ કોઈપણ પ્રકારે શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરે છે, તેમની પણ શ્રદ્ધા મજબૂત કરવા તેઓ કેવી ઉદારતાપૂર્વક કાર્ય કરે છે. હે જયાદેવી ! આપને પ્રાર્થના કરું છું કે આપ મારી આસ્થા પણ અડગ રહે તે માટે સહાય કરજો. પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાની જેમ હું પણ ઇચ્છું છું કે આવા સત્કાર્યો કરવાના કારણે આપનો પણ યશ દિગ્ દિગંત સુધી પ્રસરજો.”*

---

**જગતમંગળકવચની રચના**




| સંખ્યા | જગતની જનતાનો પ્રકાર | અંગ | કૃત્યો |
|---|---|---|---|
| ૧. | સકલ સંઘ (ચતુર્વિધ સંઘ) | મસ્તક | ભદ્ર, કલ્યાણ અને મંગલ કરવું. |
| ૨. | સાધુ-સાધ્વીરૂપ શ્રમણ સમુદાય | વદન | શિવ, સુતુષ્ટિ અને પુષ્ટિ કરવી. |
| ૩. | ભવ્ય આરાધકો | હૃદય | સિદ્ધિ, શાંતિ અને પરમ પ્રમોદ આપવો |
| ૪. | સત્ત્વશાળી આરાધકો (સકામભક્તિવાળા) | હાથ | અભય અને સ્વસ્તિ આપવા. |
| ૫. | જંતુ આરાધકો (અતિ સકામભક્તિવાળા) | પગ | શુભ કરવું |
| ૬. | સમ્યગ્દૃષ્ટિ જીવો (નિષ્કામ ભક્તિવાળા) | કંઠ | ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપવી |
| ૭. | જિનશાસન નિરત અને શાંતિનાથ ભગવાનને નમતી સામાન્ય જનતા (જે જિનશાસન પ્રત્યે શ્રદ્ધા અને સદ્ભાવ ધરાવે છે તેવા અપુનર્બંધક જીવો) | સકલ દેહ | શ્રી, સંપત્તિ, કીર્તિ, યશ, વધારવા |

પ્રબોધ ટીકામાં આ રીતે જગત મંગલ કવચની રચના કરેલ છે. તેનો અન્ય આધાર જોવામાં આવ્યો નથી.

**અવતરણિકા :**

આ સ્તવના પ્રથમ વિભાગમાં શાંતિનાથ ભગવાનની ૧૬ નામો વડે સ્તવના કરી. ત્યાર પછી દેવીની સ્તવના કરી. હવે સ્તવકાર શ્રીદેવીને ઉદ્દેશીને સંઘ આદિનું કલ્યાણ કરવાની પ્રેરણા કરી રહ્યા છે :

**ગાથા :**

**सलिलानल-विष-विषधर-दुष्टग्रह-राज-रोग-रण-भयतः ।**
**राक्षस-रिपुगण-मारी-चौरेति-श्वापदादिभ्यः ।।१२।।**

**अथ रक्ष रक्ष सुशिवं कुरु कुरु शान्तिं च कुरु कुरु सदेति ।**
**तुष्टिं कुरु कुरु पुष्टिं, कुरु कुरु स्वस्तिं च कुरु कुरु त्वम् ।।१३।।**

**અન્વય :**

अथ सलिलानल-विष-विषधर-दुष्टग्रह-राज-रोग-रणभयतः ।
राक्षस-रिपुगण-मारी-चौरेति-श्वापदादिभ्यः
त्वं सदा रक्ष रक्ष, सुशिवं कुरु कुरु, शान्तिं च कुरु कुरु, इति
तुष्टिं कुरु कुरु, पुष्टिं कुरु कुरु, स्वस्तिं च कुरु कुरु ।।१२-१३।।

**ગાથાર્થ :**

(હે દેવી !) આપ હવે પાણી, અગ્નિ, ઝેર, વિષધર-સાપ, દુષ્ટ ગ્રહો, રાજા, રોગ અને યુદ્ધના ભયથી; તથા રાક્ષસ, શત્રુસમૂહ, મરકી, ચોર, સાત પ્રકારની ઇતિ, શિકારી પશુઓ આદિથી સદા અમારું રક્ષણ કરો, રક્ષણ કરો; અમારું કલ્યાણ કરો, કલ્યાણ કરો; અમારા ઉપદ્રવો શાંત કરો, શાંત કરો; તુષ્ટિ કરો, તુષ્ટિ કરો; પુષ્ટિ કરો, પુષ્ટિ કરો; તથા અમારું ક્ષેમ-કુશલ કરો, ક્ષેમ-કુશલ કરો.

**વિશેષાર્થ :**

**(अथ) सलिलानल-विष-विषधर-दुष्टग्रह-राज-रोग-रण-भयतः (रक्ष)-** (હે દેવી ! આપ હવે) પાણી, અગ્નિ, ઝેર, સાપ, દુષ્ટ ગ્રહો, રાજા, રોગ અને લડાઈના ભયથી, (અમારું રક્ષણ કરો.)

**જલ ભય :** અતિવૃષ્ટિ, નદીના પૂર, દરિયાઈ તોફાનો, સમુદ્ર વગેરે જળથી થતો ભય.

**અગ્નિ ભય :** ઉલ્કાપાત થવો, એકાએક આગ ફાટવી, દવ લાગવો કે કોઈપણ રીતે અગ્નિ ઉત્પન્ન થવાથી ઉપજતો ભય.

**વિષ ભય :** સ્થાવર કે જંગમ બંને પ્રકારના ઝેરથી થતો ભય.

**વિષધર ભય :** સાપ વગેરે ઝેરી પ્રાણીઓનો ભય.

**ગ્રહ ભય :** ગોચરમાં અશુભ ગ્રહોના કારણે ઉપજતો ભય.

**રાજ ભય :** ક્રૂર સ્વભાવવાળા, દંડ કે આકરી સજા કરતાં, સ્વભાવથી જ લોભી એવા રાજા કે શાસક દ્વારા જુદાં જુદાં અનેક કારણોથી ઉત્પન્ન થતો ભય.

**રોગ ભય :** મારી, મરકી, કોઢ, ટી.બી, ભગંદર, કેન્સર આદિ જીવલેણ દર્દો ફાટવાથી થતો ભય.

**રણ ભય :** લડાઈ કે યુદ્ધનો ભય.

**राक्षस-रिपुगण-मारी-चौरेति-श्वापदादिभ्यः (रक्ष)** - રાક્ષસ, શત્રુસમૂહ, મારી, ચોર, ઈતિ, જંગલી પશુઓથી (હે દેવી ! અમારું રક્ષણ કરો.)

**રાક્ષસ :** અધોલોકમાં રહેનાર વ્યંતર દેવોની એક જાતિ, જે મનુષ્યના લોહી-માંસથી સંતોષ પામે છે.

**રિપુગણ :** શત્રુઓનો સમૂહ

**મારી :** મરકી, મારી આદિ પ્લેગ જેવા જીવલેણ epidemic છે.

**ચોર :** પારકું ધન લૂંટનારા ચોર, બહારવટીયા, આતંકવાદી, ત્રાસવાદી

**ઇતિ :** ધાન્ય વગેરેને હાનિ કરનાર ઉંદરો, તીડો, પોપટો વગેરે પ્રાણીઓનો અતિ વિશાળ સમૂહ

**શ્વાપદ :** વાઘ, સિંહ, ચિત્તા, રીંછ વગેરે જંગલી પશુઓ કે જેના પગ કૂતરાના જેવા નહોરવાળા હોય છે. આ સર્વથી જે ઉપદ્રવો થાય છે તેનાથી અને આદિ પદથી ભૂત-પિશાચ-શાકિની-ડાકિનીના ઉપદ્રવોથી રક્ષા કરવા પણ દેવીને વિનંતી કરાય છે.

**अथ (सदा) रक्ष रक्ष**[41] - (હે દેવી !) આપ હવે સદા રક્ષા કરો, રક્ષા કરો.

રક્ષણનો અર્થ છે સલામતી. જીવન આદિની સુરક્ષા. કર્મના ઉદયે જ્યારે ઉપર જણાવેલા કોઈપણ પ્રકારના ઉપદ્રવો ઉદ્ભવે ત્યારે માનવી ભયભીત બને છે. પોતાની શારીરિક અને માનસિક શક્તિનો ઉપયોગ કરી તે ભય ઉત્પન્ન કરનારા

41. જો કે આ આજ્ઞાર્થ પ્રયોગ છે પણ તે વિધ્યર્થમાં જ વપરાયેલ છે.

ઉપદ્રવને દૂર કરવા પ્રયત્ન કરે છે; જ્યારે લાગે કે આ ભયનું નિવારણ મારાથી શક્ય નથી ત્યારે કોઈ દૈવી શક્તિની સહાય લઈ ભય દૂર કરવા યત્ન કરે છે.

આ સ્તવની રચના થઈ ત્યારે આવો જ એક પ્રસંગ બન્યો હતો. આખી તક્ષશિલા નગરી વ્યંતરકૃત ઉપદ્રવથી ભયભીત બની હતી. મારીનો રોગ એટલી હદે પ્રસરી ગયો હતો કે સૌની સમાધિ નંદવાતી હતી અને સંઘનું હિત જોખમમાં મુકાયું હતું. આવા સમયે સંઘના હિતચિંતક સ્તવકાર પરમ પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજાએ જયાદેવીને ઉદ્દેશીને કહ્યું હતું કે,

"કર્મના ઉદયથી તક્ષશિલા નગરી આજે રોગથી ગ્રસ્ત બની છે. વ્યંતરના ઉપદ્રવથી ત્યાના શ્રાવકોનું જીવન જોખમમાં છે. સંઘની આરાધના આજે વિઘ્નોના વાદળોથી ઘેરાઈ ગઈ છે. હે દેવી ! આ સંઘનું રક્ષણ કરવું તે આજે તમારું કર્તવ્ય છે. તમે શીઘ્ર તક્ષશિલા નગરે પહોંચી જાવ ! વ્યંતરના ઉપદ્રવને શાંત કરો ! ભયભીત થયેલા સંઘને તમે શીઘ્ર નિર્ભય કરો ! કોઈપણ રીતે તમે સંઘનું રક્ષણ કરો ! સંઘની સુરક્ષાની આ જવાબદારી તમે યથાયોગ્ય રીતે પૂર્ણ કરો !"

*આવી જ રીતે હવે સ્તવકાર શ્રી વિજયાદેવીને વિવિધ મંત્રાક્ષરોથી ગર્ભિત પ્રેરણા કરતાં કહે છે :*

**सुशिवं कुरु कुरु** - કલ્યાણ કરો, કલ્યાણ કરો !

"હે જયા દેવી ! આપ શ્રી સંઘને ભયમુક્ત કરો. એટલું જ નહિ, પરંતુ શ્રીસંઘનું કલ્યાણ પણ કરો ! ધર્મ માર્ગમાં આવતા વિઘ્નોને આપ દૂર કરો અથવા કોઈપણ ઉપદ્રવ ન આવે તેવા સંયોગોનું નિર્માણ કરો. જેના કારણે શ્રીસંઘ નિર્ભય થઈ શ્રેયના માર્ગે અધિક વેગથી આગળ વધી શકે."

**शान्तिं च कुरु कुरु** - અને શાંતિ કરો ! શાંતિ કરો !

"ક્યારેક સંઘમાં કોઈ પ્રકારનો ઉપદ્રવ થાય ત્યારે હે દેવી ! તમે ત્યાં પહોંચી જાઓ. ઉપદ્રવકારક દુષ્ટ દેવોને પલાયન કરી તે નગર આદિમાં શીઘ્ર શાંતિ કરો."

**सदेति तुष्टिं कुरु कुरु** - સદા આ પ્રમાણે તુષ્ટિ કરો ! તુષ્ટિ કરો !

તુષ્ટિ એટલે સંતોષ. "શ્રી સંઘને સાધના માટે જે વાતાવરણ કે સામગ્રીની જરૂર હોય, આરાધના માટેના જે જે ઉપકરણોને તેઓ ઇચ્છતા હોય, તે અર્પણ કરી શ્રી સંઘને સંતોષ થાય, તેમનું મન પ્રસન્ન થાય તે પ્રકારે હે દેવી ! તમે શીઘ્ર કરો, શીઘ્ર કરો..."

**पुष्टिं कुरु कुरु** - પોષણ કરો, પોષણ કરો.

પુષ્ટિ એટલે પોષણ અથવા વૃદ્ધિ. "હે દેવી ! સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આદિ ચતુર્વિધ સંઘ સાધના માર્ગમાં સુંદર રીતે આગળ વધી શકે અને તેમની આત્મિક ગુણસંપત્તિ વૃદ્ધિ પામે તેવા વાતાવરણનું સર્જન કરો."

**स्वस्तिं च कुरु कुरु त्वम्** - અને (હે દેવી) તમે ક્ષેમ-કુશળ કરો. ક્ષેમ-કુશળ કરો.

"સ્વસ્તિ એટલે ક્ષેમ. આ નગરમાં તથા સર્વત્ર ક્ષેમ-કુશળ પ્રવર્તે, ભવિષ્યમાં પણ ક્યારેય કોઈને દુઃખ, અશાંતિ, ભય વગેરે ન થાય તે પ્રકારે હે દેવી ! તમો સદા માટે કરો..."

**જિજ્ઞાસા :** બાહ્ય ઉપદ્રવના શમન માટે વિરતિવંત આચાર્ય ભગવંત શું આ રીતે અવિરતિધર દેવીને આદેશ કરી શકે ?

**તૃપ્તિ :** આચાર્ય ભગવંતો સાંસારિક કોઈ કાર્ય અંગે આ રીતે આદેશ ક્યારેય ન કરી શકે, પરંતુ જેમની સંસાર નાશની ભાવના છે, તે માટે જ જેઓ આરાધના-સાધના કરી રહ્યા છે, તેવો ચતુર્વિધ સંઘ જ્યારે જોખમમાં મુકાયો હોય, તેની સમાધિ જ્યારે નંદવાતી હોય ત્યારે શ્રી સંઘની સાધના નિર્વિઘ્ને થાય, તેમનો સમાધિભાવ જળવાઈ રહે, તે ઉદ્દેશથી સમ્યગ્દર્શનને વરેલા, પરમ વિવેકને ધરનારા આચાર્ય ભગવંત આવા કોઈ દેવ, દેવીને આ પ્રકારે આદેશ કરે તેમાં કાંઈ અયોગ્ય જણાતું નથી. 'હા' તેમાં કોઈ અંગત સ્વાર્થ કે, સંસાર સંબંધી કોઈ ભાવ હોય તો જરૂર આવા કોઈ કાર્ય અંગે વિચારવું ઘટે...

આ બંને ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"આચાર્ય ભગવંતનો પુણ્ય પ્રભાવ કેવો હશે ! અને જયાદેવીનો ભક્તિભાવ કેવો હશે ! કે જેના કારણે આચાર્ય ભગવંતની પ્રેરણા થતાં જયાદેવી કાર્ય કરવા તત્પર બની ગયા અને દુષ્ટ દેવને દૂર કરી પોતાની શક્તિથી શાંતિ પ્રવર્તાવી શક્યા. આજે સંઘમાં સેંકડો સમસ્યાઓ છે. સાધકોના મન પણ આજે ચલ-વિચલ થઈ ગયા છે સંઘની શાંતિ માટે અનેક આચાર્યો અનેક રીતે પ્રયત્ન કરી રહ્યા છે તો પણ નથી તો કોઈ દેવ, દેવી પ્રત્યક્ષપણે હાજર થતાં કે નથી કોઈ શંકાનું સમાધાન થતું... હે જયાદેવી ! હું પણ જાણું છું કે પડતા કાળના પ્રભાવે કે અમારા ઉપરના અવિશ્વાસના કારણે આપ*

*પ્રત્યક્ષ થઈ અમોને માર્ગ નહીં ચીંધતા હો, તોપણ સાધર્મિકના નાતે આજે આપને અંતરથી એક અરજ કરું છું કે, હે દેવી ! આપ અમારી શ્રદ્ધાને દૃઢ કરવા સાધના માર્ગમાં મનને અડગ રાખવા અમોને પણ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ પ્રદાન કરજો !"*

**ગાથા :**

**भगवति ! गुणवति ! शिव-शान्ति -**
**तुष्टि - पुष्टि - स्वस्तीह कुरु कुरु जनानाम् ।**
**ओमिति नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः ।**
**यः क्षः ह्रीँ फुट् फुट्[42] स्वाहा ।।१४।।**

**અન્વય :**

भगवति ! गुणवति ! ॐ नमो नमो
ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा
इति इह जनानां शिव-शान्ति-तुष्टि-पुष्टि -
स्वस्ति कुरु कुरु ।।१४।।

**ગાથાર્થ :**

હે ભગવતી ! હે ગુણવતી ! "ॐ नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा" એ સ્વરૂપવાળી હે દેવી ! અહીં રહેલા લોકોના શિવ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણ કરો ! કરો ![44]

---

42. फुट् फुट् ના સ્થાને फट् फट् પાઠ પણ મળે છે.
પ્રબોધટીકામાં આ ગાથાનો અન્વય કરતાં "ॐ नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा" એવા એક જ મંત્ર સ્વરૂપવાળી દેવી બતાવી છે. જ્યારે શ્રી હર્ષકીર્તિસૂરીકૃત ટીકામાં 'ॐ' અર્થાત્ પરમ જ્યોતિસ્વરૂપિણી તથા "ॐ नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट स्वाहा" એમ બે જુદા મંત્રાક્ષરો સ્વરૂપ દેવી છે તેમ જણાવ્યું છે. વળી, તેઓએ ॐનો અર્થ કર્યો છે 'પરમજ્યોતિ' અને તે સ્વરૂપવાળી દેવીને નમસ્કાર કરવા માટે નમો શબ્દ વપરાયેલ છે તેમ કહી શકાય. આમ છતાં મંત્રાક્ષરોના અર્થ કરવા મારી મતિ સમર્થ નથી અને અત્યારે એવા કોઈ વિશિષ્ટ આમ્નાય નથી કે જેના સહારે સ્પષ્ટ નિર્ણય કરી શકાય, તેથી આ વિષયમાં બહુશ્રુતો વિચારે...

44. પૂ. હર્ષકીર્તિસૂરિનિર્મિત શાંતિસ્તવની વૃત્તિના આધારે આ ગાથાનો અર્થ નીચે પ્રમાણે અન્ય બે રીતે પણ થઈ શકે.

**વિશેષાર્થ :**

વિજયાદેવીને શાંતિ કરવાનું પ્રોત્સાહન આપતાં હવે પૂજ્ય માનદેવસૂરીશ્વરજી મહારાજા કહે છે કે,

**भगवति**[45] - હે ભગવતી દેવી !

ઐશ્વર્ય, આદિ ગુણોથી યુક્ત એવી હે દેવી !

**गुणवति** - હે ગુણવતી દેવી !

ઔદાર્ય, ધૈર્ય, શૌર્ય, ગાંભીર્યાદિ અનેક ગુણોથી શોભતી તથા સમ્યગ્દર્શન, સંઘ વાત્સલ્ય, દેવ-ગુરુની ભક્તિ વગેરે ઉચ્ચકક્ષાના લોકોત્તર ગુણોને ધરનારી હે જયા દેવી !

**शिव-शान्ति-तुष्टि-पुष्टि-स्वस्तीह कुरु कुरु जनानाम्** - (હે દેવી !) અહીં = જગતમાં લોકોના શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણને કરો, કરો.

શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ : આ જયાદેવીના પાંચ મુખ્ય કર્તવ્યો છે.

શ્રીસંઘનું કલ્યાણ કરવું એટલે કે અશુભ પ્રસંગો ઉપસ્થિત જ ન થાય એવા સંયોગો ઉત્પન્ન કરવા તે દેવીનું **'શિવ'** નામનું કર્તવ્ય છે.

ઉપસ્થિત થયેલા ઉપદ્રવો કે ભયોનું નિવારણ કરવું એ દેવીનું **'શાંતિ'** નામનું કર્તવ્ય છે.

અશુભ સંયોગોનો નાશ કરી, સાધકના શુભ મનોરથોને પૂર્ણ કરી સંતોષ આપવો એ દેવીનું **'તુષ્ટિ'** નામનું કર્તવ્ય છે.

---

૧. 'ૐ' એવા સ્વરૂપવાળી હે દેવી ! તમને નમસ્કાર હો અને હે ભગવતી ! હે ગુણવતી ! હે 'ॐ नमो ह्रीँ ह्रीं हूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा' આવા મંત્ર સ્વરૂપવાળી દેવી અહીં રહેલા લોકોના શિવ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણ કરો !

૨. હે ભગવતી ! હે ગુણવતી ! 'ૐ નમો નમ:' એ મંત્ર સ્વરૂપવાળી હે દેવી ! તથા 'ॐ नमो ह्राँ ह्रीँ हूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा' એ મંત્ર સ્વરૂપવાળી હે દેવી ! અહીં રહેલા લોકોના શિવ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણ કરો ! કરો !

45. 'भगवति' ની વિશેષ સમજ માટે જુઓ ગાથા નં. ૭

'भगवति' આ શબ્દ સંબોધન એક વચનમાં છે. તેનો અર્થ 'દેવી' થાય છે અને મંત્ર વિશારદો તેનો અર્થ 'સૂક્ષ્મ, અવ્યક્ત કે નિરાકાર સ્વરૂપવાળી' એવો કરે છે. 'गुणवति' આ શબ્દ પણ સંબોધન એકવચનમાં છે અને તેનો અર્થ સત્ત્વ, રજો અને તમસ્ આ ત્રણ ગુણવાળી એવો થાય છે.

સંઘ આદિને અનેક પ્રકારે લાભ કરાવી, તેમના ઉપર મોટો ઉપકાર કરવો એ દેવીનું **'પુષ્ટિ'** નામનું કર્તવ્ય છે.

રોગ આદિ ઉપદ્રવોનો નાશ કરી ક્ષેમ-કુશલ અને કલ્યાણ કરવું એ દેવીનું **'સ્વસ્તિ'** નામનું કર્તવ્ય છે.

આ શબ્દો દ્વારા પ.પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાએ દેવીને આ પાંચે કલ્યાણકારી કર્તવ્યો કરવાની પ્રેરણા આપી છે.

*આ રીતે દેવીને શાંતિ, તુષ્ટિ આદિ કરવાની પ્રેરણા કર્યા પછી મંત્રાક્ષરો વડે દેવીની સ્તુતિ કરે છે.*

**ओमिति नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा**[42] **-** 'ॐ' એટલે કે પરમજ્યોતિસ્વરૂપ હે દેવી ! તમને નમસ્કાર થાઓ અને મંત્રાક્ષર સ્વરૂપિણી હે દેવી ! તમને નમસ્કાર થાઓ.

ओमिति नमो नमः - 'ॐ' સ્વરૂપ હે દેવી ! તમને નમસ્કાર થાઓ.

'ॐ' નો અર્થ છે પરમજ્યોતિ. પરમજ્યોતિસ્વરૂપ હે દેવી ! તમને નમસ્કાર થાઓ. 'ॐ' શબ્દ આમ તો પૂર્વે ગાથા નં. ૨માં જણાવ્યું તેમ પરમાત્માનો વાચક છે અથવા અપેક્ષાએ 'ॐ'શબ્દ પંચ પરમેષ્ઠિનો વાચક પણ મનાય છે; પરંતુ અહીં ટીકાકારે ॐ શબ્દનો પરમજ્યોતિ એવો અર્થ કર્યો છે. જયાદેવીની કાયા અત્યંત પ્રકાશમય હોવાને કારણે તેમને પરમજ્યોતિસ્વરૂપ કહ્યા હશે તેવું લાગે છે.

'(ॐ नमो) ह्राँ ह्रीँ ह्रूँ ह्रूँ यः क्षः ह्रीँ फुट् फुट् स्वाहा'[46] આ મંત્રાક્ષર એ જ દેવીનું સ્વરૂપ છે. ॐ તથા નમો પૂર્વકના આ મંત્રાક્ષર વડે દેવીની સ્તવના કરાઈ છે. આમાં આવતો 'फुट्' શબ્દ વિઘ્નથી રક્ષણ માટે વપરાય છે.

**જિજ્ઞાસા :** દેવી વળી મંત્રાક્ષરસ્વરૂપ કઈ રીતે હોય ?

46. ॥ ॐ नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रूँः यः क्षः ह्रीँ फुट फुट स्वाहा' મંત્રનું નામ **મંત્રાધિરાજ** છે. તે પાર્શ્વનાથ પ્રભુનો મંત્ર છે. જેને શ્રીકમઠે પ્રકાશિત કરેલો અને વિજયા તથા જયાદેવીએ તે દર્શાવ્યો છે. તે મુખ્યત્વે અશિવોનો નિષેધ કરનાર મંત્રપદોથી ગર્ભિત છે.

મંત્રાધિરાજ સ્તોત્રમાં તેનું સ્વરૂપ આ પ્રકારે ૧૫ અક્ષરનું છે :

**॥ ॐ ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रूँः यः क्षः ह्रीँ फुट फुट स्वाहा ऐँ ऐँ ॥**

તેમાંથી શીર્ષકના ॐ કારના યુગલને અને પલ્લવ રૂપે રહેલા ऐँ કારના યુગલને વિસંકલિત કરવામાં આવે તો અગીયાર અક્ષરનો શ્રી પાર્શ્વનાથનો મંત્ર પ્રાપ્ત થાય.

**તૃપ્તિ :** સામાન્યથી આ વાત સમજાય એવી નથી; છતાં જેમ આજના જમાનામાં કોમ્પ્યુટર માટે કોઈ વ્યક્તિ એક કોડ નંબર (Code No.) સ્વરૂપ જ હોય છે. તેમ પૂર્વે વિશિષ્ટ સાધના કરનાર યોગીઓ માટે દેવી-દેવતાઓ એક મંત્રાક્ષરસ્વરૂપ રહેતા. તેઓ જ્યારે વિશિષ્ટ મંત્રનો પ્રયોગ કરતાં ત્યારે દેવલોકમાં રહેલા દેવી-દેવતાઓ પણ તે મંત્રાક્ષરના પ્રભાવે ત્યાં હાજરાહજૂર થતાં. આજે જેમ યંત્રોના સહારે એક ફોન નંબર કે કોડ નંબર દ્વારા તે તે વ્યક્તિની સાથે સંપર્ક કરી શકાય છે તેમ કોઈપણ પ્રકારના યંત્રો વગર માત્ર મંત્ર સાધનાના બળે પણ દેવ-દેવીઓ સાથે સંપર્ક સાધી શકાતો.

---

'ૐ નમો નમઃ' એ શ્રી શાંતિનાથનામાક્ષર મંત્ર અથવા પ્રધાનવાક્યસ્વરૂપ છે. તેને પૂર્વે બતાવ્યો એ શ્રી પાર્શ્વનાથપ્રભુના 'મંત્રાધિરાજ' સાથે જોડી અશિવનો નાશ કરવાના વિશેષ પ્રયોજનથી શાંતિમાં જોડવામાં આવ્યો છે.

દરેક મંત્રની જેમ આ મંત્રમાં પણ અક્ષરની સંકલના અને શુદ્ધ ઉચ્ચારણ એ અતિ મહત્ત્વની વસ્તુ છે, કેમકે તેવી સંકલના અને સંયોજનપૂર્વક જ મંત્રનો વિશિષ્ટ અર્થ પ્રાપ્ત થાય. આમ છતાં તેમાં વપરાયેલ મંત્રપદોને જો વિસંકલિત કરાય તો નીચે પ્રમાણેનાં અર્થો પ્રાપ્ત થાય.

'ૐ ની સાથે યોજાયેલા नमो नमः પદો મંત્રનો જ એક ભાગ છે. જે મંત્રાધિષ્ઠાયિકા પ્રત્યે અંતરંગ ભક્તિ દર્શાવે છે. વિશેષતાને અર્થે અહીં તે બે વાર યોજાયેલા છે.

हाँ - આ મંત્રાક્ષર સર્વ સંપત્તિઓનું પ્રભવ સ્થાન છે; તથા રૂપ, કીર્તિ, ધન, પુણ્ય, પ્રયત્ન, જય અને જ્ઞાનને આપનારો છે.

ह्रीं - આ મંત્રાક્ષર અતિ દુઃખના દાવાનળને શમાવનારો, ઉપસર્ગને દૂર કરનારો, વિશ્વમાં ઉપસ્થિત થતાં મહાસંકટો હરનાર તથા સિદ્ધ-વિદ્યાનું મુખ્ય બીજ છે. પરંતુ અહીં તે અતિશય કરનાર અર્થમાં વપરાયો છે.

हूँ- આ મંત્રાક્ષર અરિઘ્ન (શત્રુ નાશક) હોઈ વિજય અને રક્ષણને આપનારો તથા પૂજ્યતાને લાવનારો છે.

हः - આ મંત્રાક્ષર શત્રુઓના કૂટવ્યૂહોનો નાશ કરનારો છે.

यः - આ મંત્રાક્ષર સર્વ અશિવોનું પ્રશમન કરનારો છે.

क्षः - આ મંત્રાક્ષર ભૂત, પિશાચ, શાકિની તથા ગ્રહોની માઠી અસરને દૂર કરનાર છે તથા દિગ્બંધનનું બીજ છે.

ह्रीं - અહીં ત્રૈલોક્યાક્ષર તરીકે યોજાયેલ છે, જે સર્વ ભયોનો નાશ કરનાર છે.

फुट् फुट् - આ મંત્રાક્ષરો અસ્ત્ર-બીજ છે. फुट् તાડન અને રક્ષણ બંનેને માટે વપરાય છે. અહીં રક્ષણનો અર્થ ગ્રહણ કરવો યોગ્ય છે.

स्वाहा - આ મંત્રાક્ષરો શાંતિકર્મ માટેનું પલ્લવ (અંતે આવતો મંત્રાક્ષર) છે.

**અવતરણિકા :**

છેલ્લી નવ ગાથાથી શરૂ કરેલી નવ રત્નમાલારૂપ જયાદેવીની સ્તુતિમાં ગ્રંથકારશ્રી અંતે પુનઃ શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરી અંતિમ મંગલ કરે છે :

**ગાથા :**

**एवं यन्नामाक्षर-पुरस्सरं संस्तुता जयादेवी ।**
**कुरुते शान्तिं नमतां, नमो नमः शान्तये तस्मै ।।१५।।**

**અન્વય :**

एवं यन्नामाक्षर-पुरस्सरं संस्तुता जयादेवी ।
नमतां शान्तिं कुरुते, तस्मै शान्तये नमो नमः ।।१५।।

**ગાથાર્થ :**

આ પ્રમાણે જે (શાંતિનાથ ભગવાન)ના નામાક્ષરપૂર્વક સ્તવાયેલા જયાદેવી નમસ્કાર કરતાં લોકોની શાંતિ કરે છે તે શાંતિનાથ ભગવાનને નમસ્કાર (થાઓ).

**વિશેષાર્થ :**

**एवं यन्नामाक्षर पुरस्सरं संस्तुता जयादेवी कुरुते शान्तिं नमताम्-** આ પ્રમાણે જે (શાંતિનાથ ભગવાનના) નામાક્ષર પૂર્વક સ્તવાયેલા જયાદેવી (શાંતિનાથ ભગવાનને) નમસ્કાર કરનારની શાંતિ કરે છે.

एवम् = આ પ્રમાણે, પૂર્વે કહ્યા પ્રમાણે[47]; 'एवम्' નો અન્વય આગળ આવતા 'संस्तुता' પદ સાથે કરવાનો છે, એટલે કે, આ પ્રમાણે સ્તવાયેલી જયાદેવી. અહીં 'આ પ્રમાણે', શબ્દનો અર્થ બે રીતે થઈ શકે.

૧. ગાથા નં. ૭ થી આ ગાથા સુધી જયાદેવીની જે પ્રમાણે સ્તુતિ કરી છે તે પ્રમાણે સ્તવાયેલી

**અથવા**

૨. આ પ્રમાણે સ્તવાયેલી = ગાથા ૬ (यस्येति नाममन्त्र०) માં कृततोषा વિશેષણ દ્વારા સ્તવાયેલી = 'શાંતિનાથ ભગવાનના નામમંત્રના પ્રધાનવાક્યથી તોષ

47. पूर्वोक्तप्रकारेण - सिद्धचंद्र गणि कृत टीका

પામનારી (ખુશ થનારી) 'જયાદેવી' એવા વિશિષ્ટ ઉલ્લેખ દ્વારા સ્તવાયેલી જયાદેવી.

જયાદેવી શાંતિનાથ ભગવાનની પરમ ભક્ત છે. જ્યારે સાધક શાંતિનાથ ભગવાનનું નામ ઉચ્ચારે છે ત્યારે દેવી ખુશ થાય છે. તેમની આ ખુશી જ તેમની ભક્તિ અને ગુણગરિમાને સૂચવે છે. આ રીતે સ્તુતિ કરાયેલી જયાદેવી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરનારને શાંતિ અર્પે છે. જેમ સુપુત્રો કે સુશિષ્યો જાણે છે કે મારામાં જે કાંઈ છે તે મારા વડીલોના કારણે છે; સ્વયં મારામાં કાંઈ નથી. તેથી તેઓ પોતાના પૂજ્યોના નામે ઓળખાવવામાં પોતાની ધન્યતા માને છે. તે જ રીતે જયાદેવી પણ જાણે છે કે, "મારામાં જે કાંઈ છે તે મારા સ્વામી શાંતિનાથ ભગવાનનો જ પ્રતાપ છે. તેમના વિના આ જગતમાં મારું અસ્તિત્વ પણ સંભવિત નથી. હું તો સંસારી છું, મારી શક્તિ સીમિત છે. હું આપી આપીને સામી વ્યક્તિને શું આપી શકવાની છું ? મારા નાથ શાંતિનાથ પ્રભુ અનંત શક્તિના સ્વામી છે. તેમની ભક્તિ મને અનંત જ્ઞાનાદિ ગુણ-સંપત્તિના સ્વામી બનાવી શકે છે." આથી જ જેઓ શાંતિનાથ ભગવાનના નામપૂર્વક જયાદેવીની સ્તવના કરે છે તેઓને જયાદેવી શાંતિ અર્પે છે.

**અથવા**

જ્યારે શાંતિનાથ ભગવાન માટે વપરાયેલા મંત્રાક્ષરો પૂર્વક જયાદેવી સ્તવાય છે, ત્યારે સ્તવાયેલી જયાદેવી ખુશ થઈ શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરનારા લોકો માટે શાંતિ કરે છે; તેમને થયેલા ઉપદ્રવોનું નિવારણ કરે છે અને સાધનાને યોગ્ય વાતાવરણ ઊભું કરી આપે છે.

**नमो नमः शान्तये तस्मै** - તે શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ.

જે શાંતિનાથ ભગવાનના નામાક્ષર પૂર્વક સ્તવાયેલી જયાદેવી શાંતિ કરે છે તે શાંતિનાથ ભગવાનને મારો પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. અહીં 'નમો' શબ્દનો બે વાર ઉચ્ચાર હૃદયના ભાવોની અતિશયતાને જણાવનાર છે.

આ રીતે સ્તવકારશ્રીએ શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરવારૂપ નવરત્નમાલાનું અંતિમ મંગળ કર્યું છે.

આ બન્ને ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"શાંતિનાથ ભગવાન પ્રત્યે અવિહડ ભક્તિ ધરાવનારી દેવી કેટલી વિવેકી છે, આટલી ઋદ્ધિ, સમૃદ્ધિ અને શક્તિ હોવા છતાં તેઓ માને છે કે, મારા સ્વામી આગળ તો હું કાંઈ જ નથી. તેથી જ તેઓ જે ભક્તો તેમની નહિ પણ પ્રભુની ભક્તિ કરે છે તે ભક્તોને શાંતિ અર્પે છે, ધન્ય છે તેમની વિવેકપૂર્ણ ભક્તિને !"*

**અવતરણિકા :**

આ સ્તવની રચના કઈ રીતે થઈ અને તેનું ફળ શું છે ? તે હવે સ્તવકારશ્રી જણાવે છે :

**ગાથા :**

**इति पूर्वसूरिदर्शित-मन्त्रपद-विदर्भितः स्तवः शान्तेः ।**
**सलिलादिभय-विनाशी शान्त्यादिकरश्च भक्तिमताम् ।।१६।।**

**અન્વય :**

इति पूर्वसूरिदर्शित-मन्त्रपद-विदर्भितः शान्तेः स्तवः ।
भक्तिमतां सलिलादिभय-विनाशी शान्त्यादिकरश्च ।।१६।।

**ગાથાર્થ :**

પ્રાન્તે પૂર્વના આચાર્યોએ બતાવેલા મંત્રપદોથી ગર્ભિત એવું શાંતિસ્તવ ભક્તિવાળા જીવોને પાણી આદિના ભયનો વિનાશ કરનાર તથા શાંતિ આદિને કરનાર છે.

**વિશેષાર્થ :**

**इति पूर्वसूरिदर्शित-मन्त्रपद-विदर्भितः[48] स्तवः शान्तेः** - પ્રાન્તે (કહેવાનું કે,) પૂર્વના આચાર્યોએ બતાવેલા મંત્રપદોથી રચાયેલું શાંતિનાથ ભગવાનનું આ સ્તવ...

इति શબ્દ અહીં સમાપ્તિઅર્થવાળો છે, એટલે અંતમાં કહેવાનું કે શાંતિનાથ

---

48. पूर्वे ये सूरयः आचार्याः पण्डितास्तैर्दर्शितानि आगमशास्त्रात् पूर्वमुपदिष्टानि यानि मन्त्रपदानि मन्त्राक्षरबीजानि तैर्विदर्भितः रचितो यः स तथोक्तः - સિદ્ધચંદ્રગણિકૃત શાંતિસ્તવટીકા

ભગવાનનું આ સ્તવ, પૂર્વસૂરિદર્શિત એટલે પૂર્વના આચાર્યોએ બતાવેલા મંત્રપદો, તેનાથી વિદર્ભિત એટલે રચાયેલું છે.

સંપૂર્ણ સ્તવની રચના કર્યા પછી છેલ્લે હવે સ્તવકાર માનદેવસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે, "છેલ્લે મારે તમને એટલું જ કહેવું છે કે, આ સ્તવ મારી કોઈ કલ્પનાનું શિલ્પ નથી કે મારી બુદ્ધિનું ચાતુર્ય પણ નથી. આ તો માત્ર પૂર્વના આચાર્યોએ શ્રુતસમુદ્રનું મંથન કરી જે મંત્રરૂપ મોતીઓ શોધેલા, તે મોતીઓ મારી નજરે ચઢ્યાં અને મેં તો માત્ર એ મંત્રરૂપ મોતીઓને શાંતિનાથ ભગવાનના સ્તવરૂપ આ હારમાં ગોઠવ્યા છે."

આ કથન દ્વારા સ્તવકારશ્રીના હૃદયની બે ઉત્તમ વાતો જણાઈ આવે છે. એક તો તેમની લઘુતા અને બીજા નંબરે તેમની સર્વજ્ઞના વચન ઉપરની શ્રદ્ધા. પ. પૂ.માનદેવસૂરીશ્વરજી મહારાજા શક્તિસંપન્ન હતા. તેમનો પુણ્ય પ્રભાવ પણ અચિન્ત્ય હતો. જયા-વિજયા જેવી દેવીઓ તેમની સેવામાં સતત હાજર રહેતી. તેઓ ધારે તો પોતે સ્વતંત્રપણે સ્તવ રચી શકતા હતા. આમ છતાં તેમણે પૂર્વસૂરિઓના રચેલા ગ્રંથોમાંથી મંત્રો ઉદ્ધરી આ શાન્તિસ્તવની રચના કરી. આમાં વડિલોનો વિનય, શ્રદ્ધા, બહુમાન અને તેમની સામે હું કાંઈ નથી - તેવો લઘુતાનો ભાવ સ્પષ્ટ જણાઈ આવે છે.

વળી, પોતે સમજે છે કે ગમે તેમ તો ય હું છદ્મસ્થ છું. અતીન્દ્રિય એવો મોક્ષમાર્ગ કેવળી સિવાય કોઈ સ્પષ્ટપણે જોઈ શકતું નથી. તેથી કેવળીના વચનના સહારે ચાલવામાં આવે તો જ હિત થઈ શકે છે. આથી તેઓ જણાવે છે કે આ સ્તવમાં જણાવેલા મંત્રો વગેરે મારા નથી સર્વજ્ઞ વચનનો સહારો લઈ પૂર્વપુરુષોએ જે શાસ્ત્રો રચ્યા છે, તે શાસ્ત્રોમાંના આ મંત્રો છે. આમ કહેવા દ્વારા તેઓશ્રી મુમુક્ષુઓની આ સ્તવ પ્રત્યેની અને સર્વજ્ઞના વચન પ્રત્યેની શ્રદ્ધાને દૃઢ કરે છે.

**सलिलादिभय-विनाशी शान्त्यादिकरश्च भक्तिमताम्** - (આ શાંતિસ્તવ) ભક્તિવાળા જીવોના પાણી આદિ ભયોનો નાશ કરનાર અને શાંતિ આદિ કરનાર છે.

મંત્રયુક્ત આ સ્તવની શક્તિ શું છે તે જણાવતા હવે સ્તવકાર શ્રી કહે છે કે, શાંતિનાથ ભગવાન પ્રત્યે જેઓ ભક્તિભાવ ધરાવે છે અને ભાવથી જેઓ આ મંત્રની આરાધના કરે છે; તેવા ભક્તો માટે શાંતિનાથ ભગવાનનું આ સ્તવ પાણી,

અગ્નિ, વિષ કે રોગાદિના અનેક ઉપદ્રવોનો નાશ કરે છે, તેટલું જ નહિ, પરંતુ શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિને પણ કરે છે.

'भक्तिमताम्'[49] નો પ્રયોગ કરી સ્તવકારશ્રી સ્પષ્ટ કરે છે કે આ સ્તવના પ્રભાવનો અનુભવ ભક્તો જ કરી શકે છે. જેમણે આ સ્તવ પ્રત્યે કે શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિભાવ નથી અને છતાં ય આ સ્તવ બોલે છે કે મંત્રનો જાપ કરે છે, તેઓને આ સ્તવથી કોઈ વિશેષ લાભ થતો નથી, માત્ર સામાન્ય પુણ્યબંધ થાય તેટલું જ.

**અવતરણિકા :**

હવે શાંતિસ્તવનું વિશેષ ફળ જણાવે છે :

**ગાથા :**

**यश्चैनं पठति सदा शृणोति भावयति वा यथायोगं ।**
**स हि शान्तिपदं यायात् सूरिः श्रीमानदेवश्च ।।१७।।**

**અન્વય :**

यः च एनं सदा यथायोगं पठति शृणोति भावयति वा ।
स श्रीमानदेवःसूरिः च हि शान्तिपदं यायात् ।।१७।।

**ગાથાર્થ :**

અને જે કોઈ આ સ્તવને હંમેશા વિધિપૂર્વક ભણે છે, સાંભળે છે અથવા

---

49. ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરનાર એટલે મંત્ર-સાધક. તેનું લક્ષણ ભૈરવ પદ્માવતી કલ્પના પ્રથમ મંત્ર-લક્ષણાધિકારમાં નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

"शुचिः प्रसन्नो गुरु-देव-भक्तो, दृढव्रतः सत्य-दया-समेतः ।
दक्षः पटुबीजपदावधारी, मन्त्री भवेदीदृश एव लोके ।।१०।।"

**અર્થ :** शुचिः - બાહ્ય અને આભ્યન્તરપવિત્રતાવાળો. प्रसन्नः - સૌમ્ય ચિત્તવાળો गुरु-देव-भक्तः ગુરુ અને દેવની યોગ્ય ભક્તિ કરનારો. दृढव्रतः - ગ્રહણ કરેલા વ્રતમાં અતિદૃઢ. सत्य-दया-समेतः - સત્ય અને અહિંસાને ધારણ કરનારો. दक्षः - અતિ ચતુર, पटुः - બુદ્ધિશાળી. बीजपदावधारी - બીજ તથા અક્ષરને ધારણ કરનારો. इदृशः - આવો પુરુષ. लोके - આ જગતમાં मन्त्री - મંત્રસાધક. भवेत् - થાય છે. - ભૈરવ પદ્માવતી કલ્પ

(મંત્રયોગના નિયમ અનુસાર જે તેની) ભાવના કરે છે તે અને શ્રીમાનદેવ-સૂરીશ્વરજી પણ શાંતિપદને પામે છે.

**यश्चैनं (यथायोगं)[50] पठति सदा** - અને જે કોઈ આ સ્તવને (યથાયોગ્ય રીતે) હંમેશા ભણે છે.

જે આ સ્તવને હંમેશા યથાયોગ્ય રીતે ભણે છે એટલે કે શાંતિનાથ ભગવાન, જયાદેવી અને મન્ત્રપદો પ્રત્યે આદર-બહુમાન કેળવી, તેમનામાં મનને એકાગ્ર કરીને તે દ્વારા આત્મામાં વિશિષ્ટ ભાવ પ્રગટે તે રીતે જે આ સ્તવને ભણે છે, તે શાંતિ પામે છે.

આ રીતે અર્થાત્ યથાયોગ્ય રીતે આ સ્તવનું પઠન ત્યારે શકય બને કે જ્યારે શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક એટલે કે ગીતાર્થ ગુરુભગવંત પાસે જઈ, વિનયપૂર્વક, શુદ્ધ શબ્દોચ્ચારપૂર્વક આ સ્તવ ગ્રહણ કરાયું હોય. આ રીતે ગ્રહણ કરી તદનુસાર જ જો આ સ્તવનો પાઠ કરવામાં આવે તો તેના ઉચ્ચારણ માત્રથી પણ ઘણા કર્મનો નાશ થાય છે અને અલૌકિક ભાવો આત્મામાં પ્રગટી શકે છે.

અથવા यथायोगम् એટલે જે પ્રકારે વિધિ છે તે પ્રકારે. મંત્ર શાસ્ત્રના જે નિયમો છે, મંત્રસિદ્ધિ માટે જે જે કાર્ય કરવામાં આવે છે. તેમાંના એક પણ નિયમનું ઉલ્લંઘન કર્યા વિના જે પુરુષ આ પ્રકારે આ સ્તવને ભણે છે તે આગળ બતાવાશે તેવા શાંતિપદને પામે છે.

અહીં यथायोगम् પદ મૂકી સ્તવકાર આ વાત ઉપર ખાસ ભાર મૂકે છે કે, આ સ્તવને અવિધિથી, ઉપયોગ વિના ગમે તેમ બોલવાથી કોઈ વિશેષ ફાયદો થતો નથી, પરંતુ શ્રુત પ્રાપ્ત કરવાની વિધિ જાળવી ઉપયોગપૂર્વક આ સ્તવનું પઠન-શ્રવણ કે ભાવન થાય તો જ તે લાભકારી બને છે.

**शृणोति भावयति वा यथायोगं** - જે પુરુષ યથાયોગ્ય રીતે આ સ્તવને સાંભળે છે અથવા તેનું ભાવન કરે છે.

शृणोति - જે સાધક આ સ્તવને અન્ય પાસેથી અત્યંત ઉપયોગપૂર્વક સાંભળે છે, સાંભળતા જેને આનંદ થાય છે. અંતરમાં સંવેગ આદિના વિશેષ ભાવો પ્રગટ થાય છે તે પણ સ્તવના ફળને પામી શકે છે.

भावयति - વળી, ભણેલા અને સાંભળેલા આ સ્તવને આત્મસાત્ કરવા માટે

---

50. यथायोगं આ ક્રિયાવિશેષણ છે માટે ત્રણે ક્રિયા સાથે તેનો સંબંધ છે.
यथायोगं योगमनतिक्रम्य योगं योगं प्रति वा यथाकार्यमुद्दिश्य वा ।

જેઓ યથાયોગ્ય રીતે તેનું ભાવન[51] કરે છે; એટલે કે, પુનઃ પુનઃ આ સ્તવનું સ્મરણ કરે છે; તેનું ચિંતન-મનન કરે છે; તેના એકેક પદો ઉપર ઊંડી અનુપ્રેક્ષા કરે છે અને તે દ્વારા આ સ્તવના એકેક પદો, તેમાં જણાવેલાં પદાર્થો અને મંત્રોથી પોતાના આત્માને ભાવિત કરે છે તેઓ આ સ્તવના ફળને પામે છે.

**स हि शान्तिपदं यायात्** - તે શાંતિના સ્થાનને પામે.

આ સ્તવને જેઓ નિરંતર યોગ્ય રીતે ભણે છે, ભાવપૂર્વક સાંભળે છે અને યોગ્ય રીતે તેનું ભાવન કરે છે તે સાધક જ્યાં કોઈ અશાંતિ નથી; રોગ, શોક, આધિ, વ્યાધિ જન્ય કોઈ પીડા નથી; જ્યાં ડાકિની, શાકિની કે વ્યંતરાદિકૃત કોઈ ઉપદ્રવ નથી; જ્યાં જળ, અગ્નિ કે ઝેરીલા પદાર્થોનો ભય નથી; જન્મ અને મૃત્યુનો કોઈ ત્રાસ નથી; શત્રુ કે ચોરાદિનો પણ ડર નથી; ટૂંકમાં જ્યાં કર્મકૃત કે કષાયકૃત કોઈ પીડા નથી તેવા શાંતિના સ્થાનભૂત સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

આમ કહેવા દ્વારા સ્તવકાર શ્રી જણાવે છે કે, આ સ્તવથી વ્યંતરાદિકૃત ઉપદ્રવ કે જળ, અગ્નિ વગેરેના ઉપદ્રવો તો શાંત થવાના છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી, પરંતુ જેઓ વિધિપૂર્વક આ સ્તવને ભણે છે, સાંભળે છે કે ભાવન કરે છે તેઓ જ્યાં કોઈ પ્રકારની અશાંતિ નથી, ચિરકાળ માટે શાંતિ, શાંતિ ને શાંતિ જ છે તેવી સિદ્ધિગતિને પણ પ્રાપ્ત કરી શકે છે.

**सूरिः श्रीमानदेवश्च** - અને શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજા પણ (શાંતિના સ્થાનને પામો.)

'જેઓ આ સ્તવનું પઠન આદિ કરે છે તે તો શાંતિપદને પામો અને આ સ્તવના કર્તા પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજા પણ શાંતિના સ્થાનને પ્રાપ્ત કરો !' આ શબ્દોથી સ્તવકારશ્રીએ એક તો પોતાના નામનો નિર્દેશ કર્યો છે અને બીજું પોતે પણ શાંતિપદ[52] પામે તેવી ભાવના વ્યક્ત કરી છે. આમ કહેવા દ્વારા તેઓ જણાવે છે કે, "આ સ્તવની રચના મેં માત્ર મારી, મરકી આદિ રોગના નાશ માટે નથી

51. મંત્રશાસ્ત્રમાં 'ભાવ' શબ્દ બે અર્થમાં વપરાય છે. એક મંત્રના અર્થની વિચારણા કરવી તે 'ભાવ', અને બીજો મંત્રયોગના પરમ ધ્યેયરૂપ 'મહાભાવ' (સમાધિ)ની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેવું તે 'ભાવ' અહીં તે બંને અર્થો પ્રસ્તુત છે. ઇષ્ટ દેવતાનું શરીર મંત્રમય હોય છે, તેનું ચરણથી લઈને મસ્તકપર્યંત ધ્યાન ધરવું, તે મંત્રાર્થભાવના કહેવાય છે. - પ્રબોધ ટીકા.

52. "जया-विजया-ऽपराजितामिधानाभिर्देवीभिर्विहितसान्निध्ये निरतिशयकरुणाकोमलचेतोभिः श्रीमानदेवसूरीभिः सर्वत्र सकलसङ्घस्य **सर्वदोषसर्गनिवृत्त्यर्थं** एतत् स्तोत्रं कृतं तैः साकं, ततः प्रभृति सर्वत्र अस्य लघुशान्तिस्तोत्रस्य प्रत्यहं स्वयमध्ययनाद् अन्यसकाशात् श्रवणाद् वा अनेनाभिमन्त्रि-

કરી, પરંતુ આ સ્તવના પઠન, શ્રવણ અને ભાવનથી હું અને સૌ કોઈ સાધકો પણ શાંતિના સ્થાનભૂત મોક્ષ સુધી પહોંચી શકે તે હેતુથી કરી છે."

પ.પૂ. માનદેવસૂરીશ્વરજી વીરપ્રભુની પાટપરંપરામાં થયેલા એક પ્રભાવક આચાર્ય હતા. શાસ્ત્રોમાં કહ્યું છે કે, ૧. ઉપદ્રવ થતાં ૨. દુર્ભિક્ષ થતાં ૩. દુશ્મનની ચડાઈ થતાં ૪. રાજા દુષ્ટ થતાં ૫. ભય આવી પડતાં ૬. વ્યાધિ ઉત્પન્ન થતાં ૭. માર્ગનો રોધ થતાં અને ૮. કોઈ વિશિષ્ટ કાર્ય આવી પડતાં - આ આઠ તથા બીજા કોઈ કારણો ઉત્પન્ન થતાં મંત્રવાદી મંત્રનો ઉપયોગ કરીને દર્શનાચારનાં આઠમા પ્રભાવના નામનાં આચારનું પાલન કરે છે. આ રીતે પ્રભાવક પુરુષો દ્વારા પોતાના સમ્યગ્દર્શન ગુણની આરાધના થાય છે. આમ સ્તવકારશ્રીએ વ્યંતરકૃત ઉપદ્રવ ટાળવા કરેલી આ રચના દ્વારા પોતાના સમ્યગ્દર્શનને નિર્મળ કરવાની સાથે સાથે શાંતિપદસ્વરૂપ મોક્ષને પામવાની અભિલાષા પણ વ્યક્ત કરી છે.

સ્તવ રચવાનું મુખ્ય નિમિત્ત વ્યંતરે કરેલા ઉપદ્રવનું નિવારણ કરવાનું તો હતું જ, તોપણ પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાને આ સ્તવનું ફળ આટલું જ માત્ર ઇષ્ટ નથી. તેઓ તો ઇચ્છે છે કે આ સ્તવના પઠન, શ્રવણ અને ભાવનથી શ્રીસંઘના ઉપદ્રવો શમે અને શ્રી સંઘ તથા તેઓશ્રી પણ આ સ્તવના માધ્યમે છેક શાંતિના સ્થાનરૂપ મોક્ષ સુધી પહોંચે. તેથી મોક્ષાર્થી સાધકે પણ આ સ્તવનું વિધિપૂર્વક પઠન-પાઠન કરવાની ખાસ જરૂર છે.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાનો મારા ઉપર તથા શ્રી સંઘ ઉપર કેટલો મોટો ઉપકાર કે, તેમણે આવા સુંદર સ્તવની રચના કરી આપી. આ સ્તવને પામી હું કૃતાર્થ થયો છું. હવે સાધના ક્ષેત્રમાં આવતાં વિઘ્નોને શમાવવા આ સ્તવના એકેક પદોને હું એ રીતે ભાવિત કરું કે, અનંત ગુણના નિધાન શાંતિનાથ પ્રભુ, તેમના પ્રત્યે અહોભાવવાળી જયાદેવી અને આ મંત્રપદો મારા મન મંદિરમાં રમતા થઈ જાય; જેના દ્વારા મને અને પ. પૂ. માનદેવસૂરીશ્વરજી મહારાજાને પણ શીઘ્ર શાંતિપદની પ્રાપ્તિ થાય."*

---

तज्जलच्छटादानाच्च श्रीसङ्घस्य शाकिनीजनितमरकोपद्रव उपशान्तिं गतः, सर्वत्र शान्तिः समुत्पन्ना, ततः प्रभृति यावत् प्रायः प्रत्यहं लघुशान्तिः प्रतिक्रमणप्रान्ते प्रोच्यते इति संप्रदायः ।"

ટીકાના 'સર્વદોષસર્ગનિવૃત્ત્યર્થં' શબ્દ દ્વારા સકલસંઘને સર્વ દોષોથી મુક્ત કરાવી મોક્ષ સુખ પ્રાપ્ત કરાવવાની ભાવના રાખતા હતા તે જણાઈ આવે છે. અને તે જ કારણોથી આજ સુધી પ્રતિક્રમણમાં શાંતિ બોલવાની પ્રથા છે. - શ્રી સિદ્ધિચન્દ્રગણીકૃત ટીકા

**અવતરણિકા :**

સ્તવના અંતે સર્વત્ર માંગલિકરૂપે બોલાતી બે ગાથાઓનો ઉલ્લેખ કરાયો છે.

**ગાથા :**

**उपसर्गाः क्षयं यान्ति छिद्यन्ते विघ्नवल्लयः ।**
**मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे ।।१८।।**

**અન્વય :**

जिनेश्वरे पूज्यमाने, उपसर्गाः क्षयं यान्ति ।
विघ्नवल्लयः छिद्यन्ते, मनः प्रसन्नतामेति ।।१८।।

**ગાથાર્થ :**

જિનેશ્વરને પૂજવાથી ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નની વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

**વિશેષાર્થ :**

**उपसर्गाः क्षयं यान्ति** - ઉપસર્ગો નાશ પામે છે.

ઉપસર્ગ એટલે આફત, પીડા, સંકટ કે દુઃખદાયક ઘટના. શુદ્ધ ભાવે પરમાત્માની પૂજા કરવાથી એવા પ્રકારના પુણ્યનો ઉદય થાય છે કે સામાન્ય પ્રકારના ઉપસર્ગો તો ટળે જ છે, પરંતુ મરણાંત ઉપસર્ગો પણ પળવારમાં પલાયન થઈ જાય છે. આપત્તિના સ્થાનમાં સંપત્તિની પ્રાપ્તિ થાય છે. જેમ કે, અમરકુમાર, શ્રીમતી, સુદર્શન શેઠ વગેરે અનેક મહાસતીઓ અને મહાપુરુષોને મરણાંત ઉપસર્ગ આવ્યા, પરંતુ પરમાત્માનું ધ્યાન કરવાથી તેમના તે ઉપસર્ગો ટળી ગયા અને તેના સ્થાને અનેક પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થઈ.

**छिद्यन्ते विघ्नवल्लयः** - વિઘ્નની વેલડીઓ છેદાય છે.

કોઈપણ કાર્ય કરતાં અટકાયત આવે, અંતરાય ઊભો થાય, કાર્ય ન થાય કે કાર્યમાં વિલંબ આવે આદિ કાર્ય સંબંધી વિઘ્નો કહેવાય છે. ધર્મકાર્યોમાં આવા વિઘ્નો આવવાની શક્યતા ઘણી હોય છે. આથી જ કહેવાય છે કે 'श्रेयांसि बहुविघ्नानि' જીવે પાપકર્મનો ઘણો જથ્થો ભેગો કરેલો છે. તેથી શ્રેય કાર્ય કરવા

જતાં વિઘ્નોની સંભાવના વધુ રહે છે, પરંતુ ભગવાનની ભક્તિ કરનારના સત્કાર્યમાં આવતાં વિઘ્નો વિનાશ પામે છે અને તે જીવ નિર્વિઘ્ને કલ્યાણકારી કાર્યમાં આગળ વધી શકે છે. કદાચ પ્રબળ કર્મના ઉદયે બાહ્યથી વિઘ્ન નાશ ન પામે તોપણ અંતરંગ રીતે વિઘ્નનો અનુભવ કર્યા વિના શુભ ધ્યાનમાં એકાગ્ર બની આનંદને માણતો તે જીવ મોક્ષના મહાસુખ સુધી પહોંચી શકે છે.

**मनः प्रसन्नतामेति** - મન પ્રસન્નતાને પામે છે.

ભગવાનની ભક્તિનું શ્રેષ્ઠ ફળ છે - મનની પ્રસન્નતા. વિઘ્નો ટળે કે ન ટળે, ઉપસર્ગો શમે કે ન શમે; પણ ચિત્ત પ્રસન્ન રહે તે જ ભક્તિનું પરમ ફળ છે.

પ્રભુ ભક્તિના પ્રભાવથી સાધકનું એવું પુણ્ય જાગૃત થાય છે કે પ્રાયઃ કરીને તેના જીવનમાં કોઈ આપત્તિ આવતી જ નથી. પૂર્વે બાંધેલા કોઈ તીવ્ર કર્મના ઉદયથી ક્યારેક આપત્તિ આવી જાય તોપણ તે સાધકના મનને બગાડી શકતી નથી. તેને દુઃખ આવે પણ તે દુઃખી થતો નથી. તેનું મન સુપ્રસન્ન જ રહે છે. કેમકે પ્રભુભક્તિના કારણે તેનું ચિત્ત નિર્મળ બન્યું હોય છે. જેના કારણે પ્રભુએ દર્શાવેલા કર્મના સિદ્ધાંતો તેને સ્પષ્ટ સમજાય છે, તેની ઉપર દૃઢ શ્રદ્ધા પ્રગટે છે અને તેને જીવનમાં ઉતારવા સતત પ્રયત્નશીલ રહે છે. આથી જ જ્યારે આપત્તિ આવે ત્યારે સાધક સમજે છે કે 'મેં પૂર્વે બાંધેલાં કર્મનું આ ફળ છે. વર્તમાનની પરિસ્થિતિ મારી ભૂતકાળની ભૂલોનું પરિણામ છે. આ આપત્તિ મારું કાંઈ બગાડી શકતી નથી બલ્કે તે મારા કર્મોને ખંપાવી મારા બંધનોને હળવા કરે છે.' આવી વચનાનુસાર વિચારસરણીને કારણે સાધક ચિત્તની સ્વસ્થતાપૂર્વક સર્વ આપત્તિને સહન કરી, મનને સદા પ્રસન્ન રાખી શકે છે. આવી ચિત્તની પ્રસન્નતા એ જ તો પ્રભુપૂજાનું મુખ્ય ફળ છે. આથી જ આનંદઘનજી મહારાજાએ શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહ્યું છે.

*"ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ."*

પ્રભુપૂજા કરનારની ચિત્ત-પ્રસન્નતા અખંડિત રહે છે. કેમ કે પ્રભુની પૂજાથી રાગ તોડવા જેવો લાગે છે, ઇચ્છાઓ કાઢવા જેવી લાગે છે. પરિણામે ઇચ્છાઓ ઓછી થતી જાય છે અને ઇચ્છાઓ ઘટતા ચિત્ત પ્રસન્ન રહેવા લાગે છે. બાહ્ય અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ મંદ પડે છે ગુણોનો રાગ તીવ્ર બને છે અને દોષોનો પક્ષ નબળો પડે છે. વિષયના વિકારો ઘટે છે અને વૈરાગ્યાદિ ભાવો પ્રબળ થાય છે. કષાયોના સંક્લેશો શાંત થાય છે અને ક્ષમાદિ ગુણોની વૃદ્ધિ થાય છે. સંસારની નરી વાસ્તવિકતા સમજાય છે અને મોક્ષ પ્રત્યેનો આદર વધે છે. આ

જ કારણે પ્રભુનો પૂજક સર્વ સ્થિતિને સહજતાથી સ્વીકારી શકે છે. દરેક સ્થિતિમાં પોતાના મનની સમતુલા જાળવી શકે છે. ગમે તેવી પરિસ્થિતિ તેને અકળાવી શકતી નથી. આનાથી વિપરીત જેઓ પ્રભુની પૂજા નથી કરતાં તેઓ તો અનુકૂળતામાં અને પ્રતિકૂળતામાં રતિ અને અરતિના વિકારથી પોતાના મનને સદા વ્યાકુળ જ રાખે છે. પ્રસન્નતા તો તેમનાથી કોસો દૂર રહેતી હોય છે.

**જિજ્ઞાસા :** પ્રભુ પૂજાથી ચિત્ત પ્રસન્નતા જળવાય તેવું સતત અનુભવાતું નથી; પરંતુ અનુકૂળ વ્યક્તિ કે વાતાવરણથી ચિત્ત પ્રસન્ન રહે છે તેવું સતત અનુભવમાં આવે છે. એવું કેમ ?

**તૃપ્તિ :** અનુકૂળ વ્યક્તિ, વાતાવરણ કે સંયોગો ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરાવી શકતા નથી, તે તો રાગ કે રતિના વિકારને પ્રાપ્ત કરાવે છે. મોહમૂઢ જીવ આ વિકારને ચિત્ત પ્રસન્નતા કે શાતા માને છે. જેમ અણસમજુ જીવ શરીરના સોજાને શરીરની પુષ્ટિ માને છે, તેમ મોહાધીન માનવી અનુકૂળતાની રતિને ચિત્તની પ્રસન્નતા કે સુખ માને છે. વાસ્તવમાં તો ત્યારે પણ ચિત્ત પ્રસન્ન હોતું નથી, કેમકે ત્યારે મળેલા પદાર્થને સાચવવાની ચિંતા, તે ચોરાઈ ન જાય કે નાશ ન પામી જાય તેનો ભય, વધુ મેળવવાની તાલાવેલી વગેરે સંક્લેશોથી ચિત્ત વ્યાકુળ જ હોય છે. કષાયોથી વ્યાકૂળ ચિત્ત ક્યારે પણ પ્રસન્ન હોતું નથી.

વાસ્તવિક ચિત્તની પ્રસન્નતા તો કષાયોના અભાવથી થાય છે અને કષાયોનો અભાવ પ્રભુપૂજાથી થાય છે. તેથી પ્રસન્નતાનું કારણ અનુકૂળ સંયોગો નથી પણ પ્રભુપૂજા છે.

વળી અનુકૂળ વ્યક્તિ કે વાતાવરણથી થયેલી ચિત્તની રતિ જરા પ્રતિકૂળતા આવતાં નાશ પામી જાય છે, પરંતુ પ્રભુપૂજાથી પ્રાપ્ત થયેલી ચિત્તની પ્રસન્નતા પ્રતિકૂળ સંયોગો આવતાં પલાયન નથી થઈ જતી, પણ ટકી રહે છે. કેમકે પ્રતિકૂળતાને પચાવવાની, સહર્ષ સ્વીકારવાની તાકાત પ્રભુ પૂજાથી પ્રાપ્ત થાય છે. પ્રભુની પૂજા કરનારો જ કર્મના સિદ્ધાંતો સમજી તે ઉપર શ્રદ્ધા કરી શકે છે. તેના કારણે અશુભ કર્મોદયના કાળમાં તે અકળાતો નથી, પરંતુ પ્રસન્ન ભાવે સર્વ પ્રતિકૂળતાને સહન કરે છે. સારાં-નરસાં સર્વ સંયોગોમાં મન સ્વસ્થ રાખી શકે છે.

*ઉપસર્ગોનો ક્ષય, વિઘ્નોનો વિનાશ અને ચિત્તની પ્રસન્નતા શેનાથી પ્રાપ્ત થાય છે તે હવે જણાવે છે :*

**पूज्यमाने जिनेश्वरे** - જિનેશ્વર પૂજાતે છતે અર્થાત્ જિનેશ્વરની પૂજા કરવાથી ઉપરોક્ત લાભો થાય છે.

જ્યારે પરમકૃપાળુ પરમાત્માની ભાવપૂર્વક ભક્તિ થાય ત્યારે ઉપસર્ગોના નાશથી માંડી મનની પ્રસન્નતા સુધીના લાભો પ્રાપ્ત થાય છે. 'પૂજા' એટલે ગુણ પ્રત્યેના આદરને વ્યક્ત કરનારી મન, વચન, કાયાની પ્રવૃત્તિ. રાગાદિ આંતર શત્રુને જીતી અનંત ગુણના સ્વામી બનેલા ભગવાનના તે તે ગુણને પ્રાપ્ત કરવા કે તે તે ગુણ પ્રત્યેની પ્રીતિ ભક્તિને વધારવા ભક્ત પોતાની ભૂમિકા અનુસાર અનેક પ્રકારે ભક્તિ કરે છે. કોઈ પુષ્પ, જળ, ચંદન આદિ સામાન્ય દ્રવ્યથી પ્રભુની પૂજા કરે છે તો કોઈ કેસર, કસ્તુરી, હીરા, માણેક મોતી જેવા ઉત્તમ દ્રવ્યોથી પ્રભુની પૂજા કરે છે. કોઈ પ્રભુચરણે થોડું ઘણું સમર્પે છે તો કોઈ વળી પ્રભુચરણે સર્વસ્વ ન્યોચ્છાવર કરી દે છે. પ્રભુચરણે જીવન સમર્પણ કરનારા શ્રેષ્ઠ મહાત્માઓ તો વચન અને કાયા તો ઠીક પરંતુ પોતાના મનને પણ પ્રભુ વચનથી લેશ પણ ચલ-વિચલ થવા દેતા નથી. સર્વત્ર પ્રભુ આજ્ઞાનુસાર જ ચાલે છે. આવી પૂજા સર્વશ્રેષ્ઠ પૂજા કહેવાય છે.

આ રીતે પ્રભુ પૂજાના અનેક પ્રકારોમાંથી પોતાની શક્તિ, સંયોગો અને ભૂમિકાનો વિચાર કરી જે સાધક નિઃસ્વાર્થ ભાવે પ્રભુ પૂજા કરે છે, તેના વિઘ્નો ટળે છે અને તે ચિત્તપ્રસન્નતારૂપ ફળને તત્કાળ પ્રાપ્ત કરી શકે છે.

અહીં એટલું ખાસ યાદ રાખવું કે સૌને પ્રભુપૂજાનું ફળ પોત-પોતાના ભાવ મુજબ મળે છે, જેઓ ઉત્કૃષ્ટ ભાવથી સર્વસ્વના સમર્પણ સાથે પ્રભુપૂજા કરે છે તેને તત્કાળ મોક્ષનું મહાસુખ મળે છે અને જેઓની તેવી ભક્તિ નથી પરંતુ તેના કરતાં નીચેની ભૂમિકાની ભક્તિ છે, તેને પોતાની ભક્તિને અનુરૂપ ફળ મળે છે. ટૂંકમાં પ્રભુપૂજા ક્યારેય નિષ્ફળ જતી નથી. મોડું કે વહેલું તેનું ફળ તો મળે જ છે.

આ ગાથા બોલતાં સાધક વિચારે કે,

*"હે પ્રભુ ! ચિત્તની સ્વસ્થતા અને પ્રસન્નતામાં જ સુખ છે એવું જાણું છું પણ ભૌતિક સુખોની ઇચ્છા મારા ચિત્તને અસ્વસ્થ બનાવી દે છે. તે દુઃખને ટાળવા અને સ્વસ્થ તથા સુખી થવા હું સેંકડો ઉપાયો અજમાવું છું પણ કોણ જાણે કેમ મારી ભૌતિક સુખની ભૂખ વધતી જ જાય છે અને પરિણામે હું દુઃખીને દુઃખી જ રહું છું. હવે મને સુખી થવાનો વાસ્તવિક માર્ગ સાંપડ્યો છે. પ્રભુ ! મને ખબર છે આ ભૂખને ભાંગવાનો સરળ અને સચોટ ઉપાય તારી પૂજા છે, તેથી આજથી બીજું બધું છોડી મારે એકમાત્ર તારી પૂજામાં લીન બની જવું છે."*

**અવતરણિકા :**

પરમાત્માની પૂજાનું ફળ બતાવી હવે તે પરમાત્માએ બતાવેલો સુખનો માર્ગ એટલે કે જૈનશાસન કેવું છે તે જણાવે છે :

**ગાથા :**

**सर्वमङ्गलमाङ्गल्यं, सर्व-कल्याणकारणम् ।**
**प्रधानं सर्व-धर्माणां, जैनं जयति शासनम् ।।१९।।**

**અન્વય :**

सर्व-मङ्गल-माङ्गल्यं, सर्व-कल्याण-कारणम् ।
सर्व-धर्माणां प्रधानं, जैनं शासनम् जयति ।।१९।।

**ગાથાર્થ :**

સર્વ મંગળોમાં મંગળભૂત, સર્વ કલ્યાણના કારણભૂત, સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન જયવંતુ વર્તે છે.

**વિશેષાર્થ :**

**सर्वमङ्गल-माङ्गल्यम्** - (જૈનશાસન) સર્વ મંગળોમાં મંગળભૂત છે.

અશુભ તત્ત્વો જેનાથી દૂર થાય તેને 'મંગળ'[52] કહેવાય છે. વ્યવહારથી આવા મંગળો દુનિયામાં ઘણાં છે. જેમ કે, શુભ શૂકન જોવું, સારું મુહુર્ત જોવું શુભ વસ્તુઓ લેવી વગેરે, પરંતુ મંગળ તરીકે ગણાતા આ મંગળોમાં વિઘ્નોને દૂર કરવાની તાકાત હોય જ તેવો એકાંત નિયમ નથી. જ્યારે ભગવાનનું શાસન એટલે કે પરમાત્માના એકેક વચનમાં એવી તાકાત છે કે તે ચોક્કસ પ્રકારે વિઘ્નોને દૂર કરી સર્વત્ર મંગળ પ્રવર્તાવે માટે જ જૈનશાસનને સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ કહેવામાં આવ્યું છે.

**सर्वकल्याणकारणम्** - (જૈનશાસન) સર્વ કલ્યાણનું કારણ છે.

જૈન શાસન સર્વ સુખનું કારણ છે. દુનિયામાં સુખનું કારણ કદાચ ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ કહેવાય છે. કેમ કે, તેની પાસે માંગવાથી બધું જ મળે છે. પરંતુ

52. મંગલ શબ્દની વિશેષ વ્યાખ્યા માટે જુઓ સૂત્ર સંવેદના ભાગ-૧. સૂત્ર-૧

ચિંતામણિ કે કલ્પવૃક્ષ માંગ્યા પછી આપે છે; જ્યારે જૈન શાસનના આરાધકને વણમાંગ્યા ભૌતિક સુખો પ્રાપ્ત થાય છે. કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્ન મર્યાદિત સુખ આપે છે, જ્યારે જૈનશાસનની સાધના અમર્યાદિત સુખ આપે છે. વળી, ચિંતામણી આદિની તાકાત માત્ર ભૌતિક સુખ આપવાની છે; જ્યારે જૈનશાસન દુનિયાના શ્રેષ્ઠ ગણાતા ભૌતિક સુખો સાથે આધ્યાત્મિક સુખ પણ આપે છે. અનંત જ્ઞાનાદિ ગુણ સંપત્તિ કે પરમ આનંદસ્વરૂપ મોક્ષ ર... ની આરાધનાથી જ પ્રાપ્ત થઈ શકે છે. આથી જ જૈનશાસન સર્વ કલ્યાણ... કહેવાય છે.

**प्रधानं सर्वधर्माणाम्** - (જૈનધર્મ) ... માં પ્રધાન છે.

આ જગતમાં અનેક પ્રકારના ધર્મો છે. તેમાંના ઘણા ધર્મો અન્ય જીવોને સુખી કરવા અહિંસા આદિની વાતો પણ કરે છે; પરંતુ જે જીવોની હિંસાથી બચી અહિંસા ધર્મનું પાલન કરવાનું છે; તે જીવો વિષયક સૂક્ષ્મ જ્ઞાન, નાનામાં નાના જીવોની ઓળખ, તેમને થતી વેદના અને સંવેદનાની સ્પષ્ટ સમજ તથા તેઓને માત્ર અલ્પકાળ માટે નહિ, પરંતુ દીર્ઘકાળ માટે પીડા મુક્ત કરવાના ઉપાયો જેવા જૈન ગ્રંથોમાં વર્ણવ્યા છે તેવા અન્યત્ર ક્યાંય વર્ણવ્યા નથી.

જૈનશાસનમાં માત્ર બાહ્ય દુઃખો કે બાહ્ય પીડાઓથી મુક્ત થવાના ઉપાયો નથી જણાવ્યા; પરંતુ બાહ્ય પીડાના કારણભૂત, પ્રતિક્ષણ પરેશાન કરતાં રાગાદિ દોષોની સૂક્ષ્મ સમજ અને આ દોષોને સમૂળ નાશ કરવાના ઉપાયો પણ જણાવ્યા છે જે જૈનશાસનની વિરલ વિશિષ્ટતા છે.

આત્મા, પુણ્ય, પાપ, પરલોક આદિ તત્ત્વોની વાતો ઘણાં ધર્મશાસ્ત્રોમાં જોવા મળે છે; પરંતુ જૈન ગ્રંથોમાં જે રીતે તેની રજૂઆત કરી છે, યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા તેની જે સિદ્ધિ કરી છે અને આત્મશુદ્ધિના જે ઉપાયો વર્ણવ્યા છે તે જોતાં જ તે સર્વશ્રેષ્ઠ કક્ષાના છે તેમ જણાઈ આવે છે. તેના જ કારણે સાધક તેના ઊંડાણ સુધી સહજતાથી પહોંચી શકે છે.

સર્વજ્ઞ, સર્વદર્શી અરિહંત પરમાત્માએ બતાવેલો આ એક ધર્મ એવો છે જેના સિદ્ધાંતોમાં પૂર્વાપર ક્યાંય વિરોધ જોવા મળતો નથી. સિદ્ધાંતો રજૂ કરવા તે એક વસ્તુ છે અને સિદ્ધાંતોને અનુરૂપ આચરણાઓ બતાવવી તે બીજી વસ્તુ છે. જૈનશાસને અહિંસાના અને આત્મિક સુખના ઊંચામાં ઊંચા સિદ્ધાંતો રજૂ કરવાની સાથે તે સિદ્ધાંતોને પુષ્ટ કરે, અને પ્રેક્ટિકલ (Practical) જીવનમાં તેને જીવી શકાય તેવો ક્રિયા માર્ગ પણ બતાવ્યો છે. જૈનશાસને બતાવેલી સૂક્ષ્મ આચાર-

સંહિતા તેણે દર્શાવેલી વિચારશૈલીને પુષ્ટ કરે તેવી હોવાથી તેના દરેક આચારો સ્વ અને પરના સુખનું કારણ બને છે, પણ પોતાના સુખ ખાતર અન્યના દુઃખનું કારણ બનતાં નથી.

વળી, આ જગતની નરી વાસ્તવિકતાને પ્રગટ કરવા જૈનદર્શને સ્યાદ્વાદનો એક સિદ્ધાંત જગત સમક્ષ રજૂ કર્યો છે. સ્યાદ્વાદ સિદ્ધાન્ત એવું કહે છે કે જગતમાં ક્યાંય એકાન્ત નથી. તેની કોઈ વસ્તુ એક ધર્મવાળી નથી. દરેક વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે. આવી અનેક ધર્મો ધરાવતી વસ્તુમાં કોઈ એક ધર્મની સ્થાપના કરવાથી તેમાં રાગ-દ્વેષ આદિ મલિન ભાવો થાય છે; પરંતુ જ્યારે તે વસ્તુને બીજા પાસાંથી જોવામાં આવે તો તેમાં રાગાદિ થવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. દા.ત કોઈ ચોક્કસ પુરુષમાં સ્ત્રી જ્યારે આ મારો પતિ છે તેવો ભાવ કરે છે. ત્યારે તેનામાં રાગ, મમત્વ આદિ મલિન ભાવો ઉત્પન્ન થાય છે. ત્યાં હક્કનો દાવો મંડાય છે પરંતુ જ્યાં અનેકાન્તનો સિદ્ધાન્ત અપનાવી તે વિચાર કરે છે કે જેમ આ મારો પતિ છે તેમ કોઈનો પુત્ર પણ છે કોઈનો ભાઈ પણ છે અને કોઈનો પિતા પણ છે. ત્યારે તેની તે વ્યક્તિ પ્રત્યેની અપેક્ષાઓ મહદ્ અંશે ઘટી જાય છે અને પરિણામે તેનું ચિત્ત સ્વસ્થ રહી શકે છે. હૈયાની વિશાળતાનો પાયો આ અનેકાન્તના સિદ્ધાન્તમાં પડેલો છે.

આ જ રીતે જગતની સર્વ ચીજો નિત્ય પણ છે અને અનિત્ય પણ છે; પરંતુ અનેકાન્ત સિદ્ધાન્તનો ત્યાગ કરી વસ્તુને જ્યારે માત્ર નિત્ય મનાય ત્યારે વસ્તુના વિનાશમાં શોક, સંતાપ, દુઃખાદિની લાગણીઓ ઉદ્ભવે છે. જો અનેકાન્ત અનુસાર વસ્તુ નિત્ય-અનિત્ય સ્વીકારાય તો તેની હાજરીમાં તીવ્ર હર્ષ અને *ગેરહાજરીમાં તીવ્ર શોકથી બચી શકાય છે. આમ સ્યાદ્વાદનો સિદ્ધાન્ત અપનાવી* જીવન જીવવાથી હૈયાની વિશાળતા અને ચિત્તની સ્વસ્થતા પ્રગટે છે અને વસ્તુ કે વ્યક્તિનો સર્વતોમુખી બોધ થાય છે. જેના ફળસ્વરૂપે ક્યાંય પક્કડ કે કદાગ્રહ રહેતા નથી. અન્યની અપેક્ષાઓને, તેમના દૃષ્ટિબિંદુને જોવાની, મૂલવવાની ક્ષમતા પ્રગટે છે. જેથી દ્વન્દ્વો શમી જાય છે અને ક્લેશ-કંકાસ, કજીયા જેવા ક્રૂર ભાવોને મનમાં ક્યાંય સ્થાન મળતું નથી. સર્વત્ર મૈત્રી, પ્રમોદ, સમતા, માધ્યસ્થ્ય આદિ શુભ ભાવો પ્રવર્તે છે.

સ્યાદ્વાદ-અનેકાન્તવાદને અપનાવીને જો જગતને જોવામાં આવે તો જ જગત વ્યવસ્થા ઘટી શકે. આત્માદિ પદાર્થોને કોઈ એક દૃષ્ટિકોણથી જ અપનાવવાના કારણે દુનિયામાં પરસ્પર વિરોધી હોય એવા અનેક દર્શનો પ્રવર્તે છે.

જૈનશાસનની અનેકાંત દૃષ્ટિથી જો આ જ આત્માદિ પદાર્થોને જોવામાં આવે તો સર્વ મતોનો સમાવેશ જૈનદર્શનમાં થઈ જાય છે માટે જ ઉપાધ્યાયજી ભગવંતે કહ્યું છે કે, 'સર્વ દર્શન તણું મૂળ તુજ શાસને.'

કદાગ્રહને બાજુ ઉપર મૂકી આ સિદ્ધાંતને વિચારવામાં આવે તો જૈનદર્શન ઉપર હૈયું ઓવારી ગયા વિના રહે નહીં. માધ્યસ્થ્ય ભાવે સૂક્ષ્મ બુદ્ધિથી જૈનશાસનની અહિંસા, રાગાદિ નાશના ઉપાયો કે આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થો વિષયક વાતોનું વિશ્લેષણ કરવામાં આવે તો વિચારક વ્યક્તિને જૈનશાસનની સર્વોપરિતા સ્પષ્ટ સમજાઈ જાય અને તે શાસન ઉપર તેને શ્રદ્ધા થયા વિના પણ રહે નહિ. આવી આવી અનેક વિશેષતાઓને કારણે જૈનદર્શન સર્વ ધર્મોમાં પ્રધાન છે.

**जैनं जयति शासनम्** - જૈનશાસન જય પામે છે.

જગતમાં તો આ શાસન સર્વત્ર વિસ્તાર પામો જ, પરંતુ આવું શાસન મારા હૃદયમાં પણ હંમેશા જય પામો.

'આજ દિવસ સુધી મારા હૃદય સિંહાસન ઉપર મોહનો જ જય થયેલો છે. પણ હવે આ શાસન મને ઓળખાયું છે, તેની મહત્તા મને સમજાઈ છે માટે ઇચ્છું છું કે હવે મોહ નહિ, પરંતુ આ શાસન જ મારા હૃદયમાં જયવંતુ વર્તો.'

આ ગાથા બોલતાં સાધક વિચારે છે.

*"મારું કેવું સદ્ભાગ્ય છે કે જન્મતા વેંત મને ચિંતામણિથી પણ ચઢિયાતું જૈનશાસન મળ્યું છે, મારે મારું મંગળ કરવા ક્યાંય જવુ પડે તેવું નથી. અન્ય કોઈ મંગળને સાધવાની મારે જરૂર નથી. મારે તો એક જ કાર્ય કરવાનું છે. આ શાસનને સમજું, તેમાં દર્શાવેલા તત્વોના તાગને પામું, તેને બતાવેલા યોગમાર્ગ ઉપર અડગ શ્રદ્ધા કેળવું અને તે માર્ગ ઉપર અપ્રમત્તતાથી ચાલું, પ્રભુ ! આ સર્વ હું કરી શકું તે માટેનું સામર્થ્ય પ્રદાન કરજો,"*

# 'ચઉક્કસાય'

**સૂત્ર પરિચય :**

આ સૂત્રમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે. તેથી તે पास जिन थुई કે પાર્શ્વનાથ જિનસ્તુતિ તરીકે પણ ઓળખાય છે. તેમાં સૂત્રકારે પાર્શ્વનાથ ભગવાનના સ્વરૂપને જણાવવાની સાથે સાથે ગર્ભિત રીતે સાધકે કોની સાથે યુદ્ધ કરવાનું છે. શત્રુ પક્ષ કેવો છે, તેના ઉપર વિજય કેવી રીતે મેળવવાનો છે વગેરે બાબતોનું ખૂબ સુંદર માર્ગદર્શન આપી મોટો ઉપકાર કર્યો છે.

આ સૂત્ર કદમાં નાનું હોવા છતાં ગહન ભાવોથી ભરેલું હોવાથી સાધનામાં અતિ સહાયક બને તેવું છે. તેની પ્રથમ ગાથાના પૂર્વાધમાં સૂત્રકારે આત્માને મલ્લની ઉપમા આપી જણાવ્યું છે કે કષાયો અને નોકષાયો આત્માના પ્રતિસ્પર્ધી એવા પ્રતિમલ્લો છે. પ્રભુએ આ પ્રતિમલ્લોનો સર્વથા નાશ કરી પોતાના સુખમય સ્વભાવને પ્રાપ્ત કર્યો હતો. તેથી સાધકે પણ પ્રભુને આદર્શ બનાવી, તેમને વંદન કરી તેમના જેવું જ કાર્ય કરવાની શક્તિ મેળવી વિષય-કષાયથી મુક્ત થવાનો પ્રયત્ન કરવાનો છે. આ જ સાધકની સાધના છે. પૂર્વાર્ધમાં આ રીતે પ્રભુની સાધના દર્શાવીને ઉત્તરાર્ધમાં પ્રકૃષ્ટ પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા પ્રભુના અલૌકિક દેહનું વર્ણન કર્યું છે. તે જ બતાવે છે કે ઇચ્છા હોય કે ન હોય પણ સર્વ જીવોને સુખી કરવાની ભાવના અને ઉત્તમ સાધના એવું પુણ્ય બંધાવે છે કે જેની જોડ જગતમાં ક્યાંય ન જડે.

બીજા શ્લોકમાં સ્તવકાર જણાવે છે કે જેણે અંતરંગ શત્રુઓને પરાસ્ત કર્યા છે તેવા પાર્શ્વનાથ પ્રભુના શરીરમાંથી અપૂર્વ તેજોમંડળ (Aura) પ્રસ્ફુટિત થઈ રહ્યું છે. હકીકત છે કે જ્યારે અંતરંગ શત્રુઓને પરાસ્ત કરવા દ્વારા ચિત્ત શાંત-પ્રશાંત બને છે ત્યારે બાહ્ય અને અંતરંગ સમૃદ્ધિ તથા સૌંદર્ય સોળે-કલાએ ખીલી ઊઠે છે. અંતે આ નાના સૂત્રમાં સ્તવકારે પ્રભુ પાસે બહુ મોટી પ્રાર્થના કરતા કહ્યું છે કે, 'હે પ્રભુ ! અમને ઇચ્છિત એવું મોક્ષપદ આપો, તે ન મળે ત્યાં સુધી આત્માનો આનંદ આપો અને તે આનંદને પ્રાપ્ત કરવા આપ જેવા આપ્ત પુરુષનો સદા અંતરમાં વાસ મળજો.'

આ સ્તુતિનો ઉપયોગ દિવસના છેલ્લા ચૈત્યવંદન[1] તરીકે થાય છે. શ્રમણ-શ્રમણી ભગવંતો સંથારા પોરિસી ભણાવતી વખતે સાતમું ચૈત્યવંદન કરે છે. જ્યારે શ્રાવક-શ્રાવિકાઓ સૂતી વખતે સાતમું ચૈત્યવંદન કરવાનું ચૂકી ન જાય તે માટે દેવસિય-પ્રતિક્રમણના અંતમાં સામાયિક પારતી વખતે આ સૂત્ર દ્વારા ચૈત્યવંદન કરે છે.

દિવસ દરમ્યાન તો સાધક સ્વાધ્યાય આદિ દ્વારા અનાદિકાળના કુસંસ્કારોને અટકાવવા સાવધાનીપૂર્વક યત્ન કરે છે, પરંતુ નિદ્રાધીન અવસ્થામાં તેવી સાવધાની રહી શકતી નથી. તેથી તે પહેલા આ સૂત્ર દ્વારા જો આ સ્વરૂપે પાર્શ્વપ્રભુનું ધ્યાન કરાય તો તેના સંસ્કારો હેઠળ સુષુપ્ત અવસ્થામાં પણ સાધક કામ-ક્રોધાદિ દોષોથી બચી શકે છે. વળી પ્રભુનું આવું સ્વરૂપ ચિત્તમાં ઉપસ્થિત રહેવાના કારણે કષાયો-નોકષાયો આદિ કાબુમાં આવે છે, વિષયોની આસક્તિ ટળે છે. સંયમ-વૈરાગ્ય આદિ ગુણોની અભિવૃદ્ધિ થાય છે. પરિણામે ઘાતી કર્મ નાશ પામે છે અને સાધક છેક કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટ કરીને, મોક્ષના મહા સુખને પણ માણી શકે છે.

---

| 1. સાધુ માટે સાત ચૈત્યવંદન | શ્રાવક માટે સાત ચૈત્યવંદન |
|---|---|
| ૧. પ્રભાતનાં પ્રતિક્રમણમાં | ૧. પ્રભાતનાં પ્રતિક્રમણમાં |
| ૨. જિનમંદિરમાં | ૨. પ્રભાતની પૂજામાં |
| ૩. ભોજન પહેલા | ૩. મધ્યાહ્નની પૂજામાં |
| ૪. ભોજન પછી | ૪. સંધ્યાની પૂજામાં |
| ૫. દૈવસિક પ્રતિક્રમણમાં | ૫. સાયંકાળના પ્રતિક્રમણમાં |
| ૬. શયન વખતે સંથારા પોરિસીમાં | ૬. સૂતા-પ્રતિક્રમણ પાળતાં 'ચઉક્કસાય'નું |
| ૭. જાગીને જગચિંતામણીનું | ૭. જાગતાં - જગચિંતામણિનું |

આમ આ સૂત્ર મુખ્યતયા રાત્રે બોલાય છે, પણ તે સિવાય પણ કામ-ક્રોધ આદિ શત્રુના સકંજામાંથી છૂટવા સાધક ક્યારેય પણ આ સૂત્રનો ઉપયોગ કરી પ્રભુ-ધ્યાનમાં લીન બની શકે છે. સૂત્રની ભાષા અપભ્રંશ છે. તે અતિપ્રાચીન છે અને વિક્રમની અઢારમી સદિમાં ઉપાધ્યાય પૂ. મેઘવિજયજી ગણિવરે તેને પૂર્વ ગ્રંથોમાંથી ઉદ્ધર્યું છે એવો ઉલ્લેખ મળે છે.

**મૂળ સૂત્ર :**

**चउक्कसाय-पडिमल्लुल्लूरणु,**
**दुज्जय-मयण-बाण-मुसुमूरणु ।**
**सरस-पियंगु-वण्णु गय-गामिउ,**
**जयउ पासु भुवणत्तय-सामिउ ।।१।।**

**जसु तणु-कंति-कडप्प सिणिद्धउ,**
**सोहइ फणि-मणि-किरणालिद्धउ ।**
**नं नव-जलहर तडिल्लय-लंछिउ,**
**सो जिणु पासु पयच्छउ वंछिउ ।।२।।**

**મૂળ ગાથા :**

**चउक्कस्साय-पडिमल्लुल्लूरणु,**
**दुज्जय-मयण-बाण-मुसुमूरणु ।**
**सरस-पियंगु-वण्णु गय-गामिउ,**
**जयउ पासु भुवणत्तय-सामिउ ।।१।।**

**અન્વય :**

चतुष्कषाय-प्रतिमल्लत्रोटनः दुर्जय-मदन-बाणभञ्जनः ।
सरस-प्रियङ्गु-वर्णः गज-गामी, जयतु पार्श्व भुवन-त्रय-स्वामी ।।१।।

**ગાથાર્થ :**

ચાર કષાયરૂપ પ્રતિયોદ્ધાનો નાશ કરનાર, મુશ્કેલીથી જીતાય એવા કામદેવના બાણને તોડી નાંખનાર, સરસ પ્રિયંગુ સમાન રંગવાળા, હાથીના જેવી ગતિવાળા, ત્રણ ભુવનના નાથ એવા પાર્શ્વનાથ પ્રભુ જય પામો !

**વિશેષાર્થ :**

**चउक्कस्साय-पडिमल्लुल्लूरणु** - ચાર કષાયરૂપ પ્રતિયોદ્ધાનો નાશ કરનાર. (પાર્શ્વનાથ પ્રભુ જય પામો)

આ શ્લોકમાં પાંચ વિશેષણ દ્વારા પ્રભુ પાર્શ્વનાથની સ્તવના કરવામાં આવી છે. તેમાં પ્રથમ વિશેષણ દ્વારા સૂત્રકારે પ્રભુના અદ્વિતીય પરાક્રમના દર્શન કરાવ્યા છે.

પાર્શ્વનાથ ભગવાન એક બળવાન મલ્લ સમાન હતા, તો ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો પ્રતિમલ્લ હતા એટલે કે પ્રતિસ્પર્ધી બળવાન યોદ્ધા હતા. ભીમ કે અર્જુન ભલે બળવાન યોદ્ધા કહેવાતા હોય, પણ તેમણે દુનિયાના મર્યાદિત લોકોને હંફાવ્યા હતા. જ્યારે આ ચાર કષાયરૂપી પ્રતિમલ્લોએ તો અનાદિકાળથી જગતના સર્વ મોહાધીન લોકોને પોતાના તાબે કરી પોતાની ઇચ્છાનુસાર રમાડ્યા છે. ક્યારેક સુખદ ક્ષણોમાં મૂકી પાછળથી મહા દુઃખના ખાડામાં ધકેલ્યા છે, તો ક્યારેક સામે જ પ્રહારો કરી અનેક પ્રકારની પીડાઓ પમાડી છે. આ કષાયોએ જગતનાં જીવોને એક ક્ષણ પણ શાંતિ સમાધિ કે સ્વસ્થતાનું સુખ માણવા દીધું નથી. વિવેકના અભાવે દુનિયાના લોકો તો આ શત્રુને શત્રુરૂપે સમજતા પણ નથી અને તેનાથી થતી પીડાઓને પારખી પણ શકતા નથી. તેઓ તો આ ચારે કષાયોને મિત્ર માની, તેને પરમ સુખનું કારણ સમજી સ્વીકારે છે અને તેને પુષ્ટ કરવા પ્રયત્ન કરે છે.

પાર્શ્વપ્રભુ બળવાન તો હતા જ. સાથો સાથ તેઓ બુદ્ધિમાન હતા, પરમ વિવેકને વરેલા હતા, દીર્ઘ દૃષ્ટા હતા. આ જ કારણથી તેઓ કષાયરૂપ શત્રુને શત્રુરૂપે સારી રીતે જાણતા હતા. તેનાથી થતી પીડાઓને પારખી શકતા હતા. અનંતકાળથી જગતના જીવોને અને પોતાને પણ આ કષાયોએ કઈ રીતે દુઃખી કર્યા છે તેનું તેમને પૂરું ભાન હતું. આથી જ તેમણે આ કષાયો ઉપર વિજય મેળવવા ભવોભવથી યુદ્ધ આરંભ્યું હતું. કમઠના જીવને નિમિત્ત બનાવી દસ-દસ ભવ સુધી ક્રોધ નામના શત્રુએ પ્રભુ ઉપર અનેક પ્રહારો કરવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ પ્રભુએ તેને ક્યાંય સફળ થવા દીધો ન હતો. અંતિમ ભવમાં મેઘમાળીના

રૂપમાં મરણાંત ઉપસર્ગ દ્વારા ક્રોધે પ્રભુને ખીજવવા ખૂબ પ્રયત્ન કર્યો હતો, પરંતુ ક્ષમાના શસ્ત્ર દ્વારા પ્રભુએ તેને એવો પરાસ્ત કર્યો કે, તે પ્રભુનો પડછાયો લેવા પણ ઊભો રહી ન શક્યો.

વળી, ધરણેન્દ્રે પ્રભુની એવી સુંદર ભક્તિ કરી કે જેનાથી માનાદિ કષાયો જરૂર ફાવી શકે તેમ હતા. પરંતુ આ તો અનંતબળી પાર્શ્વ પ્રભુ હતા. તેમણે નમ્રતા નામના તીક્ષ્ણ હથિયારથી માનને એવો હણ્યો કે તે પણ પ્રભુ પાસે પાછો ક્યારેય આવી શક્યો નહિ. આ રીતે મલ્લ તુલ્ય પાર્શ્વનાથ પ્રભુએ પ્રતિમલ્લ એવા ચારે કષાયોનો પૂર્ણતયા નાશ કર્યો હતો.

*હવે પ્રભુ નોકષાયના નાશક કઈ રીતે છે તે બતાવે છે :*

**दुज्जय-मयण-बाण-मुसुमूरणु** - દુઃખે કરીને જીતી શકાય તેવા કામદેવના બાણને તોડી નાંખનારા. (પાર્શ્વનાથ પ્રભુ જય પામો.)

આ બીજા વિશેષણ દ્વારા સ્તવકારે પ્રભુના પરમ વૈરાગ્ય અને વિવેકના દર્શન કરાવ્યા છે. કષાયો જીતવા જેમ સહેલા નથી. તેમ નોકષાયસ્વરૂપ કામવાસનાને જીતવી પણ સહેલી નથી. મહામુશ્કેલીએ જીતાય એવા કામના બાણોને ભાંગવાનું કામ પણ પાર્શ્વનાથ પ્રભુએ ખૂબ સહજતાથી કર્યું હતું. આથી જ તેમને દુર્જય એવા મદનના બાણોને નિષ્ફળ કરનારા કહ્યા છે.

મદનનો અર્થ કામવાસના કે વિષયસુખની અભિલાષા થાય છે. વેદમોહનીય કર્મના ઉદયથી નિમિત્ત મળતાં પ્રગટ થતી ભોગ ભોગવવાની ઈચ્છાને લોકવ્યવહારમાં કામવાસના કહેવાય છે. નિશ્ચયથી વિચારીએ તો પાંચે ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાની ઇચ્છા તે કામ છે.

પ્રગટ થયેલી કામવાસનાઓ કર્તવ્ય-અકર્તવ્યના વિવેકને ભૂલાવે છે, ઉત્તમકુળની મર્યાદાઓનો ભંગ કરાવે છે અને પ્રાપ્ત થયેલા સંયમરત્નનો નાશ કરાવે છે. અશ્લીલતાસભર વાણી કે વ્યવહાર પણ આ કામવાસનાનું પરિણામ છે.

આ કામવાસનાને જ શાસ્ત્રકારો કામદેવ, મદન, મકરધ્વજ, કુસુમાયુધ વગેરે નામથી ઓળખાવે છે અને તેના નિમિત્તોને કામદેવના બાણો તરીકે વર્ણવે છે.

આ કામદેવે પાંચે ઈન્દ્રિયોના વિષયોરૂપી બાણો આ જગતમાં સર્વત્ર પ્રસાર્યા છે. આ મર્મઘાતી બાણોને નહિ સમજનારા સામાન્ય લોકો તો તેના ભોગ બને જ છે, પરંતુ લોકમાં બુદ્ધિમાન અને બળવાન ગણાતા વીર પુરુષો પણ આ બાણના પ્રહારથી બચી

શકતા નથી. બલ્કે આ બાણોને ફૂલની શય્યા માની તેને શોધે છે. મળ્યા પછી તેને સજાવે છે અને તેની સુરક્ષા માટે સેંકડો પ્રયત્ન કરે છે અને સતત દુ:ખી થાય છે.

જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણોને વરેલા અને યોગની છટ્ઠી દૃષ્ટિ સુધી પહોંચેલા જન્મથી જ પરમ વૈરાગ્યવાળા પાર્શ્વનાથ પ્રભુ કામદેવના બાણો કેવા ઝેરીલા છે, લોકોના હૃદયમાં પ્રવેશી તે કેવી રીતે તેમના ભાવપ્રાણોનો નાશ કરે છે, સ્વસ્થ અને મસ્ત માનવીને પણ તે કેવા મુડદાલ બનાવે છે, વીર અને પરાક્રમી યોદ્ધાને પણ કેવી રીતે પાડે છે તે સુપેરે જાણતા હતા.

પ્રભુને જન્મથી દૈવી ભોગો મળ્યા હતાં. પાંચે ઈન્દ્રિયોના ઉત્તમ કક્ષાના સુખો અને તે માટેની સામગ્રી પ્રભુ પાસે વિપુલ પ્રમાણમાં હતી. રૂપસુંદરીઓને શરમાવે તેવી રૂપવાન ગુણવાન તથા પ્રભુ પ્રત્યે અત્યંત પ્રીતિ ધરાવતી પ્રભાવતી જેવી પટરાણી હતી. વળી, પ્રભુનું શરીર ઇન્દ્રોથી પણ અધિક રૂપસંપન્ન અને બળસંપન્ન હતું. આમ પ્રભુ પાસે દુનિયામાં અન્ય ક્યાંય જોટો ન મળે તેવી ભોગની સર્વ સામગ્રીઓ હતી. સાથો સાથ પ્રભુની ઈન્દ્રિયો એવી સતેજ હતી કે મળેલ દરેક સામગ્રીના ગુણધર્મોને સૂક્ષ્મતાથી જાણી તેમાં રાગ, દ્વેષ કરી શકે પણ પ્રભુ જન્મથી પરમ વૈરાગી હતા આ જ કારણે આ સર્વ ભાવો પ્રત્યે તેઓ ઉદાસીન[3] રહેતા હતા. વૈરાગ્યની આ ઉચ્ચ દશામાં ઉત્કૃષ્ટ કામભોગોનો સંયોગ પણ પ્રભુની અતિ બળવાન ધર્મશક્તિનો નાશ કરતો નહોતો.

---

2. છટ્ઠી દૃષ્ટિ - આત્માના ક્રમિક વિકાસને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ યોગની આઠ દૃષ્ટિઓ બતાવી છે. દૃષ્ટિ એટલે સમ્યક્ શ્રદ્ધા સાથેનો અવબોધ. આવા બોધથી અસત્ (અનુચિત) પ્રવૃત્તિઓ નાશ પામે છે અને સત્ (ઉચિત) પ્રવૃત્તિની પ્રાપ્તિ થાય છે.

તેમાં છટ્ઠી દૃષ્ટિ **કાન્તાદૃષ્ટિ** છે. જેમાં મનુષ્યનો તત્ત્વબોધ તારાઓની પ્રભા જેવો હોય છે, એટલે આ તત્ત્વબોધ સ્વાભાવિક રીતે સ્થિર હોય છે. તેમાં અનુષ્ઠાન નિરતિચાર હોય છે. શુદ્ધ ઉપયોગ રહે છે. વિશિષ્ટ અપ્રમત્ત ભાવ રહે છે. ગંભીર અને ઉદાર આશય હોય છે. તીર્થંકર પરમાત્મા જન્મથી જ આ કાન્તાદૃષ્ટિમાં હોય છે. નાનપણથી જ તેમને ભોગોમાં રસ નથી હોતો. તેઓ ગંભીર, ધીર, ઉદાર, શાંત, મનથી વિરક્ત, વિવેક અને ઔચિત્યવાળા હોય છે.

3. यदा मरून्नरेन्द्रश्री - स्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ।।१३।। - અધ્યાત્મસાર ૫-૧૩

હે નાથ ! દેવ-દેવેન્દ્ર કે નરેન્દ્રપણાની લક્ષ્મીનો પણ જ્યારે આપને ઉપભોગ કરવો પડ્યો છે. ત્યારે પણ ત્યાં આપને રતિ નથી થઈ. પરંતુ ત્યાં પણ આપનો તો વૈરાગ્ય જ હતો.

પવનની એક લહેર આવતાં સામાન્ય દિપક બુઝાઈ જાય છે. પણ વડવાગ્નિ ઝંઝાવાતો વચ્ચે પણ વિનાશ નથી પામતો. બલ્કે વધુ પ્રજ્વલિત બને છે. તે જ રીતે તુચ્છ એવી પણ ભોગ સામગ્રીનો યોગ થતાં સામાન્ય માનવીનો વૈરાગ્ય વિનાશ પામે છે. પરંતુ મનને આહ્‌લાદિત કરે, ઈન્દ્રિયોને ઉત્તેજિત કરે તેવી બળવાન ભોગસામગ્રી પ્રાપ્ત થવા છતાં ભગવાનનો વૈરાગ્ય નાશ તો નથી પામતો. બલ્કે વધુ પ્રજ્વલિત બને છે.[4]

જ્વલંત વૈરાગ્ય હોવાને કારણે પ્રભુ ક્યારેય સ્વેચ્છાથી ભોગમાં પ્રવૃત્ત થતા નથી, પરંતુ નિકાચિત કર્મના ઉદયના કારણે જ્યારે પ્રભુને ભોગ સ્વીકારવા પડે છે, ત્યારે પણ તેમણે ભોગને રોગ માની ભોગવ્યા છે. કર્મનાશના ઉપાયરૂપે ઔષધન્યાયે તેને અપનાવ્યા છે. આ જ કારણથી દેવ, દેવેન્દ્ર કે નરેન્દ્રપણાની લક્ષ્મીનો ભોગ કરતા પણ ભગવાનને રાગ નથી થયો; પરંતુ ત્યારે પણ તેમનો વૈરાગ્ય વધુ દૃઢ બન્યો છે.

ભોગ ભોગવતી વખતે રાગનો અંશ પણ જો પ્રભુને સ્પર્શ્યો હોત તો કામનો વિજય થાત; પરંતુ શૂરવીર સુભટોને પરાજિત કરનાર કામ પણ પાર્શ્વ પ્રભુ ઉપર જીત મેળવી ન શક્યો. પાર્શ્વ પ્રભુના વિશિષ્ટ વૈરાગ્ય અને સતત વધતી રહેતી ધર્મભાવના સામે કામના શસ્ત્રો બૂઠાં થઈ ગયાં. પ્રભુની સામે બિચારો કામ સુભટ હારી ગયો. આથી જ પ્રભુ દુર્જય એવા કામના બાણોનો નાશ કરનારા કહેવાયા.

**सरस-पियंगु-वण्णु** - સરસ પ્રિયંગુ જેવા રંગવાળા.

યોગના પ્રભાવથી પ્રાપ્ત થયેલું પ્રભુનું રૂપ, લાવણ્ય એવું અલૌકિક હતું કે, વાસ્તવમાં તેની ઉપમા આપી શકાય તેવું આ જગતમાં કાંઈ નથી. આમ છતાં પણ સામાન્યજન સમજી શકે તે માટે જેની ગણના નીલવર્ણવાળી શ્રેષ્ઠ વસ્તુમાં થાય છે, તે પ્રિયંગુલતા જેવો પ્રભુના શરીરનો નીલવર્ણ હતો તેમ કહ્યું છે. પ્રિયંગુલતા જોતાં જ જેમ આકર્ષક લાગે છે તેમ પ્રભુના શરીરનો નીલવર્ણ પણ આંખ અને અંતરને ઠારે તેવો આકર્ષક અને આહ્‌લાદક હતો તેમ જણાવ્યું છે.

**गय-गामिउ** - હાથીના જેવી ગતિવાળા

---

4. धर्म्मशक्तिं न हन्त्यत्र, भोगयोगो बलीयसीं ।
हन्ति दीपापहो वायु-र्ज्वलन्तं न दावानलम् ।।२०।। - અધ્યાત્મસાર ૫-૨૦
દીપકના પ્રકાશને નાશ કરનારો વાયુ જેમ દાવાનલને જ્વલંત બનાવે છે તેમ બળવાન ભોગોનો યોગ થાય તો પણ આપની ધર્મશક્તિ (વૈરાગ્ય) નાશ નથી પામતી પણ જ્વલંત બને છે.

વ્યક્તિના વ્યક્તિત્વની પરખ તેની ચાલ ઉપરથી થાય છે. જો ચાલ સારી તો વ્યક્તિત્વ પણ સારું ગણાય છે. પાર્શ્વનાથ પ્રભુની ચાલ પણ તેમના વ્યક્તિત્વને પ્રગટ કરે તેવી શ્રેષ્ઠ હતી. આ ચાલની પણ વાસ્તવમાં કોઈ ઉપમા આપી શકાય તેમ નથી. છતાં પણ આ જગતમાં ગજરાજની ચાલ શ્રેષ્ઠ ગણાય છે, તેની જેમ પ્રભુની પણ ધીરી, મલપતી અને નમ્રતાદિ ગુણોનું દર્શન કરાવે તેવી શ્રેષ્ઠ ચાલ હતી.

**जयउ पासु भुवणत्तय सामिउ** - ત્રણ ભુવનના નાથ શ્રી પાર્શ્વનાથ ભગવાન જય પામો.

ઊર્ધ્વ, અધો અને તીર્ચ્છા : આ ત્રણ લોકમાં રહેલા સામાન્ય લોકો તો પાર્શ્વનાથ ભગવાનને નાથ તરીકે સ્વીકારે છે પણ દેવલોકમાં રહેલા મહાઋદ્ધિસંપન્ન દેવો અને દેવેન્દ્રો કે મનુષ્ય લોકના શ્રેષ્ઠ સુખને ભોગવતા રાજા, મહારાજા અને ચક્રવર્તીઓ પણ પ્રભુને સ્વામી તરીકે સ્વીકારે છે. તેઓ સમજે છે કે અમારી પાસે બાહ્ય દૃષ્ટિએ ઘણા સુખના સાધનો છે, તોપણ વાસ્તવમાં અમે સુખી નથી, સાચું સુખ તો આ નાથ પાસે જ છે અને આવું અનંતું સુખ તેમની સેવાથી જ સાંપડે છે. આથી જ તેઓ પણ પાર્શ્વ પ્રભુને સ્વામી તરીકે સ્વીકારી તેમની સેવા-ભક્તિ આદિ કરે છે. આમ પ્રભુ ત્રણ લોકના સ્વામી કહેવાય છે.

શ્લોકના અંતિમ પાદમાં 'કામ અને કષાયોને જીતનાર, નીલવર્ણના દેહવાળા, ગજરાજ જેવી ગતિવાળા પાર્શ્વ પ્રભુ જય પામો,' એવી પોતાના મનની ભાવના વ્યક્ત કરતા સાધક સેવક ભાવે સ્વામીને કહે છે કે, *"હે નાથ ! મારા મનમંદિરમાં આપનો જય થાઓ. વિષય-કષાયથી સદા માટે મારી હાર થતી આવી છે, તેને અટકાવી હે નાથ ! આપ મને વિજયની વરમાળા પહેરાવો."*

આ ગાથા બોલતાં નીલવર્ણવાળા, ગજગતિએ ચાલતાં સાધક અવસ્થામાં રહેલા પાર્શ્વનાથ પ્રભુ આપણી સ્મૃતિપટ પર અંકિત થવા જોઈએ, અને વિચારવું જોઈએ કે,

> *"સિદ્ધ અવસ્થાની વાત તો જવા દઉં. પરંતુ જ્યારે પ્રભુ મારા જેવી સાધક અવસ્થામાં કામ અને ક્રોધાદિના નિમિત્તો વચ્ચે જીવતા હતા, ત્યારે પણ તેઓ ક્યારેય ક્રોધાદિને આધીન થયા ન હતા. તેઓ ત્યારથી જ કામ-ક્રોધને નાશ કરવાનું કામ કરતાં હતા. આવા સામર્થ્યના કારણે ત્રણ જગતના જીવો તેમને સ્વામી તરીકે સ્વીકારે છે. હું ય આ જ સ્વામીનો સેવક છું. આ સ્વામીના સેવક તરીકે મારે પણ હવે જ્યારે જ્યારે કામ ક્રોધાદિના નિમિત્તો મળે ત્યારે આ સ્વામીનું સ્મરણ કરી,*

*તેમની કૃપા મેળવી કામાદિનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ. તો જ હું સાચા અર્થમાં આ સ્વામીનો સેવક બની શકું." ।।૧।।*

**जसु तणु-कंति-कडप्प-सिणिद्धउ, सोहइ फणि-मणि-किरणालिद्धउ**
**नं नव-जलहर तडिल्लय-लंछिउ, सो जिणु पासु पयच्छउ वंछिउ ।।२।।**

**અન્વય સહિત સંસ્કૃત છાયા :**

यस्य तनु-कान्ति-कलापः स्निग्धकः फणि-मणि-किरणाश्लिष्टः ।
ननु नव-जलधरः तडिल्लता-लाञ्छितः शोभते स पार्श्वः जिनः वाञ्छितम् प्रयच्छतु ।।२।।

**ગાથાર્થ :**

જેઓના શરીરનો કાન્તિકલાપ સ્નેહાળ છે, જે નાગની ફણામાં રહેલાં મણિના કિરણોથી યુક્ત છે, જે વીજળીથી યુક્ત નવા મેઘની જેમ શોભે છે, તે શ્રી પાર્શ્વજિન મનોવાંછિત ફળને આપો.

**વિશેષાર્થ :**

**जसु तणु-कंति-कडप्प-सिणिद्धउ** - જેમના શરીરનો કાંતિકલાપ સ્નેહાળ છે. (કોમળ અને મનોહર છે.)

પ્રભુના બાહ્ય સૌન્દર્યનું વર્ણન કરતાં કવિરાજ આગળ વધીને કહે છે કે, નીલ વર્ણવાળા પ્રભુનો દેહ શુષ્ક, બરછટ કે નિસ્તેજ નહોતો. પરંતુ પ્રભુના શરીરનો કાંતિકલાપ એટલે કે તેમની ચામડીમાંથી પ્રગટ થતું તેજોમંડળ (Aura) અતિ સ્નેહાળ અર્થાત્ મનોહર હતું. પ્રભુએ પોતાના રૂપ અને લાવણ્યને સાચવવા ક્યારેય કોઈ પ્રયત્ન કર્યો નહોતો, પરંતુ પ્રભુની યોગ સાધનાનો એવો પ્રભાવ હતો કે તેમની ત્વચા કોઈ પણ પ્રકારની સેવા શુશ્રુષા વિના પણ અતિ સુંવાળી અને તેમાંથી જાણે તેજ ઝરતું હોય તેવી ચમકતી હતી. આવા લાવણ્યને કારણે પાર્શ્વ પ્રભુ અત્યંત સોહામણા અને આકર્ષક લાગતા.

દુનિયાના લોકો રૂપ પાછળ પાગલ હોય છે, રૂપવાન દેખાવવા, મળેલા રૂપને સાચવવામાં, સંભાળવામાં અને તેની વૃદ્ધિ કરવામાં તેઓ જીવનનો કિંમતી સમય અને શક્તિ વેડફી નાંખે છે. આમ છતાં રૂપ પુણ્યાધીન હોવાને કારણે તેઓને પોતાના પ્રયત્નમાં કેટલી સફળતા મળે તે પણ કહી શકાતું નથી અને સફળતા મળે તો પણ તે રૂપ કેટલું ટકે તે પણ કહી શકાતું નથી.

જ્યારે યોગ સાધના દ્વારા બંધાયેલા પ્રચંડ પુણ્યના પ્રભાવે પ્રાપ્ત થયેલ પ્રભુનું રૂપ દેવોને પણ શરમાવે તેવું હતું. તેમણે આવા રૂપને સાચવવાનો કોઈ પ્રયત્ન પણ કર્યો ન હતો કે તેની વૃદ્ધિનો વિચાર પણ કર્યો નહોતો. આવું અનુપમ રૂપ પ્રાપ્ત થવા છતાં પ્રભુ તેમાં અનાસકત હતા. આવા રૂપસંપન્ન પ્રભુને યાદ કરી આપણે પણ નાશવંત એવા રૂપ પ્રત્યે ઉદાસીનભાવ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

**सोहइ फणि-मणि-किरणालिद्धउ नं[1] नव-जलहर तडिल्लय-लंछिउ** - જાણે કે વીજળીથી યુક્ત નવા (કાળા) વાદળા ન હોય તેમ નાગની ફણા ઉપર રહેલા મણિના કિરણોથી યુક્ત (પ્રભુનો દેહ) શોભે છે.

પાર્શ્વ પ્રભુના નીલવર્ણી દેહની પોતાની એક તેજસ્વિતા છે અને તદુપરાંત પાર્શ્વ પ્રભુના મસ્તક ઉપર જે નાગની ફણા છે તે ફણામાં રહેલા મણિનું તેજ પણ પ્રભુના દેહ ઉપર પથરાય છે. તેથી પ્રભુનું શરીર બમણા તેજથી અત્યંત તેજસ્વી બની શોભાયમાન થાય છે.

સંકટ સમયમાં સામાન્ય માનવીનું શરીર મ્લાન તેજવિહીન બને છે, પરંતુ લોકોત્તર પુણ્યના સ્વામી પ્રભુનું શરીર સંકટના સમયે વધુ તેજસ્વી બન્યું હતું જ્યારે પૂર્વભવનો વૈરી કમઠનો જીવ મેઘમાળી દેવ બન્યો હતો. ત્યારે તેણે ધ્યાનદશામાં સ્થિત પ્રભુ ઉપર અનેક ઉપસર્ગો કરવા આકાશમાંથી અનરાધાર મેઘની વર્ષા કરી હતી. પાણી વધતું વધતું છેક પ્રભુના નાક સુધી આવી ગયું છતાં પ્રભુ તો તેમના ધ્યાનમાં મગ્ન જ હતા. આ સમયે ધરણેન્દ્ર દેવ પોતાના પરમ ઉપકારી પ્રભુની ભક્તિ કરવા દેવલોકમાંથી આવ્યા. તેમણે સાપનું રૂપ ધારણ કરી પોતાના શરીરને પાદપીઠનું સ્વરૂપ આપ્યું અને પોતાની ફણા દ્વારા પ્રભુના મસ્તક ઉપર એક છત્ર સ્થાપન કર્યું અને પ્રભુને વરસતાં મેઘથી રક્ષણ આપ્યું. ધરણેન્દ્ર દેવ રૂપી સાપની ફણાના મણિના કિરણો પ્રભુના દેહ ઉપર પડવાથી પ્રભુનો દેહ વધુ દેદીપ્યમાન દેખાવા લાગ્યો.

પ્રભુની આ ઉત્કૃષ્ટ સાધનાનો ચિતાર રજૂ કરવા અહીં કવિ ઉત્પ્રેક્ષા અલંકારનો સહારો લઈ જણાવે છે કે આવા સમયમાં પ્રભુનો દેહ ઘનઘોર વાદળાની વચ્ચે જેમ વિજળીનો ચમકારો શોભે છે તેમ વાદળા અને વરસાદની વચ્ચે પ્રભુનો દેહ શોભતો હતો.

1. नं શબ્દ ननु ના અર્થમાં છે. તે ઉત્પ્રેક્ષાલંકાર તરીકે વપરાયો છે. 'જાણે કે વીજળીથી યુક્ત નૂતન મેઘ ન હોય' તેમ પ્રભુનો દેહ શોભે છે એવું જણાવવા 'જાણે કે' માટે ननु/नं શબ્દ વપરાયો છે.

પ્રભુની બાહ્ય તેજસ્વિતા તો રોમાંચિત કરી મૂકે તેવી છે જ, પણ તેની કલ્પના કરતાં આપણે પ્રભુના અંતરનું તેજ કેવું હશે કે જે આવા ઘોર ઉપસર્ગો વચ્ચે પણ પ્રભુને ક્યાંય ચલાયમાન નથી થવા દેતું તેને યાદ કરવાનું છે. પ્રભુને યાદ કરી આપણે પણ આવી સ્થિરતા, ધીરતા, અડગતા અને તેજસ્વિતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાનો છે.

**सो जिणु पासु पयच्छउ वंछिउ** - તે પાર્શ્વજિન (અમારા) વાંછિતને આપો.

આ અંતિમ પાદ દ્વારા સાધક, આવા અનુપમ સ્વરૂપવાળા પ્રભુને પ્રાર્થના કરે છે કે, "હે પ્રભુ ! આપને પામી ભૌતિક ક્ષેત્રે સુખ મેળવવાની મારી કોઈ ઈચ્છા નથી તો પણ કામ અને ક્રોધ ક્યારે ઇચ્છા પ્રગટાવે તે ખબર નથી. હે પ્રભુ ! આ બંને શત્રુના સકંજામાંથી મને બચાવો અને આપની જેમ મને પણ અનંતસુખનો સ્વામી બનાવો. બસ આ એક જ મારી ઈચ્છા છે, હે નાથ ! તેને આપ પૂર્ણ કરો."

આ ગાથા બોલતાં સ્મૃતિપટ ઉપર એક દૃશ્ય ખડું થવું જોઈએ. જેમાં એક તરફ પ્રભુ પ્રત્યેના ભવોભવના દ્વેષથી પ્રભુને ઉપસર્ગ કરતો મેઘમાળી દેખાય અને બીજી બાજુ ધરણેન્દ્રની ભક્તિ દેખાય. આ દૃશ્ય ઉપસ્થિત થતા આપણને થવું જોઈએ કે ભગવાન આ સ્થિતિમાં પણ કેવા મધ્યસ્થ રહી શકે છે. મરણાંત ઉપસર્ગ કરનાર મેઘમાળી ઉપર પ્રભુને લેશ પણ દ્વેષ નથી કે લોકોત્તર ભક્તિ ભાવને ધારણ કરનાર ધરણેન્દ્ર ઉપર પ્રભુને લેશ પણ રાગ નથી. પોત પોતાના કર્મને આધીન થઈ દુઃખ આપતા કે સુખ આપતા બન્ને જીવો પ્રત્યે પ્રભુને સમભાવ છે. આવો સમભાવ કે મધ્યસ્થ ભાવ આપણામાં આવે તો જ આપણને પણ આત્મિક સુખ મળી શકે. આવા સમતા ભાવના સુખને માણવા જ પ્રભુને પ્રાર્થના કરતાં કહેવું જોઈએ, "પ્રભુ મારે તો કોઈ આવા વૈરી પણ નથી કે આવા કોઈ ભક્ત પણ નથી. છતાં સતત રાજી-નારાજીના ભાવથી દુઃખી થતાં મને બચાવી આપ આપના જેવું માધ્યસ્થ્ય મને આપો. પ્રભુ મને આપના જેવી ઉદાસીન ભાવમાં રહેવાની શક્તિ આપો."

> *"આપે તો આપની શક્તિ દ્વારા આપના સર્વ વાંછિતો પૂર્ણ કર્યા છે. સ્વયં તો મારી એવી કોઈ શક્તિ નથી કે મારી ઈચ્છાઓ હું પૂર્ણ કરી શકું તો પણ હે નાથ ! આપ મને એવી સહાય કરો, મારા ઉપર એવી કૃપાનું વારિ વરસાવો કે જેના પ્રભાવે હું પણ મારી ભાવનાને પૂર્ણ કરી શકું."*

# ભરહેસર-બાહુબલી સજ્ઝાય

### સૂત્ર પરિચય :

આ સૂત્ર રાઈ પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પૂર્વે સજ્ઝાય તરીકે બોલાય છે. સજ્ઝાય એટલે સ્વાધ્યાય (સ્વ + અધ્યાય). જેમાં 'સ્વ' એટલે આત્માનું સવિશેષ પ્રકારે અધ્યયન થાય તેને સ્વાધ્યાય કહેવાય. આ સૂત્રમાં સ્વાધ્યાય કરવાની એક વિશિષ્ટ પદ્ધતિ ગુંથાયેલી છે. તેમાં જેઓએ આત્માનું અધ્યયન કરી આત્મહિત સાધ્યું છે તેવા અનેક મહાત્માઓ અને મહાસતીઓના નામસ્મરણપૂર્વક તેમની સાધનાની અનુમોદના કરી તેને અનુસરવારૂપ સ્વાધ્યાય દર્શાવ્યો છે. વળી, જૈન પરિભાષા પ્રમાણે આત્મહિતકારક, ચિંતનીય, મનનીય પદ્ય કૃતિઓને 'સજ્ઝાય' કહેવાય છે. આ સૂત્ર તેવી જ એક કૃતિ હોવાથી તેનાં પ્રથમ બે નામોને લઈ તેને **'ભરહેસર-બાહુબલી સજ્ઝાય'** કહેવાય છે.

આ સૂત્રથી સત્ત્વને વરેલા ૧૦૦ મહાન આત્માઓનું સ્મરણ થાય છે. પ્રાત:કાળે આ સર્વ મહાપુરુષોનું નામસ્મરણ કરવાથી અનાયાસે જ તેઓના ઉત્તમ ગુણોનું સ્મરણ પણ થાય જ છે; જે આપણા સુષુપ્ત આત્માની સુસ્તી ઉડાડી ગુણપ્રાપ્તિ માટે નવીન ઊર્જા પ્રદાન કરે છે. સંસારમાં સ્થગિત થયેલા આત્માને આત્મહિતના સચોટ અને સફળ માર્ગે સંચરવાની શક્તિ પ્રગટાવે છે.

આ સજ્ઝાયમાં ઉલ્લેખિત નામો સાથે જોડાયેલી કથાની શરૂઆત તો કોઈને

કોઈ વ્યક્તિના નામથી જ થાય છે; પરંતુ જ્યારે તે વ્યક્તિના અંતઃસ્થલ વ્યક્તિત્વ ઉપર નજર ઠરે છે ત્યારે જ કથાનો સાચો મર્મ પામી શકાય છે. જેઓ રાજા-રાણીએ કેવાં સુખ-દુઃખ અનુભવ્યાં માત્ર તેટલું જ જુએ છે, તેઓ કથાના હાર્દને ક્યારેય પામી શકતા નથી.

આ સર્વ કથાઓમાં 'કથા' તો માત્ર ભોજન સમયે વપરાતી ચમચી સમાન સાધનરૂપ છે. કથામાં સમાયેલ બોધ એ જ સ્વાસ્થ્યપ્રદ ભોજનરૂપ છે.

*'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી*
*સુખ-દુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી'*

એ ઉક્તિ અનુસાર સુખ સમયે તેઓ સુખથી કેટલા નિર્લેપ રહેતા અને દુઃખના સમયે કેવા પરાક્રમ અને દૃઢ મનોબળથી અડગ રહેતા. વળી, મરણાંત ઉપસર્ગોમાં પણ અકળાયા વિના તેઓ મનને સ્વસ્થ અને પ્રસન્ન કઈ રીતે રાખતા હતા. પોતાને કલંકિત કરનારની ઉપેક્ષા કરી, પોતાની વર્તમાન કે ભૂતકાળની ભૂલોને શોધી, તેની શુદ્ધિ માટે કેવો પ્રયત્ન કરતા હતા... વગેરે વાતોને વિચારી, તેનું અનુસરણ કરવામાં આવે તો આ સજ્ઝાયની દરેક કથા દરેક સાધક માટે પરિવર્તનની ચાવી બની જાય. તે માટે આ બધી બાબતોને જોવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ કેળવી જીવનમાં ઉતારવો પડે. અંતતઃ સજ્ઝાય બોલતી વખતે સર્વ મહાપુરુષો અને તેમના સદ્ગુણો સાથે એકરૂપ થતાં અંતરંગ પરિવર્તન આવવા લાગે અને તે તે ગુણોને પામવાનો યત્ન ચાલુ થઈ જાય.

જૈનશાસનમાં તત્ત્વને સમજવાના ચાર ઉપાયો બતાવ્યા છે. તેમાં સૌથી મહત્ત્વનો ઉપાય ચરણકરણાનુયોગ છે. કારણ કે, મોક્ષને આપવાની તાકાત એ જ અનુયોગમાં રહેલી છે. બાકીના ત્રણે અનુયોગ ચરણકરણાનુયોગને એટલે કે ચારિત્રને પ્રાપ્ત કરાવી આપનાર સાધન છે. દ્રવ્યાનુયોગ કે ગણિતાનુયોગ દ્વારા તત્ત્વ સુધી પહોંચવું એવી સૌની શક્તિ નથી હોતી. જ્યારે કથા, દૃષ્ટાંત, વાર્તા, પ્રસંગ આદિના માધ્યમે તત્ત્વને જણાવી દેવામાં આવે તો ગોળ ભેગી કડવી ગોળી જેમ ઊતરી જાય તેમ સામાન્ય જનના હૃદયમાં તત્ત્વની વાતો

સોંસરી ઊતરી જાય, તેથી જ મહાપુરુષોએ કથાઓ કે આવી સજ્ઝાયો બનાવી છે.

આ સજ્ઝાયમાં દેખીતી રીતે તો માત્ર નામો ભર્યા છે, પણ જ્યારે તે બોલાય ત્યારે તે નામ સાથે સંકળાયેલ દૃષ્ટાંત યાદ કરવાનું છે. તે દૃષ્ટાંતને એક દર્પણ બનાવી તેમાં આપણું જીવન જોવાનું છે. આવા પ્રસંગે મહાપુરુષોએ શું કર્યું અને હું શું કરું છું એની તુલના કરવાની છે. અંતે તેમની કક્ષા સુધી પહોંચવા સત્ત્વ એકઠું કરવાનું છે.

આ નામો સાથે શ્રૃંગાર, વૈભવ, રાજપાટની વરવી રમતો, પરસ્પર સ્નેહની લાગણીઓ આદિ અનેક વાતો વણાયેલી છે, પણ **તેમાંથી સાધકે તો વૈરાગ્ય અને ત્યાગને જ લક્ષમાં લેવાના છે,** તેથી આ સૂત્રનો અભ્યાસ આ સઘળી પૂર્વતૈયારી સાથે કરવો.

આમાં ઉલ્લેખિત ૫૩ મહાપુરુષો તથા ૪૭ મહાસતીઓનાં નામોની કથાઓ શ્રી શુભશીલગણિરચિત ભરતેશ્વર-બાહુબલી વૃત્તિમાં અને અન્ય ઘણા ગ્રંથોમાં જોવા મળે છે, તેના આધારે અત્રે સંક્ષેપમાં રજૂ કરી છે. કથાઓની સ્થળ-કાળ-નામ આદિ વિગતો ગૌણ છે. તેમાં શક્ય પ્રયત્ન કર્યો છે છતાં ક્ષતિ હોઈ શકે, પણ તે બહુ મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત તો આ ૧૦૦ પાત્રોની સારપને જોઈ, તેને આપણા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવાનો છે.

**મૂળ સૂત્ર :**

**भरहेसर बाहुबली, अभयकुमारो अ ढंढणकुमारो ।**
**सिरिओ अणिआउत्तो, अइमुत्तो नागदत्तो अ ।।१।।**

**मेअज्ज थूलभद्दो, वयररिसी नंदिसेण सिंहगिरी ।**
**कयवन्नो अ सुकोसल, पुंडरिओ केसि करकंडू ।।२।।**

**हल्ल विहल्ल सुदंसण, साल-महासाल-सालिभद्दो अ ।**
**भद्दो दसन्नभद्दो पसन्नचंदो अ जसभद्दो ।।३।।**

जंबुपहु वंकचूलो, गयसुकुमालो अवंतिसुकुमालो ।
धन्नो इलाइपुत्तो, चिलाइपुत्तो अ बाहुमुणी ॥४॥

अज्जगिरी अज्जरक्खिअ, अज्जसुहत्थी, उदायगो, मणगो ।
कालयसूरी संबो, पज्जुण्णो मुलदेवो अ ॥५॥

पभवो विण्हुकुमारो, अद्दकुमारो दढप्पहारी अ ।
सिज्जंस कूरगडू अ, सिज्जंभव मेहकुमारो अ ॥६॥

एमाइ महासत्ता, दिंतु सुहं गुण-गणेहिं संजुत्ता ।
जेसिं नाम-ग्गहणे, पाव-पबंधा विलयं जंति ॥७॥

सुलसा चंदनबाला, मणोरमा, मयणरेहा दमयंती ।
नमयासुंदरी सीया, नंदा भद्दा सुभद्दा य ॥८॥

राइमई रिसिदत्ता, पउमावइ अंजणा सिरीदेवी ।
जिट्ठ सुजिट्ठ मिगावइ, पभावई चिल्लणादेवी ॥९॥

बंभी सुंदरी रुप्पिणी, रेवइ कुंती सिवा जयंती अ
देवइ दोवइ धारणी, कलावई पुप्फचूलाय ॥१०॥

पउमावई अ गोरी, गंधारी लक्खमणा सुसीमा य
जंबूवई सच्चभामा, रूप्पिणी क्ण्हट्ठ महिसीओ ॥११॥

जक्खा य जक्खदिन्ना, भूआ तह चेव भूअदिन्ना अ ।
सेणा वेणा रेणा, भईणीओ थूलभद्दस्स ॥१२॥

इच्चाइ महासईओ, जयंति अकलंक-सील-कलिआओ ।
अज्ज वि वज्जइ जासिं, जस-पडहो तिहुअणे सयले ॥१३॥

**ગાથા :**

**भरहेसर बाहुबली, अभयकुमारो अ ढंढणकुमारो ।**
**सिरिओ अणिआउत्तो, अइमुत्तो नागदत्तो अ ।।१।।**

**સંસ્કૃત છાયા :**

भरतेश्वरः बाहुबली, अभयकुमारः च ढण्ढणकुमारः
श्रीयकः अर्णिकापुत्रः, अतिमुक्तः नागदत्तः च ।।१।।

**શબ્દાર્થ :**

ભરતેશ્વર, બાહુબલી, અભયકુમાર અને ઢંઢણકુમાર; શ્રીયક, અર્ણિકાપુત્ર, અતિમુક્ત અને નાગદત્ત ।।૧।।

**વિશેષાર્થ :**

**૧. भरहेसर - શ્રી ભરતેશ્વર ચક્રવર્તી**

ચક્રવર્તીને સુલભ એવા ભોગો ભોગવતાં પણ આત્મહિત પ્રત્યે અત્યંત જાગૃત રહેનારા ઋષભદેવ ભગવાનના જ્યેષ્ઠ પુત્ર ભરતમહારાજાના વૈરાગ્યનું સ્મરણ કરતાં આપણું મસ્તક ઝૂકી જાય. અષ્ટાપદગિરિ ઉપર જિનમંદિરનું નિર્માણ, વેદોની રચના, સાધર્મિકભક્તિ વગેરે અનેક શાસનપ્રભાવક કાર્યોથી તેમનું જીવન સુશોભિત હતું.

તેમનામાં રાગાદિ દોષોથી મુક્તિ મેળવવાની અને વૈરાગ્યાદિ ગુણોને પ્રગટાવવાની કેવી ઝંખના હશે કે જ્યારે અનેક મુકુટબદ્ધ રાજવીઓ તેમની સામે નતમસ્તક ઊભા હોય, ત્યારે પણ તેમના સાધર્મિક કલ્યાણમિત્રો તેમને નિઃસંકોચ કહી શકતાં કે, 'जित्तो भवान् ! वर्धते भीः' - 'હે રાજન ! આપ ઇન્દ્રિયોથી પરાજિત છો. આપના માથે ભય વધી રહ્યો છે.' સંસારમાં જકડાયેલા છતાં તેનાથી છૂટવા મથતા ભરતરાજાને આ હિતશિક્ષા સાંભળી પોતાની જાત ઉપર ધિક્કાર થતો 'હું અધમાધમ છું,' એવું પ્રતીત થતું.

દોષોની ગવેષણા સાથે તેમનો વિવેક પણ વિશિષ્ટ હતો. એક જ સમયે જ્યારે ચક્રની ઉત્પત્તિ અને પ્રભુના કેવળજ્ઞાનની વધાઈ મળી ત્યારે તેઓએ પ્રથમ કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવ્યો. ૯૯ ભાઈઓની દીક્ષા બાદ વિશેષ પ્રકારે વૈરાગ્ય ભાવનામાં રમમાણ રહેતા ચક્રવર્તીને એકવાર આરિસાભુવનમાં વીંટી વગરની આંગળી નિસ્તેજ લાગી. આ જોઈ તેમણે શરીરના સર્વ

અલંકારો ઉતાર્યા તો શરીર પણ શોભા વગરનું લાગ્યું. શરીરની શોભ અનિત્ય અને પારકી જણાતાં, તેમને સંસારના સર્વભાવો અનિત્ય અને પરાય છે, તેવું સત્ય સમજાયું. અનિત્ય અને અન્યત્વ ભાવના ભાવતાં જ તેઓનો વૈરાગ્ય જ્વલંત થયો અને તેઓ કેવળજ્ઞાન પામ્યા. પૂર્વ ભવમાં કરેલી ઉત્કૃષ્ટ ચારિત્ર તથા વૈયાવચ્ચની સાધના અને આ ભવમાં સતત વૈરાગ્ય કેળવવા કરેલા ધર્મશ્રવણનું આ ઉત્તમ ફળ હતું. કેવળી તરીકે અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરી અંતે તેઓ અષ્ટાપદ પર નિર્વાણ પામ્યા.

*"ધન્ય છે આ મહાપુરુષને જેમણે ચક્રવર્તીની ઋદ્ધિ વચ્ચે પણ વિરક્તિ ટકાવી. તેમના ચરણોમાં કોટિ કોટિ વંદના કરી, એવી વિરક્તિને પ્રાર્થીએ."*

## ૨. બાહુબલી - શ્રી બાહુબલીજી

ભૂલો તો બધાની થાય છે, પણ પોતાની ભૂલ છે એવું સમજાતા તેને સુધારવાની અનુપમ ક્ષમતા ભરતમહારાજાના નાના ભાઈ બાહુબલીજીમાં હતી.

ચક્રને હાંસલ કરવા ભરતેશ્વરે બાહુબલીજી સાથે ભીષણ યુદ્ધ કર્યું. છેલ્લે અનેક જીવોનો સંહાર અટકાવવા માત્ર બે ભાઈઓમાં પરસ્પર દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ આદિ થયાં. પૂર્વભવની વૈયાવચ્ચના પ્રભાવે અપ્રતિમ બાહુબળ ધરાવનારા બાહુબલીની સામે ચક્રવર્તી હારી ગયા. ક્રોધમાં આવી તેમણે ભાઈ ઉપર ચક્રરત્ન ફેંક્યું તો તે પણ એક ગોત્રીયનો નાશ ન કરે માટે પાછું ફર્યું. છેવટે ક્રોધાવિષ્ટ ભરતેશ્વરે ભાઈ ઉપર મુષ્ટિનો પ્રહાર કર્યો. જેનાથી બાહુબલીજી કમ્મર સુધી જમીનમાં પેસી ગયા. ક્રોધ, માન, લોભ આદિને આધીન બની બાહુબલીજીએ પણ વળતો મુષ્ટિપ્રહાર કરવા હાથ ઉગામ્યો... પરંતુ ત્યાં વિવેક પ્રગટ્યો, કષાયોની અનર્થકારિતા સમજાઈ, નાશવંત રાજ્યનો લોભ ઓસરી ગયો અને ભાઈ પરનો ક્રોધ શમી ગયો. આ મહત્ત્વની ક્ષણે થયેલ આંતરિક પરિવર્તને તેઓને ઉચ્ચસ્થાને પ્રસ્થાપિત કર્યા. ઊઠાવેલી મુષ્ટિથી જ તેમણે મસ્તકના કેશનો લોચ કર્યો. દ્રવ્ય સમરાંગણ ભાવ સમરાંગણમાં ફેરવાઈ ગયું, બાહ્ય શત્રુઓનું નામ-નિશાન ન રહ્યું અને અંતરંગ શત્રુઓને જીતવા બાહુબલીજીએ સંયમ સ્વીકાર્યું.

ઘણું બધું જીતવા છતાં આવા મહાયોદ્ધા પણ માનથી હારી ગયા. તેથી કેવલી થયેલા નાના ભાઈઓને વંદન ન કરવા પડે એટલે કેવળજ્ઞાન પામીને પછી જાઉં એવી ભાવનાથી ૧૨ મહિના સુધી પરિષહોને સહન કરતાં ત્યાં જ કાઉસ્સગ્ગમાં સ્થિર રહ્યાં. કરુણાસભર પ્રભુએ તેમને પ્રતિબોધવા બેનોને વંદનાર્થે મોકલી. 'વીરા

**મોરા ગજ થકી હેઠા ઉતરો, 'ગજ ચઢે કેવલ ન હોય'** એવા બેનના વચનોના મર્મથી બાહુબલીજીને પોતાની ભૂલ સમજાઈ. માનરૂપી હાથીનો ત્યાગ કરી તેઓશ્રીએ જ્યાં પ્રભુ પાસે જવા પગ ઉપાડ્યો, ત્યાં તો માને પણ સદા માટે પગ ઉપાડી લીધો. આ સાથે જ કેવળજ્ઞાન પ્રગટ થયું.

*"ધન્ય છે આ મહાપુરુષને જેમણે અહંકારને જીતી કલ્યાણ સાધ્યું. તેમને વંદના કરી ઇચ્છીએ કે આપણે પણ માનનો ત્યાગ કરી, નમ્ર બની કેવલશ્રી માટે પ્રયત્નશીલ થઈએ"*

## ३. अभयकुमारो - श्री અભયકુમાર

૨૫૦૦ વર્ષનાં વહાણા વહી ગયાં, છતાં આજે પણ વેપારીઓ બેસતાં વર્ષે *'શ્રી અભયકુમારની બુદ્ધિ હો જો'*ની માંગણીથી વર્ષનો શુભારંભ કરે છે. શ્રી અભયકુમાર વીરપ્રભુના પરમભક્ત મહારાજા શ્રેણિક તથા સુનંદાના અત્યંત તેજસ્વી, વિનયી, સૌજન્યશીલ, પ્રજાવત્સલ અને નિર્મળ સમ્યગ્દર્શનથી શોભતા જ્યેષ્ઠ પુત્ર હતા.

વ્યવહાર કુશળતા, પંડિતાઈ, રાજકાજની સૂઝ, સાધના માર્ગને દીપાવે તેવી નિર્મળતા તથા વચનાનુસારિતારૂપ સરલતાથી તેમની પારિણામિકી બુદ્ધિ શોભતી હતી. આથી જ વેપારીની જેમ વૈરાગી પણ તેમની બુદ્ધિને વાંછે છે.

અપ્રતિમ બુદ્ધિથી જ તેઓશ્રીએ બાળપણમાં ઊંડા ખાલી કૂવામાં ઉતર્યા વગર તેમાંથી વીંટી બહાર કાઢી, શ્રેણિક મહારાજાના મંત્રીપદને શોભાવ્યું હતું. આ મેધાવી મંત્રી અને વિનયી પિતૃભક્તે મગધરાજ્યને ભૌતિક અને આધ્યાત્મિક સમૃદ્ધિથી સુવિકસિત કર્યું હતું, અનન્ય ધર્મભાવના અને શાસન ભક્ત હોવાને કારણે તેમના રાજ્યમાં શાસનની રક્ષા-પ્રભાવના નિત્ય થયા કરતી. રાજગૃહીમાં જ્યારે અજ્ઞાની લોકો સર્વવિરતિધર કઠિયારાની નિંદા કરતા હતા, ત્યારે તેમણે કુશળતાથી સાધુ નિંદા અટકાવીને તે લોકોને સાધુ માત્રને વંદન-પૂજન કરતા કરી દીધા હતા. ભૌતિક સુખ ખાતર એક પરદેશી રાજકુંવર આર્દ્રકુમાર તેમની સાથે મિત્રતા બાંધવા ઇચ્છતો હતો. તેને જિનપ્રતિમાની ભેટ મોકલાવી અભયકુમારે સમ્યગ્દર્શનનો સ્વામી બનાવેલો.

વીરપ્રભુની દેશના સાંભળી અત્યંત વિરક્ત બનેલા તેઓશ્રીને સંયમ લેવા માટે મોહવશ પિતાની સંમતિ મળતી ન હતી, છતાં પિતાએ કહ્યું હતું કે, જે દિવસે હું કહું કે, 'તું અહીંથી જતો રહે' ત્યારે દીક્ષા લે જે. ચતુરાઈપૂર્વક શબ્દછળથી પિતાના વચનના બંધનમાંથી છૂટીને, તેમણે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. ઉગ્ર

જ્ઞાન-ધ્યાન-તપ આદરી અને અંતસમયે એક માસનું અનશન સ્વીકારી, તેઓશ્રી અત્યારે અનુત્તર વિમાનમાં દેવ થયા છે. ત્યાંથી ચ્યવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

*"આજની રૂડી પ્રભાતે અભયકુમારનું સ્મરણ કરી, ભાવપૂર્ણ હૃદયે તેમને વંદન કરી આપણને તેમના જેવી નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીએ."*

## ૪. अ ढंढणकुमारो - અને શ્રી ઢંઢણકુમાર

કર્મનાશના અડગ નિશ્ચય સાથે અદીન અને ખંતીલી મનોવૃત્તિ ધરાવનારા ઢંઢણમુનિ, કૃષ્ણ વાસુદેવ અને ઢંઢણારાણીના પુત્ર હતા. નેમનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી હતી. દીક્ષા લઈ જ્યાં તેઓ ભિક્ષા લેવા નીકળ્યા ત્યાં જ પૂર્વભવમાં લોભને વશ થઈ માણસો તથા પશુઓને, ભોજન તથા ચારાપાણીમાં અંતરાય પાડી જે કર્મ બાંધ્યું હતું તે ઉદયમાં આવ્યું. તેથી કૃષ્ણમહારાજાના પુત્રને તેમની જ નગરીમાં નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત ન થઈ.

પ્રભુમુખે પોતાના દુષ્કૃત્યથી બંધાયેલાં કર્મોની જાણ થઈ, ત્યારે ખિન્ન થયા વગર, કર્મને તોડવાના નિર્ધારથી તેમણે અભિગ્રહ કર્યો કે, *'મારી પોતાની લબ્ધિથી આહાર મળશે તો જ આહાર લઈશ'*

મુનિનો અભિગમ જબરો હતો, તો કર્મનું જોર પણ જબરું હતું. છ મહિના સુધી મુનિ તે જ નગરીમાં ભિક્ષા લેવા જાય, પરંતુ ભિક્ષા ન મળે અને મુનિ કોઈ ખેદ કે કંટાળા વગર પરત આવે. પ્રભુ પાસે ઉપવાસનું પચ્ચક્ખાણ કરે અને પ્રસન્નતાથી જ્ઞાન-ધ્યાનમાં લાગ્યા રહે.

છ મહિના પછી પણ દૈનિક ક્રમ મુજબ મુનિ ગોચરી માટે ફરતા હતા, ત્યાં પિતા કૃષ્ણમહારાજે તેમને જોયા. ભાવવિભોર થઈ તેમણે હાથી ઉપરથી ઊતરી પુત્રમુનિને વંદન કર્યું. આ જોઈ એક શ્રેષ્ઠીએ મુનિને મોદક વહોરાવ્યા.

મુનિ મોદક વહોરી પ્રભુને બતાવે છે અને બાળભાવે પૂછે છે કે, 'શું મારું કર્મ ક્ષય પામ્યું ?' પ્રભુ ના પાડે છે અને જણાવે છે કે, 'તમને તો કૃષ્ણની લબ્ધિથી ભિક્ષા મળી છે.'

છ મહિનાના ઉપવાસ હોવા છતાં સમતાના ભંડાર એવા ઢંઢણ મુનિ આ સાંભળી

જરા પણ ખેદ પામ્યા વિના વિચારે છે કે, પરલબ્ધિનો આહાર મને ન ખપે અને તેઓ છ મહિના ફર્યા પછી મળેલી ભિક્ષાને પરઠવવા કુંભારશાળામાં ગયા.

મુનિ મોદકને ચૂરતા જાય છે અને પૂર્વભવના દુષ્કૃત્યોની નિંદા કરતા જાય છે. મોદકના ચૂર્ણની સાથે તેમનાં કર્મોનું પણ ચૂર્ણ થઈ ગયું અને ત્યાં ને ત્યાં મુનિને કેવળજ્ઞાન પ્રગટ્યું.

*"કર્મ બંધન કાપવા કટિબદ્ધ ઢંઢણમુનિના પુરુષાર્થને કોટિ કોટિ વંદન કરી, ઇચ્છું કે હું પણ તેમની જેમ અદીનભાવે સાધના કરું"*

## ૫. सिरिओ - श्रीश्रीयक

*'મારા રાજાનો જેણે દ્રોહ કર્યો છે, તેનું મસ્તક આ ખડગ છેદશે'* એમ કહી શ્રીયકે પોતાના પિતા શકડાલમંત્રીનું મસ્તક છેદી નાંખ્યું.

હૈયું હચમચાવી દે એવા આ કૃત્ય પાછળ કોઈને મારવાની નહિ પણ અનેકને બચાવવાની ભાવના હતી. દેખીતી પિતૃહત્યા હતી પણ વાસ્તવમાં પિતૃભક્તિ હતી.

શ્રી શ્રીયક એક ઉમદા સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા. ઔચિત્ય, ઉદારતા, નિઃસ્પૃહતા, લઘુતા જેવા ગુણો તેમના જીવનપ્રસંગોમાં સ્પષ્ટ તરી આવે છે. મહારાજાએ જ્યારે તેઓને મંત્રીમુદ્રા આપી, ત્યારે તેઓએ નિઃસ્પૃહભાવે જણાવ્યું કે, 'રાજન્ ! એના અધિકારી મારા મોટા ભાઈ સ્થૂલભદ્રજી છે' - કેવું ઔચિત્ય !

ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે કે, મોટા ભાઈએ તો નંદનું રાજ્ય ઠુકરાવી આનંદઘન એવું આતમસામ્રાજ્ય સંભાળી લીધું. શ્રી શ્રીયક મંત્રીશ્વર બન્યા, છતાં ત્રિકાળ જિનપૂજા અને પ્રતિક્રમણ ક્યારેય ચૂકતા નહીં. તેમણે અતિ ઉદારતાથી સાત ક્ષેત્રમાં ધન વાંપર્યું અને ૧૦૦ જિનમંદિરો અને ત્રણસો ધર્મશાળા બંધાવીને શ્રાવકજીવન દીપાવ્યું.

અનુક્રમે તેઓશ્રીએ પણ સંયમજીવન સ્વીકાર્યું, પર્યુષણ-પર્વમાં એકવાર બેન યક્ષાએ તેમને સમજાવી સમજાવીને ઉપવાસ કરાવ્યો. તે રાત્રિએ અસહ્ય ક્ષુધાની વેદના વચ્ચે પણ શુભધ્યાનમાં સ્થિર થઈ તેઓ સ્વર્ગવાસી થયા. ત્યાંથી ચ્યવી તેઓ અલ્પ સમયમાં મોક્ષે જશે.

*"પ્રાતઃ કાળે શ્રી શ્રીયકને પ્રણામ કરી, તેમના જેવા, ઔચિત્ય, દાક્ષિણ્ય આદિ ગુણો આપણને પણ પ્રાપ્ત થાય એવું પ્રાર્થીએ."*

## ૬. अणिआउत्तो - શ્રી અર્ણિકાપુત્ર આચાર્ય

તીવ્ર સંવેગ અને પરમ ગીતાર્થતાનો દુર્લભ સુમેળ અને તે સાથે હૃદયની અનુપમ કોમળતા એ અર્ણિકાપુત્રની વિશેષતા હતી.

તેઓશ્રીએ રાજરાણી પૂષ્પચૂલાને પ્રતિબોધી સાધ્વી બનાવી હતી. દુષ્કાળમાં બધા સાધુઓએ ક્ષેત્રાન્તર કર્યું ત્યારે શ્રી અર્ણિકાપુત્ર આચાર્ય જંઘાબળ ક્ષીણ થવાથી ત્યાં જ સ્થિરવાસ રહેલા. ત્યારે પૂષ્પચૂલા સાધ્વીજી તેઓશ્રીને ગોચરી પાણી લાવી આપવા દ્વારા તેમની વૈયાવચ્ચ કરતાં હતાં. તે દરમ્યાન સાધ્વીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, પરંતુ તેમણે વૈયાવચ્ચ કરવાનું છોડ્યું નહિ. એક વખત વરસાદમાં ગોચરી લાવ્યા ત્યારે ઠપકો આપતાં સાધ્વીજીએ આપેલ જવાબથી અર્ણિકાપુત્ર આચાર્યને ખ્યાલ આવ્યો કે આ તો કેવળી છે. ખ્યાલ આવતાં અર્ણિકાપુત્રે તેમને પ્રશ્ન કર્યો, *'હું ક્યાં અને ક્યારે કેવળજ્ઞાન પામીશ ?'* જવાબ મળ્યો કે, *'આપને ગંગાનદી ઉતરતાં કેવળજ્ઞાન થશે.'*

પગમાં શક્તિ ન હોવા છતાં કર્મોથી છૂટવાની અદમ્ય ઇચ્છાથી મહાત્મા અર્ણિકાચાર્ય તરત જ ગંગાતટે ગયા. લોકો સાથે નાવમાં બેઠા. નદીની મધ્યમાં વ્યંતરી બનેલી તેમની પૂર્વ ભવની પત્નીએ મુનિને આકાશમાં ઉછાળી ભાલાથી વીંધી નાખ્યા. લોહીની ધારા પાણીમાં પડવા લાગી છતાં આચાર્યને પોતાના શરીરની કોઈ ચિંતા નહોતી કે, નહોતો વ્યંતરી પર દ્વેષ. કરુણાસભર તેમનું હૈયું તો વિચારતું હતું કે, **'અહો ! મારા ગરમ લોહીથી આ બિચારા અપ્કાયના જીવોને કેવી પીડા થતી હશે'.** લોહી ટપકતો દેહ હતો, છતાં હૈયામાં ષટ્કાય જીવોની રક્ષા કરવાનો ભાવ હતો. અન્યને પીડાથી મુક્ત કરવાની ભાવનાના પ્રતાપે તેમની ભવોભવની પીડા મટી ગઈ. કર્મનાં પડલો ભેદાઈ ગયાં. આચાર્યશ્રી અંતકૃત કેવળી થયા અને મોક્ષે સીધાવ્યા.

> *"હે મુનિપુંગવ ! આપની નિઃસ્પૃહતા, સ્વદેહ પ્રત્યેનો નિર્મમ ભાવ અને પરપીડાથી દૂર રહેવાની આપની મનોવૃત્તિને કોટિ કોટિ વંદન."*

## ૭. अइमुत्तो - શ્રી અઇમુત્તા મુનિ

*'પણગદગ - મટ્ટી... દગ-મટ્ટી...'*

શબ્દો સામાન્ય છે. રોજ વારંવાર બોલાય છે, પણ આ જ શબ્દોમાં જ્યારે

બાળમુનિ અઈમુત્તાનો પ્રાયશ્ચિત્તનો ભાવ ભળ્યો ત્યારે તેમાં કેવળજ્ઞાન પ્રદાન કરવાની શક્તિ આવી ગઈ.

આ વાત છે પેઢાલપુરના (પોલ્લાસપુર) રાજપુત્ર અતિમુક્તકની. બાળવયમાં પાપભીરુતાથી તેમણે દીક્ષા લીધી હતી, પણ તેમની આધ્યાત્મિક પરિપક્વતા ગજબની હતી. એકવાર એક સ્ત્રીએ તેમને પૂછ્યું કે 'કેમ આટલી નાની ઉંમરમાં દીક્ષા લીધી' ત્યારે વિલક્ષણ પ્રતિભાથી તેઓશ્રીએ કહ્યું 'હું જે જાણું છું તે નથી જાણતો.' કોઈને સમજાયું નહિ ત્યારે તેમણે સ્પષ્ટતા કરી 'મરણ આવશે તે હું જાણું છું - ક્યારે આવશે તે જાણતો નથી.'

આવી ગૂઢ વાતોથી પ્રતિબોધ પમાડનારા બાળમુનિનું હૈયું તો બાળકનું જ હતું. એક વખત વર્ષાઋતુમાં વરસાદથી ભરાયેલા ખાબોચીયાને તળાવ માની મુનિ તેમાં પાત્રાની હોડી તરાવવા લાગ્યા. વડિલ સાધુઓએ તેમને સમજાવ્યું કે *'આમ કરવાથી પાપ લાગે. પાણીના અનેક જીવોની વિરાધના થાય.'* આ સાંભળી તેઓને ખૂબ પસ્તાવો થયો.

*'મારાથી પાપ થઈ ગયું'* આ વિચારથી હૈયામાં ડંખ લાગ્યો. વીરપ્રભુ પાસે પ્રાયશ્ચિત્ત માંગ્યું. પ્રભુએ ઇરિયાવહિ પ્રતિક્રમણ કરવા જણાવ્યું. તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક આ સૂત્રનું ઉચ્ચારણ કરતાં 'પણગ-દગમટ્ટી...' શબ્દો પર તેઓ અટકી ગયા. પોતાના જેવા અન્ય જીવોની વિરાધનાનું પાપ તેમને ખટકવા લાગ્યું, પ્રાયશ્ચિત્તનો પાવક વધુ પ્રજ્વલિત થયો અને તેમાં ઘનઘાતી કર્મો બળીને ખાખ થઈ ગયાં. બાળવયે જ આ મહાત્માને કેવળજ્ઞાન પ્રગટ થયું.

*"હે બાળમુનિ ! આપની નિખાલસતા અને પાપ જુગુપ્સાને ધન્ય છે. તેને હું મસ્તક ઝૂકાવી નમન કરું છું."*

## ૮. नागदत्तो अ - અને શ્રી નાગદત્ત

વ્રતની દૃઢતા અને સત્ત્વ નાગદત્તની સાથે તાણેવાણે વણાયેલા હતા. તેઓ પોતાના આ એક ગુણના પ્રભાવથી સર્વ દોષોનો સદા માટે ક્ષય કરી સર્વગુણસંપન્ન બની શક્યા.

યજ્ઞદત્ત શેઠ અને ધનશ્રીનો પુત્ર નાગદત્ત સત્યપ્રિય અને વ્રતપાલનમાં ધીર હતો. પારકી વસ્તુ લેવી નહિ તેવો તેને નિયમ હતો. એકવાર અષ્ટમીના દિવસે તે જંગલમાં કાયોત્સર્ગમાં લીન હતો, તેવામાં તેના પ્રત્યેની ઇર્ષ્યાથી કોટવાળે રાજાના પડી ગયેલા કુંડલને તેના ખેસના છેડે બાંધી, રાજા સમક્ષ તેની ઉપર ચોરીનું આળ ચઢાવ્યું. રાજાએ શૂળીની સજા ફરમાવી.

નાગદત્તના સત્યના પ્રભાવે શૂળીનું સિંહાસન થઈ ગયું. શાસનદેવતાએ પ્રગટ થઈ દેવવાણી કરી, *'આ ઉત્તમ પુરુષ છે, પ્રાણ જાય તો ય પારકી વસ્તુને ન અડે* સત્ય હકીકતની જાણ થતાં તેનો યશ ફેલાયો. નાગદત્તે વૈરાગ્ય પામી દીક્ષા લીધી સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા.

*"ધન્ય છે આ શ્રાવકની નિઃસ્પૃહતા અને ધીરતાને ! તેમનાં ચરણોમાં મસ્તક નમાવી તેમના જેવા સત્ત્વની યાચના કરીએ."*

**ગાથા :**

**मेअज्ज थूलभद्दो, वयररिसी नंदिसेण सिंहगिरी ।**
**कयवन्नो अ सुकोसल, पुंडरिओ केसि करकंडू ।।२।।**

**અન્વય સહિત સંસ્કૃત છાયા :**

मेतार्यः स्थूलभद्रः वज्रर्षिः नन्दिषेणः सिंहगिरिः ।
कृतपुण्यः च सुकोशलः, पुण्डरीकः केशी करकण्डूः ।।२।।

**ગાથાર્થ :**

મેતારજ મુનિ તથા સ્થૂલભદ્રજી, વજસ્વામી, નંદિષેણજી, સિંહગિરિજી કૃતપુણ્યકુમાર, સુકોશલમુનિ, પુંડરિકકુમાર, કેશીગણધર, કરકંડુમુનિ. ॥૨॥

**વિશેષાર્થ :**

**૯. मेअज्ज - શ્રી મેતાર્યમુનિ**

શ્રી મેતાર્ય મુનિ પૂર્વભવમાં પુરોહિતના પુત્ર હતા. તેઓ તેમના મિત્ર રાજપુ સાથે સાધુઓને કનડગત કરી મઝા માણતા. તેમને પાઠ શીખવવા માટે એકવા મુનિભગવંતે તેમને સજા કરી અને શરત કરી કે, જો દીક્ષા લો તો જ છોડું. બન્ મિત્રોએ સંયમજીવન સ્વીકાર્યું અને તેનું સુંદર પાલન પણ કર્યું; પરં પુરોહિતપુત્રને સ્નાન વિનાના સંયમજીવન પ્રત્યે કાંઈક દુર્ભાવ થયો. જે પરિણામે તેઓનો જન્મ ચાંડાલકુલમાં થયો. આમ છતાં પુણ્યયોગે તેઓ એ શ્રીમંત શેઠને ત્યાં ઉછર્યા. પૂર્વભવના મિત્ર દેવની સહાયથી અદ્ભુત કાર્યો સાધત

તેઓ શ્રેણિકરાજાના જમાઈ બન્યા. મિત્રદેવના ૩૬ વર્ષના પ્રયાસ પછી પ્રતિબોધ પામી તેઓએ દીક્ષા અંગીકાર કરી.

એકવાર શ્રી મેતાર્ય મુનિ શ્રેણિકમહારાજાની અક્ષત પૂજા માટે સોનાના જવલા ઘડતા સોનીને ત્યાં ગોચરી ગયા. સોની ભિક્ષા વહોરાવવા ઉઠ્યો ત્યાં ક્રૌંચ પક્ષી આવી સોનાના જવલાને સાચા જવ માની ચણી ગયું. સોનીને તો મેતારજ મુનિ ઉપર જ શંકા ગઈ. તેણે બળજબરીથી મુનિની પૂછપરછ શરુ કરી, છતાં પક્ષી પ્રત્યેની દયાથી મહાત્મા મૌન રહ્યા. મુનિના મૌનથી સોનીની શંકા વધુ દૃઢ થઈ. તેથી તેણે પાસે રહેલી ભીના ચામડાની વાધર (ચામડાની સાંકડી દોરી કે પટ્ટી) મુનિના માથે વીંટી તેમને તડકામાં ઊભા રાખ્યા.

મુનિ મહારાજ સત્ત્વ અને ધૈર્યની મૂર્તિ હતા. ધારત તો સહેલાઈથી જણાવી શકત કે, જવલા ક્રૌંચ લઈ ગયું છે; પરંતુ તેમને પોતાને સહન કરવું પડતું દુઃખ મંજૂર હતું, પણ પોતાના વેણથી અન્યને વેદના થાય તે જરાપણ મંજૂર નહોતું. તેથી મૌન રહ્યા. ગરમીથી જેમ જેમ ચામડું સૂકાતું ગયું, તેમ તેમ માથાની નસો તૂટવા લાગી, ખોપરી ફૂટવા લાગી, આંખોના ડોળા બહાર આવી ગયા... આ અસહ્ય યાતનાને મુનિ સમભાવે સહન કરતા રહ્યા. ન તેઓ ક્રોધાવિષ્ટ થયા કે ન તેમને શરીરની મમતા અવરોધક બની. પરહિતની ચિંતાથી સમતામાં નિષ્ઠ મુનિ અંતકૃત કેવળી થઈ મોક્ષે સીધાવ્યા.

*"હે મુનિવર ! આપ ખરેખર અભયદાતા બન્યા. કરુણાના ભંડાર એવા આપને અંતઃકરણપૂર્વક વંદન હો... નમન હો"*

## ૧૦. થૂલભદ્દો - શ્રી સ્થૂલભદ્રજી

રાગમાંથી જેઓ વૈરાગ્યની પરાકાષ્ઠા સુધી પહોંચ્યા તેવા સ્થુલભદ્રજી શકડાલ મંત્રીના જ્યેષ્ઠ પુત્ર હતા. ધર્મશાસ્ત્ર અને કલા તેમની રુચિનો વિષય હતો. સદા અધ્યાત્મની મસ્તીમાં ડૂબેલા રહેતા એવા પણ તેઓ એકવાર કળાના પ્રેમથી કોશા વેશ્યા તરફ આકર્ષાયા અને તેના રાગમાં રંગાઈ ગયા. ૧૨ વર્ષ સુધી ભોગમાં તેઓ એવા આસક્ત બની ગયા કે પિતાનાં અંતિમ દર્શન પણ ન પામ્યા. ખરેખર વિષયોની આસક્તિ સાધકને ક્ષણમાત્રમાં ઉન્નતિના શિખરેથી પતનની ખાઈમાં ગબડાવી દે છે.

પિતાના મૃત્યુ બાદ નંદરાજાએ સ્થુલભદ્રજીને મંત્રી બનવા બોલાવ્યા. ત્યાં જ સુસંસ્કારો પુનઃ જાગૃત થયા, વૈરાગ્ય પામી તેઓ ચિંતનમાં ડૂબ્યા. બાહ્ય રાજ્યની

દેખભાળ કરવા કરતાં તેમને અંતરંગ રાજ્યની દેખભાળ કરવામાં સાર દેખાયો. સ્વયં સંયમના સાજ સજી તેઓએ આચાર્ય સંભૂતિવિજય પાસે દીક્ષા ગ્રહણ કરી.

સંયમના યોગો અને શાસ્ત્રાભ્યાસમાં લીન થઈ તેમણે વિષયોના કુસંસ્કારોનો ભૂક્કો બોલાવી દીધો. એકવાર ગુરુની આજ્ઞા લઈ કોશાને ત્યાં ચાતુર્માસ રહેવા ગયા. પૂર્વના પ્રેમીને રીઝવવા કોશાએ તેમને ચિત્રશાળામાં ઉતારો આપ્યો, ષડ્રસ ભોજન કરાવ્યાં, ગીત, નૃત્યુ, કામુક ચેષ્ટાઓ, શ્રૃંગાર આદિ દ્વારા અનેક પ્રયાસો કર્યા... પણ તત્ત્વદૃષ્ટિથી કોશાને જોતા સ્થૂલભદ્રજીને તે સર્વ પુદ્ગલના પર્યાયો જ દેખાતા હતા અને કોશાનો આત્મા પોતાના જેવો જ દેખાતો હતો. આથી આ કામોત્તેજક પ્રયોગોથી મહાત્માનું રૂંવાડું પણ ન ફરક્યું. રાગાદિનો એક વિકાર પણ સ્પર્શ્યો નહિ. અરે ! આ કામવિજેતાએ તો કામસામ્રાજ્ઞી કોશાને પણ કામાગ્નિમાંથી મુક્તિ અપાવી, વૈરાગી બનાવી, સાચી શ્રાવિકા બનાવી દીધી.

આ રીતે મોહરાજાના કિલ્લામાં જ મોહરાજાને પરાસ્ત કરનાર આ મહાત્માનું નામ ૮૪ ચોવીશી સુધી અમર રહેશે.'સૂત્રથી ચૌદ પૂર્વ અને અર્થથી દશ પૂર્વને જાણનારા આ કાળના આ છેલ્લા મહાત્મા હતા.

*"ધન્ય છે આ મહાત્માને જેઓએ કામના ઘરમાં પ્રવેશી કામને હણ્યો. તેમના ચરણમાં માથું નમાવી પ્રણામ કરતાં પ્રાર્થના કરીએ, અમોને પણ કામના વિકારોથી મુક્ત થવાનું બળ આપજો."*

## ૧૧. વયરરિસી - શ્રી વજ્રસ્વામી

અપ્રતિમ વિવેક, તીવ્ર વૈરાગ્ય, ગંભીરતા, દીર્ઘદૃષ્ટિ, શાસનનો અવિહડ રાગ આદિ અનેક ગુણસંપત્તિના સ્વામી એટલે પ્રભુવીરની તેરમી પાટને દીપાવનારા વજ્રસ્વામી.

પુણ્યના પ્રબળ ઉદયથી તેમને અદ્ભુત રૂપ મળ્યું હતું. તેમના રૂપને જોઈ પાડોશણ બેનો બોલી, 'આના પિતા ધનગિરિએ દીક્ષા ન લીધી હોત તો આનો કેવો સુંદર જન્મોત્સવ કરત.' આ શબ્દો સાંભળી બાળ વજ્રને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વના સંસ્કારો જાગૃત થયા. દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો અને તેમણે સતત રડતા રહી માતા સુનંદાનો મોહ તોડાવ્યો. તેમના અનેક ગુણોમાં મોખરે રહેલા વિવેકની વાર્તાનો આ પ્રારંભ હતો. ઘોડિયામાં ઝૂલતું બાળક; પણ કેવી બુદ્ધિ ! માતાએ તો તેમને પિતામુનિને વહોરાવી દીધા. વજ્રકુમાર હવે સાધ્વીના ઉપાશ્રયમાં સ્વાધ્યાયના ગુંજન વચ્ચે ઝૂલવા લાગ્યા. જોતજોતામાં તો અગિયાર

અંગના પાઠી થયા, પણ ક્યાંય ઉછાંછળા વૃત્તિ નહિ. મને આવડે છે તેનું પ્રદર્શન નહિ.

સકળ સંઘની આંખોનો તારો બનેલા, ખિલખિલાટ કરતાં પોતાના બાળકને પાછો મેળવવા માતાએ રાજદ્વારે સંઘર્ષ માંડ્યો. ત્યારે વજની ઉંમર માત્ર ૩૧/૨ વર્ષની, પણ દીર્ઘદૃષ્ટિતા કોઈ પ્રૌઢને પણ લજવી નાંખે તેવી. શું કરવાથી મારું હિત થશે ? શું કરવાથી માતાનું ભવિષ્ય સુધરશે ? શું કરવાથી સંઘની ઉન્નતિ થશે ? આનો ઊંડો વિચાર કરી, રાજદરબારમાં શ્રી સંઘ સમક્ષ ગુરુના હાથે રજોહરણ લઈ નાચીને માત્ર ૩૧/૨ વર્ષના વજ્રકુમારે દીક્ષા લીધી.

બાળમુનિએ વિધિવત્ અભ્યાસ શરૂ કર્યો. તેમની પ્રતિભાને જોઈ ગુરુએ તેમને વાચનાચાર્ય બનાવી ઉત્તરોત્તર આચાર્યપદ પ્રદાન કર્યું. દેવતાઓએ આકાશગામિની વિદ્યા અને વૈક્રિય લબ્ધિ આપી તેમની ભક્તિ કરી. ભયંકર દુષ્કાળમાં આખા સંઘને આકાશગામી પટદ્વારા સુકાળના ક્ષેત્રમાં લઈ ગયા. બૌદ્ધ રાજાને પ્રતિબોધ કરવા શ્રીદેવી પાસેથી કમળ અને લાખો પુષ્પો લાવી શાસનપ્રભાવના કરી. તેમને જ પરણવાનું પણ લઈ બેઠેલી રુક્મિના રાગને તેમણે વૈરાગ્યમાં ફેરવ્યો. આ લબ્ધિવંત આચાર્ય આપણા કાળના છેલ્લા દશ પૂર્વધર હતા.

> *"ધન્ય છે તેમના વિવેકથી ઝળકંતા વૈરાગ્યને... પ્રાતઃકાળે તેમને વંદના કરી આવો પ્રબળ વૈરાગ્ય આપણામાં પણ પ્રગટે તેવી પ્રાર્થના કરીએ."*

## ૧૨. नंदिसेण - श्री नंदिषेण मुनि

*"હે વત્સ ! હજુ તારે ભોગાવલી કર્મો બાકી છે.*
*માટે તું દીક્ષા લેવા ઉતાવળો ન થા !"*

આ શબ્દો છે પ્રભુવીરના. સાંભળી રહ્યા હતા શ્રેણિકમહારાજાના પ્રખર વૈરાગી પુત્ર શ્રી નંદિષેણ. ખુદ સર્વજ્ઞ પ્રભુની આવી વાણી અને તેવી જ આકાશવાણી સાંભળવા છતાં તેમની દીક્ષા લેવાની ભાવનાને ઊની આંચ પણ ન આવી. કર્મરાજા અને મોહરાજાને હરાવવા કટિબદ્ધ બનેલા તેઓને ભગવાને પણ ભાવિભાવ જાણી દીક્ષા આપી, નબળા-પોચા વૈરાગ્યવાળો વ્યક્તિ તો કોઈ અજ્ઞાની જ્યોતિષની વાણી સાંભળીને પણ કર્મસત્તા સામે હાર સ્વીકારી લે, પણ શ્રી નંદિષેણનું સત્ત્વ અજબ-ગજબનું હતું.

કર્મવશ ઊઠતી ભોગેચ્છાઓ પર વિજય મેળવવા અને દબાવવા ઉગ્રવિહાર, છઠ્ઠના પારણે આયંબિલની ઉત્કૃષ્ટ તપસ્યા, શાસ્ત્રાભ્યાસ આદિ અનેક શુભ યોગો સેવ્યા; પરંતુ મોહનીયનો પાશ ન તૂટ્યો. ચિત્તમાં એક તરફ ચારિત્રમોહનીય-કર્મનો ઉદય વિકારો ઉત્પન્ન કરે છે તો બીજી તરફ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ કહે છે 'પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જવા દેવાય', આ સાત્ત્વિક વિચારણાથી મુનિએ અનેક રીતે મરવાના પ્રયાસો કર્યા, પણ દેવે એકપણ ઉપાય સફળ ન થવા દીધો.

ભવિતવ્યતાના યોગે એક દિવસ મુનિ ગોચરી માટે ફરતાં ફરતાં એક વેશ્યાના ત્યાં જઈ ચડ્યા. 'ધર્મલાભ !' આપ્યો. ત્યાંથી પ્રતિસાદ આવ્યો 'અહીં ધર્મલાભનું કામ નથી અહીં તો અર્થલાભ જોઈએ...'

આ શબ્દો મુનિરાજને વાગી ગયા. કામ સામે લડનારા મુનિરાજને માનકષાયે હરાવી દીધા. મહેણાંનો જવાબ આપતાં મુનિએ માનને વશ થઈ તરણું ખેંચી સાડાબાર કરોડ સોનામહોરની વૃષ્ટિ કરી.

આ જોઈ વેશ્યા બોલી કે, 'આ પૈસાને ભોગવવા અહીં જ રહો અથવા પૈસા લઈ જાઓ' ચારિત્રમોહનીયના પ્રબળ ઉદયથી આ શબ્દો સાંભળી મુનિ પડ્યા. એક કષાયથી હારેલાને બીજા કષાયે પણ હરાવ્યા, વેશ્યાના આગ્રહથી મુનિ સાધુપણું છોડી સંસારી બન્યા. ચારિત્રમોહનીયકર્મના ઉદયથી મુનિની પ્રવૃત્તિ બદલાઈ ગઈ, પણ દર્શનમોહનીયનો ક્ષયોપશમ વિશુદ્ધ હતો તેથી વૃત્તિ ન બદલાઈ. વેશ્યાને ત્યાં પડ્યા હોવા છતાં મુનિનો વૈરાગ્ય ઝળહળતો હતો. મુનિએ અભિગ્રહ કર્યો 'હું ભલે ડૂબ્યો પણ રોજ ૧૦ જણને સંસારથી તારી પ્રભુ પાસે દીક્ષા લેવા ન મોકલું ત્યાં સુધી ભોજન નહિ વાપરું.'

અંતરમાં કેવો વૈરાગ્ય હશે કે રાગથી ભરેલા વેશ્યાવાસમાં આવતા રાગી વ્યક્તિઓને પણ નંદિષેણ વૈરાગી બનાવી પ્રભુ પાસે મોકલતા. આ સીલસીલો બાર વર્ષ સુધી અકબંધ ચાલ્યો. ત્યાં એકવાર દસમો વ્યક્તિ કેમે કરીને પ્રતિબોધ પામે જ નહિ, છેવટે ગણિકાએ મશ્કરી કરી 'દસમા તમે...' મહેણાથી પડેલાને મહેણાએ ઊઠાડી દીધા. પુનઃ પ્રભુ પાસે દીક્ષા લીધી. સાધના સાધી મોહરાજાને પરાસ્ત કરી મુનિવર મોક્ષે સીધાવ્યા.

*"પરમ વૈરાગ્યને વરેલા આ મુનિના ચરણે મસ્તક નમાવી તેમના જેવા પ્રબળ વૈરાગ્ય અને વિરતિધર્મની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરીએ."*

## ૧૩. સિંહગિરી - આચાર્ય શ્રી સિંહગિરિજી

પ્રભુવીરની બારમી પાટને શોભાવનારા આ આચાર્યભગવંતની વિચક્ષણતાને કારણે જ જૈનશાસનને વજ્રસ્વામી જેવા પ્રભાવકની ભેટ મળી. સામાન્યથી જૈન સાધુ સચિત્તના ત્યાગી હોય છતાં આ મહાપુરુષે એકવાર શિષ્યને કહ્યું કે સચિત્ત-અચિત્ત જે મળે તે લેતા આવજો. જ્ઞાનથી તેમણે જાણ્યું હતું કે, આજે વજ્રસ્વામીનો સુયોગ થશે. વજ્રસ્વામીની દીક્ષા બાદ તેઓએ કુશળતાથી બધા સાધુઓને તેમની પાસે વાચના લેવા તત્પર બનાવ્યા. ખુદ વજ્રસ્વામીને પણ તેઓએ જ ભદ્રગુપ્તસૂરિજી પાસે ભણવા મોકલ્યા હતા.

> *"હે ગુરુદેવ ! આપની યોગક્ષેમ કરવાની કુશળતાને કારણે આજે વીરપ્રભુનો જ્ઞાનવારસો ટકી શક્યો છે. અમને પણ આપ જેવા ગુરુવરનો યોગ સાંપડે અને અમારામાં પણ વિચક્ષણતા ખીલે તેવી પ્રાર્થના સહ નમસ્કાર કરીએ છીએ."*

## ૧૪. कयवन्नो अ - શ્રી કયવન્ના શેઠ (કૃતપુણ્યક શેઠ)

મોહાંધ માણસો પોતાના મોહને સફળ કરવા શું શું કરી શકે તે શ્રી કયવન્ના શેઠના જીવનવૃત્તાંત પરથી સમજી શકાય તેવું છે.

સાધુઓના સંગથી કયવન્નો યુવાનવયે પણ પરમ વૈરાગી હતો. મોહાધીન માતાપિતાએ તેને અતિ ગુણિયલ ધન્યા નામની શ્રેષ્ઠી કન્યા સાથે પરણાવ્યો, છતાં તે અનાસક્ત રહ્યો. તેથી માતાપિતાએ તેને જુગારી અને વેશ્યાનો સંગી બનાવ્યો. વેશ્યાના રાગમાં તે એવો રંગાયો કે તે માતા-પિતા, પત્ની સર્વને ભૂલી ગયો. ભોગનો આ જ વિનાશકારી પ્રભાવ છે.

કાળક્રમે તેનાં મા-બાપ મરણ પામ્યાં. તોપણ કયવન્નાએ વેશ્યાનો સંગ ન છોડ્યો. તેની સ્ત્રી એક આર્યપત્નીની જેમ પતિની ખુશી માટે વેશ્યાને ત્યાં ધન મોકલ્યા કરે છે. કાળક્રમે ધન-દાગીના બધું ખલાસ થઈ ગયું. વેશ્યાને ધન મળતું બંધ થયું, તેથી તેણે કયવન્નાને પોતાને ત્યાંથી કાઢી મૂક્યો.

વર્ષો પછી પાછા આવેલા કયવન્નાશેઠને તેની પત્નીએ આદરપૂર્વક બોલાવ્યા સેવા-ભક્તિ, સ્નાન, ભોજન કરાવ્યું. શેઠના ખેદનો પાર ન રહ્યો. ખૂબ પસ્તાવો થયો. આવા સમયે પણ આર્ય પત્નીએ સુમધુર શબ્દોમાં આશ્વાસન આપ્યું. બચેલું થોડું ઘણું ધન આપ્યું અને પરદેશ જઈ વેપાર કરવાની સલાહ આપી. કેવું ઔદાર્ય !!

કાળની કરવટ બદલાતાં કયવન્ના શેઠ નસીબજોગે અપુત્રીયા એવી ચાર શ્રેષ્ઠી પુત્રવધુઓના પતિના સ્થાને આવી ગયા અને તેમને ચાર પુત્રો થયા. પુન: રાજગૃહીમાં આવતાં અભયકુમાર સાથે તેમની મિત્રતા થઈ અને શ્રેણિકરાજાની પુત્રી મનોરમા સાથે તેમનાં લગ્ન થયાં. ઉપરાંત શ્રેણિકરાજાનું અડધું રાજ્ય મળ્યું અને ઘણા ભોગમાં દિવસો પસાર થવા લાગ્યા. આ રીતે કયવન્ના શેઠનું સૌભાગ્ય વધતું જ ગયું.

એકવાર તેમણે પ્રભુવીર પાસેથી પોતાનો પૂર્વભવ જાણ્યો. મુનિને ટૂકડે ટૂકડે ત્રણ વાર ખીર વહોરાવવાથી સુખ મળ્યું પણ ત્રણ કટકે કટકે મળ્યું, આ સાંભળતાં કયવન્ના શેઠને વૈરાગ્ય થયો. દીક્ષા લઈ સ્વર્ગવાસી થયા. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

આ પુણ્યશાળીનું કેવું સૌભાગ્ય કે પોતે જ્યારે પ્રેમ કે લાગણીને જરાપણ યોગ્ય નથી રહ્યા ત્યારે પણ તેમની પત્ની તેમને આવકારે છે. ત્રણ ત્રણ વાર અપાર સમૃદ્ધિઓ તેમને સામે ચાલીને વરે છે. આથી જ વેપારીઓ દર નૂતન વર્ષે તેમના જેવા સૌભાગ્યની પ્રાર્થના કરે છે, પણ તેમનું ખરું સૌભાગ્ય તો એ હતું કે જ્યારે સુખસભર દિવસો આવ્યા ત્યારે સંસારની અસારતા સમજાતાં તેઓ તેનો ત્યાગ પણ કરી શક્યા, કઠોર સંયમ ચર્યા પાળી આત્મકલ્યાણ પણ સાધી શક્યા.

*"આવા મહાપુરુષનાં ચરણોમાં પ્રણામ કરી તેમના જેવી ત્યાગવૃત્તિ આપણા અંતરમાં પણ ઉદ્ભવે એ જ પ્રભુ-પ્રાર્થના."*

## ૧૫. સુકોસલ - સુકોશલ મુનિ

શ્રી રામચંદ્રજીના પૂર્વજ કીર્તિધરરાજાએ પોતાના બાલ્યવયના પુત્ર સુકોશલને રાજા બનાવી દીક્ષા લીધી હતી. કાળક્રમે પિતામુનિ તે ગામમાં પધાર્યા; પરંતુ પુત્ર પણ દીક્ષા લઈ લેશે તેવા ભાવથી માતાએ તેમને ગામ બહાર કાઢી મૂક્યા. આ વિગતની જાણ થતાં સુકોશલજી અત્યંત નારાજ થયા. સંસારની આવી વિચિત્રતાનો વિચાર કરતાં તેઓ પણ વૈરાગી બન્યા અને પિતા મુનિ પાસે દીક્ષા લીધી. માતા રાણી સહદેવી પતિ અને પુત્રના વિયોગથી આકુળ-વ્યાકુળ બની, આર્ત્તધ્યાનમાં મરી વાઘણ થઈ.

એકદા બન્ને મુનિવરો જ્યાં આ વાઘણ રહેતી હતી તે જ જંગલમાં આવ્યા. તેમને જોઈ વાઘણ રોષે ભરાઈ. પિતા મુનિએ 'ઉપસર્ગ થશે' એમ ધારી પુત્ર મુનિને બીજે જવા સૂચના કરી, પરંતુ શુભભાવમાં સ્થિર સુકોશલ મુનિ ત્યાંથી ન ખસ્યા. વાઘણે શરીરનો નાશ કરવા પ્રયત્ન કર્યો. તો શુક્લધ્યાન પર આરૂઢ

મુનિએ કર્મનો નાશ કરવાનો પ્રયત્ન આદર્યો. જોગાનુજોગ બન્ને સાથે સફળ થયા. સુકોશલજીનો સદા માટેનો શરીરનો સંગ છૂટી ગયો, કર્મના બંધનથી છૂટી તેઓ પરમાનંદને માણવા મોક્ષે પહોંચી ગયા.

*"મરણાંત ઉપસર્ગમાં પણ સમતા રાખનારા આવા મહામુનિનાં ચરણોમાં મસ્તક નમાવી શ્રેષ્ઠ સમતાના સ્વામી બનવાનું બળ માંગીએ."*

## ૧૬. પુંડરિઓ - પુંડરિકમુનિ

પુંડરિક-કંડરિક બે ભાઈઓ હતા. એક જ દિવસની સંયમની આરાધના કરી એક સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. જ્યારે બીજા સંયમની વિરાધના કરી સાતમી નરકે ગયા.

અનુકૂળતાનો રાગ, નિમિત્તની અસર અને કર્મની ગહન ગતિ વગેરે જીવની કેવી પાયમાલી સર્જી શકે છે તે આ બે ભાઈઓના જીવન પરથી વિચારવાનું છે અને આપણે આપણા જીવનમાં સાવધાન થવાનું છે.

શ્રી પુંડરિકને પિતાની સાથે દીક્ષા લેવાની ભાવના હોવા છતાં નાનાભાઈ કંડરિકની તીવ્ર ભાવના જાણી; તેમણે તેને દીક્ષાની સહર્ષ અનુમતિ આપી અને પોતે અનાસક્ત ભાવે રાજ્યનું પાલન કર્યું. કેવી ઉદારતા ! કેવું ઔચિત્ય !

હજાર વર્ષના સંયમ પછી એકદા કંડરિક મુનિનું શરીર રોગગ્રસ્ત બન્યું. ત્યારે ભક્તિસભર પુંડરિક રાજાએ તેમનો યોગ્ય ઉપચાર કરવા તેમને પોતાની વાહનશાળામાં રાખ્યા. યોગ્ય અને અનુકૂળ આહારાદિથી કંડરિકજીના શરીરમાંથી રોગ તો ચાલ્યો ગયો, પણ સંયમમાં શિથિલતા આવી ગઈ. યોગમાર્ગમાંથી મન ઊઠી ગયું અને ભોગની ભૂખ પ્રજ્વલિત થઈ. પુંડરિકજીએ તેઓને ઘણું સમજાવ્યા પણ કંડરિક મુનિ ન માન્યા. વિરક્ત પુંડરિકજીએ તેમને રાજપાટ સોંપ્યાં. પોતાનું રાજલિંગ તેમને આપી અને તેમનું સંયમલિંગ પોતે ગ્રહણ કરી તેઓ ભાવથી સંયમી બન્યા.

બે ભાઈઓ જુદી જુદી દિશામાં ચાલી નીકળ્યા. કંડરિકે આહારની લોલુપતાથી અતિ માત્રામાં ભોજન કર્યું. બીજા દિવસે અપચા આદિના કારણે કંડરિકજી આહારની આસક્તિ અને રૌદ્રધ્યાનના કારણે મરી, ભયંકર દુ:ખોના સ્થાનભૂત સાતમી નરકમાં ગયા. જ્યારે શ્રી પુંડરિકજી સંયમ પ્રાપ્તિના શુભ ભાવરૂપ શુભ ધ્યાનમાં મરી, ભૌતિકસુખની પરાકાષ્ઠાવાળા અનુત્તર વિમાનમાં ગયા.

શ્રી ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત પર વજસ્વામીનો જીવ જે તિર્યક્જૃંભક દેવ હતો તેને આ પુંડરિક-કંડરિક અધ્યયન સંભળાવ્યું. તેના ઉપરથી બોધ પામીને તે જ જીવ વજસ્વામીરૂપે ઉત્પન્ન થયો અને શાસનની મહાન પ્રભાવના અને આરાધના કરનાર બન્યો.

આ દૃષ્ટાંત ઘણો બોધ આપે છે. અનુકૂળતાનો રાગ માણસને ક્યાંથી ક્યાં લઈ જાય છે અને સંયમાદિ સદ્ગુણોનો રાગ માણસને ક્યાં લઈ જાય છે; તે વિચારવા માટે આ બે ભાઈઓની કથા અત્યંત પ્રેરક છે.

*"હે પુંડરિકજી ! આપના અનાસક્ત ભાવને ભાવથી ભજું છું. આ પ્રભાતે પ્રાર્થના કરું છું કે આપ જેવો સંવેગ, આપ જેવો વૈરાગ્ય, આપ જેવી ઉદારતા અને આપ જેવી સરલતા મને પણ મળો."*

## ૧૭. केसि - શ્રી કેશી ગણધર

શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનનાં આ મહાપુરુષે મહા નાસ્તિક એવા પ્રદેશી રાજાને તર્કબદ્ધ ઉત્તરો આપી આસ્તિક બનાવેલો. પોતે મોટા હોવા છતાં તેઓએ શ્રી ગૌતમસ્વામી સાથે ચર્ચા કરી, પાંચ મહાવ્રતનો સ્વીકાર કરેલો. પ્રભુવીરના શાસનને પામી તેઓ અનુક્રમે સિદ્ધિપદ પામ્યા હતા.

*"વિશિષ્ટબુદ્ધિ સાથે સરલતા અને ઉદારતાના સ્વામી હે કેશી સ્વામી ! આપને કોટિ કોટિ વંદન."*

## ૧૮. करकंडु - કરકંડુ

ચેડા રાજાની પુત્રી અને દધિવાહન રાજાની રાણી એવાં શ્રીમતી પદ્માવતી ગર્ભાવસ્થા દરમ્યાન હાથી ઉપર બેસી વનવિહાર કરતાં હતાં. તેવામાં હાથી ગાંડો થતાં તેઓ રાજાથી વિખૂટાં પડી નિર્જન જંગલમાં અટવાઈ ગયાં. ફરતાં ફરતાં તેઓને સાધ્વીજીનો ભેટો થયો. તેમના ઉપદેશથી વૈરાગ્ય પામી તેઓએ દીક્ષા લીધી. 'જો હું ગર્ભવતી છું એવું જણાવીશ તો મને દીક્ષા નહી મળે' એવા ભાવથી તેમણે ગુરુને તેની જાણ ન કરી. આ સાધ્વીની કુખે કાળક્રમે કરકંડુનો જન્મ થયો. લોક નિંદા આદિથી બચવા સાધ્વીજીએ તે પુત્રને રાજચિન્હો સહિત સ્મશાનમાં મૂકી દીધો. એક નિ:સંતાન ચાંડાલ તેને લઈ ગયો અને મોટો કર્યો. તેને બહુ ચળ આવતી હોવાથી તેનું નામ કરકંડુ પાડ્યું. ભાગ્યયોગે તેઓ રાજા બન્યા અને કર્મની

વિચિત્રતાથી એકવાર દધિવાહન રાજા સાથે જ તેઓ યુદ્ધે ચડ્યાં. સાધ્વી પદ્માવતીને આ વાતની જાણ થતાં તેમણે પિતા-પુત્રને એક-બીજાની ઓળખ આપી યુદ્ધ અટકાવ્યું.

કરકંડુને એક રૂપાળો અને બળવાન સાંઢ અતિપ્રિય હતો. કાળક્રમે આ જ સાંઢને વૃદ્ધાવસ્થાથી ક્ષીણ, નિર્બળ અને જર્જરિત જોતાં તેમનું હૈયું અનિત્ય ભાવનાથી ભાવિત બન્યું. 'સંસારમાં બધું અનિત્ય છે. આ દેહ, પરિવાર, સંબંધો, રૂપ, રાજ્ય, ધન વૈભવ આદિ બધું નાશવંત છે.' આ ભાવનાથી નશ્વર શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો અને અવિનશ્વર આત્મા પ્રત્યે રુચિ જાગી. વૈરાગ્યની ધારા ગાઢ થતાં તેઓ પ્રત્યેકબુદ્ધ બન્યા અને અનુક્રમે દીક્ષા લઈ મોક્ષ પામ્યા.

*"ધન્ય છે કરકંડુ મુનિને જેઓ નાનકડા નિમિત્તને પામી અવિનાશી એવા આત્માના અનુરાગી બન્યા. તેમના ચરણે વંદના કરી આપણે પણ આત્માનુરાગી બનવા યત્ન કરીએ."*

**ગાથા :**

**हल्ल विहल्ल सुदंसण, साल-महासाल-सालिभद्दो अ ।**
**भद्दो दसन्नभद्दो पसन्नचंदो अ जसभद्दो ।।३।।**

**સંસ્કૃત છાયા :**

हल्लः विहल्लः सुदर्शनः, शालः महाशालः शालिभद्रः च
भद्रः दशार्णभद्रः प्रसन्नचन्द्रः च यशोभद्रः ।।३।।

**ગાથાર્થ :**

હલ્લકુમાર અને વિહલ્લકુમાર, સુદર્શનશેઠ, શાલમુનિ, મહાશાલમુનિ, શાલિભદ્રમુનિ, શ્રી ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્રરાજા, પ્રસન્નચન્દ્રરાજર્ષી તથા યશોભદ્રસૂરિજી.

**વિશેષાર્થ :**

**૧૯-૨૦. હલ્લ-વિહલ્લ - શ્રી હલ્લકુમાર તથા શ્રી વિહલ્લકુમાર**

આ બન્ને મહાત્માઓ મહારાજા શ્રેણિક અને મહારાણી ચેલ્લણાના કુંવરો હતા. પ્રસન્ન થએલા પિતાએ પોતાનો સેચનક હાથી અને દેવતાઈ કુંડલો આ બે ભાઈઓને

ભેટ આપેલા. આ પટ્ટ-હસ્તિ તથા દેવતાઈ કુંડલોને મેળવવા તેમના વડિલ બંધુ કોણિકે પત્નિના આગ્રહથી તેઓની સાથે યુદ્ધ કર્યું. વડિલ ભાઈ સાથે યુદ્ધ ન કરવું પડે માટે આ બે ભાઈઓ પોતાના મામા ચેડા રાજાને ત્યાં પહોંચી ગયા. ત્યાં કોણિકે મામા સાથે પણ યુદ્ધ કર્યું. ખરેખર ! ઇચ્છા પ્રબળ બને અને ગર્વ જ્યારે માનવીના મન પર સવાર થઈ જાય છે, ત્યારે વિવેક ટકી શકતો નથી.

સેચનક હાથી પોતાના સ્વામીને અત્યંત વફાદાર હતો. તેના સહારે આ બે ભાઈઓએ કોણિકના સૈન્યને ધૂળ ચાટતું કરી દીધું હતું. તેથી કોણિકે અંગારા ભરેલી એક ખાઈ તૈયાર કરી. સેચનક હાથીને આની જાણ થઈ ગઈ, તેથી આ બન્ને ભાઈઓના પ્રાણ બચાવવા તેણે તેઓને દૂર ફંગોળી પોતે ખાઈમાં ઝંપલાવી દીધું. પોતાના સ્વામીના જીવન કાજે પોતાનું જીવન સમર્પણ કરનાર વિનયી, વફાદાર અને પ્રિય હાથીના મૃત્યુથી બન્ને ભાઈઓને વૈરાગ્ય થયો. શાસન દેવતાએ બન્ને ભાઈઓને યુદ્ધભુમિમાંથી ઊપાડી પ્રભુ વીર પાસે મૂક્યા. પ્રભુ પાસે દીક્ષા લઈ બન્ને ભાઈઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. એક પશુમાં પણ કેવી ગુણસંપત્તિ ! કૃતજ્ઞતાથી પ્રાણની આહુતિ આપી પણ સ્વામીભક્તિને આંચ ન આવવા દીધી. કેવા હશે એ પુણ્યશાળી પુરુષો જેમને કૃતજ્ઞતા આદિ ઉચ્ચ ગુણવાળા માનવીથી પણ અધિક સેવકો મળ્યા. ધન્ય છે આવા મહાત્માઓ જેઓ વૈરના સ્થાને વૈરાગ્યને પ્રગટાવી ગુણસંપત્તિના સ્વામી બન્યા.

*"અંતરમાં સાચો વૈરાગ્ય જાગ્યો ત્યારે દેવોએ જેમને વીતરાગ પ્રભુ પાસે પહોંચાડ્યાં તે મહાત્માઓના ચરણોમાં મસ્તક ઝૂકાવી ઇચ્છું કે, તેમના જેવો વૈરાગ્ય અને વીતરાગનો સંગ મને પણ મળે. સાથે જ સેચનક હાથીમાં હતો તેવો કૃતજ્ઞતાનો ગુણ પણ મારામાં વિકસો;"*

## ૨૧. સુદંસણ - શ્રી સુદર્શન શેઠ

શીલ, સદાચાર, સજ્જનતા અને દયાની મૂર્તિ એટલે સુદર્શન શેઠ. તેઓ બાર વ્રતધારી શ્રાવક હતા. તેમના રૂપથી મોહિત થઈ એકવાર કપિલાદાસીએ પોતાની વાસના પૂરી કરવા તેમની પાસે ભોગની માગણી કરી. ત્યારે સ્વદારા સંતોષવ્રતધારી શ્રી સુદર્શનશેઠ, કુશળતા પૂર્વક 'હું નપુંસક છું' એમ કહી, તેની મોહજાળમાંથી છટકી ગયા. વાસ્તવિક રીતે તેઓ પરસ્ત્રી માટે નપુંસક જ હતા એટલે તેઓ ખોટું બોલ્યા નહોતા.

એક વખત કપિલાદાસી અભયારાણી સાથે ઉદ્યાનમાં ગઈ હતી. ત્યાં તેણે શેઠની પત્ની મનોરમાને તેના છ પુત્રો સાથે જોઈ. તેને સમજાઈ ગયું કે શેઠે તેણીને છેતરી છે. બદલો લેવા તેણે અભયારાણી આગળ શ્રી સુદર્શનશેઠના રૂપાદિનું કામોત્તેજક વર્ણન કર્યું. અભયાને પણ તે સાંભળી શેઠને વશ કરવાના કોડ જાગ્યા. એકાંતનો લાભ ઉઠાવી અભયા પૌષધ દરમ્યાન કાઉસ્સગ્ગમાં સ્થિર રહેલા શેઠને દાસીઓ દ્વારા ઉપાડી લાવી અને તેમને ચલાયમાન કરવા ઘણા પ્રયત્નો કર્યા. પણ સત્ત્વશાળી શેઠ શુભ ધ્યાનમાં સ્થિર રહ્યા. નિષ્ફળ અભયાએ તેમની ઉપર શીલભંગનો આરોપ મૂક્યો.

રાજાને પોતાની રાણી કરતાં સુદર્શન શેઠ પર વધુ વિશ્વાસ હતો. તેમણે શેઠને વારંવાર પૂછ્યું કે વાસ્તવિકતા શું છે, પણ શ્રી સુદર્શને ખુલાસો ન કર્યો. રાજાએ કમને શૂળીની સજા કરી. પુનઃ પૂછપરછ કરી, પણ શેઠ તો અડગપણે મૌન રહ્યા. સુદર્શન શેઠને પ્રાણ જાય તે કબૂલ હતું પણ... અન્યના દોષ બોલવા, અન્યને ગુન્હેગાર કહેવા કબૂલ નહોતું... ઉત્તમતા પ્રગટ્યા પછી જાતના બચાવ માટે બીજાને નુકશાન થાય તેવો પ્રયત્ન કરવાનું ક્યારેય મન થતું નથી.

શૂળી પર ચઢાવતાં પહેલા શેઠને મોઢે કાળીમેશ ચોપડી તેમને ગધેડા પર બેસાડી ગામમાં ફેરવવામાં આવ્યા. ગામના લોકો પણ શેઠ આવું કૃત્ય કરે એ વાત સ્વીકારવા તૈયાર નહોતા. ન છૂટકે રાજાએ સુદર્શનને શૂળીએ ચઢાવ્યા. આ બાજુ તેમની પત્ની મનોરમાને સમાચાર મળ્યા. તેને પોતાના પતિના સત્ ચારિત્ર ઉપર અડગ શ્રદ્ધા હતી. તેથી પતિ પર આવેલું કલંક દૂર ન થાય ત્યાં સુધી તે કાઉસ્સગ્ગમાં સ્થિર થયા. તેની આરાધના અને શેઠની સચ્ચાઈના બળે શૂળીનું સિંહાસન થઈ ગયું. દંપત્તીએ દીક્ષા લીધી અને મોક્ષે સિધાવ્યાં.

*"શ્રાવક જીવનમાં પણ પરપીડાના પરિહારની ભાવનાથી સ્વના ભોગે પણ અન્યને લેશ પણ હાનિ નહિ પહોંચાડવાની તથા વ્રતપાલનમાં અડગ રહેવાની સુદર્શન શેઠની ઉમદા મનોવૃત્તિને અંતઃકરણપૂર્વક વંદન કરી, તેવા ગુણો આપણને પણ મળે તેવી પ્રાર્થના કરીએ."*

## ૨૨-૨૩ साल-महासाल - શ્રી શાલ અને શ્રી મહાશાલ

શ્રી શાલ રાજા હતા તો શ્રી મહાશાલ યુવરાજ હતા. બન્ને વચ્ચે પરમપ્રીતિ હતી. પ્રભુવીરની વાણીથી વૈરાગી બની, તેઓએ પોતાના ભાણેજ ગાંગલીને રાજ્ય સોંપી,

દીક્ષા લીધી હતી. એક વખત શ્રી ગૌતમસ્વામી સાથે ગાંગલીને પ્રતિબોધવા તેઓ પૃષ્ઠચંપામાં આવ્યા. ગાંગલીએ પણ માતા-પિતા સાથે દીક્ષા લીધી. રસ્તામાં શુભ ભાવના ભાવતાં સહુને કેવળજ્ઞાન થયું. અંતે સહુ મોક્ષે ગયા.

*"શુભભાવ દ્વારા સિદ્ધિને પામનારા આ મહાપુરુષોના ચરણોમાં પ્રણામ કરી, તે શુભભાવને પામવા પ્રયત્ન કરીએ."*

## ૨૪. सालिभद्दो अ - અને શ્રી શાલિભદ્ર

ભરવાડપુત્ર સંગમ તરીકેના પૂર્વ ભવમાં પર્વના દિવસે રોઈને મહામહેનતે પ્રાપ્ત થયેલી ખીરને ખૂબ ભાવપૂર્વક મુનિને વહોરાવવાના પ્રભાવે શ્રી શાલિભદ્ર રાજગૃહી નગરીમાં ગોભદ્રશેઠ અને ભદ્રાશેઠાણીના અતુલ સંપત્તિવાન પુત્ર બન્યા હતા.

શાલિભદ્રનું આ અણુ જેટલું દાન પ્રખ્યાત છે અને તેમને પ્રાપ્ત થયેલા મેરુ જેવા ભોગો પણ પ્રખ્યાત છે; પણ આ દૃષ્ટાંત દ્વારા ખાસ તો એ વિચારવાનું છે કે, આ બન્ને પાછળ કેવા ભાવ હતા. સુપાત્રદાનની ક્રિયા પાછળ હતો અનુમોદનાનો ભાવ તો તેના ફળરૂપે મળેલ સુખ-સમૃદ્ધિ પાછળ હતો અનાસક્ત ભાવ.

સુપાત્રદાનની આટલી માત્ર ક્રિયાને પણ આટલા બધા અનુપમ ફળ આપનારી બનાવી હોય તો તે એ જીવના અનુપમ કોટિની અનુમોદનાના ભાવે જ બનાવી હતી. વળી તે દાનનું ફળ માત્ર આ અપાર ભૌતિકસુખ નહોતું, પરંતુ નાનકડું નિમિત્ત મળતાં પ્રાપ્ત ભૌતિક સુખનો ત્યાગ કરી આધ્યાત્મિક સુખ માટે ન કલ્પી શકાય તેવો યત્ન કરી શક્યા તે હતું. તેઓ સાકરની માખીની જેમ ભોગને ભોગવી પણ શક્યા અને સમય આવે તેનો ત્યાગ પણ કરી શક્યા.

દાન અને ભોગની સાથે સાથે આ મહાત્માનું સંયમપાલન પણ અનુપમ હતું. કઠોર સંયમનું પાલન કરીને મૃત્યુ પામ્યા પછી શ્રી શાલિભદ્રજી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. ત્યાંથી ચ્યવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે.

*"હે મહાવિરક્ત મહાત્મા ! આપ જેવી ભૌતિક સુખ સમૃદ્ધિને વાંછી હું અનેકવાર સંસાર સમુદ્રમાં ડૂબ્યો છું. આજે આપને અંતરથી પ્રણામ કરી આપની આધ્યાત્મિક સમૃદ્ધિને વાંછું છું."*

## ૨૫. भद्दो - શ્રી ભદ્રબાહુસ્વામી

વિનય અને અહંકાર બે વિરોધી તત્ત્વો છે. એક આધ્યાત્મિક ઉન્નતિનું કારણ તો બીજું પતનનું. અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી અને વરાહમિહિર; બે

સગા ભાઈઓ, મૂળમાં બ્રાહ્મણ છતાં બન્નેએ વૈરાગ્યથી શ્રી યશોભદ્રસૂરિજી પાસે જૈન દીક્ષા લીધી, સાથે અધ્યયન કર્યું... પણ વિનયગુણથી શ્રી ભદ્રબાહુસ્વામીને તે ફળ્યું. સ્વ-પરનું કલ્યાણ કરી તેઓ એકાવતારી થઈ મોક્ષે જશે જ્યારે વરાહમિહિરને વિદ્યાનો ગર્વ થયો, પરિણામ એ આવ્યું કે તેઓ ધર્મદ્વેષી બની વ્યંતર તરીકે ઉત્પન્ન થયા.

ચૌદ પૂર્વના અંતિમજ્ઞાતા શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક આદિ દસ[1] સૂત્રો ઉપર નિર્યુક્તિની રચના કરી અનન્ય શ્રુતભક્તિ કરી હતી. જ્યારે ૫૦૦-૫૦૦ સાધુઓ વાચના લેવા ગયા ત્યારે તેઓ રોજની સાત વાચના આપતા અને બાકીના સમયમાં ધ્યાન કરતા અને જ્યારે તેમને મહાપ્રાણ ધ્યાન સિદ્ધ થઈ ગયું ત્યારપછી તેમણે સાધુઓ લઈ શકે તેટલી વાચના આપવાની ચાલુ કરી. આ ધ્યાન દ્વારા તેઓએ માત્ર ૪૮ મિનિટમાં ચૌદ પૂર્વનો શરૂઆતથી અંત સુધી અને અંતથી શરૂઆત સુધી સ્વાધ્યાય કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી હતી.

વીર પ્રભુની સાતમી પાટને દીપાવનારા આ મહાપુરુષે વરાહમિહિરના અધકચરા જ્યોતિષજ્ઞાનનો પ્રતિકાર કરી આકાશમાંથી માંડલાની વચ્ચે નહિ પણ છેવાડે માછલાનું પડવું તથા રાજપુત્રનું ૧૦૦ વર્ષનું આયુષ્ય નહિ, પરંતુ માત્ર સાત દિવસમાં બિલાડીના આગળિયાથી મોત થવું; ઇત્યાદિ સચોટ ભવિષ્ય ભાખી જૈનશાસનની મહાન પ્રભાવના કરી હતી. તેઓશ્રીએ વ્યંતર થયેલા વરાહમિહિરના ઉપસર્ગને શાંત કરવા ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી હતી. ઉપરાંત કલ્પસૂત્રના પણ તેઓ જ રચયિતા છે. તે કાળના મહાન શાસ્ત્રકાર હોવા સાથે તેઓશ્રી મહાન અધ્યાપક પણ હતા. શ્રી સ્થુલભદ્રજીને તેઓએ જ મૂળથી ૧૪ પૂર્વનો અને અર્થથી ૧૦ પૂર્વનો અભ્યાસ કરાવેલ.

*"હે મહર્ષિ ! પ્રભુવચનની ઉજળી પરંપરા અમારા સુધી પહોંચાડવામાં આપ એક મહત્ત્વની કડી બની રહ્યા. અમને પણ આપ જેવી શ્રુતોપાસના કરવાનું સામર્થ્ય અર્પો એવી અભ્યર્થના."*

## ૨૬. दसन्नभद्दो - દશાર્ણભદ્ર રાજા

દર્શાણભદ્ર રાજાને પ્રભુવીર પ્રત્યે તીવ્ર ભક્તિ હતી. એકવાર વીરપ્રભુ

1. દશવૈકાલિક, ૨. ઉત્તરાધ્યયન ૩. દશાશ્રુતસ્કન્ધ, ૪. કલ્પસૂત્ર ૫. વ્યવહારસૂત્ર ૬. આવશ્યકસૂત્ર ૭. સૂર્યપ્રજ્ઞપ્તિ ૮. સૂયગડાંગ ૯, આચારાંગ ૧૦. ઋષિભાષિત: આ દશ સૂત્રો પર શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિની રચના કરી છે.

દશાર્ણપુર પધારી રહ્યા છે, એવા સમાચાર મળતાં આ ભક્ત રાજાનું હૈયું ઝૂમી ઉઠ્યું. સમાચાર આપનારને ન્યાલ કરી દીધો. પ્રભુની દિશા સન્મુખ જઈ સ્તુતિ કરી. મનોમન વિચાર કર્યો કાલે પ્રભુનું કોઈએ ન કર્યું હોય એવું સામૈયું કરું !

વિચાર ઉત્તમ, પણ તેમાં માન અને મદનું વિષ ઘોળાયું. ૧૮૦૦૦ હાથી, ૪૦,૦૦,૦૦૦ પાયદળ, ૧૬૦૦૦ ધ્વજાઓ, ૫૦૦ મેઘાડંબર છત્ર, સુખાસને બેઠેલી ૫૦૦ રૂપવતી રાણીઓ, આભૂષણોથી સજ્જ સામંતો, મંત્રીઓ આદિ ઋદ્ધિ સહિત સામૈયું ચઢાવ્યું. રસ્તાઓ ઉપર સુગંધી જળનો છંટકાવ કર્યો, સુંદર પુષ્પો પાથર્યાં, રત્નમય દર્પણોથી શોભતા સુવર્ણના સ્તંભો ઊભા કરી તોરણો બંધાવ્યાં... સામૈયાનો ઠાઠ જોઈ રાજાને વિચાર આવ્યો, 'મને ધન્ય છે ! આજ સુધી કોઈ આવી ઋદ્ધિપૂર્વક પ્રભુને વાંદવા નહિ ગયું હોય'

નિર્મોહીનો ભક્ત મોહના બંધને બંધાયો, પણ પુણ્યયોગે સૌધર્મઇન્દ્રે અવધિજ્ઞાનથી તેમના ગર્વને જાણ્યો. પ્રતિબોધ પમાડવા તેઓ પણ ઋદ્ધિપૂર્વક પ્રભુને વાંદવા આવ્યા. તેમણે ૬૪૦૦૦ હાથી વિકુર્વ્યાં એક એક હાથીને ૫૧૨ મુખ કર્યાં. એક એક મુખે આઠ દંતશૂળ કર્યા, એક એક દંતશૂળ ઉપર આઠ-આઠ વાવડીઓ ગોઠવી, તેમાં આઠ-આઠ કમળ, દરેક કમળે એક એક કર્ણિકા, પ્રત્યેક કર્ણિકા ઉપર સિંહાસન ગોઠવી તેના ઉપર પોતે આઠ આઠ અગ્રમહિષીઓ સાથે બેઠા તે એકએક કમળને લાખ-લાખ પાંદડાં હતાં અને તે દરેક ઉપર બત્રીશ દેવીઓ, બત્રીશ પ્રકારના નાટકને નૃત્ય કરતી હતી.

આવું અદ્‌ભુત દૃશ્ય જોઈ દશાર્ણભદ્ર તો દંગ થઈ ગયા. ગર્વ ગળી ગયો માનને તોડવાનો મનોરથ જાગ્યો. જે ઋદ્ધિ પર માન હતું તેનો તત્કાળ ત્યાગ કર્યો... પ્રભુ પાસે દીક્ષા લઈ પ્રભુના પરમ ભક્ત બન્યા. ઇન્દ્ર પણ ચકિત થઈ ભક્તિભાવથી નમી પડ્યો. **'આપ જે કરી શકો તે હું ન કરી શકું. આપને ધન્ય છે !'** અનુક્રમે દશાર્ણમુનિ કર્મક્ષય કરી મોક્ષે ગયા.

> *"માનાદિ કષાયોને ઓળખી તેને તોડવાની તીવ્ર તમન્નાવાળા આવા મહામુનિઓનાં ચરણે મસ્તક નમાવી કષાયો કાઢવાની શક્તિની તેમની પાસે પ્રાર્થના કરીએ."*

## ૨૭. पसन्नचंदो अ - પ્રસન્નચંદ્ર રાજર્ષિ

*'હે પ્રભુ ! આતાપના લેતા કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન પ્રસન્નચંદ્ર રાજર્ષિ જો હમણા મૃત્યુ પામે તો કઈ ગતિમાં જાય ?'*

આ પ્રશ્ન હતો મહારાજા શ્રેણિકનો. વીર પ્રભુએ જવાબ આપ્યો, **'સાતમી નરકે જાય...'** જવાબ સાંભળી શ્રેણિક તો મૂંઝાઈ ગયા. આટલી સરસ આરાધના છતાં મુનિ નરકે જાય... આવું કેમ ?

આ રહસ્યને જે પામી શકે તેને સાધના જીવનનું રહસ્ય પ્રાપ્ત થઈ જાય. બાહ્ય આરાધના ગમે તેટલી પ્રબળ હોય પણ જો મન વિષય-કષાયમાં લપેટાયેલું હોય તો આરાધના નિષ્પ્રાણ બની જાય છે. તેથી જ કહ્યું છે કે

"मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः"....

મનુષ્યોનું મન જ કર્મબંધનું કારણ છે અને મનુષ્યનું મન જ મોક્ષનું કારણ છે. મહારાજા શ્રેણિકને લાગ્યું કે, મારી સાંભળવામાં કાંઈક ભૂલ થઈ છે. તેથી ક્ષણભર પછી તેઓ પ્રભુ પાસે તે જ પ્રશ્ન દોહરાવે છે. આ વખતે પ્રભુએ કહ્યું કે, **'સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય.'** પ્રભુએ આ જવાબ આપ્યો એટલામાં તો દેવ-દુંદુભિ વાગી. મહાત્મા કેવળજ્ઞાની બન્યા હતા. રાજા શ્રેણિકને આશ્ચર્ય થયું. તેઓએ પરમાત્માને પૂછ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ કેવળજ્ઞાન પામ્યા છે.

બન્યું હતું એવું કે, શ્રેણિકમહારાજાએ જ્યારે પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે શ્રી પ્રસન્નચંદ્રમુનિ બાહ્યથી કાઉસ્સગ્ગમાં લીન દેખાતા હતા, પણ તેમનું મન રૌદ્ર ધ્યાનથી ઘેરાયેલું હતું. દુર્મુખના વચનો સાંભળી બાળ રાજકુંવરની ચિંતાથી મુનિએ મનમાં ને મનમાં મંત્રીઓ સાથે યુદ્ધ શરૂ કરી દીધેલું. ત્યારે મંત્રીઓને મારવાના પરિણામથી નરકગમનને યોગ્ય કર્મબંધ થતો હતો. તેથી પ્રભુએ એવો જવાબ આપેલ. મનમાં જ યુદ્ધ કરતાં મુનિ, મારાં સર્વ શસ્ત્રો ખલાસ થઈ ગયા છે એમ જાણી માથાનો લોખંડી ટોપો કાઢી શત્રુને મારવા માથે હાથ ફેરવે છે. ત્યારે લોચ કરેલા માથાના સ્પર્શથી રાજર્ષિ ભાનમાં આવ્યા. 'હું સાધુ છું' એવું ખ્યાલમાં આવતાં. તીવ્ર પશ્ચાત્તાપ થયો. રૌદ્રધ્યાન છોડી મુનિ ધર્મધ્યાનમાં લીન થયા. વિશુદ્ધ વિશુદ્ધતર ધ્યાનથી શુક્લધ્યાન પ્રગટ્યું. ક્રમે કરી પ્રસન્નચંદ્ર કેવળજ્ઞાન પામ્યા.

*"ક્ષણમાં મનને પલટી શુભ ધ્યાન દ્વારા કર્મને ખપાવનાર આ રાજર્ષિને પ્રણામ કરી પ્રાર્થના કરીએ કે આપ જેવું મહાપરિવર્તન અમને પણ પ્રાપ્ત થાઓ."*

*"પ્રણમું તુમ્હારા પાય,*
*પ્રસન્નચંદ્ર...*
*પ્રણમું તુમ્હારા પાય"*

## ૨૮ - जसभद्दो - શ્રી યશોભદ્રસૂરિ

પાટલિપુત્રના યશોભદ્ર બ્રાહ્મણે વૈરાગ્ય પામી, શ્રી શય્યંભવસૂરિ પાસે દીક્ષા લીધી હતી. અનુક્રમે તેઓ ચૌદપૂર્વના જ્ઞાતા વીરપ્રભુની પાંચમી પાટને શોભાવનારા મહાન આચાર્ય થયા. તેઓશ્રીએ પોતાની પાટ શિષ્ય ભદ્રબાહુસ્વામીને સોંપી હતી. અંતસમયે તેઓ શત્રુંજયગિરિની યાત્રા કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

*"શ્રુતજ્ઞાનના ઉપાસક આ મુનિને વંદના કરી આપણે પણ જ્ઞાન અને સંયમના માર્ગે આગળ વધી શકીએ તેવી તેમને પ્રાર્થના કરીએ."*

**ગાથા :**

**जंबुपहु वंकचूलो, गयसुकुमालो अवंतिसुकुमालो ।**
**धन्नो इलाइपुत्तो, चिलाइपुत्तो अ बाहुमुणी ।।४।।**

**સંસ્કૃત છાયા :**

जंबूप्रभुः वङ्कचूलः गजसुकुमालः अवन्तिसुकुमालः ।
धन्यः इलाचीपुत्रः, चिलातीपुत्रः च बाहुमुनिः ।।४।।

**શબ્દાર્થ :**

જંબૂસ્વામી, વંકચૂલ, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, ધન્નાશેઠ, ઇલાચીપુત્ર, ચિલાતીપુત્ર, યુગબાહુમુનિ ॥૪॥

**વિશેષાર્થ :**

## ૨૯. जंबुपहु - શ્રી જંબૂસ્વામી

અખંડબ્રહ્મચારી, અતુલ સંપત્તિના ત્યાગી અને આ કાળના ચરમકેવળી એવા જંબૂસ્વામીની ઉન્નતિના મૂળમાં બે ગુણોએ બહુ મોટો ભાગ ભજવ્યો : વિનય અને દાક્ષિણ્ય. ભવદેવના ભવમાં આ જ બે ગુણોને કારણે તેમણે ભાઈના કહેવાથી સંયમ ગ્રહણ કર્યું. તેઓ જ્યારે સંયમમાંથી વિચલિત થયા ત્યારે નાગિલાએ તેમને સ્થિર કર્યા. સરલ અને પ્રજ્ઞાપનીય એવા તેઓએ પછી તો ખૂબ સારી રીતે સંયમનું પાલન કર્યું.

આ સંયમના પ્રભાવે-તેઓ બીજા ભવે શિવકુમાર રાજકુંવર થયા. વિશુદ્ધ સંયમના દૃઢ સંસ્કાર પુન: જાગૃત થયા પણ સંયમ પ્રાપ્ત ન થયું. ભૂતકાળમાં બાર વર્ષ સુધી સંયમજીવનમાં પણ નાગીલાના ધ્યાનમાં રહેવાને કારણે બાંધેલું ચારિત્ર મોહનીયકર્મ ઉદયમાં આવેલું આમ છતાં તેઓ હારી ન ગયા. છટ્ઠના પારણે આયંબિલ કરી નિર્દોષ જીવનચર્યાપૂર્વક વ્રતો ધારણ કર્યાં, ત્યાંથી મરીને અદ્‌ભુત કાંતિવાળા વિદ્યુન્માળી દેવ થયા અને પરમાત્માની ભક્તિમાં તત્પર રહેવા લાગ્યા.

આ વિદ્યુન્માળી દેવ ચ્યવીને ઋષભદત્ત શેઠ અને ધારિણી શેઠાણીનો જંબૂ નામનો એકનો એક પુત્ર થયો. પૂર્વભવના સંયમના સંસ્કારો અને પોતાની કોઈ અદ્‌ભુત યોગ્યતાના પ્રભાવે જંબૂસ્વામીને સોળ વર્ષની ઉંમરમાં સુધર્માસ્વામીની એક જ દેશના સાંભળી વૈરાગ્ય થયો. આમ છતાં માતા-પિતાના આગ્રહથી આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યા.

વૈરાગ્ય વાસિત એવા શ્રીજંબૂસ્વામીએ લગ્નની પ્રથમ રાત્રીએ પત્નીઓના લાગણીભર્યા સવાલોના તર્કબદ્ધ ઉત્તર આપી, કોડભરી કન્યાઓને પણ વૈરાગી બનાવી દીધી. એ વખતે પાંચસો ચોરો સાથે ચોરી કરવા આવેલો પ્રભવ નામનો ચોરોનો સ્વામી પણ પતિ-પત્નીનો આ વાર્તાલાપ સાંભળી તેના પ્રભાવથી વૈરાગી બની ગયો અને તેને પણ દીક્ષા લેવાના ભાવ જાગ્યા.

બીજા દિવસે જંબૂકુમાર, ૮ પત્નીઓ, નવેના મા-બાપ, અને ૫૦૦ ચોરોની સાથે પ્રભવની સુધર્માસ્વામી પાસે ભવ્ય દીક્ષા થઈ. સુધર્માસ્વામીએ આગમોની ગૂંથણી શ્રી જંબૂસ્વામીને ઉદ્દેશીને કરી છે. કાળક્રમે શ્રી જંબૂસ્વામી મોક્ષે ગયા. તેમના મોક્ષગમનની સાથે ભરતક્ષેત્રમાંથી મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મોક્ષ, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, આહારક લબ્ધિ, પુલાકલબ્ધિ, તથા ત્રણ પ્રકારના ચારિત્રનો વિચ્છેદ થયો.

> *"આવા પવિત્ર પુરુષને પ્રણામ કરી તેમના જેવો વિવેક અને વૈરાગ્ય આપણા પોતાનામાં પણ પ્રગટે તેવી ભાવના ભાવીએ..."*

## ૩૦. वंकचूलो - વંકચૂલ કુમાર

વંકચૂલ રાજપુત્ર હતો. નામ તો એનું પૂષ્પચૂલ હતું પણ વાંકાં કાર્યો કરવાના કારણે એનું નામ વંકચૂલ પડ્યું હતું. નાની ઉંમરમાં નબળી સોબતના કારણે તેનું જીવન દોષોનો ભંડાર બની ગયું. પિતાએ તેના દુષ્કૃત્યોથી

કંટાળીને તેને દેશવટો આપેલ. તેથી તે પોતાની પત્ની અને બેન સાથે જંગલમાં પલ્લીપતિ બની રહેતો હતો.

એક વખત જ્ઞાનતુંગ આચાર્ય વિહાર કરતાં કરતાં વંકચૂલની પલ્લીમાં આવી પહોંચ્યા. વર્ષાકાળ ચાલુ થઈ જવાથી આચાર્યે વંકચૂલ પાસે વસતિની (રહેવાના સ્થાનની) માગણી કરી. કોઈને ધર્મોપદેશ ન આપવાની શરતે તેને વસતિ આપી. ચાર મહિનાના અંતે વિહાર કરતાં વંકચૂલની સરહદ ઓળંગી ત્યારે આચાર્ય ભગવંતે વંકચૂલની ઇચ્છાથી તેને ચાર નિયમો કરાવ્યા :

૧. અજાણ્યાં ફળ ખાવા નહિ.

૨. પ્રહાર કરતા પહેલાં સાત ડગલાં પાછા હટવું.

૩. રાજરાણી સાથે ભોગ ભોગવવા નહિ.

૪. કાગડાનું માંસ ખાવું નહિ.

અનેકવિધ કષ્ટો વચ્ચે પણ દૃઢતાથી નિયમપાલન કરી અનેક લાભ મેળવી વંકચૂલ મરીને બારમા દેવલોકમાં ગયા. આથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે,

*'જે શુદ્ધ મનવાળા જીવો અંગીકાર કરેલું વ્રત છોડતા નથી તેઓને વંકચૂલની જેમ ચારે તરફથી સર્વ પ્રકારની સંપત્તિ આવી મળે છે.'*

> *"સત્ત્વશાળી અને દૃઢ વ્રતધારી આ મહાત્માના ચરણોમાં મસ્તક ઝૂકાવી આપણે પણ આવી નિયમની દૃઢતાને પામીએ."*

## ૩૧ - ગયસુકુમાલો - શ્રી ગજસુકુમાલ

અદ્ભુત રૂપ, અપાર લાડકોડ, અનહદ સંપત્તિ, ભર યૌવન, રૂપવાન નારીઓનો પ્રેમ; છતાં તીવ્ર વૈરાગ્યથી શોભતા શ્રી ગજસુકુમાલ શ્રી કૃષ્ણના લઘુબંધુ હતા. તેમની મા દેવકીને સાત-સાત પુત્રો હતા. આમ છતાં તેમને એકેય પુત્રનું પાલન કરવા મળ્યું નહોતું. વિષાદથી માતાએ પોતાના પુત્રપાલનના કોડ શ્રીકૃષ્ણને જણાવ્યા ત્યારે હરિણૈગમૈષી દેવની આરાધના કરવાથી એક મહર્દ્ધિક દેવ દેવકીની કુક્ષિમાં આવ્યો. દેવકીનો આ આઠમો પુત્ર એટલે જ શ્રી ગજસુકુમાલ !

તેઓ બાલ્યવયથી વૈરાગી હતા છતાં માતાપિતાએ તેમને મોહપાશમાં બાંધવા તેમનાં લગ્ન કરાવ્યાં, પણ તેઓ તેમાં રંગાયા નહિ. તુરંત જ નેમિનાથ પ્રભુ પાસે

દીક્ષા લઈ, તેમની અનુમતિ લઈ તેઓશ્રી સ્મશાને કાઉસ્સગ્ગ કરી કર્મ ખપાવવા ધ્યાન મગ્ન બની ગયા.

સોમિલ નામનો તેમનો સસરો *'મારી દીકરીનો ભવ બગાડ્યો'* એમ વિચારી ગુસ્સાથી લાલ-પીળો થઈ ત્યાં આવ્યો. ગુજસુકુમાલ મુનિને સજા કરવા તેણે તેમના માથે માટીની પાળ બાંધી અને પાસેની ચિતામાંથી ધગધગતા અંગારા લઈ તેમાં ભર્યા. મુનિનું માથું ભડભડ બળવા લાગ્યું, છતાં જરાપણ વ્યથિત થયા વિના મુનિએ વિચાર્યું, 'આ સસરો મારો સાચો સગો છે, એણે મને મુક્તિની પાઘડી પહેરાવી છે.' આવા શુભ ચિંતનથી મુનિ સમતાભાવમાં લીન બન્યા. શરીરની મમતાનો સર્વથા ત્યાગ કર્યો અને કર્મ ખપાવી મોક્ષે ગયા.

> *"મરણાંત ઉપસર્ગ વચ્ચે પણ શુભધ્યાનની ધારાને અખંડિત રાખનારા મુનિનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી તેમના જેવું ક્ષમાશીલ મન મળે તેવી પ્રાર્થના કરીએ."*

## ૩૨. अवन्तिसुकुमालो - શ્રી અવન્તિસુકુમાલ

*'ચર ચર ચૂંટે ચામડી, ગટગટ ખાયે લોહી*
*બટબટ - ચર્મતણાં બટકાં ભરે, ત્રટ ત્રટ તોડે નાડી...'*

- અવંતિસુકુમાલના ઢાળિયા.

એક શિયાળવી અડધી રાત્રે એક નવદીક્ષિત મુનિનો પગ ખાઈ રહી છે, છતાં શરીર પ્રત્યે નિઃસ્પૃહી મહાત્મા પગ હલાવતા નથી, મનથી વ્યથિત થતા નથી, મોઢાથી ચૂં કે ચાં કરતાં નથી... માત્ર 'મેં સમભાવમાં રહેવાના પચ્ચક્ખાણ કર્યા છે' એવું યાદ રાખી, સમતાભાવમાં ઝીલી રહ્યા છે. રાત્રિનો એક પ્રહર થયો ત્યાં એક પગ ખવાઈ ગયો, બીજા પ્રહરમાં બીજો પગ ખવાયો, ત્રીજા પ્રહરમાં પેટ ખવાયું... છતાં મુનિ નિશ્ચલ છે. વિચારે છે કે, 'આ કાયા નાશવંત છે - હું અવિનાશી છું. જે થાય છે તે કાયાને થાય છે મને કાંઈ થતું નથી....'

આ વિચારો હતા ભદ્રશેઠ-ભદ્રા શેઠાણીના સંતાન, ૩૨ પત્નીઓના સ્વામી શ્રી અવન્તિસુકુમાલના. જેમણે આર્ય સુહસ્તિસૂરિ પાસે 'નલિનીગુલ્મ' અધ્યયન સાંભળતાં જાતિ-સ્મરણ જ્ઞાન થયેલું. પોતે નલિનીગુલ્મ વિમાનમાંથી અહીં આવ્યા છે એવું ભાન થતાં જ તેઓને સઘળો વૈભવ તુચ્છ લાગ્યો. તેની મમતા છોડી રાતોરાત દીક્ષા લીધી. સ્મશાન ભૂમિમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહ્યા. એક જ

રાતમાં એવા નિરપેક્ષ બની ગયા કે શિયાળવીએ આખું શરીર કરડી કરડીને ખાઈ લીધું, તોપણ તેઓ ન ડગ્યા. સમતાભાવમાં મરવાને કારણે તેઓ ફરી નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા.

> *"હે સમતામૂર્તિ મુનિવર ! એક દિવસના સંયમમાં શરીર અને આત્માનો જે ભેદ આપ કરી શક્યા તેવો ભેદ અમને પણ પ્રાપ્ત કરાવો."*

## ૩૩. ધન્નો - ધન્યકુમાર

ધનસાર શેઠ અને શીલવતી શેઠાણીના સૌથી નાના પુત્ર ધન્યકુમારમાં ઉદારતા, સજ્જનતા, નિઃસ્પૃહતા, નિડરતા, સાહસિકતા, અત્યંત ઉચિત વૃત્તિ, અતિ સરલ પ્રવૃત્તિ આદિ અનેક ગુણો સહજ વણાયેલા હતા.

તેમણે પૂર્વભવમાં શુદ્ધ અધ્યવસાયથી દાન આપવા દ્વારા જે પુણ્યાનુબંધી પુણ્ય બાંધેલું તેના બળે અને પોતાની આગવી બુદ્ધિના બળે અખૂટ ધનસંપત્તિ ઉપાર્જન કરેલી. એકવાર રાત્રિમાં તેમને જાણવા મળ્યું કે, મારા ભાઈઓ મારી સંપત્તિમાંથી ભાગ ઇચ્છે છે, ત્યારે તેમણે ભાઈઓના અનુચિત વર્તનની મનમાં નોંધ પણ લીધા વિના કોઈને પણ જાણ કર્યા વિના ઘર છોડી દીધું કે, જેથી ભાઈઓ નિઃસંકોચપણે સઘળી સંપત્તિ ભોગવી શકે... કેવી ઉદારતા !!

સામાન્યથી બાપની સંપત્તિમાં પણ ભાઈઓ કાંઈક વધુ ઇચ્છતા હોય ત્યારે સગાભાઈ અને બાપ સામે પણ ન્યાયાલયના દરવાજા ખટખટાવનાર આજના સ્વાર્થી માનસને આવી ઉદારવૃત્તિ ક્યાંથી સમજાય.

કાળે અનેકવાર કરવટો બદલી. ભાઈઓએ સઘળી સંપત્તિ ગુમાવી દીધી. ધન્નાજીએ તો શૂન્યમાંથી પુનઃ સર્જન કર્યું. પુનઃ ભાઈઓને આવકાર્યા સન્માનભેર ઘરમાં રાખ્યા. ક્ષમા અને નમ્રતાનો જ આ પ્રભાવ હતો.

તેઓને શ્રેણિકમહારાજાની પુત્રી, શાલિભદ્રની બેન આદિ રૂપ અને ગુણથી અપ્રતિમ એવી આઠ પત્નીઓ હતી. એકવાર સાળા શાલિભદ્રની દીક્ષાની ભાવનાથી તેમની પત્ની સુભદ્રા રડતી હતી, ત્યારે ધન્નાજીએ કહ્યું 'તારો ભાઈ બાયલો છે, છોડવું છે તો એકસાથે છોડી દેવું જોઈએ. આમ એક-એકને શું છોડવાની'

સુભદ્રા તો 'આર્યપત્નીથી પતિની સામે ન બોલાય' એવી મર્યાદા જાળવી મૌન રહી, પણ બીજી પત્નીએ વળતો ટોણો માર્યો

'સ્વામીનાથ ! બોલવું સહેલું છે, પણ કરવું અઘરું છે'

ધન્નાજીએ કહ્યું કે 'કાયર માટે વીર માટે નહિ.' આટલું બોલી ધન્નાજી ઊઠ્યા અને સર્વ સંગનો ત્યાગ કરી દીક્ષા લીધી. તેની જાણ થતાં શાલિભદ્રએ પણ તુરંત દીક્ષા સ્વીકારી. ધન્નાજી ઉત્તમ આરાધના કરી મોક્ષે ગયા.

*"આવા પુણ્ય પુરુષોને પ્રણામ કરી તેમના જેવી ઉદારતા, સજ્જનતા અને ખાસ કરીને વૈરાગ્યને વરવાની પ્રાર્થના કરીએ."*

## ३४. इलाइपुत्तो - શ્રી ઇલાચીપુત્ર

ઇભ્ય શેઠ અને ધારિણી શેઠાણીને ઇલા નામની દેવીની આરાધનાથી, અતિ પુણ્યશાળી અને તીવ્ર ક્ષયોપશમથી યુક્ત ઇલાચીપુત્ર નામે પુત્ર થયેલો. તેણે પોતાના ક્ષયોપશમથી વિના પ્રયાસે સર્વ કળાઓને સિદ્ધ કરેલી અને અનેક અઘરા શાસ્ત્રોને અર્થ સહિત આત્મસાત્ કરેલાં.

જ્ઞાનના પ્રભાવે યુવાન વયે પણ ઇલાચીપુત્રમાં વિષય-રાગ વધવાને બદલે વિષય-વિરાગ વધતો હતો. મોહાધીન પિતા આ વૈરાગ્યને સમજી ન શક્યા તેથી તેમણે પુત્રને કુમિત્રોનો સંગ કરાવ્યો. કુમિત્રોની સાથે ફરતાં ફરતાં નિમિત્તોને આધીન ઇલાચીપુત્ર એક નટકન્યાના મોહમાં ફસાઈ ગયો. બાપે ઘણું સમજાવ્યો, પણ પૂર્વભવના સ્નેહના એવા ગાઢ સંસ્કાર હતા કે ઇલાચીપુત્રને તે કન્યા સિવાય પદ્મિની સ્ત્રી પણ રુચતી નહોતી. પુત્રમોહથી બાપ નટ પાસે તેની કન્યાની માંગણી કરવા ગયો. નટે શરત મૂકી કે જો ઇલાચી નટકળા શીખે અને તેનાથી ધનોપાર્જન કરે તો હું મારી કન્યા તેને પરણાવું.

કર્મનો કેવો ઉદય કે દૃઢ વૈરાગ્યવાળા ઇલાચીપુત્ર કામરાગને વશ થઈ રસપૂર્વક નૃત્યકળા શીખ્યા અને રાજા પાસેથી ઇનામ મેળવવા દોરડા પર નૃત્ય કરવા લાગ્યા. રાજાને પણ તે જ કન્યા જોઈતી હતી. તેથી તે ઇનામ આપતો નહોતો. ઇલાચીને આ ખ્યાલ આવ્યો. તેવામાં તેની નજર બાજુના ઘરમાં ગોચરી પધારેલા એક નિર્વિકારી મુનિરાજ પર પડી.

મુનિને એક અતિરૂપસંપન્ન સ્ત્રી મોદક વહોરાવી રહી હતી, પણ મુનિની નજર તો નીચી જ હતી. ઇલાચીનું મન તુલના કરવા લાગ્યું, ક્યાં મુનિવરની નિર્વિકારી દૃષ્ટિ અને ક્યાં કુળને લજવે એવા મારા વિકારો. ખરેખર વિષયરાગમાં હું અંધ બન્યો. મુનિને જોતાં ઇલાચીનો માંહ્યલો જાગ્યો અને પોતાના વિકારી મન પર

તિરસ્કાર થયો અને નિર્વિકાર મુનિ પર અહોભાવ થયો, આત્મનિંદા અને ગુણાનુરાગથી ઇલાચીપુત્રના ચિંતનની શુદ્ધતા વધતાં વધતાં મનની સઘળી મલિનતાઓ ટળી ગઈ. ત્યાં જ દોરડા ઉપર નૃત્ય કરતાં કરતાં શ્રેણીનું મંડાણ થયું. વૈરાગ્યમાંથી વીતરાગતા પ્રગટી.

*"રાગના સ્થાનમાં રાગના બદલે વીતરાગતા પ્રગટાવનાર હે મહામુનિ ! આપનાં ચરણોમાં મસ્તક મૂકી વીતરાગ થવાની આ કળાની પ્રાર્થના કરીએ છીએ !"*

## ૩૫. चिलाइपुत्तो - શ્રી ચિલાતિપુત્ર

એક સામાન્ય ચિલાતી નામની દાસીનો પુત્ર પાપનો સાચો અને તીવ્ર પશ્ચાત્તાપ કરવાના એક માત્ર ગુણથી પતનની ખાઈમાંથી ઉન્નતિના શિખરે પહોંચી ગયો. તે ધનશેઠને ત્યાં નોકરી કરતો હતો, પણ તેનાં અપલક્ષણ જોઈ શેઠે તેને કાઢી મૂક્યો. ત્યારે તે જંગલમાં જઈ ચોરોનો સરદાર થયો, પણ તેને શેઠની પુત્રી સુષમા પ્રત્યે અતિરાગ હતો. તેથી એક વાર 'ધન તમારું, સુષમા મારી' એવો કરાર કરી ચોરોને સાથે લઈ તેણે શેઠના ઘેર ધાડ પાડી. શેઠ, તેમના પુત્રો, સિપાઈઓ બધા તેની પાછળ પડ્યા, પણ તે તો ઘોડા ઉપર સુષમાને બેસાડી દોડતો જ રહ્યો, જ્યારે લાગ્યું કે, હું પકડાઈ જઈશ, ત્યારે 'આ મારી ન થાય તો કોઈની ન થવી જોઈએ' એવું વિચારી સુષમાનું માથું ધડથી અલગ કરી, ધડને ત્યાં જ ફેંકી લોહી નીતરતાં મસ્તકને ચોટલાથી પકડી તે જંગલમાં ભાગી ગયો. તેના ચિત્તમાં ખળભળાટ મચી ગયેલો.

સુંદર ભવિતવ્યતાના યોગે તેણે જંગલમાં એક ધ્યાનસ્થ મુનિને જોયા. તેમની શાંત અને સૌમ્ય મુદ્રાથી તે અત્યંત પ્રભાવિત થયો. તેના જીવનમાં મહા પરિવર્તનની ક્ષણ આવી. લોહીથી ખરડાયેલી તલવાર એક હાથમાં હતી સુષમાનું માથું બીજા હાથમાં હતું, છતાં આવી સ્થિતિમાં તેણે મુનિને શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પૂછ્યો. મુનિએ તેનામાં યોગ્યતા જોઈ **'ઉપશમ-વિવેક-સંવર'** - આ ત્રણ શબ્દો કહી, લબ્ધિધારી મુનિ આકાશગમન કરી ગયા.

આ શબ્દોથી ચિલાતિપુત્રના મનમાં ચિંતન ચાલુ થયું. તેમાં સાચા સુખનો માર્ગ દેખાયો. **'ઉપશમ'** પર વિચાર કરતાં ક્રોધાદિ કષાયો શમી ગયા. **'વિવેક'થી** સુષમા કે આ શરીર કોઈ મારું નથી તે સમજાયું અને **'સંવર'**થી ઇન્દ્રિયોનો આવેગ અટકાવ્યો. મોહનાં પડળ ભેદાવા લાગ્યાં. પશ્ચાત્તાપનો પાવક પ્રગટ્યો. ચિલાતિપુત્ર શુભ ધ્યાનમાં મગ્ન બન્યા. લોહીની વાસથી કીડીઓ ઊમટી. ૨$^{૧}/_{૨}$

દિવસમાં તો તેમનું શરીર ચાળણી જેવું થઈ ગયું, પણ તેઓ એક જ વિચાર કરે છે *'મેં બધાને કેવાં દુ:ખ આપ્યાં છે - આ મારાં જ કર્મનું ફળ છે'* સમભાવમાં લીન આ મહાત્મા મૃત્યુ પામી સ્વર્ગે ગયા.

આવા મહાત્માના ચરણોમાં મસ્તક નમાવી પ્રાર્થના કરીએ કે

*"હે મહાત્મા ! અમે પણ કષાયોનો ઉપશમ, જીવ અને જડનો વિવેક અને ઇન્દ્રિયોનો સંવર કેળવીએ એવું બળ પ્રદાન કરો."*

## ૩૬. अ बाहुमुणी - श्री युगबाहुमुनि

વિક્રમબાહુરાજા અને મદનરેખારાણીના પુત્ર એવા આ મુનિનું મૂળ નામ યુગબાહુ હતું. પરાક્રમ અને વિવેક એ તેમના વિશિષ્ટ ગુણો હતા. પૂર્વભવની જ્ઞાનપંચમીની આરાધનાના પુણ્યબળે સરસ્વતી દેવી અને વિદ્યાધરોની કૃપાથી તેમણે અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી.

એકદા અનંગસુંદરી નામની વિદ્યાધર કન્યાએ તેમને ચાર પ્રશ્નો પૂછ્યા : જગતમાં કળાવાન કોણ ? સુબુદ્ધિમાન કોણ ? સુભાગી કોણ ? અને વિશ્વને જીતનાર કોણ ? ધર્મપરાયણ અને વ્યવહારકુશળ બુદ્ધિપ્રતિભાથી શ્રી યુગબાહુએ તુરંત જ જવાબ આપ્યા. પુણ્યમાં રુચિ વાળો કળાવાન છે. કરુણામાં તત્પર રહેનાર બુદ્ધિમાન છે. મધુરભાષી જ સુભાગી છે. ક્રોધને જીતનારા વિશ્વવિજેતા છે. આ સાંભળી અનંગસુંદરીએ તેના ગળામાં વરમાળા આરોપી અને તેના પિતાએ યુગબાહુને વિદ્યાધરોનો અધિપતિ બનાવી સંયમ ગ્રહણ કર્યું. કાળક્રમે શ્રી યુગબાહુએ પણ પોતાના પિતા પાસે દીક્ષા લીધી. જ્ઞાનપંચમીની આરાધના કરી તેઓ કેવળી બન્યા.

*"આ મુનિનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી મોક્ષના સુખ માટે તપધર્મમાં આગળ વધવા પરાક્રમ, વિવેક અને સત્ત્વની પ્રાર્થના કરીએ."*

**ગાથા :**

**अज्जगिरी अज्जरक्खिअ, अज्जसुहत्थी, उदायगो, मणगो ।**
**कालयसूरी संबो, पज्जुण्णो मूलदेवो अ ।।५।।**

**સંસ્કૃત છાયા :**

आर्यगिरिः आर्यरक्षितः, आर्यसुहस्ती, उदायनः मनकः ।
कालकसूरिः शाम्बः, प्रद्युम्नः मूलदेवः च ।।५।।

**ગાથાર્થ :**

આર્યમહાગિરિ, આર્યરક્ષિત, આર્યસુહસ્તિસૂરિ, ઉદાયનરાજર્ષિ, મનકકુમાર, કાલકાચાર્ય, શામ્બકુમાર, પ્રદ્યુમ્નકુમાર અને મૂલદેવરાજા. ।।૫।।

**વિશેષાર્થ :**

**૩૭-૩૯ अज्जगिरी-अज्जसुहत्थी - શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તિસૂરિ**

વીરપ્રભુની આઠમી પાટ પર શોભતા આર્ય સુહસ્તિજી સકળ શ્રીસંઘના નાયક હોવા છતાં વિનય, નમ્રતા, અને પ્રજ્ઞાપનીયતા જેવા અનેક ગુણોના સ્વામી હતા. તેઓ અને આર્યમહાગિરિ બન્ને કામવિજેતા શ્રી સ્થૂલભદ્રજીના શિષ્યો હતા. તેમાં આર્યમહાગિરિજી જિનકલ્પનો વિચ્છેદ થયો હોવા છતાં ગચ્છમાં રહી તેની તુલના કરતા હતા. ચુસ્ત સંયમના આગ્રહી એવા તેઓને ગોચરીની નિર્દોષતા વિશે શંકા ગઈ ત્યારે તેમણે આર્યસુહસ્તિસૂરિજીનું કડક અનુશાસન કરેલ.

આ આચાર્ય ભગવંતોના કાળમાં સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિરાજાએ જૈનધર્મ સ્વીકારી દુનિયાભરમાં તેની મહાન પ્રભાવના કરી હતી. આજે પણ છેક અરબના દેશો સુધી સંપ્રતિરાજાએ બનાવેલ જિનમંદિર અને જિનમૂર્તિઓના અવશેષ મળે છે. તેઓશ્રીએ ૧,૨૫,૦૦૦ નવાં જિનમંદિરો બંધાવ્યા હતાં. ૧૩૦૦૦ મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો, ૧,૨૫,૦૦,૦૦૦ નવી પ્રતિમાઓ ભરાવી અને ૭૦૦૦ દાનશાળાઓ ખોલાવી હતી.

આર્યમહાગિરિજી ગજપદ તીર્થમાં અનશન સ્વીકારી સ્વર્ગે ગયા છે અને આર્ય સુહસ્તિસૂરિજી પણ સ્વર્ગે ગયા છે, બન્ને ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

*"વિશુદ્ધ સંયમના આરાધક મહાન શાસનપ્રભાવક આવા મહાત્માઓનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી આપણે પણ શાસનની રક્ષા-પ્રભાવનામાં પ્રયત્નશીલ બનીએ."*

## ૩૮. अज्जरक्खिअ - શ્રી આર્યરક્ષિતસૂરિ

વર્તમાનકાળમાં આપણા જેવા અલ્પજ્ઞ જીવો પણ આગમનું જ્ઞાન મેળવી શકે તે માટે શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે આગમિક શ્રુતને ચાર વિભાગમાં વહેંચી દીધું : ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩ ચરણકરણાનુયોગ, અને ૪. ધર્મકથાનુયોગ.

આ ઉપકારી આચાર્ય બ્રાહ્મણકુળમાં જન્મ્યા હતા; પરંતુ તેમની મા રુદ્રસોમા જૈન ધર્મના રંગથી રંગાયેલી પરમ શ્રાવિકા હતી.

પિતાએ શ્રી આર્યરક્ષિતજીને વૈદિક ધર્માનુસાર અભ્યાસ કરાવવા કાશી મોકલેલા ત્યાંથી પ્રકાંડ વિદ્વત્તા મેળવી જ્યારે તેઓ પોતાના ગામ પરત આવ્યા, ત્યારે રાજાએ તેમનું સામૈયું કર્યું. આખું ગામ આ વિદ્વાનને આવકારવા સામૈયામાં આવ્યું, પણ તેમની 'મા' ન આવી. 'મા' ને શોધતો પુત્ર સામૈયું પતાવી ઘરે આવ્યો. ઘરમાં સામાયિક કરતી 'મા'ના પગમાં પડ્યો. ત્યારે આત્મહિતેચ્છુ 'મા' એ સ્પષ્ટ કહ્યું *'તું જે ભણીને આવ્યો તે વિદ્યા નહિ અવિદ્યા છે દુર્ગતિમાં લઈ જનાર છે. તારા આવા જ્ઞાનથી તારી મા શી રીતે રાજી થાય ? મને તો તું દૃષ્ટિવાદ ભણે તો આનંદ થાય'* વિવેકી અને હિતેચ્છુ માની આ પ્રેરણાથી જ જૈનશાસનને આ મહાન આચાર્યની ભેટ મળી. દીકરાએ મામા તોસલિપુત્ર પાસે આવી ચારિત્ર લઈ, તેમની પાસેથી તથા વજ્રસ્વામિજી પાસેથી સાડા નવ પૂર્વનું જ્ઞાન મેળવ્યું અને અનેક શાસનપ્રભાવક કાર્યો કર્યાં. માતા-પિતા, ભાઈ વગેરે સ્વજન પરિવારને પણ દીક્ષા આપી તથા દશપુરના રાજા, પાટલિપુત્રના રાજા આદિ અનેકને તેઓએ જૈન બનાવ્યા.

> *"હે શ્રુતધર મહર્ષિ ! આપને વંદન કરી ઇચ્છું કે અમે પણ આપની જેમ સરલતા, સમર્પણ, શ્રુતભક્તિ આદિ ગુણોને આત્મસાત્ કરીએ."*

## ૪૦. उदायगो - શ્રી ઉદાયનરાજર્ષિ

'મિચ્છા મિ દુક્કડં' કેવી રીતે આપવું જોઈએ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે આ કાળના છેલ્લા રાજર્ષિ શ્રી ઉદાયનરાજા. તેઓ વીતભય નગરીના રાજા હતા. તેમની રાણી પ્રભાવતી પાસે શ્રી મહાવીર પરમાત્માના દેહ પ્રમાણવાળી એક દેવકૃત પ્રતિમા હતી. રાણીએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમણે આ પ્રતિમા દાસીને આપી.

એકવાર ઉજ્જયિની નગરીનો ચંડપ્રદ્યોત રાજા દાસી સહિત તે જીવિત

સ્વામીની પ્રતિમાને ઉપાડી ગયો. ઉદાયી રાજાએ તેની સાથે યુદ્ધ કરી તેને બંદી બનાવ્યો અને તેના માથે 'દાસીપતિ' લખાવ્યું. સંવત્સરીના દિવસે તેમણે ઉપવાસ કર્યો ત્યારે ચંડપ્રદ્યોત રાજાએ પણ ઉપવાસ કર્યો. ઉદયન રાજાને થયું કે, આ તો મારા સાધર્મિક કહેવાય તેથી તેમને ખમાવીને છોડી દીધા અને માથે સોનાની પટ્ટી લગાડી માનભેર તેમના રાજ્યમાં પરત મોકલ્યા.

એક રાત્રે તત્ત્વચિંતન કરતાં તેમણે એવો મનોરથ કર્યો કે 'જો પ્રભુ પધારે તો હું તરત દીક્ષા લઉં' ઉત્કૃષ્ટ ભાવથી કરેલો મનોરથ તુરંત સફળ થાય છે. એ જ દિવસે પ્રભુ વીર પધાર્યા તેમનો સંકલ્પ પૂર્ણ થયો. 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એમ માની તેમણે પુત્રના બદલે ભાણેજ કેશીને રાજ્ય સોંપ્યું.

વિહાર કરતાં અનુક્રમે તેઓ પુન: વીતભયનગરીમાં આવ્યા ત્યારે રાજાના મંત્રી દ્વારા તેમના ઉપર વિષપ્રયોગ કરાયો. તેમાં દેવ સહાયથી તેઓ બે વાર બચી ગયા. ત્રીજી વાર અસર થઈ; પરંતુ શુભધ્યાનમાં સ્થિર થઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

> *"સાધર્મિકનું નામ સાંભળતાં શત્રુ પ્રત્યે મિત્રભાવ રાખનારા હે રાજર્ષિ ! આપને ધન્ય છે. આપનાં ચરણોમાં વંદના કરી, આપના જેવો શત્રુને પણ મિત્ર માનવાનો સદ્ભાવ અમારા અંત:કરણમાં પણ પ્રગટે એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ."*

## ૪૧. મણગો - શ્રી મનક મુનિ

સત્ય તત્ત્વની શોધ કરતાં જ્યારે શય્યંભવ બ્રાહ્મણે જૈન દીક્ષા અંગીકાર કરી ત્યારે તેની પત્નીની ચિંતા કરતા લોકોએ તેને પૂછ્યું કે, 'તને કંઈ છે.' પત્નીએ જવાબ આપ્યો મનાક્ = કંઈક છે. આથી કાળક્રમે જ્યારે તે પુત્ર જન્મ્યો ત્યારે તે મનક તરીકે ઓળખાવવા લાગ્યો.

મિત્રોએ મશ્કરીમાં એક દિવસ મનકને 'નબાપો' કહ્યો, આ શબ્દોથી બેચેન બનેલો મનક 'મા' પાસે પિતાની પૂછપરછ કરી પિતાને શોધવા નીકળી પડ્યો સુંદર ભવિતવ્યતાના યોગે તે પિતાને શોધતાં શોધતાં સ્વયં પિતા શય્યંભવસૂરિ પાસે જ પહોંચી ગયો. તેના પિતા મોહાધીન નહોતા. તેમણે જ્યારે જાણ્યું કે આ મારો પુત્ર છે અને તે માત્ર છ મહિનાનું આયુષ્ય ધરાવે છે, ત્યારે તેમણે તેને પોતાની ઓળખાણ ન આપી, પણ વાત્સલ્ય ભાવથી સંયમજીવનના મંડાણ કરાવ્યાં. બાળક છ મહિનામાં સાધુ-ધર્મનું જ્ઞાન જલ્દી પ્રાપ્ત કરી શકે અને સુંદર

આરાધના કરી શકે તે માટે શય્યંભૂવસૂરિજીએ દશવૈકાલિકની રચના કરી. મનક મુનિ તેનું અધ્યયન કરી છ મહિનાનું ચારિત્ર પાળી દેવલોકમાં ગયા.

*"હે બાળમુનિ ! દશવૈકાલિક જેવું મહાન આગમ આપના નિમિત્તે અમને મળ્યું. આજે આપને પ્રણામ કરી તે અમારા જીવનમાં પણ ફળદાયી નિવડે એવી પ્રાર્થના કરીએ છીએ."*

## ૪૨. कालयसूरी - શ્રી કાલકાચાર્ય

ઉત્સર્ગ-અપવાદને જાણનાર, સત્ત્વશાળી અને વિવેકપૂર્ણ પરાક્રમને વરેલા શ્રી કાલકાચાર્ય જૈન શાસનના અજોડ રક્ષક હતા. સાધ્વીજીના શીલ ખાતર તેમણે વેશપરિવર્તન કરી દુરાચારી રાજા સાથે યુદ્ધ કર્યું અને શીલ ધર્મની રક્ષા કરી.

આ પ્રસંગ ઉજ્જયિનીમાં બન્યો હતો. ત્યાંના ગર્દભિલ્લ રાજાએ કાલકાચાર્યની બહેન અત્યંત રૂપવતી સાધ્વી સરસ્વતીનું અપહરણ કરેલ. શીલધર્મની રક્ષા કરવા આચાર્યે સંઘને મોકલી તથા બીજી ઘણી રીતે રાજાને સમજાવવાં પ્રયત્ન કર્યો; પરન્તુ દુરાચારી રાજા ન માન્યો. આવું ચલાવી લઈએ તો રાજ્યમાંથી શીલનું મહત્ત્વ લુપ્ત થઈ જશે એવું વિચારી સૂરિજીએ ૯૬ શક રાજાઓને પ્રતિબોધ પમાડી, ગર્દભિલ્લ પર ચડાઈ કરીને સાધ્વીજીને છોડાવ્યા.

*"હે સૂરીશ્વર ! દેશમાં તો ધર્મની રક્ષા કરવાની અમારી ક્ષમતા નથી પણ અમારા જીવનમાં પણ અમે સત્ત્વ અને વિવેકપૂર્વક ધર્મની રક્ષા કરી શકીએ એવી કૃપા કરજો."*

જૈન ઇતિહાસમાં આ ઉપરાંત પાંચમની સંવત્સરીને ચોથમાં પ્રવર્તાવનારા, નિગોદનું આબેહુબ વર્ણન કરી ઇન્દ્રને પ્રસન્ન કરનાર અને સીમંધરસ્વામી દ્વારા વખાણાયેલા બીજા એક કાલકાચાર્ય પણ થયા છે. તદુપરાંત સાતમા દિવસે તારા મોઢામાં વિષ્ટા પડશે અને તું સાતમી નરકે જઈશ એવું દત્ત રાજાને કહેનારા ત્રીજા કાલકાચાર્ય પણ થયા છે.

## ૪૩-૪૪. संबो-पज्जुण्णो - શ્રી શાંબકુમાર અને શ્રી પ્રદ્યુમ્નકુમાર.

અત્યંત પરાક્રમી અને બુદ્ધિશાળી આ બન્ને કુમારો શ્રીકૃષ્ણ રાજાના પુત્રો હતા. શાંબની માતા જંબૂવતી અને પ્રદ્યુમ્નની માતા રુક્મણી હતી. આ બન્ને ખૂબ તોફાની હતા. બાળપણમાં તેમણે અનેક લીલાઓ કરી હતી અને કૌમાર્યાવસ્થામાં વિવિધ પરાક્રમો કરેલાં.

સામાન્યથી સંસારરસિક આ ભાઈઓ વૈરાગી બની મોક્ષે જાય એવું તમના જીવન પરથી ન લાગે; પણ તેઓને જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થયો ત્યારે શ્રી નેમનાથ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી, બાર ભિક્ષુ પ્રતિમાની આરાધના કરી, ગુણરત્ન સંવત્સર નામનો તપ કરી તેઓ શ્રી શત્રુંજય તીર્થ ઉપર અનશન કરી અંતકૃત કેવળી થયા અને ૮॥ કરોડ મુનિવરો સાથે જે આજે ભાડવાનો ડુંગર કહેવાય છે ત્યા ફા.સુ.૧૩ના રોજ મોક્ષે ગયા.

*"હે આર્યપુત્રો ! તમે કર્મે તો શૂરા હતા પણ ધર્મક્ષેત્રમાં પણ તમારું શૂરાતન દાદ માંગે તેવું હતું. તમને વંદના કરી ધર્મક્ષેત્રના આવા પરાક્રમને પ્રાર્થીએ."*

## ૪૫. मूलदेवो अ - અને શ્રી મૂલદેવ રાજા

રાજકુમાર મૂલદેવ સંગીતાદિ કળામાં નિપુણ હતો, પણ સાથે સાથે ભારે જુગારી હતો. તેથી પિતાએ તેને દેશવટો આપ્યો હતો. ત્યારે તે ઉજ્જયિનીમાં આવીને રહ્યો હતો. ત્યાં તેણે દેવદત્તા નામની ગણિકા તથા તેના કલાચાર્ય વિશ્વભૂતિનો પરાજય કર્યો. પુણ્યબળ, કળાબળ અને મુનિને આપેલ દાનના પ્રભાવે તે હાથીઓથી સમૃદ્ધ વિશાલ રાજ્ય અને ગુણાનુરાગી કલાપ્રિય ચતુર ગણિકા દેવદત્તાનો સ્વામી થયો. પાછળથી વૈરાગ્ય પામી ચારિત્ર પાળી તે દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

*"વિલાસમાંથી વૈરાગ્ય સુધી પહોંચનારા ઓ રાજર્ષિ ! આપ જે રીતે રાગ અને માયાના બંધનમાંથી મુક્ત થયા તે સદ્‌ગુણ અમારામાં પણ પ્રગટે એવી પ્રાર્થના."*

**ગાથા :**

**पभवो विण्हुकुमारो, अद्दकुमारो दढप्पहारी अ ।**

**सिज्जंस कूरगडू अ, सिज्जंभव मेहकुमारो अ ।।६।।**

**સંસ્કૃત છાયા :**

प्रभवः विष्णुकुमारः, आर्द्रकुमारः दृढप्रहारी च ।

श्रेयांसः कूरगडुः च, शय्यम्भवः मेघकुमारः च ।।६।।

**ગાથાર્થ :**

પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દઢપ્રહારી, શ્રેયાંસ, કૂરગડુમુનિ, શય્યંભવસૂરિ અને મેઘકુમાર ॥૬॥

## ૪૬. પભવો - શ્રી પ્રભવસ્વામી

લગ્ન થયા પછી પણ વિકારરહિત એવા જંબૂકુમાર પોતાની સ્ત્રીઓ સાથે વૈરાગ્યની વાતો કરતા હતા. તે વખતે અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની વિદ્યાના બળે પ્રભવ ચોર તેમને ત્યાં ૫૦૦ ચોરો સાથે ચોરી કરવા આવ્યો હતો.

જંબૂકુમારના પ્રભાવે કોઈક દેવે આ પાંચસોને સ્થંભિત કરી દીધા. તે વખતે જંબૂકુમારનો તેમની પત્ની સાથે નો વૈરાગ્યપ્રેરક સંવાદ સાંભળી પ્રભવ ચોર સ્વયં પણ વૈરાગી બની ગયા. તેમણે પણ જંબૂસ્વામી સાથે દીક્ષા લીધી.

ચૌદ પૂર્વના જ્ઞાતા એવા તેઓએ વીરપ્રભુની ત્રીજી પાટ શોભાવી. તેમના પછી જૈનશાસનની ધુરા સોંપવા તેમણે શ્રમણ તથા શ્રમણોપાસક સંઘમાં નજર દોડાવી, કોઈ વિશિષ્ટ પાત્ર ન દેખાતાં તેઓશ્રીએ શય્યંભવ બ્રાહ્મણને કુશળતાપૂર્વક પ્રતિબોધી ચારિત્ર આપી શાસન નાયક બનાવ્યા હતા.

> *"ધન્ય છે આવા ચોરને જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી સાચા રત્નોને ચોરી આત્મકલ્યાણ સાધી શક્યા. તેમના ચરણે મસ્તક ઝૂકાવી આપણે પણ આવા ત્રણ રત્નો માટે યત્ન આદરીએ."*

## ૪૭. विण्हुकुमारो - શ્રી વિષ્ણુકુમાર

મુનિસુવ્રતસ્વામીના વખતની આ વાત છે. પદ્મોત્તર રાજા અને જ્વાલાદેવીનો એક પુત્ર મહાપદ્મ ચક્રવર્તી થયેલો અને બીજા પુત્ર વિષ્ણુકુમારે દીક્ષા લીધી હતી. ઉગ્ર તપના પ્રભાવથી તેઓએ અપૂર્વ લબ્ધિઓ મેળવી હતી.

મહાપદ્મ ચક્રવર્તીને જૈનશાસનનો દ્વેષી એવો નમુચિ નામનો એક મંત્રી હતો. પૂર્વના અનામત રાખેલા વરદાનના બળે તેણે એક વખત રાજા પાસે ૭ દિવસનું રાજ્ય માંગ્યું અને તે દરમ્યાન તેણે શ્રી શ્રમણ સંઘને ષટ્ખંડની હદ છોડી જવા હુકમ કર્યો.

આવી આપત્તિમાં મુનિઓને વિષ્ણુકુમાર યાદ આવ્યા, પણ તેઓ અષ્ટાપદ પર કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર હતા. એક લબ્ધિવંત મુનિએ તેમની પાસે જઈ સંઘ પર

આવેલી આપત્તિની વાત કરી. ત્યારે વિષ્ણુકુમાર ઉપશમભાવના આનંદમાં મગ્ન હતા. તેમાંથી બહાર આવવું તેમના માટે સહેલું ન હતું; પરંતુ સંઘની રક્ષાનો સવાલ હતો. સંઘની રક્ષા નમુચિને સજા કર્યા વિના શક્ય નહોતી અને સજા કાષાયિક ભાવ વિના થઈ શકે તેમ નહોતી. તે કાષાયિક ભાવમાં આવવા મુનિને ખૂબ મહેનત કરવી પડી. સામાન્ય માણસ માટે આત્મામાં સ્થિર થવું અઘરું હોય છે, જ્યારે જ્ઞાનમગ્ન યોગીઓ માટે બહાર આવવું અઘરું હોય છે. છતાં મુનિ પ્રશસ્ત કષાયોની ઉદીરણા કરી જૈન સાધુઓની રક્ષા કાજે ધ્યાન છોડી હસ્તિનાપુર આવ્યા.

વિષ્ણુકુમાર મુનિએ નમુચિ સાથે સમજાવટ કરવાના ઘણા પ્રયત્ન કર્યા, પણ તે ન માન્યો. અંતે તેમણે નમુચિ પાસે ત્રણ ડગલાં ભૂમિ માગી. માંગણી સ્વીકારાતાં કોપાયમાન થયેલા વિષ્ણુમુનિએ એક લાખ યોજનનું વિરાટ શરીર બનાવી, એક પગ સમુદ્રના પૂર્વ કાંઠે મૂક્યો અને બીજો પગ સમુદ્રના પશ્ચિમ કાંઠે મૂક્યો. 'ત્રીજું પગલું ક્યાં મુકું ?' એમ કહી, તેમણે ત્રીજો પગ નમુચિના મસ્તકે મૂક્યો. તેનાથી તે મરીને નરકે ગયો. આ રીતે તેઓએ પ્રયત્નપૂર્વક ક્રોધ કરીને સંઘને ઉપદ્રવોથી મુક્ત કર્યો. ત્યારબાદ દેવો, ગાંધર્વો, કિન્નરો વગેરેની ઉપશમરસમય તથા મધુર સંગીતમય પ્રાર્થનાથી તેમનો પ્રશસ્ત ક્રોધ શાંત થયો. શુદ્ધ ચારિત્રનું પાલન કરી અંતે તેઓ મોક્ષે ગયા.

> *"હે ઉપશમ ભાવમાં મગ્ન ઋષિરાય ! આપના માટે અંતર્મુખ દશા સહજ હતી જ્યારે અમને બહિર્મુખતા સહજ છે. પ્રાતઃકાળે પ્રાર્થના કરીએ કે અમારામાં રહેલી બહિર્મુખતા દૂર થાય અને આપનામાં હતી તેવી અંતર્મુખતા કેળવી અમે પણ ઉપશમભાવમાં મગ્ન બનીએ."*

## ૪૮. अद्दकुमारो - श्री આર્દ્રકુમાર

બંધન જેને બંધન લાગે છે, તે કેવાં મજબૂત બંધનોને તોડી શકે છે; તે વાત આર્દ્રકુમારના જીવન પરથી સમજી શકાય તેવી છે. તેઓ જન્માંતરના સર્વવિરતિના આરાધક હતા; પરંતુ સંયમની કાંઈક વિરાધનાના કારણે તેમનો જન્મ આર્દ્ર નામના અનાર્ય દેશમાં થયો હતો.

તેમના પિતા આર્દ્રક રાજાને શ્રેણિક રાજા સાથે મૈત્રી બાંધવી'તી. પોતાના પુત્ર અને અભયકુમાર જો મિત્ર બની જાય તો રાજકીય સંબંધો સારા જળવાય એવી ઇચ્છાથી તેમણે ઘણા રત્નો આદિ સહિત અભયકુમાર પ્રતિ મૈત્રીનો પ્રસ્તાવ

મોકલ્યો. શ્રીઅભયકુમારે વળતી ભેટ તરીકે આર્દ્રકુમારને જિનેશ્વર પરમાત્માની પ્રતિમા મોકલી.

પ્રતિમાની વીતરાગી મુદ્રા જોતાં જ તેમને આત્મજ્ઞાન લાધ્યું, સૂતેલો આત્મા જાગ્યો, *'આવું ક્યાંક જોયું છે !'* એમ વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મની આરાધના અને વિરાધના યાદ આવી. મનમાં એક તીવ્ર ઝંખના જાગી કે ક્યારે આ અનાર્ય દેશ છોડું, બંધનો તોડું અને સર્વવિરતિ પામું. કુનેહથી તેમણે પિતાની કડક ચોકીમાંથી છૂટી અનાર્ય દેશનો ત્યાગ કર્યો. માર્ગમાં એમને ગોશાળો મળ્યો, પાખંડીઓ મળ્યા, તાપસો મળ્યા. બધાએ અટકાવ્યા, પણ નિર્મળ વૈરાગ્યવાળા આર્દ્રકુમારે સૌને નિરુત્તર કરી વીરપ્રભુના ચરણે જઈ સંયમ સ્વીકાર્યું.

વર્ષો સુધી દીક્ષા પાળ્યા પછી, ભોગાવલી કર્મનો ઉદય થતાં આર્દ્રકુમારને ફરી સંસારવાસ સ્વીકારવો પડ્યો. પત્નીના સ્નેહબંધનથી છૂટ્યા ત્યાં તેમને બાળકના સ્નેહબંધને ફસાવી દીધા. કર્મની પરવશતાને કારણે આમ ને આમ તેઓને ૨૪ વર્ષ સંસારમાં રહેવું પડ્યું. છેલ્લે ફરી દીક્ષા લઈ, અનેકને પ્રતિબોધ પમાડી, કર્મ ખપાવી મોક્ષે ગયા.

*"હે મુનિવર ! કર્મના કારણે આપને સ્નેહ બંધનમાં બંધાવું પડ્યું, પણ કર્મ પુરું થતાં આપ તેને આસાનીથી તોડી પણ શક્યા. આપને ભાવપૂર્વક પ્રણામ કરી, અમે પણ આપ જેવી શક્તિ ઇચ્છીએ છીએ."*

## ૪૯. दढप्पहारी अ - અને શ્રી દઢપ્રહારી

કરેલા પાપનો તીવ્ર પશ્ચાત્તાપ, કરેલા પાપથી છૂટવા જે પણ કરવું પડે તે કરવાની તૈયારી અને પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે રહીને પણ એની અસરથી બચીને સમતાની સિદ્ધિ; આ બધા ગુણોએ દઢપ્રહારી જેવા દુરાચારી અને અત્યાચારીને પણ કેવળજ્ઞાન અપાવ્યું હતું.

દઢપ્રહારી, યજ્ઞદત્ત બ્રાહ્મણના પુત્ર હતા, પણ કુસંગથી બગડી કુખ્યાત ચોર-લૂંટારા બન્યા હતા. અનેકની હત્યા કરવી તેમના માટે રમત વાત હતી. એકવાર લૂંટ ચલાવતાં તેમણે બ્રાહ્મણ, સ્ત્રી, સ્ત્રીના ગર્ભનું બાળક અને ગાયની હત્યા કરી. જ્યારે સ્ત્રીની હત્યા કરી ત્યારે ગર્ભના પણ બે ટુકડા થઈ ગયા. વેલડીના પાનની જેમ તરફડતું બાળક બહાર પડ્યું. આવી રીતે તરફડતા ગર્ભને જોઈ દયા વગરના

પત્થર જેવા દૃઢપ્રહારીના હૃદયમાં પણ કરુણા પ્રગટી. ત્યાં તો બ્રાહ્મણના બીજા બાળકો પણ હા પિતાજી ! હા માતાજી ! કરતાં કરુણ વિલાપ કરવા લાગ્યા. આ જોઈ દૃઢપ્રહારીને થયું કે, નિર્દય બની મેં આ બ્રાહ્મણ દંપતીનો ઘાત કર્યો હવે બિચારા આ બાળકોનું શું થશે ? આ ક્રૂરકર્મ હવે મને દુર્ગતિમાં ખેંચી જશે. પશ્ચાત્તાપ અને પાપનો ભાર લઈ તેઓ ત્યાંથી ભાગ્યાં. માર્ગમાં એમને એક મુનિવર મળ્યા. મુનિને નમીને દૃઢપ્રહારીએ પાપનો પશ્ચાત્તાપ કર્યો અને દ્રવિત હૃદયે પોતાનો ઉદ્ધાર કરવા આજીજી ભરી વિનંતી કરી. ધ્યાન પારીને મહાત્માએ કહ્યું કે- *'સાધુધર્મનું સુંદર પાલન કરશો તો આ પાપથી છૂટી શકશો'* દૃઢપ્રહારીએ તે વાત તરત જ સ્વીકારી લીધી અને મહાપ્રતિજ્ઞા કરી કે 'જે દિવસે મને મારું પાપ યાદ આવે અથવા કોઈ યાદ કરાવે તે દિવસે ભોજન નહિ કરું અને ક્ષમા ધારણ કરી મેં જે દેશમાં ઘોર હિંસાચાર કર્યો હતો ત્યાં જ વિચરીશ' એવી પ્રતિજ્ઞા કરી. તેમને જોઈ લોકો દંભી, મહાપાપી કહીને તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. તેમને ગાળો આપવા લાગ્યા, કોઈ પ્રતિકાર નથી થતો તેમ જાણી માટીના ઢેફાં માર્યાં, પથ્થર માર્યા, લાકડીઓનો માર માર્યો. શુભ ભાવના ભાવતાં મુનિએ સમતાભાવે બધું સહન કર્યું. ક્યારે પણ પોતાનો બચાવ ન કર્યો, કોઈ નબળો વિચાર ન કર્યો. તે ચિંતનના પ્રભાવે ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રગટ્યું. કર્મનો ક્ષય થયો અને તેમનો આત્મા નિર્મળ બન્યો.

> *"હે મહાત્મા ! આપે પાપનો તીવ્ર પશ્ચાત્તાપ કર્યો, તે પાપને નાબુદ કરવા પ્રતિકૂળ પરિસ્થિતિને સહર્ષ સ્વીકારી, તેમાં સમતા કેળવી કેવળજ્ઞાન પણ મેળવ્યું. આપના ચરણે શિર ઝૂકાવી એટલી પ્રાર્થના કરું છું કે, હું પણ આવી પડેલ પ્રતિકૂળ પરિસ્થિતિમાં આપની જેમ જ પ્રશાન્ત રહી શકું."*

## ૫૦. सिज्जंस - શ્રી શ્રેયાંસકુમાર

યુગાદિનાથ ઋષભદેવ પ્રભુ નિર્દોષ ભિક્ષા માટે એક વર્ષથી ફરી રહ્યા હતા, પરંતુ સાધુને શું કલ્પે અને શું ન કલ્પે તેનું જ્ઞાન ન હોવાને કારણે, આપવાનો ખૂબ ભાવ હોવા છતાં પ્રજાજન શુદ્ધ આહારથી પ્રભુને પારણું કરાવી શકતા નહોતા.

આવા સમયમાં એક દિવસ પ્રભુના પ્રપૌત્ર શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું કે, મેં અમૃતથી મેરુપર્વતને ધોઈ તેને ઉજળો કર્યો, સ્વપ્નની ફળશ્રુતિરૂપે જાણે પ્રભુ

તેમના આંગણે પધાર્યા: પ્રભુની સૌમ્ય આકૃતિના દર્શન થતાં જ શ્રેયાંસને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. શ્રી વજ્રનાભ પરમાત્માના વચનો યાદ આવ્યા. આ પહેલા તીર્થંકર થશે એવો ખ્યાલ આવ્યો. તે સાથે જ સાધુને કયો આહાર કલ્પે તે સમજાયું. તેવામાં જ કોઈ શેરડીના રસથી ભરેલા ૧૦૮ ઘડા શ્રી શ્રેયાંસકુમારને ભેટ ધરવા આવ્યું. શ્રેયાંસકુમાર જેવું ભક્તિસભર નિર્મળ ચિત્ત, શુદ્ધ શેરડીના રસ જેવું ઉત્તમ વિત્ત અને પ્રભુ જેવું ઉત્તમ પાત્ર : આમ ચિત્ત, વિત્ત અને પાત્રની ઉત્તમતાનો ત્રિવેણી સંગમ સર્જાયો.

શ્રેયાંસકુમારે આ જ શેરડીના રસનો લાભ આપવા પ્રભુને વિનંતી કરી. નિર્દોષ આહાર જાણી પ્રભુએ તેનો સ્વીકાર કર્યો. ત્યાં જ 'અહો દાનમ્ અહો દાનમ્' ના ગુંજારવથી આકાશ ગાજી ઉઠ્યું. દેવદુંદુભિનો નાદ થયો અને સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. આ રીતે આ હુંડા અવસર્પિણીમાં સુપાત્રદાનનો પ્રારંભ થયો. આવા શુભારંભ કરવાનું સૌભાગ્ય શ્રી શ્રેયાંસકુમારને સાંપડ્યું હતું.

કાળક્રમે શ્રી શ્રેયાંસે પ્રભુ પાસે દીક્ષા લીધી અને કર્મ ખપાવી સદા માટે પ્રભુની સાથે તાદાત્મ્ય સધાઈ જાય એવી સિદ્ધિપુરીમાં ગયા.

> *"હે મહાત્મા ! ઉત્તમ ચિત્ત-વિત્ત અને પાત્રનો સુયોગ આપને સાંપડ્યો. વિત્ત અને પાત્રનો યોગ તો અમને પણ મળે છે, પણ આપ જેવું ચિત્ત પ્રાપ્ત થાય એ જ પ્રભુને પ્રાર્થના."*

## ૫૧. कूरगडू अ - કૂરગડુમુનિ

નિખાલસતા, ક્ષમાશીલતા અને ગુણાનુરાગિતા - આ ગુણો શ્રી કૂરગડુજીને સહજ વરેલા હતા. તેઓશ્રી ધનદત્ત શેઠના પુત્ર હતા અને તેમણે ધર્મઘોષસૂરિજી પાસે બાળવયમાં દીક્ષા લીધી હતી. ક્ષુધાવેદનીયની (ભૂખની) અસહ્ય પીડા હોવાના કારણે તેમને હંમેશા નવકારશીના સમયમાં જ ઘડો ભરીને ભાત લાવી વાપરવા પડતા. તેથી તેમનું નામ કૂરગડુ પડેલું (કૂર=ભાત અને ગડુ=ઘડો). ગચ્છના અનેક સાધુઓ તપ કરતાં, પણ તેઓ ન કરી શકતા. આવી બાળવયમાં પણ તેઓને પોતે જે નથી કરી શકતા તેની દીનતા નહોતી, પણ પોતે જે કરી શકતા હતા તેમાં તેમનો સતત પ્રયત્ન રહેતો. તેથી જ સ્વભાવથી જ ક્ષમાવાન એવા તેમણે તપસ્વીઓની સેવા કરી વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ કર્યો હતો.

એક વખત સંવત્સરી પર્વના દિવસે સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછી ઘડો ભરીને

ભાત વહોરી લાવી જ્યાં તેઓ વાપરવા બેઠા ત્યાં જ એક કફથી પીડિત માસક્ષમણના તપસ્વી સાધુ ક્રોધિત થઈ તેમની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, 'મોટો વૈયાવચ્ચનો નિયમ કરનારો જોયો, નિયમ તો પાળતો નથી. મને કફ કાઢવાનું સાધન આપ્યા વિના જ તું તારું પેટ ભરવા બેસી ગયો. હવે હું ક્યાં થૂંકું ? તારા પાત્રમાં ?' બાળમુનિએ નમ્રતાથી કહ્યું 'હું તો ભૂલી ગયો હવે શું કરું ?' ત્યારે તે સાધુ ક્રોધિત થઈ કૂરગડુજીના પાત્રમાં જ થૂંક્યા.[2]

આ પ્રસંગની કલ્પના કરીએ તો આપણને લાગે કે, ખરેખર આવાં પ્રસંગે અકળાયા કે ક્રોધિત થયા વિના ન જ રહેવાય; પણ કૂરગડુજીનું ચિત્ત તો દૃઢતાથી ઉપશમભાવમાં સ્થિર હતું. જરાપણ અકળાયા વિના તપસ્વી પ્રત્યે અત્યંત પ્રમોદિત ભાવ રાખી તેઓ પોતાની નિન્દા કરતાં વિચારવા લાગ્યા, *'હું કેવો ભાગ્યશાળી છું કે આવા તપસ્વી મહાત્માએ મારા પાત્રાના ભોજનને દૂધ અને સાકરવાળું કરી આપ્યું. મહાતપસ્વી એવા આ સાધુઓ જ સાચા ચારિત્રી છે. હું અભાગી તો કીડીની જેમ એક ક્ષણ પણ અન્ન વિના રહી શકતો નથી.'* આ રીતે ગુણો પ્રત્યે ઊંડો અનુરાગ કેળવી તે બાળમુનિએ ઘણા કાળથી સંચિત કરેલાં કર્મોને ઘાસના પૂળાની જેમ એક ક્ષણમાં બાળી નાંખ્યાં. ત્યાં ને ત્યાં ભાત વાપરતાં વાપરતાં જ આ મહાન ઉદાત્તક્ષણે મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

> *"કૂરગડુ મુનિને વંદન કરતાં આપણે પ્રાર્થીએ કે આપણા અંતઃકરણમાં પણ ક્ષમા, સહિષ્ણુતા અને ઉદારતાના ગુણ પ્રગટે."*

## ૫૨. સિજ્જંભવ - શ્રી શય્યંભવસૂરિજી

તત્ત્વપ્રાપ્તિની ખેવનાએ જ આ બ્રાહ્મણને છેક કેવળજ્ઞાન સુધીના ઉચ્ચ સ્થાને પ્રસ્થાપિત કર્યા. બન્યું'તું એવું કે, વીરપ્રભુની ત્રીજી પાટને શોભાવનારા પ્રભવસ્વામી એકવાર પોતાના પટ્ટધર વિષયક ચિંતા કરતા હતા. તેઓ જાણતા હતા કે, અપાત્રને આ પદ આપવામાં મહાપાપ લાગે; તેથી જ્યારે તેમણે શ્રમણ કે શ્રાવક સમુદાયમાં કોઈ યોગ્ય ન જણાયું, ત્યારે તેમણે તેમની નજર બહાર

2. એવું પણ સાંભળવા મળે છે કે તેઓ સંવત્સરીના મોટા દિવસે પણ વાપરવા બેઠા ત્યારે લાવેલ ગોચરી વડિલ તપસ્વી સાધુઓને બતાવવા ગયા, તે સાધુઓ તેમના ખાઉધરાપણાની નિંદા કરતાં તેમના પાત્રમાં થૂંક્યા. છતાં તેઓએ અદ્ભુત ક્ષમા રાખી સ્વનિન્દા કરતાં કરતાં સહિષ્ણુતાપૂર્વક આ અપમાન સહન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

દોડાવી. યજ્ઞ કરતો શય્યંભવ બ્રાહ્મણ તેમને પાટ માટે યોગ્ય જણાયો. તેને પ્રતિબોધ પમાડવા તેમણે પોતાના બે શિષ્યો યજ્ઞસ્થળે મોકલ્યા. તેઓ ત્યાં જઈ બોલ્યા 'अहो कष्टमहो कष्टं तत्त्वं न ज्ञायते पुनः'

શય્યંભવ એ સાંભળી વિચારમાં પડ્યા કે, 'જૈન મુનિઓ અસત્ય બોલે નહિ', છતાં આ યજ્ઞને તેઓએ તત્ત્વ વિનાનો માત્ર કષ્ટરૂપ કહ્યો તો મારે તત્ત્વ સમજવું જોઈએ' એથી શસ્ત્ર ઊગામીને યાજ્ઞિકને કહ્યું, 'તત્ત્વ શું છે ? તે સત્ય કહો' મરણના ભયે યાજ્ઞિકે યજ્ઞસ્તંભ નીચે સ્થાપેલી શ્રી શાન્તિનાથપ્રભુની પ્રતિમા બતાવી અને કહ્યું, 'આ પ્રતિમાના પ્રભાવે યજ્ઞનાં વિઘ્નો ટળે છે, યજ્ઞનો મહિમા નથી.' તેથી સત્યના પક્ષપાતી શ્રી શય્યંભવજી તુરંત ઉદ્યાનમાં પહોંચ્યા, પ્રભવસ્વામીને વિનયપૂર્વક તત્ત્વ સમજાવવા પ્રાર્થના કરી. પ્રભવસ્વામીએ સાધુધર્મ જ શુદ્ધ આત્મ-તત્ત્વને પામવાનો ઉપાય છે એમ જણાવ્યું. તત્ત્વપ્રાપ્તિની ખેવનાથી તેમણે તે જ સમયે સગર્ભા સ્ત્રીનો ત્યાગ કરી સાધુધર્મ સ્વીકાર્યો. ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. વર્ષો બાદ જ્યારે તેમનો પુત્ર મનક તેમને શોધતો શોધતો તેમની પાસે આવ્યો ત્યારે પુત્રની મમતાને ક્યાંય આડે આવવા દીધા વિના તેની હિતચિંતા કરી, શ્રી દશવૈકાલિકસૂત્રની રચના કરી.

*"ધન્ય છે આ આચાર્યને કે, જેણે પોતાના પુત્રની સુખચિંતા ન કરતાં હિતચિંતા કરી સ્વ-પર સૌનું કલ્યાણ કર્યું. આવા મુનિવરોને વંદન કરી, આપણા હૃદયમાં પણ સર્વજન હિત ચિંતાનો ગુણ પ્રગટે તેવી પ્રાર્થના કરીએ."*

## ૫૩. मेहकुमारो अ - અને શ્રી મેઘકુમાર

એક હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને યાદ આવ્યું કે, પોતે ગયા ભવમાં દાવાનળથી ભાગતાં અનેક પીડાઓ ભોગવી મૃત્યુ પામ્યો હતો. તેથી તેણે આ ભવમાં દાવનળથી બચવા એક ચોક્ખું મેદાન બનાવ્યું. એક વખત જંગલમાં દાવાનળ જોઈને ભય પામી તે પેલા સુરક્ષિત મેદાનમાં આવ્યો, પણ ત્યાં તો પહેલેથી ઘણાં બધાં પ્રાણીઓ આવી ગયાં હતાં. છતાં આ હાથીને વિચાર ન આવ્યો કે, *'મારી જગ્યામાં આ બધાં આવી ગયાં- મારા માટે જગ્યા પણ ન રાખી...'*

ઉદારદીલ એ હાથી જેમ તેમ જગ્યા મેળવી ત્યાં ઊભો રહ્યો. થોડીવારે તેણે ખંજવાળ આવતા એક પગ સહેજ ઊંચો કર્યો, ત્યાં તો એક સસલું તેના પગની નીચે

આવીને ગોઠવાઈ ગયું. હાથીને જરાપણ અકળામણ નથી થતી. પગ નીચે મૂકે તો સસલાની હિંસા થશે તે વિચારથી તેણે પગ ઊંચો જ રાખ્યો.

ત્રીજા દિવસે દાવાનળ શાંત થયો, બધાં પ્રાણીઓની સાથે સસલું પણ ચાલી ગયું. હાથી પગ નીચે મૂકવા જાય છે, પણ બે દિવસમાં શરીર જકડાઈ ગયું'તું. તેથી હાથી નીચે પડી ગયો. છતાં તેના મનમાં કોઈના પ્રત્યે રોષ કે ક્રોધ નથી આવતો. તે જીવદયાના શુભ વિચારોમાં મગ્ન હતો. આ વિચારોમાં જ તેનું મૃત્યું થયું.

સસલા પરના દયાભાવના પરિણામે તે મરીને શ્રેણિક રાજા અને ધારિણી રાણીનો પુત્ર મેઘકુમાર થયો. યુવાવસ્થામાં તેણે પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય વાસિત હૈયે આઠ પત્નીઓ, રાજઋદ્ધિ-સમૃદ્ધિ અને ભરપૂર અનુકૂળતાઓનો ત્યાગ કરી, પ્રભુ પાસે જઈ સંયમ સ્વીકાર્યું.

દીક્ષાની પ્રથમ રાત્રીમાં મેઘકુમારનો સંથારો બારણા પાસે આવ્યો. બધા સાધુઓના પગની રજથી ખરડાયેલા સંથારા પર મેઘકુમાર ઊંઘી ન શક્યો. તેથી તેને થયું મારો પહેલાંનો સુખવાસ ક્યાં અને આ દુઃખવાસ ક્યાં ? મારાથી આ કેવી રીતે સહન થશે ? આમ વિચારી તે વ્રત છોડવા તૈયાર થઈ ગયો.

પ્રભુ પાસે ગયો. ધર્મરથના સારથિ સમાન પ્રભુએ તેને તેનો પૂર્વભવ જણાવ્યો. એક જીવની દયા કરવાથી તેને શું લાભ થયો છે અને હવે નિરંતર જીવમાત્ર માટે દયાભાવ દાખવવાથી કેવું ફળ મળશે તે સમજાવી કહ્યું કે, 'પૂર્વભવમાં તે એક જીવ માટે કેટલું દુઃખ સહન કર્યું. હવે આવા મહાત્માઓની ચરણરજથી તું કેમ મુંઝાય છે. ?' પ્રભુના વાત્સલ્યસભર શબ્દો સાંભળી મેઘકુમારમુનિ સંયમમાં સ્થિર થયા. ત્યાં જ તેમણે આંખો સિવાય શરીરની કાળજી નહિ લેવાનો સંકલ્પ કર્યો. તેઓ સુંદર ચારિત્ર પાળી વિજય વિમાનમાં દેવ થયા અને ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

> *"હે મેઘકુમાર મુનિ ! આપના જીવનપ્રસંગથી એક વાત સ્પષ્ટ સમજાઈ કે, 'જીવદયા એ ધર્મનો સાર છે.' તેનો શું પ્રભાવ છે તે પણ જાણ્યું. આપને વંદન કરી, અમારા અંતઃકરણમાં પણ આ ગુણ પ્રગટે એવી પ્રભુપ્રાર્થના કરીએ."*

**ગાથા :**

**एमाइ महासत्ता, दिंतु सुहं गुण-गणेहिं संजुत्ता ।**
**जेसिं नाम-ग्गहणे, पावप्पबंधा विलयं जंति ।।७।।**

**સંસ્કૃત છાયા :**

एवम् आदयः महासत्त्वाः, ददतु सुखं गुण-गणैः संयुक्ताः
येषां नाम-ग्रहणे, पाप-प्रबन्धाः विलयं यान्ति ।।७।।

**શબ્દાર્થ :**

અનેક ગુણોથી યુક્ત આવા બીજા પણ જે મહાસત્ત્વશાળી પુરુષો છે કે જેઓનું નામ લેવા માત્રથી પાપના સમૂહ નાશ પામી જાય છે તેઓ અમને સુખ આપો. ॥૭॥

**વિશેષાર્થ :**

'बहुरत्ना वसुन्धरा' – આ પૃથ્વી નરરત્નોની ખાણ છે. આજ સુધી આ જગતમાં અનેક મહાપુરુષો થયા છે અને થવાના છે. તેમાંથી અહીં તો અમુકના નામોનો જ ઉલ્લેખ કર્યો છે. તે સિવાયના પણ આ જગતમાં સત્ત્વ આદિ અનેક ગુણોથી શોભતા અનેક મહાપુરુષો થયાં છે. આદર અને બહુમાન સાથે તેમનું નામ માત્ર લેવામાં આવે તો પાપના પડલો ભેદાઈ જાય. આવા મહાપુરુષોને પ્રણામ કરી તેમના જેવું આત્મિક સુખ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાની ભાવના આ ગાથામાં વ્યક્ત કરાઈ છે.

આમ તો મહાપુરુષોમાં અનંતા ગુણો હોય છે, છતાં અહીં સત્ત્વ ગુણને પ્રાધાન્ય આપ્યું છે. કેમ કે, સત્ત્વ વિના અન્ય ગુણો ટકી શકતા નથી. સત્ત્વ નામનો એક તાત્ત્વિક ગુણ એવો છે જે બીજા અનેક ગુણોને ખેંચીને લાવ્યા વિના રહેતો નથી.[3]

અત્રે રાજા વીર વિક્રમના નામે પ્રચલિત એક પ્રસંગ યાદ આવે છે. ઘટના એવી છે કે વિક્રમાદિત્ય રાજાએ એકવાર દરિદ્રનારાયણની મૂર્તિ વસાવી, તેનાથી નારાજ થઈ લક્ષ્મી, સરસ્વતી આદિ અનેક દેવદેવીઓ વિક્રમરાજાને છોડી ચાલવાં લાગ્યા. વિક્રમ રાજાએ બધાંને જવાની રજા આપી. તેટલામાં 'સત્ત્વ' આવ્યો અને તે પણ કહેવા લાગ્યો કે, હું જાઉં છું. રાજાએ કડક શબ્દોમાં કહ્યું કે, તું જાય તે ન ચાલે તારે તો રહેવું જ પડશે. 'સત્ત્વ'ને રહેવું પડ્યું. વિક્રમ રાજા પાસે સત્ત્વ હોવાને કારણે ગયેલા બધા દેવ-દેવીઓ પરત આવવા લાગ્યાં.

---

3. સત્ત્વ એક એવો ગુણ છે કે તે ખીલી ઊઠે તો બીજા બધા ગુણો ખિલાવી આપે છે.
- મહામહોપાધ્યાયજી

* सर्वं सत्त्वे प्रतिष्ठितम् - કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય

* 'क्रियासिद्धिः सत्त्वे भवतिं महतां नोपकरणे'

કથા કાલ્પનિક છે પણ વાસ્તવિકતા છે કે, બધા ગુણો સત્ત્વને આધારે જ ટકી રહે છે, માટે જ અહીં અન્ય ગુણોને મહત્ત્વ આપ્યા વિના સત્ત્વને મહત્ત્વ આપ્યું છે.

સત્ત્વશાળી આ મહાપુરુષો પ્રત્યે જો હૈયાનો બહુમાનભાવ પ્રગટી જાય તો પુણ્યાનુબંધી પુણ્યના બંધ દ્વારા આત્મવિકાસ સરળ બને. આ ગાથા બોલતાં સાધકે તે બહુમાન ઉલ્લસિત કરવા પ્રયત્ન કરવાનો છે. તે માટે સત્ત્વાદિ ગુણ સંપન્ન આ મહાપુરુષોને સ્મૃતિ પટ પર લાવી તેમનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી પ્રાર્થના કરીએ કે,

> *"હે સત્ત્વશાળી સજ્જનો ! અનેક સંકટો વચ્ચે પણ આપે સિદ્ધિગતિ પ્રાપ્ત કરવા જેવો અંતરંગ-બાહ્ય સંઘર્ષ ખેડ્યો તેવો સંઘર્ષ કરવાનું સત્ત્વ અમને પણ પ્રાપ્ત થાઓ. જેના બળે મોક્ષમાર્ગમાં સ્થિર થઈ આપે જે સદાકાળનું સુખ પ્રાપ્ત કર્યું છે તે સુખ અમે પણ પ્રાપ્ત કરી શકીએ."*

હવે મહાસતીઓના નામ શરૂ થાય છે.

**ગાથા :**

**सुलसा चंदनबाला, मणोरमा, मयणरेहा दमयंती ।**
**नमयासुंदरी सीया, नंदा भद्दा सुभद्दा य ।।८।।**

**સંસ્કૃત છાયા :**

सुलसा, चन्दनबाला, मनोरमा, मदनरेखा दमयन्ती ।
नर्मदासुन्दरी, सीता, नन्दा, भद्रा, सुभद्रा च ।।८।।

**શબ્દાર્થ :**

સુલસા, ચન્દનબાળા, મનોરમા, મદનરેખા, દમયન્તી, નર્મદાસુંદરી, સીતા, નંદા (સુનંદા), ભદ્રા અને સુભદ્રા. ॥૮॥

**વિશેષાર્થ :**

**૧. (૫૪) સુલસા - શ્રીમતી સુલસા**

**'મારા ધર્મલાભ કહેજો'** - અંબડ પરિવ્રાજકના સમ્યગ્દર્શનની નિર્મળતા માટે ખુદ વીરપ્રભુએ આ સંદેશો મહાસતી સુલસાને મોકલેલો. સુલસા માટે આટલી જ ઓળખાણ પર્યાપ્ત છે; પણ લોક તેને નાગસારથિની પત્ની તરીકે જાણતું હતું.

અંબડપરિવ્રાજક જ્યારે પ્રભુનો સંદેશો આપવા આવ્યા ત્યારે તેમણે સુલસાના સમ્યગ્દર્શનની ખાતરી કરવા ઇન્દ્રજાળથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા તીર્થંકરના સમવસરણની ઋદ્ધિ વિકુર્વી. આખું ગામ જોવા ઉમટ્યું, પણ સુલસા ન ગઈ. બીજી બાજુ જ્યારે અંબડે સુલસાને પ્રભુનો સંદેશો આપ્યો ત્યારે સુલસાની ૩ ½ કરોડ રોમરાજી વિકસિત થઈ ગઈ.

મનુષ્ય તો ઠીક દેવો પણ સુલસાની પરીક્ષા કરવા સાધુ બનીને તેમના ઘરે વહોરવા આવેલા, ત્યારે સુલસાએ એક લાખ સોનામહોરની કીંમતવાળા લક્ષપાક તેલના ચાર બાટલા ફૂટવા છતાં લેશમાત્ર પણ ખેદ ન કર્યો. દેવ પણ સુલસાની ભક્તિ જોઈ પ્રસન્ન થયા.

શ્રીમતી સુલસાને હરિણૈગમૈષી દેવની સહાયથી ૩૨ પુત્રો થયા હતા, પરંતુ તેઓ શ્રેણિક મહારાજાની રક્ષા કરતાં એકી સાથે મૃત્યુ પામ્યા હતા. તે સમયે આ પરમ સમકિતી શ્રાવિકાએ ભવસ્થિતિનો વિચાર કરી સ્વયં તો શોક નિવાર્યો હતો અને મોહાધીન પતિને પણ શોકમુક્ત થવા પ્રેરણારૂપ બન્યાં હતાં.

સત્ત્વ, અદીનતા, શ્રદ્ધા, ભક્તિ આદિ ગુણોથી શોભતા સુલસા સતી સારા ધર્મકૃત્યો કરી અંતે સ્વર્ગે ગયા. ત્યાંથી આ જ ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં નિર્મમ નામના પંદરમા તીર્થંકર થઈ મોક્ષપદને પામશે.

*"વંદના હો આપની નિર્મળ શ્રદ્ધાને આપને નમસ્કાર કરી*
*અમે પણ નિર્મળ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરીએ."*

## ૨. (૫૫) चंदनबाला - મહાસતી ચંદનબાળા

વીરપ્રભુ કૌશામ્બી નગરીમાં અત્યંત કઠોર અભિગ્રહ ધારણ કરી પધારેલા 'પગમાં લોઢાની બેડી હોય-[૧] ઉંબરા વચ્ચે બેઠી હોય-[૨] અઠ્ઠમની આરાધના હોય-[૩] મસ્તક મુંડાવેલું હોય-[૪] આંખમાં આંસુ હોય-[૫] રાજપુત્રી પણ દાસીપણાને પામેલી હોય-[૬] ભિક્ષાવેળા વીતી ગઈ હોય-[૭] ત્યારે તે સૂપડામાં રહેલા-[૮] અડદના બાકુળા વહોરાવે-[૯] તો મારે પારણું કરવું અન્યથા નહિ.' આવો અભિગ્રહ કેવી રીતે પૂરો થાય ? પણ ધન્યાતિધન્યા ચંદનબાળાએ આ અભિગ્રહ પૂરો કરી પ્રભુને પારણું કરાવેલું.

તેઓનું મૂળ નામ વસુમતી હતું. તેઓ રાજા દધિવાહન અને ધારિણી રાણીનાં પુત્રી હતાં. ચંપાપુરી ઉપર જ્યારે રાજા શતાનીકે હુમલો કર્યો ત્યારે તેમના પિતા ભાગી ગયા અને માતાએ શીલરક્ષણાર્થે પ્રાણનો ત્યાગ કર્યો. એક સુભટ તેને લઈ ભાગ્યો અને બજારમાં ધનવાહ શેઠને વેચી દીધી. તે શેઠ તેને પુત્રીની જેમ રાખતો

હતા, પણ શેઠાણીને તેમની ઇર્ષ્યા થતી હતી. તેમને ડર હતો કે શેઠ ભવિષ્યમાં આને પરણશે. તેથી એક દિવસ જ્યારે શેઠ બહારગામ ગયેલા ત્યારે તેણીએ ચંદનબાળાનું મસ્તક મુંડાવી, તેના પગમાં લોખંડની બેડી નાંખી, તેને એક અંધારી ઓરડીમાં પૂરી દીધી. ત્રણ દિવસ પછી શેઠને આ વાતની ખબર પડી. તેમણે તેને બહાર કાઢી, ઘરના ઉંબરા ઉપર બેસાડી, એક સૂપડામાં અડદના બાકુળા આપ્યા અને તેઓ તેની બેડી તોડાવવા લુહારને બોલાવવા ગયાં. ત્યારે ચંદનબાળાજીને ત્રણ ઉપવાસ થયેલા હતાં. વિચાર્યું કોઈ અતિથિને આપી પછી વાપરું. ત્યાં જ ઘોર અભિગ્રહને ધારણ કરેલા વીરપ્રભુ પધાર્યા. અભિગ્રહ પૂરો થાય તેવું હતું પણ આંખમાં આંસુ નહોતાં. પ્રભુએ ચંદનબાળા સામે જોયું, ચંદનબાળાએ પ્રભુને બાકુળા વહોરવા વિનંતી કરી... પણ પ્રભુ આગળ વધ્યા..., કેવું દુર્ભાગ્ય ! વિચારતાં જ ચંદનબાળાની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો. જ્યારે પગમાં બેડીઓ હતી અને ત્રણ દિવસની ભૂખ હતી ત્યારે પણ ચંદનબાળાની આંખમાં આંસુ નહોતાં; પણ પ્રભુ મને લાભ આપ્યા વિના ચાલી ગયા એવી ખબર પડતાં જ તેઓની આંખમાંથી અશ્રુની ધારાઓ વહેવા માંડી. પ્રભુએ પાછા વળીને જોયું. અભિગ્રહની બધી શરતો પૂરી થતી હતી. તેથી પ્રભુએ ચંદનબાળાના હાથે છ માસી તપનું પારણું કર્યુ - કેવું સૌભાગ્ય !

અનુક્રમે જ્યારે પ્રભુવીરને કેવળજ્ઞાન થયું ત્યારે તેઓ તેમના પ્રથમ સાધ્વી બન્યાં અને પોતાની શિષ્યા મૃગાવતીજીને ખમાવતાં કેવળી બની મોક્ષે ગયાં.

*"હે ચંદનબાળાજી ! આપ જેવી અદીનવૃત્તિ, ભક્તિ, સત્ત્વ અને સરળતા અમને પણ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના પૂર્વક આપને પ્રણામ કરીએ છીએ."*

## ૩. (૫૬) મણોરમા - શ્રીમતી મનોરમા

મહાસતી મનોરમા સુદર્શનશેઠનાં પત્ની હતાં. તેમના પતિ ઉપર જ્યારે આળ મુકાયું અને તેમને શૂળીની સજા થઈ ત્યારે તેઓ કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બન્યા. તેનાથી શાસનદેવો આકર્ષાયા તેમની આરાધનાના પ્રભાવે શૂળીનું સિંહાસન થઈ ગયું. અને પતિ ઉપરની આપત્તિ ટળી ગઈ.

*"ધર્મ ઉપર અડગ શ્રદ્ધા ધરાવનાર આ મહાસતીને ધન્ય છે ! તેમના ચરણે શીશ ઝૂકાવી આપણે પણ આવી શ્રદ્ધાની પ્રાર્થના કરીએ."*

## ૪. (૫૭) મયણરેહા - શ્રીમતી મદનરેખા.

રૂપરૂપના અંબાર અને ગર્ભવતી એવાં મદનરેખાજીના ખોળામાં, જેમના પેટમાં ખંજર ભોંકાયેલ છે તેવા પતિ યુગબાહુનું માથું છે. લોહીની ધાર વહી રહી છે. ક્યારે પતિનું પ્રાણપંખેરું ઊડી જાય તે ખબર નથી. ખૂની દિયર ક્યારે આવી લાજ લૂંટી લે તે કહેવાય નહિ... છતાં મહાસતી સ્વસ્થ ચિત્તે, ગભરાટ કે દીનતા વિના, પતિને નિર્યામણા કરાવી રહ્યા છે. તેમને પોતાની ચિંતા નથી પણ ક્યાંય મારા પતિ કષાયગ્રસ્ત બની પોતાનો ભવ ન બગાડી દે તેની અપાર ચિંતા છે. તેઓ પતિને કહે છે તમે ક્યાંય મનમાં તમારા ભાઈ પ્રત્યે દ્વેષ ન લાવશો. જે થયું છે તે તમારા જ કર્મથી થયું છે. તેમાં કોઈનો દોષ નથી. મદનરેખાજીએ પતિને ચતુર્શરણગમન, સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા આદિ રૂપે અંતસમયની સુંદર આરાધના કરાવી. જેના પરિણામે તેમના પતિ સમાધિમય મૃત્યુને વરી દેવ થયા.

પતિને અદ્‌ભુત સમાધિ આપ્યા પછી દિયરથી બચવા ગર્ભવતી મદનરેખાજી ત્યાંથી નાસી છૂટ્યાં. જંગલમાં તેમણે એક પુત્રને જન્મ આપ્યો. જે મિથિલા નરેશ નમિરાજ બની પ્રત્યેક-બુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયો. જંગલમાંથી મદનરેખાજીને એક વિદ્યાધર નંદીશ્વરદ્વીપ લઈ ગયો. થોડા વખત પછી તેમણે દીક્ષા લીધી. કાળક્રમે તેઓ કર્મ ખપાવી મોક્ષે ગયા.

*"હે સતી ! નીડરતાપૂર્વક સ્વજનની હિતચિંતા કરવાનો ગુણ અમને પણ પ્રદાન કરો."*

## ૫. (૫૮) દમયંતી - મહાસતી દમયંતી

પ્રભુ ભક્તિના દૃઢ સંસ્કારો, આપત્તિમાં અદીનતા, સદાચાર, દૃઢ સમ્યક્ત્વ આદિ ગુણોથી મહાસતી દમયંતીનું અંતર શોભતું હતું; તો પૂર્વભવમાં અષ્ટાપદ ઉપર ૨૪ પરમાત્માઓના તિલક બનાવી બાંધેલા પુણ્યથી તેમનું ભાલ સ્વયં પ્રકાશિત સૂર્ય જેવા દેદીપ્યમાન તિલકથી શોભતું હતું.

ભીમરાજા અને પુષ્પવતીરાણીનાં સુપુત્રી તેઓ નિષધપતિ નળરાજાના રાણી હતા. ભાઈના આગ્રહથી જુગાર રમતાં નળરાજા રાજ્ય વૈભવ આદિ સર્વ હારી ગયા હતા. દમયંતી સાથે પહેરે કપડે વનમાં જવાનો વારો આવ્યો. દમયંતીને આનું જરા પણ દુઃખ નથી. આર્યપત્નીની જેમ તે પતિને અનુસરતી વનમાં ગઈ. રાત્રિનો સમય હતો. રાની પશુઓના ભયાનક અવાજો સંભળાતા હતા. તેવામાં દૂર એક તાપસનો આશ્રમ નજરે ચઢ્યો. નળરાજા તો આશ્રમમાં જવા તૈયાર થઈ

ગયા; પરંતુ દમયંતી કહે છે મારી ભૌતિક સંપત્તિ ચાલી ગઈ તેનો કોઈ વાંધો નથી પણ આવા તાપસો પાસે જઈ હું સમ્યગ્દર્શનરૂપ મારી આધ્યાત્મિક સંપત્તિને આંચ નહિ આવવા દઉં. બન્ને કાંટાળા રસ્તે ભૂખ્યા તરસ્યા આગળ વધી રહ્યાં છે. કર્મયોગે નળને વિચાર આવે છે કે, આ રાજપુત્રી આવા કષ્ટ નહિ વેઠી શકે, તેથી તેના કપડાના છેડે પિયર-સાસરનો રસ્તો લખી, દમયંતીને એકલી મૂકી તે ચાલ્યા ગયા. બન્ને વચ્ચે બાર વર્ષનો વિયોગ થયો.

દમયંતી ધર્મનું શરણ સ્વીકારી નિર્ભયપણે વનમાં આગળ વધવા લાગી. તેના શિયળના પ્રભાવે સિંહ આદિ હિંસક પ્રાણીઓ તો શું રાક્ષસ પણ શાંત થઈ ગયો. તેને પતિ સાથે મેળાપ ન થાય ત્યાં સુધી મુખવાસ, રંગીન વસ્ત્રો, પુષ્પો, આભૂષણો અને વિગઈનો ત્યાગ હતો. જંગલમાં પણ શાંતિનાથ ભગવાનની માટીની પ્રતિમા બનાવી તે તેમની પુષ્પ વડે પૂજા કરતી, તપસ્યા કરતી અને વૃક્ષો પરથી ટપકી પડેલાં ફળો ખાતી હતી.

આ બાજુ નળ રાજા એક રાજાને ત્યાં કુબડો બની રસોઇયા તરીકે રહ્યો હતો. કર્મ પુરાં થતાં પતિ-પત્નીનો મેળાપ થયો. દેવથી પ્રતિબોધ પામી બન્નેએ દીક્ષા લીધી, સમાધિ પામ્યાં અને દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી દમયન્તી સતી કનકવતી નામે વસુદેવની પત્ની બની મોક્ષે ગઈ.

> *"હે મહાસતી ! સંપત્તિમાં કે વિપત્તિમાં આપ ક્યારે પણ અધીરાં કે ઉતાવળાં ન થયાં, ક્યારેય ડગ્યાં નહિ અને સદા નિર્મળ સમ્યગ્દર્શનને ટકાવી રાખ્યું. અમને પણ આપ જેવી ધીરતા પ્રાપ્ત થાય તેવી પ્રભુને પ્રાર્થના કરીએ."*

## ૬. (૫૯) नमयासुंदरी - श्रीमती नर्मदासुंदरी

ભારતવર્ષમાં સ્ત્રી માત્ર માટે અપેક્ષિત ઉચ્ચતમ ગુણ શીલ છે. તે શીલની રક્ષા માટે સતીઓને કેટલું સહન કરવું પડે છે, તે આ દૃષ્ટાંત પરથી સમજી શકાય છે. સહદેવ અને ઋષિદત્તા ભાઈ-બેન હતાં. તેમાં ઋષિદત્તાના લગ્ન એક બૌદ્ધધર્મી સાથે થયા. કાળક્રમે સહદેવને નર્મદા નામની પુત્રી અને ઋષિદત્તાને મહેશ્વરદત્ત નામનો પુત્ર હતો. તે કાળના સામાજિક રીત-રીવાજ અનુસાર આ બન્નેના લગ્ન થયાં. નર્મદાસુંદરી જૈનધર્મની દૃઢ અનુરાગી હતી પણ તેનું સાસરું જૈનધર્મી નહોતું; પરંતુ તેની ઉદારતા અને ઉચિત પ્રવૃત્તિઓના પ્રભાવે સાસરામાં પણ સહુ જૈનધર્મી બન્યાં.

એક દિવસ અનુપયોગતાથી નર્મદાસુંદરીથી એક સાધુ ઉપર પાનની પિચકારી ઊડી. સાધુ બોલ્યા 'આ આશાતના પતિનો વિયોગ સૂચવે છે.' ત્યારપછી એકવાર સમુદ્રની સફર કરતાં નર્મદાસુંદરી અને તેમના પતિ વહાણમાં બેઠા બેઠા સુંદર સંગીત સાંભળતા હતાં. નર્મદાસુંદરીએ ગાયકના અવાજ ઉપરથી તેના રૂપ આદિનું આબેહૂબ વર્ણન કર્યું. આ સાંભળતા પતિને તેની ઉપર શંકા થઈ અને તે તેણીને એક બંદર પર છોડી ચાલ્યો ગયો.

પતિવિયોગના કારણે નર્મદાસુંદરીના શીલ પર અનેક આફતો આવી. તેમને વેશ્યાને ઘરે જવું પડ્યું. ગટરમાં પડી ગાંડા બનવું પડ્યું. અનેક આપત્તિઓમાં પણ તેમણે સહનશીલતા અને બુદ્ધિના પ્રભાવે, ધર્મ જાળવી રાખ્યો. અંતે ચારિત્ર લઈ પ્રવર્તિની પદ શોભાવ્યું. સાધ્વી તરીકે વિહાર કરતા જ્યારે તેઓ પતિના ગામ આવ્યા ત્યારે તેમણે પોતાના પતિ અને સાસુને ધર્મ પમાડી દીક્ષા અપાવી.

*"હે મહાસતીજી ! ધન્ય છે આપને ! કર્મના વિકટ સંયોગોમાં પણ આપે આપના મનને ચલ-વિચલ થવા ન દીધું. પ્રાપ્ત બુદ્ધિના પ્રભાવે અનેક પ્રશ્નનો યોગ્ય ઉકેલ લાવ્યા અને શીલના પ્રભાવે સૌના કલ્યાણમાં નિમિત્ત બન્યા. આપને વંદના કરી, કર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા, નિર્મળ બુદ્ધિ અને આત્મશુદ્ધિની પ્રાર્થના કરીએ"*

## ૭. (૬૦) सीया - મહાસતી સીતાદેવી

જનકરાજાનાં પુત્રી અને શ્રી રામચંદ્રજીનાં પત્ની સીતાજીની કથા સર્વ વિદિત છે. પ્રભાતે તેમનું સ્મરણ કરતાં તેમની કર્મ પ્રત્યેની શ્રદ્ધા, કર્તવ્યપરાયણતા અને શીલની દૃઢતા જેવા ઉચ્ચ ગુણો સહજ સ્મરણમાં આવે છે.

મહાસતી સીતાદેવી જન્મ્યાં ત્યારથી જ, કર્મોએ એમની બેહાલી કરવામાં પાછું વાળીને જોયું નહોતું. જન્મતાં પહેલાં પિતાને અજ્ઞાતવાસ, જન્મતાંની સાથે ભાઈનું અપહરણ, લગ્ન સમયે પિતાનું અપહરણ, લગ્ન પછી પતિને વનવાસ, પતિ સાથે પોતે પણ વનવાસમાં ગયાં ત્યાં વળી રાવણ દ્વારા ખુદ એમનું જ અપહરણ. યુદ્ધ કરી રાવણનો સંહાર કર્યા બાદ જ્યારે પતિ સાથે અયોધ્યા પાછાં આવ્યા ત્યારે તેમના ઉપર કલંક આવ્યું. પરિણામે ખુદ પતિ રામચંદ્રજીએ ગર્ભવતી એવા એમને કપટથી જંગલમાં ત્યજી દીધી. આ દરેક આપત્તિ વખતે ક્યારે પણ સીતાજીએ કોઈને દોષ આપ્યો નથી કે પોતાના ચિત્તની સ્વસ્થતા પણ ખોઈ નથી.

અરે ! આવા પ્રસંગે પણ તેમણે પતિની હિતચિંતા કરતા સંદેશો મોકલાવ્યો કે, 'લોક લાજે મને છોડી તો ભલે છોડી પણ લોક લાજે ક્યારેય ધર્મને ન છોડતા'. પોતાના પુણ્ય-પાપ પ્રત્યે કેવી શ્રદ્ધા ! કર્તવ્યપાલન અને પતિવ્રત ધર્મ કેવો !

વર્ષો પછી તેઓ અયોધ્યામાં પાછાં આવ્યાં. તેમના શિયળની પરીક્ષા કરવા એક ઊંડી ખાઈ ખોદાઈ હતી, તેમાં ચંદનનાં લાકડા ભરીને, આકાશને આંબી જાય એવી વિકરાળ આગ પ્રગટાવી હતી... પણ મહાસતી આગમાં પડતાંની સાથે જ તે આગ સરોવરમાં પલટાઈ ગઈ. વચ્ચે કમળની અંદર તેઓ શોભી રહ્યા હતા. આખું અયોધ્યા તેમનો જય જયકાર કરી 'મહાસતી પધારો ! પધારો' કરી રહ્યું હતું.

આ સમયે પણ સંસારના સ્વરૂપના વિજ્ઞાનને વરી ચૂકેલાં મહાસતી, આગામી સુખોના સ્વપ્નોમાં ન રાચતાં, કર્મના વિપાકોનું ચિંતન કરી રહ્યાં હતાં. તેમણે કર્મોના ક્ષય માટે સર્વવિરતિના માર્ગે આગળ વધવાનો નિર્ણય કરી લીધો. પોતાની જાતે જ કેશનો લોચ કરી રામચંદ્રજી તરફ કેશ ફેંકી તેઓ વિરતિના માર્ગે ચાલી નીકળ્યાં.

*"ધન્ય છે આપના સત્ત્વને, શીલને, વિવેકને અને જ્ઞાનને.. જ્યારે ઉન્નત મસ્તકે નગરીમાં પ્રવેશ કરવાનો હતો ત્યારે આપે નતમસ્તકે સર્વનો ત્યાગ કર્યો. જીવનમાં સર્વસ્વની પ્રાપ્તિની અમૂલ્ય ક્ષણે આપે સર્વસ્વનો ત્યાગ કર્યો"*

## ૮. (૬૧) નંદા - શ્રીમતી નંદા (સુનંદા)

શ્રીમતી નંદા બેનાતટ નગરના ધનપતિ શેઠના પુત્રી તથા શ્રેણિક મહારાજાનાં પટરાણી અને અભયકુમારનાં માતા હતાં. યુવાવસ્થામાં શ્રેણિક રાજા પોતાના પિતાથી રિસાઈને બેનાતટ નગરે ચાલ્યા ગયા હતા. ધનપતિ શેઠના પડતીના કાળમાં શ્રેણિકથી તેમની ઉન્નતિ થઈ એટલે તેમણે પોતાની સુનંદા નામની પુત્રી તેને પરણાવી. તે ગર્ભવતી હતી ત્યારે શ્રેણિક પુન: રાજગૃહી ચાલ્યા ગયા... સુનંદાને કેટલાક વર્ષો પતિનો વિયોગ સહન કરવો પડ્યો, પણ તે ધર્મપરાયણ અને શીલમાં અડગ રહી. બુદ્ધિનિદાન એવા પુત્ર અભયકુમારે કુશળતા અને સ્વાભિમાનપૂર્વક માતા નંદા અને પિતાનું પુન: મિલન કરાવ્યું.

અભયકુમારમાં વૈરાગ્યના સંસ્કારોનું સિંચન કરનારી આ માતાએ પણ અભયકુમારની જેમ વીરપ્રભુ પાસે દીક્ષા લીધી હતી. કર્મ ખપાવી તેઓ અનુત્તર વિમાનમાં દેવ થયા છે અને ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

*"હે દેવી ! આપને વંદન કરી પ્રાર્થના કરીએ કે સંકટ સમયે આપ જેવી ધર્મપરાયણતા અને શીલભંગથી બચવાની શક્તિ અમને પણ પ્રાપ્ત થાય."*

## ૯. (૬૨) ભદ્દા - શ્રીમતી ભદ્રામાતા

શાલિભદ્રની માતા અને ગોભદ્ર શેઠનાં શેઠાણી ભદ્રામાતા એક જાજ્વલ્યમાન વ્યક્તિત્વ ધરાવતાં હતાં. તેમણે શ્રી શાલિભદ્રજીને કેવા સંસ્કારોનું સિંચન કર્યું હશે કે દોમ દોમ સાહ્યબીને શાલિભદ્રજી એક ક્ષણવારમાં છોડી શક્યા. તેમની પુત્રી સુભદ્રાને પણ તેઓએ કેવી કેળવણી આપી હશે કે, પિતાના ઘરનો આટલો વૈભવ હોવા છતાં, સાસરામાં આવેલી આપત્તિના સમયે સુભદ્રાજીને પિયર જવાનું મન ન થયું, પણ સુસંસ્કારી નારીની જેમ તેઓએ અનેક તકલીફો વચ્ચે માટીના તગારા ઉપાડી સાસુ-સસરાની સેવા કરવામાં આનંદ અનુભવી ભદ્રામાતાના કુળને દીપાવ્યું.

નેપાળના વેપારીઓને જ્યારે મગધમાં પોતાની રત્નકંબલને લેનાર કોઈ મળ્યું નહિ, ત્યારે તેઓ નિરાશવદને પાછા ફરી રહ્યા હતા. આ જોઈ ભદ્રામાતાને થયું આમાં તો મારા રાજાની આબરું જાય છે. તેથી તેમણે દાસી દ્વારા વેપારીઓને બોલાવ્યા, વેપારી ના પાડવા લાગ્યા, ત્યારે દાસી કહે મારાં શેઠાણી દર્શન કરવા યોગ્ય છે, એકવાર તેમનાં દર્શન કરવા પધારો. વેપારી આવ્યા. દાસીના આવા વચનથી જણાય છે કે, તેઓ દરેકની કેવી સારસંભાળ લેતાં હશે. ઉદારદિલ આ શેઠાણીએ ૧૬ રત્નકંબલો ખરીદી લીધી અને તેના બે-બે ટૂકડા કરી પોતાની બત્રીસ વહુઓને આપી દીધી. નેપાળના વેપારીઓના આશ્ચર્યનો પાર ન રહ્યો.

ભદ્રા શેઠાણીએ એક દિવસ પણ પુત્રને કોઈ કષ્ટ પડવા દીધું નહોતું. બધો ધંધો સ્વયં કરતાં. જ્યારે શાલિભદ્રજી દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેઓ સ્વયં ભેટણું લઈ રાજા પાસે ગયા અને રાજાના સાથ-સહકારથી દબદબાપૂર્વક શાલિભદ્રની દીક્ષા કરી. અનુક્રમે ભદ્રામાતાએ પણ વૈરાગ્ય પામી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી અને સમાધિ સાધી દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી તેઓ મોક્ષે જશે.

*"ભદ્રામાતાને વંદન કરી તેમના જેવી માવજત કરવાની ક્ષમતા, ઉદારતા અને ઔચિત્યની પ્રાર્થના કરીએ."*

## ૧૦. (૬૩) સુભદ્દા - શ્રીમતી સુભદ્રા સતી

સુભદ્રા સતીના પિતા જિનદાસ અને માતા તત્ત્વમાલિની હતાં. સુભદ્રાએ જૈનધર્મના તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરેલો. તેથી તેમના પિતાની ઇચ્છા હતી કે, તેને યોગ્ય ધર્મી વર સાથે જ પરણાવવી. સુભદ્રાના રૂપથી મોહિત થયેલા બુદ્ધદાસે તેને મેળવવા પોતે જૈનધર્મ પ્રત્યે અડગ આસ્થાવાળા છે તેવો આભાસ ઊભો કર્યો. કર્મની વિચિત્રતાના કારણે સુભદ્રાજીના પિતાને બુદ્ધદાસનો સ્વાંગ સત્ય જણાયો અને તેમણે સુભદ્રાને તેને પરણાવી.

સાસરિયા બૌદ્ધ ધર્મી હોવાથી તેઓ સુભદ્રાને અનેક પ્રકારે સતાવતાં હતાં. આમ છતાં સુભદ્રાજી પોતાના ધર્મથી જરાપણ ચલિત ન થયાં. એક વખત મુનિની આંખમાંથી તણખલું કાઢતાં સુભદ્રાનો ચાંલ્લો મુનિના મસ્તકે લાગી ગયો. સાસુએ તે જોઈ સુભદ્રા ઉપર આળ મૂક્યું.

નિર્દોષ સાધુની વૈયાવચ્ચ કરતાં સતીને માથે કલંક આવ્યું. સુભદ્રાએ ત્યારથી અન્નજળનો ત્યાગ કર્યો. પૂર્વે કરેલાં પાપોનું આ ફળ છે એમ માની પોતાની થતી લોકનિંદાને સહન કરી. ધર્મનું રક્ષણ કરનારાઓનું રક્ષણ કરવા દેવતાઓ જીવતા જાગતા હોય છે. શાસનદેવતા તેની સહાયે આવ્યા. તેઓએ ચંપાનગરીના ચારે દ્વાર બંધ કરી દીધાં. દ્વાર તોડવાનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો. નગરમાં હાહાકાર મચી ગયો. ત્યાં આકાશવાણી થઈ 'જો કોઈ સતી સ્ત્રી કાચા સૂતરના તાંતણે આટો ચાળવાની ચારણીથી કૂવામાંથી પાંણી કાઢી દરવાજા ઉપર છાંટશે તો જ દરવાજા ઉઘડશે.'

ગામની અનેક સ્ત્રીઓએ પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ. સુભદ્રાએ સાસુ પાસે દ્વાર ઉઘાડવા જવાની આજ્ઞા માંગી. બધા નગરજનોના આશ્ચર્ય વચ્ચે તેણે નવકારનું સ્મરણ કરી ચારણીથી પાણી કાઢ્યું અને ત્રણ ત્રણ દરવાજે છાંટ્યું. દરવાજા ખૂલી ગયા. ચોથો દરવાજો ખોલવા બીજા કોઈને આવવું હોય તો આવી શકે એમ કહી બાકી રાખ્યો. આ પ્રસંગથી જૈનધર્મનો - શીલધર્મનો જયજયકાર થયો. આખરે દીક્ષા લઈ તેઓ મોક્ષે ગયાં.

*"હે દેવી ! સંકટના સમયમાં પણ આપે જે ધીરતા અને ગંભીરતા દાખવી અને કર્મ પ્રત્યેની શ્રદ્ધા સ્થિર રાખી તે અતિ અનુમોદનીય છે. આપના આ ગુણ પ્રત્યે આદર કરી અમને પણ એવી ધીરતા પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીએ."*

ગાથા :

**राइमई रिसिंदत्ता, पउमावइ अंजणा सिरीदेवी ।**
**जिट्ठ सुजिट्ठ मिगावइ, पभावई चिल्लणादेवी ।।९।।**

**સંસ્કૃત છાયા :**

राजिमती ऋषिदत्ता पद्मावती अञ्जना श्रीदेवी
ज्येष्ठा सुज्येष्ठा मृगावती, प्रभावती चेल्लणादेवी ।।९।।

**શબ્દાર્થ :**

રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજનાસુંદરી, શ્રીદેવી, (તથા ચેડારાજાની પુત્રીઓ) જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચેલ્લણા રાણી. ॥૯॥

**વિશેષાર્થ :**

## ११. (६४) राइमई - રાજિમતી

મનમાં સંસારનાં સુખ ભોગવવાના અનેક કોડ ભર્યા હોય પણ પતિ વૈરાગી બની ચાલ્યો જાય ત્યારે પણ શીલ ટકાવી રાખવું અને પોતાની ઇચ્છાઓને ત્યજી પતિના માર્ગનું અનુસરણ કરવું આ રાજુલનો (રાજિમતીનો) મોટામાં મોટો ગુણ હતો. ઉગ્રસેન રાજાની પુત્રી રાજિમતીજી શ્રી નેમનાથ પ્રભુ કેવળજ્ઞાન પામ્યા ત્યારે તેમની પાસે સંયમ સ્વીકારી તેમના પ્રથમ સાધ્વી બન્યાં હતાં.

એકદા શ્રી નેમનાથ પ્રભુના લઘુબંધુ રથનેમિ, તેમનું રૂપ જોઈ તેમના પ્રત્યે મોહિત થઈ સંયમથી ડગી ગયા હતા; પરંતુ આ મહાસતીએ સુંદર શિખામણ આપી, તેમને પુનઃ સંયમમા સ્થિર કર્યા હતા. કાળક્રમે સર્વ કર્મનો ક્ષય કરી તેઓ મુક્તિ પામ્યાં.

*"પ્રિયતમના વૈરાગ્યભીના પંથે પગ માંડનાર હે મહાસતીજી આપને ધન્ય છે ! દુનિયા જ્યારે રાગના સંબંધો બાંધવા મથે છે ત્યારે આપે નવ ભવના રાગના સંબધને તોડવા પ્રયત્ન કર્યો, રાગી બનીને આપના શરણે આવેલા રથનેમિને આપે સંયમમાં સ્થિર કર્યા. આ ગુણ અમને પણ પ્રાપ્ત થાઓ !"*

## ૧૨. (૬૫) रिसिदत्ता - મહાસતી ઋષિદત્તા.

પરમ સુખમાં પણ દુઃખ આપનારો એક દુર્ગુણ છે - ઇર્ષ્યા. ઇર્ષ્યાનું મારણ કરવાની ક્ષમતા ઉદારતા નામના સદ્ગુણમાં છે. ઋષિદત્તાના ચરિત્રમાંથી જીવનમાં કેવી ઉદારતા હોવી જોઈએ તે સમજવા મળે છે.

ઋષિદત્તા એક ઋષિની કન્યા હતી. તેના પિતાને વૈરાગ્ય થયો ત્યારે તેની માતા રાણી પ્રીતિમતીએ સગર્ભાવસ્થામાં સંન્યાસ સ્વીકારેલો. ત્યારબાદ આશ્રમમાં ઋષિદત્તાનો જન્મ થયો. જન્મતાં જ તેની માતા મૃત્યુ પામી, તેથી તેના પિતાએ તેનો ઉછેર કરેલો. તે રૂપ, લાવણ્ય અને ગુણોનો ભંડાર હતી. જંગલમાં તેના શીલની રક્ષા કરવા માટે તેના પિતાએ તેને એક અંજન આપેલું જેનો ઉપયોગ કરવાથી તે પુરુષ જેવું રૂપ ધારણ કરી શકતી.

એક વખત હેમરથ રાજાનો પુત્ર કનકરથ રુક્મિણી નામની રાજકન્યાને પરણવા જઈ રહ્યો'તો. રસ્તામાં તેણે ઋષિદત્તાના આશ્રમ પાસે પડાવ નાંખ્યો. ત્યાં તેનો મેળાપ ઋષિદત્તા અને તેના પિતા સાથે થયો. પિતાની ઇચ્છાથી ત્યાં જ તેણે ઋષિદત્તા સાથે લગ્ન કર્યાં.

સંતોષી કનકરથ ઋષિદત્તાને પરણી પાછો વળ્યો. આ સમાચાર રુક્મિણીને મળ્યા. તેનાથી આ બિલકુલ સહન ન થયું. તેણે ઋષિદત્તાને કલંકિત કરવા એક જોગિણીને સાધી અને તેના દ્વારા ષડ્યંત્ર કરી ઋષિદત્તા માણસ-માંસભક્ષિણી રાક્ષસી છે તેવું પૂરવાર કર્યું. કનકરથના પિતાએ ઋષિદત્તાને નગરની બહાર ચિતામાં બાળી મૂકવાનો આદેશ કર્યો, પણ ભાગ્યયોગે તે બચી ગઈ.

ઋષિદત્તા મરી ગઈ છે એમ માની કનકરથના પિતાએ તેને પુનઃ રુક્મિણી સાથે લગ્ન કરવા આગ્રહ કરી મોકલ્યો. વળી પાછું તે જ જંગલ આવ્યું અને ત્યાં કનકરથનો એક ઋષિપુત્ર સાથે ભેટો થયો. વાસ્તવમાં તે પુરુષવેશમાં રહેલી ઋષિદત્તા જ હતી. કનકરથને તે ઋષિપુત્ર પ્રત્યે અતિ સ્નેહ પ્રગટ્યો. તેથી તે તેને સાથે લઈ રુક્મિણીને પરણવા આગળ ચાલ્યો.

રુક્મિણીની સાથે લગ્ન થયાં ત્યારે પ્રથમ રાત્રિએ જ રુક્મિણીએ કનકરથને પોતે તેને મેળવવા શું શું કર્યુ, ઋષિદત્તાને કેવી રીતે કલંકિત કરી વગેરે જણાવ્યું. કનકરથ તો આ સાંભળી ક્રોધથી ભભૂકી ઉઠ્યો. તેણે અગ્નિપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. સાથે આવેલ ઋષિકુમારે બહુ સમજાવ્યું, પણ તેનો દૃઢ નિર્ણય હતો કે હવે

ઋષિદત્તા વગર નહિ જીવું. ઋષિએ કહ્યું કે હું ઋષિદત્તાને લઈ આવું છું. ઋષિદત્તા પ્રગટ થઈ અને તેણે પતિની પાસે પ્રતિજ્ઞા કરાવી કે તમારે મારી સાથે કરો છો તેના કરતાં પણ રુક્મિણી સાથે વધુ સારો વ્યવહાર કરવો.

પોતાને કલંક લગાડનાર શોક્ય પ્રત્યે આવી ઉદારતા રાખવી એ સામાન્ય સ્ત્રી માટે શક્ય નથી. નહિ જેવી વસ્તુ આદિ માટે પણ આપણામાં ઉદારતા નથી આવતી, ત્યાં આ રીતે પતિના પ્રેમ સંબંધી પણ ઉદારતા દાખવવી એ ઘણી મોટી વાત છે. ઋષિદત્તાએ આજીવન રુક્મિણિ સાથે સગી બેનની જેમ જીવન જીવી ગૃહસ્થ જીવન સાર્થક કર્યું અને પોતાના પૂર્વ ભવોને જાણી જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્ય પામી, સંયમ જીવન સ્વીકારી, કર્મ ખપાવી મોક્ષે ગઈ.

*"ધન્ય છે આવા સતીને જેમણે મરણાંત ઉપસર્ગ આપનારને પણ ક્ષમા આપી, તેને બેન માની, તેનો અપરાધ ક્યારેય યાદ કર્યો નહિ કે, કરાવ્યો નહિ; ઊલટું તેની ઉપર પ્રેમની વર્ષા કરી. તેમને પ્રાત: કાળે સ્મરણ કરી આપણે પણ ઇર્ષ્યા જેવા દુર્ગુણથી મુક્તિ મળે અને ઉદારતા પ્રાપ્ત થાય તે માટે યત્ન કરીએ."*

## १३. (६६) पउमावइ - રાણી પદ્માવતી

ચેડા રાજાને સાત પુત્રીઓ હતી. આ સાતેય સતી હતી અને ભરહેસરની આ સજ્ઝાયમાં તે સાતેનાં નામ ગૂંથાયેલાં છે. હવે એક પછી એક તે સતીઓના નામો લેવાય છે.

શ્રીમતી પદ્માવતીજી પણ આ સાતમાંના એક હતાં. તેમનાં લગ્ન ચંપાપુરીના દધિવાહન રાજા સાથે થયેલાં. સગર્ભાવસ્થામાં તેઓને દોહદ જાગ્યો'તો કે 'હું રાજાનો પોશાક પહેરી હાથી ઉપર બેસીને ક્રીડા કરવા જાઉં અને રાજા પાસે છત્ર ધરાઉં.' આ દોહદ પૂરો કરવા તેઓ વનવિહાર કરવા ગયાં. ત્યાં હાથી ગાંડો થઈ ભાગવા લાગ્યો. રાજા એક વડની ડાળીએ લટકી ગયા પણ પદ્માવતીજી તેવું ન કરી શક્યાં. છેલ્લે હાથી પાણી પીવા ઊભો રહ્યો ત્યારે તેઓ ઉતરીને નિર્જન વનમાં એકલાં અટૂલાં ફરવા લાગ્યાં. ત્યાંથી એક તાપસ આશ્રમમાં ગયા. આગળ જતાં તેમનો સાધ્વીજીઓની સાથે પરિચય થયો. પોતે સગર્ભા છે તે વાત છૂપાવી તેમણે દીક્ષા લીધી. કાળક્રમે તેમને પુત્ર થયો. જેને તેઓ સ્મશાનમાં છોડી આવ્યા. એક વખત પિતા દધિવાહન રાજા અને પોતે ત્યજી દીધેલ પુત્ર કરકંડુ વચ્ચે યુદ્ધ થયું. તેઓએ તે યુદ્ધને અટકાવી સર્વને કર્મની પરિસ્થિતિ સમજાવી સંસારનો ત્યાગ કરાવ્યો.

*"હે પદ્માવતી રાણી ! આપત્તિના સમયમાં દીન કે હતાશ બન્યા વગર આપે ધર્મનો આશરો લીધો, લીધેલા સંયમને અખંડ રીતે પાળવા પુત્રસ્નેહનો પણ ત્યાગ કર્યો. ધન્ય છે આપની નિસ્પૃહતા અને નિર્મમતાને આપને વંદન કરી આપના જેવા થવા પ્રાર્થના કરીએ."*

## ૧૪. (૬૭) अंजणा - શ્રીમતી અંજનાસુંદરી

વીર હનુમાનની માતા અંજનાસુંદરીના નામ સાથે કર્મની વિચિત્રંતા અને વિપરીત પરિસ્થિતિઓમાં તેઓશ્રીએ રાખેલી સ્થિરતા, ધીરતા, ગંભીરતા સહજ ઉપસ્થિત થઈ જાય છે.

મહાસતી અંજના મહેન્દ્રરાજાની પુત્રી હતાં. તથા પ્રહ્‌લાદરાજાના પુત્ર પવનંજય તેમના પતિ હતાં. લગ્નના દિવસથી જ પવનંજયે ખોટા શકથી અંજનાનો ત્યાગ કર્યો હતો. અનેકવાર પ્રયત્ન કરવા છતાં પવનંજયના વર્તાવમાં કોઈ ફરક નહોતો પડ્યો. ૨૨ વર્ષ સુધી આ જ ક્રમ ચાલ્યો. એકવાર પવનંજય યુદ્ધમાં જતા હતા. અંજનાસુંદરી તેમને સારા શુકન આપવા દહીંની વાડકી લઈને ઊભાં'તાં. અંજનાને જોતાં જ પવનંજય ગુસ્સે થઈ ગયા. ગામના લોકો વચ્ચે વાડકીને લાત મારી અને અંજનાને હડસેલી તેઓ આગળ વધ્યા. અંજનાની સખી કહેવા લાગી કે, તારો પતિ તો મૂર્ખો છે, કોઈ વાંક વિના આવું તે કરાતું હશે ?

અપમાન, તિરસ્કાર, ધિક્કાર થવા છતાં પણ અંજના સતી કહે છે કે, **'મારા પતિનો કોઈ દોષ નથી - દોષ મારા કર્મનો છે.'** કેવી હશે તેમની કર્મ પ્રત્યેની શ્રદ્ધા કે આટલી સ્વસ્થતાથી ગામ વચ્ચે થયેલું અપમાન પણ જીરવી શક્યાં, ન કોઈનો વાંક કાઢ્યો કે ન આર્ત્તધ્યાન કર્યું.

યુદ્ધની વાટે પવનંજયે એક ચક્રવાકીને તેના પતિ માટે ઝૂરતી જોઈ. તે જોતા જ તેમને અંજના યાદ આવી. આકાશમાર્ગે તેઓ અંજના પાસે આવ્યા. રાત આખી અંજના સાથે વિતાવી. સવારે પરત ફરતા હતા ત્યારે અંજનાએ કહ્યું કે 'પ્રાણનાથ ! આપ આવ્યા છો તેની કોઈને ખબર નથી મને ગર્ભ રહેશે તો હું જવાબ શું આપીશ ?' તેથી પવનંજય તેની મુદ્રિકા આપી પુન: યુદ્ધમાં ગયા.

અંજનાને ગર્ભ રહ્યો. વાત વહેતા વહેતા અંજનાના સાસુ-સસરા સુધી પહોંચી. તેઓ જાણતા હતા કે તેમનો પુત્ર પવનંજય તો અંજના સામું જોતો પણ નથી. તેથી તેમણે અંજનાને વ્યભિચારી માની અને કર્મની વિચિત્રતાથી ગર્ભવતી અંજનાને

કલંકિની જાહેર કરી પિતાને ત્યાં મોકલી દીધી. ત્યાં પણ ૧૦૦ ભાઈઓમાંથી કોઈએ અંજનાની વાત ન માની, તેથી તે એકલી અટૂલી વનમાં ગઈ. વનમાં તેણીએ તેજસ્વી 'હનુમાન'ને જન્મ આપ્યો.

યુદ્ધ કરી પાછા આવી પવનંજયે પ્રિયાને ન દીઠી. વાતની જાણ થતાં તેઓ શીલપાલનમાં અડગ સતીને શોધવા નીકળ્યા. ઘણી મહેનતે બન્નેનો મેળાપ થયો.

*"ધન્ય છે અંજના સતીને ! કોઈ ગુના વિના ૨૨-૨૨ વર્ષો સુધી પોતાને ગુનેગાર માનનાર પતિ પ્રત્યે તેમને ક્યારેય અભાવ, દુર્ભાવ કે અણગમો ન કર્યો. પોતાને કલંક આપનાર સાસુ-સસરા માટે પણ મનમાં કોઈ કુવિચાર ન કર્યો. માતા-પિતા અને સગા ભાઈઓએ તિરસ્કારી તેમ છતાં તેણે તેમના નિર્ણય વિરુદ્ધ કોઈ ફરિયાદ ન કરી. સર્વ પરિસ્થિતિમાં પોતાના જ કર્મને અપરાધી ગણી શુભધ્યાનમાં મન સ્થિર રાખ્યું. આવાં સતીના ચરણોમાં મસ્તક ઝૂકાવી આપણે પણ આવી શક્તિની પ્રાર્થના કરીએ."*

## ૧૫. (૬૮) सिरीदेवी - श्रीदेवी

શ્રીદેવી સતી શ્રીધર રાજાની પરમ શીલવ્રતી પત્ની હતી. તેઓને એક પછી એક એમ બે વિદ્યાધરોએ હરણ કરી, શીલથી ડગાવવા ઘણી કોશિશ કરી હતી; પણ તેઓ પર્વતની જેમ નિશ્ચલ રહ્યાં હતાં. અંતે ચારિત્ર લઈ તેઓ સ્વર્ગે ગયા અને ત્યાંથી મોક્ષે જશે.

*"ધન્ય છે શ્રીદેવી સતીને જેમણે શીલધર્મને જ પોતાનો પ્રાણ અને ત્રાણ માન્યો અને તેની રક્ષા માટે સંકટોને સહર્ષ સ્વીકાર્યાં".*

## ૧૬. (૬૯) जिट्ठ - શ્રીમતી જ્યેષ્ઠા

જ્યેષ્ઠાજી પણ ચેડા રાજાની સાત પુત્રીમાંનાં એક હતાં. તેઓ વીરપ્રભુના મોટા ભાઈ નંદિવર્ધન રાજાનાં પત્ની હતાં. પ્રભુ પાસે બાર વ્રત ગ્રહણ કરી તેઓએ દૃઢતાથી તેને પાળ્યા હતા. તેમના શીલની ઇન્દ્રે પણ સ્તુતિ કરી હતી.

*"શીલાદિ ધર્મમાં અડગ રહેનાર હે મહાસતીજી ! સેંકડો પ્રલોભનો વચ્ચે પણ આપની વ્રતપાલનની અડગતાને અમે કોટિ કોટિ પ્રણામ કરીએ છીએ."*

## ૧૭. (૭૦) सुजिट्ठ - સુજ્યેષ્ઠા સતી

સુજ્યેષ્ઠાજી પણ ચેડા રાજાની પુત્રી હતાં. તેઓ જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધા ધરાવતા હતા. એકવાર તેમણે પોતાના જ્ઞાનથી તાપસને વાદમાં હરાવેલો. તે તાપસે વૈર વાળવા શ્રેણિક રાજાને તેનું ચિત્ર બતાવી તેની ઉપર મોહિત કર્યા. ચેડા રાજાએ માંગું ઠુકરાવતાં શ્રેણિકમહારાજા સુરંગ વાટે સુજ્યેષ્ઠાને લઈ જવા આવ્યા. સુજ્યેષ્ઠાની પ્રાણપ્યારી બેન ચેલ્લણા પણ સાથે જવા તૈયાર થઈ. બન્ને રથમાં બેઠાં, પણ સુજ્યેષ્ઠા આભૂષણોનો ડબ્બો લેવા પાછી ગઈ. ત્યાં તો કોલાહલ મચી ગયો. સૈનિકો પાછળ પડ્યા, યુદ્ધ થયું, કર્મકૃત સંયોગ-વિયોગના ખેલમાં સુજ્યેષ્ઠાજી ત્યાં જ રહી ગયા અને ચેલ્લણાને લઈ શ્રેણિક મહારાજા ચાલ્યા ગયા. આ પ્રસંગ પામી સુજ્યેષ્ઠાજીનો રાગ વિરાગમાં પલટાઈ ગયો અને તેમણે સંયમજીવન સ્વીકાર્યું.

સુકોમળ શરીરવાળાં એવા સુજ્યેષ્ઠાજી સંયમ સ્વીકારી શરીરની મમતા તોડવા વિવિધ પરિષહો સહન કરવા લાગ્યા. એક વખત તેઓ અગાશી ઉપર આતાપના લેતા ઊભા હતા. ત્યાં એક વિદ્યાધર તેમની ઉપર મોહિત થઈ ગયો. તેણે ભમરાનું રૂપ ધારણ કર્યું અને સાધ્વી સુજ્યેષ્ઠાની યોનિમાં પોતાનું વીર્ય સ્થાપન કર્યું. સાધ્વી ગર્ભવતી થયા. લોકો નિંદા કરવા લાગ્યા, ત્યારે જ્ઞાની ગુરુભગવંતે સત્ય હકીકત જણાવી, તેમને નિર્દોષ જણાવ્યા. કાળક્રમે તેમને સત્યકી નામના પુત્રને જન્મ આપ્યો. ઉપાશ્રયમાં મોટા થતાં થતાં તે અગિયાર અંગનો જ્ઞાતા થયો. શ્રીમતી સુજ્યેષ્ઠા સુંદર સંયમનું પાલન કરતાં તીવ્ર તપશ્ચર્યા કરી કર્મ ખપાવી મોક્ષે ગયા.

> *"હે સુજ્યેષ્ઠાજી ! આપને હૃદયપૂર્વક વંદના કરતાં વિનવીએ કે, અમારામાં પણ તમારા જેવા વૈરાગ્ય અને કર્મ ખપાવવાનો ઉલ્લાસ પ્રગટાવજો."*

## ૧૮. (૭૧) मिगावइ - મૃગાવતી

ચેડા રાજાની પુત્રી, શતાનિક રાજાની પત્ની તથા ઉદયન રાજાની માતા હોવા છતાં પણ સાંસારિક સંબંધે પોતાની ભાણેજ ચંદનબાળાજીને ગુરુ તરીકે સ્વીકારીને તેમનો ઠપકો સાંભળવો એ કાંઈ સહેલી વાત નથી. તે માટે તો અભિમાનને નાથવો પડે. સરલતા અને નમ્રતા કેળવવી પડે. આર્યા મૃગાવતીજીએ આ જ ગુણોને અત્યંત આત્મસાત્ કર્યા હતા અને માટે જ તેઓ સાચાં શિષ્ય બની શક્યાં.

એકવાર તેઓ બધાં સાધ્વીજીઓ સાથે વીરપ્રભુની દેશના સાંભળવા ગયાં'તાં. ત્યાં સૂર્ય-ચંદ્ર મૂળ વિમાને આવેલા, તેથી રાત પડી ગઇ છે એવું જણાયું નહિ. બીજા સાધ્વીજીઓ તો સમયનો ખ્યાલ રાખી મુકામમાં આવી ગયાં; પરંતુ મૃગાવતીજી દેશના સાંભળવામાં એકધ્યાન બની ગયેલા. તેથી તેઓ સૂર્ય-ચંદ્ર ગયા પછી રાત્રે વસતિમાં પાછાં વળ્યાં.

ગુરુણી ચંદનબાળાજીએ તેમને ઠપકો આપ્યો, 'તારા જેવી કુલીન આવો પ્રમાદ કરે !' તેઓ આ સમયે અનેક રીતે પોતાનો બચાવ કરી શકત; પરંતુ સાચા શિષ્યને છાજે તેમ તેઓએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. ગુરુને ખમાવ્યા અને એક દોષ નિર્મૂળ કરતાં કરતાં તેમના સર્વ દોષો નાશ પામ્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

*"સ્વદોષના ગવેષક હે મૃગાવતીજી ! આપના ચરણે મસ્તક મૂકી અમે ભૂલનો બચાવ કરવાની કુટેવને બાજુ પર મૂકી પોતાની ભૂલને સુધારવાનું સામર્થ્ય પ્રાપ્ત કરીએ તેવી પ્રાર્થના કરીએ છીએ."*

## ૧૯. (૭૨) पभावई - શ્રીમતી પ્રભાવતી

પ્રભાવતી રાણી પણ ચેડારાજાની પુત્રી અને સિંધ દેશના વીતભય નગરના ઉદયન રાજાનાં પટ્ટરાણી હતાં. પૂર્વમાં કરેલા પાપના પ્રક્ષાલન માટે કુમારનંદી સોનીએ જીવિતસ્વામીની અદ્‌ભુત પ્રતિમાનું નિર્માણ કરેલ. આ પ્રતિમા કાળક્રમે પ્રભાવતી રાણી પાસે આવી. મંદિરમાં પધરાવી તેઓ તે પ્રભુની નિત્ય અપૂર્વ ભક્તિ કરતાં હતા. એકવાર તેમણે દાસી પાસે પૂજાના વસ્ત્રો મંગાવ્યા; પરંતુ તેમણે તે વસ્ત્રો હતાં તેનાથી જુદાં દેખાયા. આ પ્રસંગ પરથી તેમણે જાણ્યું કે પોતાનું મૃત્યુ હવે નજીક છે. તેથી તેમણે વૈરાગ્યથી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. સુંદર સંયમનું પાલન કરી સમાધિમૃત્યુ પામી દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી એકાવતારી થઈ તેઓ મોક્ષે જશે.

*"હે પ્રભાવતી દેવી ! આપની પ્રભુભક્તિને કોટિ કોટિ વંદન. જેના પ્રભાવે આપ સર્વ સંગના ત્યાગ દ્વારા મુક્તિને વરી શક્યાં. અમારામાં પણ આપ જેવી ભક્તિ પ્રગટે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ."*

## ૨૦. (૭૩) चिल्लणादेवी - ચેલ્લણા સતી

સુજ્યેષ્ઠા અને ચેલ્લણા બંને ચેડા રાજાની પુત્રીઓ. એકબીજા વગર રહી ન શકે. ૬૪ કળાઓમાં નિપુણ અને રૂપમાં રંભાને શરમાવે તેવી આ બેનો ધર્મશાસ્ત્રમાં પણ નિપુણ હતી અને વીરપ્રભુના વચનને માનનારી પરમ શ્રાવિકાઓ હતી.

શ્રેણિક મહારાજાનું ચિત્ર જોઈ સુજ્યેષ્ઠા તેમની ઉપર મોહિત થઈ હતી. પણ ચેડા રાજાને પોતાની દીકરી શ્રેણિક સાથે પરણાવવી નહોતી, તેથી શ્રેણિક મહારાજા સુરંગ વાટે સુજ્યેષ્ઠાને પરણવા આવ્યા હતા; પરંતુ કર્મસંયોગે તેઓ ચેલ્લણાને પરણી પાછા ફર્યા.

ચેલ્લણા સતીને ખરાબ દોહદ સાથે કોણિક નામે પુત્ર થયેલ. ચેલ્લણાજી પોતાની ઇચ્છા મુજબ સદા ઉત્તમ ધર્મારાધના કરી શકે તે માટે શ્રેણિકમહારાજાએ તેમના માટે એક સ્થંભી મહેલ બનાવ્યો હતો. જ્યાં તેઓ દેવ-ગુરુભક્તિમાં લીન રહેતાં.

'ઇચ્છકાર સુહ રાઈ ? સ્વામી શાતા છે જી ?' આવું બોલી સાધુની શાતા તો સહુ કોઈ પૂછે છે પણ ચેલ્લણા સતીના હૈયામાં ખરો ભક્તિરાગ હતો. તેઓને સાધુના સંયમની સતત ચિંતા રહેતી. એક મધ્યરાત્રિએ ઠંડો પવન ફુંકાતો હતો. સાધુભગવંતની ચિંતાથી ચેલ્લણાજી ઉંઘમાંને ઉંઘમાં જ બોલ્યાં 'તેઓને શું થતું હશે ?' શ્રેણિક મહારાજાને આ સાંભળતા જ તેઓ પર શંકા ગઈ કે, ચેલ્લણા રાણી નક્કી કોઈ પરપુરુષની ચિંતા કરી રહ્યા છે. આવેશમાં આવેલા શ્રેણિક મહારાજાએ સવારના અભયકુમારને અંત:પુર બાળી નાંખવાનો આદેશ કર્યો. બુદ્ધિનિધાન અભયકુમારે ચેલ્લણા સતી આદિને બીજા સ્થાને ખસેડી અંત:પુર બાળી નાંખ્યું. શ્રેણિક મહારાજા તો આદેશ કરી વીરપ્રભુને વાંદવા ગયા. ત્યાં તેમણે પ્રભુવચનથી જાણ્યું કે ચેલ્લણા તો સતી છે. આ વાત સાંભળી શ્રેણિક મહારાજાને આનંદ થયો અને સાથે ગભરાટ પણ થયો કે ક્યાંક અભયકુમારે અંત:પુર બાળી ન નાંખ્યું હોય. તેથી તેઓ તુરંત પાછા વળ્યા. ગામમાં પ્રવેશતાં જ તેમણે અભયકુમારને જોયો અને પૂછ્યું કે અંત:પુર બાળી નાંખ્યું. અભયકુમારે જવાબ આપ્યો 'હા.' સાંભળતાં જ શ્રેણિક મહારાજાએ કહ્યું 'હવે તારું મોઢું મને ન બતાવતો.' અભયકુમાર તો આ શબ્દો સાંભળવાની રાહ જોતા હતા. તુરંત જ તેઓએ વીરપ્રભુ પાસે જઈ સંયમ સ્વીકારી લીધું.

ચેલ્લણાજી તો જીવતા હતા. તેમણે તે પછી વર્ષો સુધી પતિની ભક્તિ કરી. જ્યારે પુત્ર કોણિકે પિતા શ્રેણિકરાજાને જેલમાં પૂર્યા ત્યારે પણ ચેલ્લણા દેવી રોજ તેમની સેવા કરવા જતાં. દૃઢ પતિવ્રતા શ્રીમતી ચેલ્લણાએ અંતે વીરપ્રભુ પાસે સંયમ સ્વીકાર્યું અને સુંદર આરાધના કરી સિદ્ધ થયા.

*"હે દેવી ! આપની દેવ-ગુરુભક્તિને પ્રણામ કરી આપના જેવા ભક્તિના ગુણને ઇચ્છીએ છીએ."*

ગાથા :

**बंभी सुंदरी रुप्पिणी, रेवइ कुंती सिवा जयंती अ**
**देवइ दोवइ धारणी, कलावई पुप्फचूला य ।।१०।।**

**સંસ્કૃત છાયા :**

ब्राह्मी सुन्दरी रुक्मिणी रेवती कुन्ती शिवा जयन्ती च
देवकी द्रौपदी धारणी, कलावती पुष्पचूला च ।।१०।।

**શબ્દાર્થ :**

બ્રાહ્મી, સુંદરી, રુક્મિણી, રેવતી, કુંતી, શિવા, જયન્તી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી અને પૂષ્પચૂલા ॥૧૦॥

**૨૧.૨૨ (૭૪-૭૫) બંભી-સુંદરી - શ્રીમતી બ્રાહ્મી અને શ્રીમતી સુંદરી :**

ઋષભદેવ પરમાત્માને સુમંગલા રાણીથી ભરત અને બ્રાહ્મી નામનું એક યુગલ અને સુનંદાથી બાહુબલી અને સુંદરી નામનું બીજું યુગલ હતું. બ્રાહ્મી અને સુંદરી બન્ને વિદુષી હતી. બ્રાહ્મીને ઋષભદેવે લિપિજ્ઞાન આપ્યું અને સુંદરીને ગણિતમાં પ્રવિણ બનાવી. આ ઉપરાંત તેઓને ૬૪ કળાનું જ્ઞાન પણ આપ્યું જ્યારે ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારે બ્રાહ્મીએ દીક્ષા લીધી; પરંતુ ભરતમહારાજાને સુંદરી પ્રત્યે વિશેષ રાગ હોવાથી તેમણે તેને દીક્ષાની અનુમતિ ન આપી.

ત્યારપછી ભરતમહારાજા છ ખંડને સાધવા નીકળ્યા. ૬૦ હજાર વર્ષે પરત આવ્યા. આ ૬૦,૦૦૦ વર્ષ સુધી સુંદરીએ ચારિત્ર મેળવવા આયંબિલ કર્યા. તેઓની કાયા સુકાઈ ગઈ હતી. ભરત મહારાજા આ જોઈ ખિન્ન થયા. જ્યારે સુંદરીના વૈરાગ્યની જાણ થઈ ત્યારે જાત પર ધિક્કાર થયો. તેમણે અનુમતિ આપી અને સુંદરીએ દીક્ષા લીધી.

આ બન્ને બેનોએ *'વીરા ગજ થકી હેઠે ઉતરો'* ઇત્યાદિ વચન દ્વારા ભાઈ બાહુબલીને અભિમાનનો ત્યાગ કરવા સૂચવેલું. સુંદર સંયમનું પાલન કરી, કેવળજ્ઞાન પામી આ બન્ને બેનો મોક્ષે સીધાવ્યા.

*"ધન્ય છે બ્રાહ્મી અને સુંદરીના સૌભાગ્યને ! તેમના પિતા પ્રથમ તીર્થંકર ! સૌ પ્રથમ લિપિ અને ગણિતનું જ્ઞાન પ્રભુએ*

*તેમને આપ્યું ! પ્રભુ પાસે જ દીક્ષા લઈ, આત્મકલ્યાણ સાધી મોક્ષે જનાર આ બહેનોને કોટિ કોટિ વંદના"*

## २३ (७६) रुप्पिणी - રુક્મિણી[4]

આ એક સુવિશુદ્ધ શીલને ધરનારાં સન્નારી છે જેને આપણે ભાવપૂર્વક વંદના કરવાની છે.

## २४ (७७) रेवइ - રેવતી શ્રાવિકા

પ્રભુવીરની પરમ શ્રાવિકા રેવતીએ પ્રભુને ભાવપૂર્વક વહોરાવવા દ્વારા તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. તે પ્રસંગની સ્મૃતિ હૃદયને ભીંજવી દે તેવી છે.

વાત છે શ્રાવસ્તી નગરીની. ત્યાં ગોશાળાએ પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકેલી. તેના લીધે પ્રભુ છ માસથી લોહીના અતિસારથી પીડાતા હતા. એક વૈદ્યની સૂચનાથી ખબર પડી કે બીજોરાપાકથી પ્રભુનો દ્રવ્ય વ્યાધિ ટળશે. વીતરાગ પ્રભુને તો વ્યાધિથી કોઈ ફરક પડતો નહોતો; પરંતુ પ્રભુની આ અવસ્થાથી ચતુર્વિધ સંઘ વ્યથા અનુભવી રહ્યો હતો. તેમાં પ્રભુના શિષ્ય સિંહ અણગારે અશ્રુભીની આંખે પ્રભુને ઔષધનું સેવન કરવા વિનંતી કરી. પ્રભુએ સંમતિ આપી. સિંહ અણગાર ઉપડ્યા રેવતીને ત્યાં અને કહ્યું, 'તમે તમારા માટે જે ઔષધ તૈયાર કર્યું છે તેનો પરમાત્માને ખપ છે' રેવતી તો હર્ષઘેલી થઈ ગઈ. 'હું કેવી ભાગ્યશાળી ખુદ પરમાત્માના રોગ માટે મારી ઔષધિ કામમાં આવશે' આવા વિચારથી તેમને ભાવપૂર્વક બીજોરાપાક વહોરાવ્યો.

પ્રભુએ મને ભાવરોગથી બચવાનું ઔષધ આપ્યું છે, તેનું ઋણ તો હું ક્યારેય ચૂકવી શકું તેમ નથી તો પણ મારું આ દ્રવ્ય ઔષધ પ્રભુના દ્રવ્ય રોગને દૂર કરવામાં નિમિત્ત બને તો હું ધન્ય બની જાઉં. આવી શુભ ભાવના ભાવતાં ભાવતાં રેવતીએ પ્રભુભક્તિથી તીર્થંકરનામકર્મનું ઉપાર્જન કર્યું. તેઓ આવતી ચોવીસીમાં સમાધિ નામના સત્તરમા તીર્થંકર થશે.

*"ધન્ય છે સતી રેવતીને ! ધન્ય છે સિંહ અણગારને ! ધન્ય છે તેમની નિ:સ્વાર્થ અને નિર્દોષ ભક્તિને તેમને પ્રણામ કરી તેમના જેવો ભક્તિભાવ આપણામાં પ્રગટે તેવી પ્રાર્થના કરીએ. !"*

---

4 આ રુક્મિણી કૃષ્ણનાં પટ્ટરાણીથી જુદાં હોવાં જોઈએ કેમકે તેમનો ઉલ્લેખ આગળ ૧૧મી ગાથામાં આવે છે.

## ૨૫ (૭૮) कुंती - માતા કુંતી

પાંડવો અને કર્ણની તદ્‌ભવમોક્ષગામી એવી આ માતાની કથા પ્રચલિત છે. તેમણે જીવનમાં અનેક સંઘર્ષો વચ્ચેથી પસાર થવું પડ્યું, પણ તે સર્વ વચ્ચે પણ તેમની પ્રભુ વચન પ્રત્યેની શ્રદ્ધા અડગ રહી. પોતાના સંતાનોમાં આ માતાએ કેવા સંસ્કારોનું સિંચન કર્યું હશે કે, કપટી ક્રૂર અન્યાયી શત્રુ સમાન ભાઈઓ સામે પણ યુદ્ધ કરતાં પણ પાંડવો ક્યારેય 'જેવા સાથે તેવા' ન બન્યા.

મહાસતી કુંતી પાંડુરાજાના ચિત્ર પર મોહિત થઈ ગયા'તા તેથી સખીઓએ તે બન્નેનો ગાંધર્વ વિવાહ કરાવેલો. જેનાથી કુંતીને કર્ણ નામનો દાનવીર પુત્ર થયો હતો; પરંતુ કુંતીના પિતા રાજા અંધકવૃષ્ણિ પાંડુરોગવાળા પાંડુરાજાને પોતાની પુત્રી આપવા ઇચ્છતા નહોતા. તેથી કુંતીને પાંડુ રાજા સાથે વિવાહની વાત અને તેનાથી થયેલા તેજસ્વી પુત્રની વાત પણ છુપાવવી પડી. તેમણે પોતાના પુત્રને એક પેટીમાં મૂકી ગંગા નદીમાં વહેતો મૂકી દીધો.

મહાભારતના યુદ્ધ અને ઘોર સંગ્રામની વચ્ચે પણ કુંતીમાતાએ પોતાના ઔચિત્યને સતત જાળવી રાખ્યું હતું. વર્ષો પછી જ્યારે દ્વારિકા બળી ગઈ અને કૃષ્ણના મૃત્યુના સમાચાર મળ્યા ત્યારે વૈરાગ્ય પામેલા પુત્રો સાથે માતા કુંતીએ પણ દીક્ષા લીધી. છેલ્લે શત્રુંજય પર અનશન કરી આસો સુદ ૧૫ના દિવસે ૨૦ કરોડ મુનિવરો સાથે પાંડવો અને કુંતીમાતા મોક્ષે સિધાવ્યાં.

*"ધન્ય છે સંસ્કારનું સિંચન કરનાર આ માતાને, તેમનાં ચરણોમાં મસ્તક ઝૂકાવી વંદન કરીએ છીએ."*

## ૨૬ (૭૯) सिवा - મહાસતી શિવાદેવી

શિવાદેવી પણ ચેડા રાજાની જ પુત્રી હતાં[5] તેઓ ઉજ્જયની નગરીના ચંડપ્રદ્યોત રાજાને પરણ્યાં હતાં. શિવારાણી દૃઢ શીલવ્રતધારી હતાં. એક દેવતાએ તેમને ચલિત કરવાનો વારંવાર પ્રયાસ કર્યો, પણ તે સર્વદા નિષ્ફળ ગયો. ક્રોધિત થયેલા તે દેવે ઉજ્જયની પર અગ્નિનો ઉપદ્રવ કર્યો. રાત-દિવસ નગર અગ્નિથી

5. શ્રી ચેડા રાજાની સાત પુત્રીઓ સાત સતી તરીકે પ્રખ્યાત છે. આ સજ્ઝાયમાં તે સાતેયને વંદન કરવામાં આવ્યા છે. પરંતુ અત્રે સાતના બદલે આઠના નામો પ્રાપ્ત થાય છે. આ સંબંધી સાચી હકીકતની જાણ હોય તો વિશેષજ્ઞોને જણાવવા વિનંતી. તે નામો અને સામાન્ય પરિચય નીચે પ્રમાણે છે.

બળવા લાગ્યું. શમનના સર્વ ઉપાયો કે દેવને રીઝવવાના સર્વ પ્રયાસો વૃથા ગયા. ત્યારે અભયકુમારે સલાહ આપી કે, શિયળવતી નારી નગરના બધા ઘરો ઉપર જળપ્રક્ષાલન કરે તો ઉપદ્રવ શાંત થઈ જાય. ઘણી સ્ત્રીઓએ આ કર્યું પણ ઉપદ્રવ શાંત ન થયો. જ્યારે શિવાદેવીએ નવકાર મંત્રનો જાપ કરી પાણી છાંટ્યું ત્યાં તત્કાળ અગ્નિ શમી ગયો.

કેવી હશે આ મહાસતીની શિયળની અડગતા ! અનુક્રમે શિવાદેવી નિરતિચાર ચારિત્રનું પાલન કરી, સર્વ કર્મ ખપાવી મોક્ષે સિધાવ્યાં.

*"હે શિવાદેવી ! અનેક સંકટો વચ્ચે પણ શીલની રક્ષા કરનારા આપના ધૈર્ય અને સત્ત્વને ધન્ય છે."*

## ૨૭ (૮૦) जयंती अ - અને જયંતી શ્રાવિકા

એક શ્રાવિકા પ્રભુને તત્ત્વવિષયક પ્રશ્નો પૂછે અને તે પ્રશ્નોની નોંધ ગણધર ભગવંતો આગમમાં કરે.

આ કેવી અનુપમ ઘટના. આ પ્રશ્નો પૂછનાર શ્રાવિકા એટલે શ્રીમતી જયંતી. તેઓ શતાનિક રાજાનાં બેન હતાં અને મૃગાવતીજીનાં નણંદ હતાં.

તત્ત્વજ્ઞાનના પુંજ સમાન જ્યંતી શ્રાવિકાને પ્રભુના પ્રત્યુત્તર સાંભળતાં વૈરાગ્ય ઉપજ્યો. દીક્ષા લઈ સર્વ કર્મ ખપાવી તેઓ મોક્ષે ગયાં.

*"હે મહાસતી ! આપની જિજ્ઞાસાને અંતરથી વંદન કરીએ છીએ. 'ज्ञानस्य फलं विरति :' ના સૂત્રને સાકાર કરનારા આપશ્રી જેવું જ્ઞાન અમને પણ મળો."*

---

| | | |
|---|---|---|
| પ્રભાવતી | - | સિંધ નરેશ ઉદયન રાજાની પત્ની |
| પદ્માવતી | - | ચંપાપુરીના દધિવાહન રાજાની પત્ની તથા કરકંડુની માતા |
| મૃગાવતી | - | કૌશાંબીના શતાનિકરાજાની પત્ની અને ઉદયન રાજાની માતા |
| શિવાદેવી | - | ઉજ્જયનીના ચંડપ્રદ્યોતરાજાની પત્ની |
| જ્યેષ્ઠા | - | નંદિવર્ધનરાજાની પત્ની |
| સુજ્યેષ્ઠા | - | સાધ્વી થયા / સત્યકી વિદ્યાધરની માતા |
| ચેલ્લણા | - | શ્રેણિકરાજાની પત્ની તથા કોણિકની માતા |
| ધારિણી | - | ચંદનબાળાની માતા |

## ૨૮ (૮૧) देवई - દેવકી માતા

કૃષ્ણ મહારાજા, સત્ત્વશાળી મુનિ ગજસુકુમાલ, અને બીજા છ તેજસ્વી વીર પુત્રોની માતા દેવકી; કંસના પિતરાઈ દેવક રાજાની પુત્રી હતાં.

એક મુનિરાજના વચનથી કંસને ખબર પડી હતી કે દેવકીના પુત્રથી તેનું મૃત્યુ થવાનું છે. તેથી દેવકીના પ્રથમ છએ પુત્રોને મારી નાંખવા કંસ લઈ લેતો, પણ દેવે તેમને બચાવી લીધેલા. સાતમું સંતાન એટલે કૃષ્ણ મહારાજા. તેમને નંદ અને યશોદાએ મોટા કરેલા. તેથી દેવકીએ માત્ર આ સાતે પુત્રોને જન્મ આપ્યો પણ પુત્રના લાલન-પાલનના કોડ તો અધૂરા જ રહ્યા. તેમની આ ઇચ્છા પૂરી કરવા કૃષ્ણ મહારાજાએ હરિણૈગમેષી દેવને પ્રસન્ન કરી તેમને ગજસુકુમાલ નામનો આઠમો પુત્ર અપાવ્યો.

આવા અરમાનોથી મોટો કરેલો પુત્ર શ્રી નેમનાથ પ્રભુની વાણી સાંભળી કુમળી વયમાં દીક્ષા લેવા તત્પર થયો. ત્યારે દેવકી માતાએ ઉલ્લાસપૂર્વક ઓચ્છવ કર્યો અને ગજસુકુમાલને શીખ આપી કે *"મુજને તજીને વીરા, અવર માત ન કીજે રે.."* 'હે વીરપુત્ર ! હવે તું એવું જીવન જીવજે કે તારે બીજો જન્મ જ ન લેવો પડે. હવે તું અન્યને 'મા' ન બનાવતો' આવું વરદાન આપી દીકરાના હિતની ચિંતા કરનાર સાચાં 'મા' બન્યાં.

દેવકી માતાના લોહીમાં કેવા સંસ્કાર હશે કે આઠમાંથી સાત પુત્રો તો તદ્ભવમોક્ષગામી બન્યા અને આઠમા કૃષ્ણ વાસુદેવ તીર્થંકર પદવી મેળવી મોક્ષમાં જશે. દેવકીજીએ સ્વયં પણ શ્રી નેમિનાથપ્રભુ પાસે બાર વ્રત લઈ, તેનું શુદ્ધ પાલન કરી આત્મકલ્યાણ સાધ્યું. દેવલોકમાં ગયેલા તેઓ ત્યાંથી ચ્યવી, મનુષ્ય ભવ પામી મોક્ષમાં જશે.

*"જેની ઉપર અત્યંત રાગ હતો તેના રાગને તોડનારા અને તેને પણ સાચી હિતશિક્ષા આપી હિતના માર્ગે દોરનારા હે માતા ! આપને કોટિ કોટિ વંદન"*

## ૨૯ (૮૨) दोवइ - દ્રૌપદી

પાંચાલ નરેશ દ્રુપદ રાજાની પુત્રી અને પાંચ પાંડવોની ભાર્યા દ્રૌપદીજીએ વારા પ્રમાણે જ્યારે જે પતિની સાથે રહેવાનું થાય તેનાથી અન્ય સાથે ભાઈવત્ વ્યવહાર કરવાનું અતિ દુષ્કર કાર્ય કર્યું હતું. એકદા ધાતકીખંડનો

પદ્મોત્તર રાજા તેમનું અપહરણ કરી લઈ ગયો ત્યારે તેમને છઠ્ઠ-અઠ્ઠમ કરી શીલનું અડગ પાલન કરેલ. આ ઉપરાંત બીજા પણ અનેક કષ્ટો વચ્ચે તેમને શીલને સાચવ્યું તથા પતિ અને સાસુને અનુસરી ઉત્તમ આદર્શ ઊભો કર્યો. તેઓ પાંડવો જોડે ચારિત્ર લઈ શત્રુંજય પર અનશન કરી પાંચમાં દેવલોકમાં ગયા છે. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

દ્રૌપદી તરીકે તેમની આ મહાનતા તો જગવિદિત છે, પણ આવો મહાન આત્મા પણ પૂર્વમાં કરેલી ભૂલને કારણે કર્મની કેવી વિડંબણામાંથી પસાર થયો તે પણ ૄચિંતનીય છે. દ્રૌપદીના જીવે પૂર્વના કોઈક ભવમાં એકવાર સાધુ ભગવંતને કડવી તુંબડીનું શાક વહોરાવેલ તેનાથી બંધાયેલ કર્મના વિપાકે તેઓ મરીને છઠ્ઠી નારકીમાં ગયાં. ત્યાંથી મરી મત્સ્ય થયાં. મરીને સાતમી નારકે. ફરી મત્સ્ય એમ સાત સાત વાર નરકગમન અને માછલાના ભવ કર્યા પછી તેઓ અંગારા જેવા સ્પર્શવાળી શ્રેષ્ઠી'કન્યા થયા. ત્યાં કોઈ પુરુષ તેમનો સ્પર્શ કરવા તૈયાર ન થતો. આખરે તેઓએ દીક્ષા લીધી અને ગુરુની ઇચ્છા વિરુદ્ધ તપ કરવા લાગ્યાં. એક દિવસ પાંચ પુરુષોથી સેવાતી એક ગણિકાને જોઈ તેમણે નિયાણું કર્યું કે હું પાંચ પતિવાળી થાઉં. પરિણામ એ આવ્યું કે દ્રૌપદીના ભવમાં જ્યારે તેમણે રાધાવેધ કરી ચૂકેલા અર્જુનના કંઠમાં વરમાળા પહેરાવી ત્યારે બાકીના ચારેય ભાઈઓના ગળામાં પણ વરમાળા પડી. નિયાણાના પ્રભાવે દ્રૌપદી પાંચ પાંડવોના પત્ની બન્યા.

*"હે મહાસતી ! અત્યંત કપરા સંયોગોમાં પણ શીલને જાળવનાર આપને ધન્ય છે, પાંચ પતિ હોવા છતાં હંમેશા મનમાં એક જ પતિના સ્મરણ દ્વારા સતીવ્રતને ટકાવવું સહેલું નથી. આવા દુષ્કર કાર્યને સિદ્ધ કરનારા હે દ્રોપદીજી આપને કોટિશ: વંદન"*

## ૩૦ (૮૩) ધારણી - શ્રીમતી ધારિણી.

શીલની રક્ષા કાજે પ્રાણ પણ ન્યોછાવર કરી દે તે સાચી સતી. ચંદનબાળાજીની માતા ધારિણીમાં આવું સતીત્વ હતું. તેઓ ચેટક (ચેડા) મહારાજાની પુત્રી અને ચંપાપુરીના દધિવાહન રાજાની રાણી હતા. એકવાર શતાનિક રાજાએ ચંપાપુરી પર ચઢાઈ કરી. ત્યારે શ્રીમતી ધારિણી પોતાની નાની પુત્રી વસુમતી

(ચંદનબાળાજી) સાથે ભાગી ગયા. કોઈક સુભટે તેમને પકડી લીધા અને તેમની પાસે અનુચિત માંગણી કરી. ધારિણીએ તેને કડક શબ્દોમાં ખૂબ સમજાવ્યો પણ મોહાંધ એવો તે ધારિણી પર બળાત્કાર કરવા લાગ્યો. શીલરક્ષા માટે ધારિણીજીએ જીભ કચડીને પ્રાણત્યાગ કર્યો.

> *"શીલધર્મનું પાલન કરવા પ્રાણનો ત્યાગ કરનાર હે દેવી ! આપના ચરણે મસ્તક નમાવી શીલની આવી અડગતાની અભ્યર્થના કરીએ."*

## ૩૧ (૮૪) कलावई - મહાસતી કલાવતી

સ્નેહાસક્ત જીવ કેવી કેવી વિચિત્ર અને ક્રૂર પ્રવૃત્તિઓ કરી બેસે છે અને તેના પરિણામે તેને પોતે બાંધેલાં કર્મના કેવા ઘોર ફળ ભોગવવા પડે છે તે મહાસતી કલાવતીના જીવનને ચિંતવવાથી ખ્યાલ આવે છે.

રૂપરંગમાં દેવાંગનાઓને પણ શરમાવે તેવા રૂપવાળી કલાવતી ધર્મ પ્રત્યે અવિહડ શ્રદ્ધાવાળી હતી. આથી તેનો સ્વયંવર રચાયો ત્યારે તેણે ભૌતિક સુખમાં અનુકૂળ રહે તેવા રૂપ-રંગ કે ઐશ્વર્યની પરીક્ષા ન કરી, પણ સામી વ્યક્તિ યોગ-માર્ગમાં સહાયક બનશે કે નહિ તેની તપાસ કરવા તત્ત્વવિષયક ચાર ગહન પ્રશ્નો પૂછ્યા. સરસ્વતીના ઉપાસક શંખરાજાએ જવાબ આપ્યો 'વીતરાગદેવ સુદેવ છે, પંચમહાવ્રતધારી ગુરુ છે, સર્વજીવો પ્રત્યે દયા રાખવી એ તત્ત્વ છે અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એ સત્ત્વ છે.' શંખ-કલાવતીના સંબંધનો આધાર આ ઉત્તર હતો.

કાળક્રમે કલાવતીને ગર્ભ રહ્યો. તે જાણી તેના ભાઈએ સુવર્ણનાં કડાં ભેટ મોકલ્યાં. કડાં જોઈ કલાવતી બોલી ઊઠી કે, 'જેણે મને આવી ભેટ મોકલી તેને મારી ઉપર કેવો સ્નેહ હશે !' આ શબ્દો શંખરાજાએ સાંભળ્યા. કલાવતીને બીજા કોઈ પર મારા કરતાં અધિક પ્રેમ છે. આ વિચારથી તેમને ક્રોધ આવ્યો. ક્રોધથી વિવેક ચૂકી, તેઓએ મારાઓને બોલાવી કંકણ સહિત કલાવતીના કાંડા કાપી લાવવાનો હુકમ કર્યો.

પૂર્વભવમાં પ્યારો પોપટ ઉડી ન જાય તે માટે મમતામાં વિહ્વળ બની પોપટની પાંખો કાપી નાંખીને બાંધેલું કર્મ ઉદયમાં આવ્યું હોવાથી મારાઓએ કલાવતીને

જંગલમાં લઈ જઈ શંખરાજાના હુકમનું પાલન કર્યું. દૃઢ ધર્માનુરાગિણી કલાવતીજીએ કર્મકૃત પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરી લીધો. જંગલમાં તેમણે પુત્રને જન્મ આપ્યો. તેમના સમ્યક્ત્વ અને શિયળના પ્રભાવથી બન્ને હાથ પાછા આવ્યા અને કંકણોથી વિભૂષિત બન્યા.

આ બાજુ કલાવતીનાં કંકણયુક્ત કાપેલાં કાંડાઓ જ્યારે શંખરાજાએ જોયાં ત્યારે તે કંકણ પર કલાવતીના ભાઈનું નામ વાંચી તેમની શંકા દૂર થઈ. તેમને ખૂબ પસ્તાવો થયો. ઘણા વખત પછી બન્નેનો મેળાપ થયો. સુંદર ભવિતવ્યતાના યોગે એક જ્ઞાની ગુરુભગવંત પાસેથી બન્નેએ પોતાનો પૂર્વ ભવ જાણ્યો. જાતિસ્મરણ જ્ઞાન થયું. કર્મના બંધનોને તોડવાને દૃઢ નિર્ણય કર્યો અને દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું. આ બે આત્માઓ ત્યાંથી દેવલોકમાં ગયા અને છેવટે પૃથ્વીચંદ્ર-ગુણસાગર થઈ મોક્ષે ગયા.

> *"ધન્ય છે આપને ! ધન્ય છે આપની ધીરતા, ગંભીરતા અને શ્રદ્ધાને ! આપના ચરણોમાં મસ્તક મૂકી આવા સદ્ગુણોની આપ પાસે પ્રાર્થના કરીએ છીએ."*

## ૩૨ (૮૫) पूप्फचूला य - પૂષ્પચૂલા

દુનિયામાં પાપ કરનારા તો ઘણા છે; પરંતુ સર્વની સમક્ષ નિઃશલ્યભાવે નિખાલસતાથી પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરનારા કોઈક વિરલા જ હોય છે. આવું વિરલ વ્યક્તિત્વ મહાસતી પૂષ્પચૂલા ધરાવતા હતા.

પૂષ્પચૂલા અને પૂષ્પચૂલ બંને જોડીયાં ભાઈ-બહેનોને એકબીજા પ્રત્યે અતિશય સ્નેહ હતો. તેથી પિતાએ બંનેના વિવાહ કરાવ્યા. તેમની માતાને આ અઘટિત ઘટતું જોઈ ખૂબ આઘાત લાગ્યો. સંસારની વિડંબણાઓથી મુક્ત થવા તેમણે સંયમ સ્વીકાર્યુ અને કાળક્રમે સ્વર્ગે સિધાવ્યા. પૂષ્પચૂલાને પ્રતિબોધ પમાડવા તેમણે તેને સ્વર્ગ-નરકના સ્વપ્નો દેખાડ્યા. આચાર્ય અર્ણિકાપુત્રે શ્રુતાનુસાર સ્વર્ગ-નરકનું આબેહૂબ વર્ણન કરી પુષ્પચૂલા રાણીને ધર્મમાં સ્થિર કર્યાં.

પૂષ્પચૂલાને પાપથી છૂટવા સંયમ લેવાની ભાવના થઈ. આચાર્યશ્રીએ દીક્ષા લેવા પૂર્વે પાપોની આલોચના કરી પ્રાયશ્ચિત્ત કરવા જણાવ્યું. ત્યારે પૂષ્પચૂલાજીએ

ગુરુવચનથી અત્યંત નિ:શલ્ય બની ભરસભામાં પોતાના બધા પાપોની આલોચના કરીને અર્ણિકાપુત્ર આચાર્ય પાસે દીક્ષા લીધી.

એકદા તે દેશમાં દુષ્કાળ પડતાં અન્ય સર્વ મુનિઓએ દેશાંતર વિહાર કર્યો; પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે અર્ણિકાપુત્ર આચાર્યે ત્યાં જ સ્થિરવાસ કર્યો. ઉત્સર્ગ-અપવાદને જાણતા સાધ્વીજી પૂષ્પચૂલા, ક્ષીણ જંઘાબળવાળા ગીતાર્થ આચાર્ય ભગવંતની આહાર-પાણી લાવવા દ્વારા ભક્તિ કરતાં હતાં. ગુરુભક્તિના ઉત્તમ પરિણામમાં રમતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. જ્યાં સુધી આચાર્યભગવંતને આનો ખ્યાલ નહોતો ત્યાં સુધી તેમણે અખંડપણે ભક્તિ ચાલું રાખી. આચાર્યશ્રીને જ્યારે કેવળજ્ઞાનની જાણ થઈ ત્યારે આત્મહિતને ઝંખનારા એવા તેમણે પોતાના કેવળજ્ઞાન અંગે પ્રશ્ન કર્યો. ઉત્તર મળતાં તેઓ શ્રીમદ્ ગંગા કાંઠે ગયા અને નદી ઉતરતાં તેમને પણ કેવળજ્ઞાન થયું.

આ કેવો અનુપમ પ્રસંગ છે, જ્યાં ગુરુભક્તિ કરતાં શિષ્યાને પ્રથમ કેવળજ્ઞાન થયું અને કેવળી શિષ્યાના વચનથી ગુરુને પણ કેવળજ્ઞાન થયું. આ ગુરુ-શિષ્યાને ધન્ય છે.

> *"રાગના સામ્રાજ્યને તોડી પરમ વૈરાગ્યને વરેલા આપનું સ્મરણ કરતાં મસ્તક ઝૂકી જાય છે અને મનોમન પ્રાર્થના કરવાનું મન થાય છે કે આપના જેવી સરલતા અને સમર્પિતતા અમને પણ મળો"*

**ગાથા :**

**पउमावई अ गोरी, गंधारी लक्खमणा सुसीमा य**
**जंबूवई सच्चभामा, रुप्पिणी कण्हट्ठमहिसीओ ।।११।।**

**સંસ્કૃત છાયા :**

पद्मावती च गौरी, गान्धारी लक्ष्मणा सुसीमा च
जम्बूवती सत्यभामा, रुक्मिणी कृष्णस्य अष्टमहिष्यः ।।११।।

**શબ્દાર્થ :**

તથા પદ્માવતી, ગૌરી, ગાન્ધારી, લક્ષ્મણા, સુસીમા, જંબૂવતી, સત્યભામા, રુક્મિણી એ આઠ કૃષ્ણની પટ્ટરાણીઓ. ॥૧૧॥

**વિશેષાર્થ :**

**૩૩ થી ૪૦ (૮૬ થી ૯૩) : શ્રીકૃષ્ણની પટ્ટરાણીઓ :**

પદ્માવતી આદિ આઠે કૃષ્ણની અલગ અલગ દેશમાં જન્મેલી પટ્ટરાણીઓ હતી. જુદા જુદા સમયે થયેલી શીલની કસોટીમાં દરેક પાર ઉતર્યા હતા. છેવટે દરેકે દીક્ષા લઈને આત્મકલ્યાણ કર્યું હતું.

*"ધન્ય છે આ સતીઓના સત્ત્વ અને વૈરાગ્યને કે જેઓએ કૃષ્ણ વાસુદેવના વૈભવને તુચ્છ માની સંયમ સ્વીકાર્યું. સુકોમળ કાયાને તપથી તપાવી તેની મમતાનો ત્યાગ કર્યો અને અંતે શરીર અને કર્મના બંધનોને તોડી મુક્તિસુખને પામ્યા."*

**ગાથા :**

**जक्खा य जक्खदिन्ना, भूआ तह चेव भूअदिन्ना अ ।**
**सेणा वेणा रेणा, भइणीओ थूलभद्दस्स ।।१२।।**

**સંસ્કૃત છાયા :**

यक्षा च यक्षदत्ता, भूता तथा चैव भूतदत्ता च ।
सेना वेना रेणा, भगिन्यः स्थूलभद्रस्य ।।१२।।

**શબ્દાર્થ :**

યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા એ સાત સ્થૂલભદ્રની બહેનો ॥૧૨॥

**વિશેષાર્થ :**

**૪૧-૪૭ (૯૪-૧૦૦) : શ્રી સ્થૂલભદ્રજીની બેનો :**

તીવ્ર સ્મરણ શક્તિ ધરાવનાર આ સાત બહેનો શકડાલ મંત્રીની પુત્રીઓ અને

શ્રીયક તથા શ્રી સ્થૂલભદ્રજીની બેનો હતી. વરરુચિ નામના બ્રાહ્મણના કપટનો પર્દાફાર્શ કરવા શકડાલ મંત્રીએ આ સાતે બહેનોનો ઉપયોગ કર્યો હતો. વરરુચિ જે શ્લોક બોલે તે યક્ષાને એકવાર સાંભળતા જ યાદ રહી જતો, બીજી બહેનને બે વખત. એમ સાતમી બહેન સાત વખત સાંભળે એટલે બધું યાદ રહી જાય.

શ્રીયકમંત્રીની સાથે આ સાતે બહેનોએ દીક્ષા લીધી હતી. એકવાર શ્રીયકમુનિને આરાધના કરવા માટે પ્રેરણા કરી પહેલા નવકારશી, પછી પોરસી... એમ કરી આગળ વધારી યક્ષા સાધ્વીએ શ્રીયકમુનિને ઉપવાસ કરાવ્યો. રાત્રે શારીરિક પીડા સહન ન થવાથી મુનિનું મૃત્યુ થયું.

યક્ષા સાધ્વીજીને પસ્તાવો થવા લાગ્યો કે, મારા કારણે ભાઈ મુનિનું મૃત્યુ થયું. તેઓને સ્વસ્થ કરવા શાસનદેવ તેમને શ્રી સીમંધર પરમાત્મા પાસે લઈ ગયા. પ્રભુએ તેઓને જણાવ્યું કે, શ્રીયકમુનિનું મૃત્યુ આયુષ્ય પૂર્ણ થવાથી અને પરમ સમાધિમાં થયું હતું. શ્રી સીમંધર પ્રભુએ યક્ષા સાધ્વીને સાંત્વન આપવા ચાર ચૂલિકાઓ પણ આપી. જેમાંથી બે શ્રી દશવૈકાલિકના અંતે અને બે શ્રી આચારાંગના અંતે સ્થપાઈ છે. આમ આ સાધ્વીજીના કારણે આપણને વિહરમાન ભગવંતના અદ્‌ભુત પાવનકારી વચનો મળ્યાં.

અનુક્રમે આ સાતેય બહેનો ઉત્તમ ચારિત્રનું પાલન કરી સદ્‌ગતિને પામ્યા અને ભવાંતરમાં મોક્ષે જશે.

> *"હે મહાસતીઓ ! આપને વંદન કરી આપ જેવો તીવ્ર અને નિર્મળ એવો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ અમને પણ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ છીએ."*

**ગાથા :**

**इच्चाइ महासईओ, जयंति अकलंक-सील-कलिआओ ।**
**अज्ज वि वज्जइ जासिं, जस-पडहो तिहुअणे सयले ।।१३।।**

**સંસ્કૃત છાયા :**

इत्यादयः महासत्यः, जयन्ति अकलङ्क-शीलकलिताः ।
अद्य अपि वाद्यते यासां, यशः पटहः त्रिभुवने सकले ।।१३।।

**શબ્દાર્થ :**

ઉપર જણાવેલી તથા તેમના જેવી બીજી, નિષ્કલંક શીલને ધારણ કરનારી અને જેઓનો યશપટહ આજે પણ સમગ્ર ત્રિભુવનમાં વાગે છે તેવી મહાસતીઓ જય પામે છે.

**વિશેષાર્થ :**

આત્માને સૌથી વધુ પીડાકારક દોષ રાગ છે. આ રાગના કારણે જ જગતના જીવો ઉલ્કાપાત મચાવે છે. અશ્લીલ વ્યવહારો, દુરાચારનું સેવન, મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિઓ : આ સર્વ રાગ નામના આત્માના મહાદોષને કારણે જ ઊભા થાય છે. રાગના કારણે જ અનંતગુણસંપન્ન આત્મા નિંદાનું પાત્ર બને છે.

વીતરાગની ઉપાસક એવી મહાસતીઓ આ રાગને સારી રીતે જાણે છે. તેનો સર્વાંશે નાશ કરવા યત્ન કરે છે. જ્યાં સુધી તેનો નાશ નથી કરી શકતા ત્યાં સુધી તેને નાથવા એક પતિવ્રતને ધારણ કરે છે. આ વ્રતને તેઓ સેંકડો સંકટોમાં પણ જાળવી રાખે છે અને પ્રાણના ભોગે પણ પોતાના શીલને અખંડ રાખે છે. શીલવ્રતને કલંક લાગે તેવી એક પણ પ્રવૃત્તિ, એક પણ વર્તન, એક પણ ચેષ્ટા કે વિચાર સુદ્ધાં કરતા નથી. કમળ જેમ પાણી અને કાદવથી અલિપ્ત રહે તેમ આ મહાસતીઓ પોતાના રૂપ-લાવણ્ય આદિથી આકર્ષાઈને આવેલા પરપુરુષોથી તદ્દન અલિપ્ત રહે છે. તેમનાં કોઈપણ પ્રકારનાં પ્રલોભનમાં તેઓ ક્યારેય ફસાતા નથી.

અખંડ શીલવાળી આવી મહાસતીઓ જેવી સ્ત્રીઓ જૂજ હોય છે. વર્ષોનાં વહાણાં વીતી ગયાં, તોપણ આજ સુધી આ મહાસતીઓનો ગુણવૈભવ ગુણેચ્છુ સાધકોની સ્મૃતિમાં તાજો છે, તેથી કહ્યું છે કે, સેંકડો વર્ષો પહેલા થયેલા મહાસતી સીતા કે મહાસતી દમયંતીનો યશ પટહ (યશ ગાતી નગારી) આજે પણ ત્રણેય લોકમાં ગુંજી રહ્યો છે. આ સતીઓએ પોતાની જાત ઉપર કેવું નિયંત્રણ રાખ્યું હશે કે જ્યારે રૂપ, વૈભવ, પ્રભાવ આદિ સંપન્ન પુરુષો તેમને ફૂલે પૂજતા હોય, તેમની સાથે ભોગ ભોગવવા કાકલૂદી કરતા હોય ત્યારે પણ આ વીરાંગનાઓ વિષયાભિલાષને આધીન ન બન્યાં, પોતાના સંયમને જાળવી રાખ્યો અને શીલવ્રતને દીપાવ્યું.

સૂત્રની મર્યાદાના કારણે અહીં તો યત્કિંચિત સતીઓનો નામોલ્લેખ થયો છે, પણ તેના આધારે જગતમાં આવી જે જે સતીઓ થઈ હોય તે સર્વેનું સ્મરણ કરવાનું છે.

*"નિષ્કલંક શીલવ્રતવાળી હે મહાસતીઓ ! આપને ભાવપૂર્વક વંદન કરું છું અને પ્રાર્થના કરું છું કે પ્રભુના માર્ગે અડગ રહેવાનું, શીલાદિ ધર્મનું અખંડ પાલન કરવાનું અને તે દ્વારા વીતરાગ દશા સુધી પહોંચવાનું સામર્થ્ય મને પણ પ્રાપ્ત થાઓ!"*

અહીં આ સૂત્ર શબ્દોથી પૂર્ણ થાય છે પણ ગુણસંપન્ન આત્માઓની સ્મૃતિ તો હરપળ હૈયામાં જીવંત રાખવાની છે. તેમની ગુણસ્મૃદ્ધિ એ આપણું લક્ષ્ય છે. તેમના પ્રત્યેનો અહોભાવ તે ગુણસમૃદ્ધિને આત્મસાત્ કરી ચરિતાર્થ કરવાનું અમોઘ સાધન છે.

# સકલતીર્થ વંદના

**સૂત્ર પરિચય :**

આ સૂત્રના નામ ઉપરથી જ જણાઈ આવે છે કે, આ સૂત્રમાં ત્રણે લોકમાં રહેલા સર્વ તીર્થોને વંદના કરવામાં આવી છે. તારે તેને તીર્થ કહેવાય છે. તેમાં જે નદી, સમુદ્ર આદિથી પાર ઉતારે તે દ્રવ્યતીર્થ કહેવાય છે અને જે રાગ-દ્વેષ આદિથી ભરેલા ભવસાગરથી તારે તેને ભાવતીર્થ કહેવાય છે.

ભાવતીર્થો પણ બે પ્રકારના હોય છે : ૧. સ્થાવર અને ૨. જંગમ. તેમાં જે સ્થિર હોય તેને સ્થાવરતીર્થ કહેવાય છે અને જે હાલતાં-ચાલતાં હોય તેને જંગમતીર્થ કહેવાય છે. આ સૂત્રની શરૂઆતમાં સ્થાવરતીર્થને અને અંતમાં જંગમતીર્થને વંદના કરવામાં આવી છે.

મૂળભૂત રીતે ભવસાગરથી તારવાની શક્તિ શ્રી અરિહંત પરમાત્મામાં જ રહેલી છે, તેથી તેઓ તો તીર્થ છે જ; પણ તેમની સાથે સંકળાયેલા તેમના નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા પણ તારવાની શક્તિ ધરાવતાં હોવાથી તે પણ તારક બને છે.

જે જે કાળમાં અને જે જે ક્ષેત્રમાં પ્રભુ સાક્ષાત્ વિદ્યમાન નથી હોતા તે તે કાળમાં અને તે તે ક્ષેત્રમાં પ્રભુના નામાદિ જ યોગ્ય જીવો માટે તરવાનું અદ્વિતીય આલંબન બને છે. પંચમ કાળમાં જ્યારે અહીં પ્રભુ વિદ્યમાન નથી ત્યારે મહાપુરુષોએ કહ્યું છે કે,

*'પંચમ કાળે જિનબિંબ, જિનાગમ ભવિયણકો આધારા...'*

પાંચમા આરામાં જ્યારે સાક્ષાત્ વિચરતાં અરિહંત પરમાત્માનો વિરહ હોય છે ત્યારે જિનબિંબ અને જિનાગમ એ જ ભવ્ય જીવો માટે તારક બની જાય છે અને તેથી જ તે જિનબિંબને ધારણ કરનારા ચૈત્યો અને જિનાગમને ધરનારા સાધુમહાત્માઓ પણ તારક હોઈ પ્રાત:કાળે સ્મરણીય, વંદનીય બને છે.

કહેવાય છે કે, 'आकृतिर्गुणान् कथयति' પ્રભુની સૌમ્યાકૃતિ, નિર્વિકારી નેત્રો, પદ્માસનસ્થ મુદ્રા આદિ તેમના નિર્વિકારી આનંદનું બ્યાન કરે છે. આથી જ તેનું દર્શન સાધકના વિકારોને શાંત કરી તેને પરમ પ્રમોદ પ્રાપ્ત કરાવે છે. આમ પ્રાત:કાળે સ્થાપનાનિક્ષેપે રહેલા પરમાત્માનું સ્મરણ સાધકમાં એક નવી જ ઊર્જા ઉત્પન્ન કરે છે.

પ્રભુની આકૃતિના દર્શન કરતાં સાધકને જે અલૌકિક અનુભવ થાય છે, તેનું વર્ણન કરતાં મહામહોપાધ્યાયજી ભગવંત પ્રતિમાશતક નામના ગ્રંથરત્નમાં જણાવે છે કે, 'જેઓ એકાગ્રભાવે પ્રભુના દર્શન કરે છે, શુદ્ધમને પ્રભુનું ધ્યાન કરે છે તેને ભગવાન જાણે પોતાની સામે સાક્ષાત્ પ્રગટ ન થયા હોય, પોતાના હૃદયમાં જાણે પ્રવેશ્યા ન હોય, પોતાની સાથે મધુર શબ્દોથી જાણે વાતચીત ન કરતા હોય અને પોતાના અંગે અંગમાં જાણે વ્યાપી ન ગયા હોય તેવો અનુભવ થાય છે.'

આવો અનુભવ પ્રાપ્ત કરવા માટે પરમાત્માના પરમાત્મારૂપે દર્શન કરવા પડે છે. પ્રારંભિક ભૂમિકામાં તો સાધક 'આ પરમાત્માની મૂર્તિ છે.' એવું માની જિનબિંબના દર્શન કરતો હોય છે; પરંતુ પુન: પુન: ભાવપૂર્ણ હૃદયથી તેમના દર્શન, વંદન, કીર્તન આદિ કરતાં તેનો આધ્યાત્મિક વિકાસ થાય છે. પછી તેને દર્શન કરતાં આ પરમાત્માની મૂર્તિ છે એવું નહિ પણ 'આ સાક્ષાત્ પરમાત્મા જ છે' એવું લાગવા માંડે છે. આ રીતે સાધક જેમ જેમ પરમાત્મા સાથે એકાકાર બનતો જાય છે તેમ તેમ તેને પ્રતિમાના દર્શન કરતાં 'આ હું જ છું' એવી પ્રતીતિ થવા લાગે છે.

પરમાત્માની પ્રતિમાના દર્શન કરતાં કરતાં સાધકને 'હું કોણ છું' એ પ્રશ્નનો વાસ્તવિક ઉત્તર મળી જાય છે. પોતાના સહજ આનંદમયસ્વરૂપનું તેને ભાન થાય છે અને તેને પ્રાપ્ત કરવાની તીવ્ર લગની લાગે છે. આ જ તો સાધના જીવનનું લક્ષ્ય છે. આથી જ પ્રાત:કાળના પ્રતિક્રમણના છ આવશ્યકો

પૂર્ણ થયા પછી અન્ય દૈનિક કાર્યોનો પ્રારંભ કરવા પૂર્વે, સ્વરૂપ સાથેનું અનુસંધાન કરી. પોતાના જીવનના લક્ષ્યને તાજું કરવા સાધક આ સૂત્ર દ્વારા સકલ તીર્થોને વંદના કરે છે.

મુનિ શ્રી જીવવિજયજી મહારાજે આ સૂત્રની રચના પ્રાચીન ગાથાઓના આધારે કરી હશે એવું જણાય છે. તેઓશ્રીએ આ સૂત્ર ઉપરાંત પ્રજ્ઞાપનાસૂત્ર, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ તથા જીવવિચારના બાલાવબોધ અને છ કર્મગ્રન્થો પર ગુજરાતીમાં ટબાઓ પણ રચેલા છે. તેમના જીવનકાળના આધારે એવું કહી શકાય કે આ સૂત્રની રચના વિક્રમની ઓગણીસમી સદીની શરૂઆતમાં થઈ હશે.

**ગાથા અનુસાર વિષયાનુક્રમ :**

આ સૂત્રના મુખ્ય બે વિભાગ પાડી શકાય : ૧. સ્થાવરતીર્થોને વંદના ૨. જંગમતીર્થોને વંદના. ત્યારપછી તેના પેટા વિભાગો નીચે પ્રમાણે પડી શકે.

**A. સ્થાવરતીર્થોને વંદના**

| | વિષય | ગાથા નં. |
|---|---|---|
| ૧. | ઊર્ધ્વલોકના ચૈત્યોની વંદના | ૧-૬॥ |
| ૨. | અધોલોકના ચૈત્યોની વંદના | ૬॥-૮ |
| ૩. | તીર્ચ્છાલોકના ચૈત્યોની વંદના | ૯ |
| ૪. | વ્યંતર-જ્યોતિષી દેવોના વિમાનના ચૈત્યોની વંદના | ૧૦ |
| ૫. | દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોની વંદના | ૧૧-૧૨ ॥ |

**B. જંગમતીર્થોને વંદના**

| | વિષય | ગાથા નં. |
|---|---|---|
| ૧. | વિહરમાન તીર્થંકરોને વંદના<br>અનંત સિદ્ધોને વંદના | x x ૧૩ |
| ૨. | અઢીદ્વીપના સાધુ મહાત્માઓને વંદના | ૧૪-૧૫ |

મૂળસૂત્ર :

સકલ તીર્થ વંદું કર જોડ, જિનવર-નામે મંગલ કોડ,
પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિશ ॥૧॥

બીજે લાખ અટ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં,
ચોથે સ્વર્ગે અડલખ ધાર, પાંચમે વંદું લાખ જ ચાર ॥૨॥

છટ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીસ સહસ પ્રાસાદ,
આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદું શત ચાર ॥૩॥

અગ્યાર-બારમે ત્રણશેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણશેં અઢાર,
પાંચ અનુત્તર સર્વે મલી, લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥

સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર ભવનતણો અધિકાર,
લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઊંચાં બહોંતેર ધાર ॥૫॥

એકસો એંશી બિંબ પ્રમાણ, સભા-સહિત એક ચૈત્યે જાણ,
સો કોડ બાવન કોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ ॥૬॥

સાતસે ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ,
સાત કોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ ॥૭॥

એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ,
તેરશેં કોડ નેવ્યાશી કોડ, સાઠ લાખ વંદું કરજોડ ॥૮॥

બત્રીસે ને ઓગણસાઠ, તિર્છાલોકમાં ચૈત્યનો પાઠ,
ત્રણ લાખ એકાણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ,
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥૧૦॥

સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ,
વિમલાચલ ને ગઢગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥

**શંખેશ્વર કેસરિઓ સાર, તારંગે શ્રી અજિત જુહાર,**
**અંતરિક્ષ(ક્ખ) વરકાણો પાસ, જીરાવ(ઉ)લો ને થંભણ પાસ ॥૧૨॥**

**ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ,**
**વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥**

**અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ શીલાંગના ધાર,**
**પંચમહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર ॥૧૪॥**

**બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણમણિમાલ,**
**નિતનિત ઊઠી કીર્તિ કરું, જીવ કહે ભવ-સાયર તરું ॥૧૫॥**

નોંધ : આ સ્તવન ગુજરાતી ભાષામાં હોવાથી તેની સંસ્કૃત છાયા આપી નથી. શબ્દાર્થ વિશેષાર્થ દરેક ગાથાની સાથે છે.

## A સ્થાવર તીર્થને વંદના :

**સકલ તીર્થ વંદું કર જોડ, જિનવર નામે મંગલ કોડ -**

**શબ્દાર્થ :**

બધા તીર્થોને હું બે હાથ જોડી વંદન કરું છું. (કારણ કે) શ્રી જિનેશ્વર પ્રભુના નામના પ્રભાવથી ક્રોડો મંગલ પ્રવર્તે છે.

**વિશેષાર્થ :**

તારે તેને તીર્થ કહેવાય છે. સંસાર સાગરથી તારવાનું સામર્થ્ય મુખ્યપણે સંસારથી તરી ગયેલા પરમાત્મામાં રહેલું છે. તે સિવાય તેમની સ્મૃતિ કરાવે તેવા તેમના નામ, તેમની મૂર્તિ આદિમાં પણ તેવું સામર્થ્ય રહ્યું છે. તેથી જ પરમાત્માની મૂર્તિ આદિને પણ તીર્થ કહેવાય છે. શાસ્ત્રીય ભાષામાં કહીએ તો આ પરમાત્માનો સ્થાપનાનિક્ષેપ[1] છે.

---

1. જૈન શાસ્ત્રોમાં કોઈપણ પદાર્થને સમગ્ર સ્વરૂપે સમજવા માટે નામાદિ ચાર નિક્ષેપા વર્ણવ્યા છે. તેમાં અક્ષરોની રચનારૂપ પદાર્થનું નામ તે **નામનિક્ષેપો** છે, ભાવાત્મક વસ્તુને ઉદ્દેશીને અલ્પકાળ માટે અથવા તો કાયમ માટે લાકડું, પત્થર, પુસ્તક, ચિત્ર વગેરેમાં અથવા અક્ષ વગેરેમાં, તેના આકાર સાથે કે આકાર વિના જે સ્થાપના કરાય છે અથવા તો

આ સૂત્રમાં સાધક શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવાના પોતાના ધ્યેયને તાજું કરવા શુદ્ધ આત્મસ્વરૂપને જેમણે પ્રગટ કર્યું છે તેવા તારક પરમાત્માની સ્મૃતિ કરાવનાર આ જગતમાં જે જે તીર્થો છે, તે સર્વ તીર્થોને સ્મરણમાં લાવી, બે હાથ જોડી, મસ્તક નમાવી ભાવપૂર્ણ હૃદયે તેને પ્રણામ કરે છે.

તીર્થોની વંદના કરતાં જાગૃત થયેલો શુભભાવ સાધકને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરાવી, દુનિયાના શ્રેષ્ઠ કક્ષાના સુખોની ભેટ ધરે છે. પ્રભુકૃપાથી પ્રાપ્ત થયેલા આવા પુણ્યના પ્રતાપે સાધક મળેલી ભૌતિક સુખસંપત્તિમાં જરા પણ અંજાતો નથી, તેમાં ક્યાંય આસક્ત થતો નથી અને મળેલ સામગ્રીનો સદુપયોગ કરી પુન: પુણ્યાનુબંધી પુણ્ય બાંધી ઉત્તરોત્તર અધિક સુખસંપન્ન સદ્ગતિની પરંપરા સર્જી છેક સિદ્ધિગતિ સુધી પહોંચી શકે છે. આ રીતે તીર્થવંદના કરોડો કલ્યાણની પરંપરા સર્જે છે.

વળી શુદ્ધભાવ સાથે સંકળાયેલા પરમાત્માનું નામ એક મંત્ર બની જાય છે. આ નામમંત્રનું વારંવાર સ્મરણ, રટણ કે જાપ રાગાદિ વિષનો વિનાશ કરે છે, વૈરાગ્યાદિ ભાવોને દૃઢ કરે છે, કષાયોના કુસંસ્કારો નબળા પાડે છે, ક્ષમાદિ ગુણોનું સર્જન કરે છે અને કર્મના પડલો ભેદે છે. પરિણામે સાધક અહીં જ આત્માના આનંદને માણી શકે છે. આથી અહીં કહ્યું છે કે, *"જિનવર નામે મંગલ કોડ"* જિનવરના નામથી કરોડો કલ્યાણ થાય છે.

---

અનાદિકાળથી જે આવી સ્થાપના હોય છે તેને **સ્થાપનાનિક્ષેપો** કહેવાય છે. ભાવાત્મક વસ્તુની પૂર્વની કે પછીની અવસ્થા એ **દ્રવ્યનિક્ષેપો** છે. આ દ્રવ્યનિક્ષેપો સચેતન કે અચેતન શરીરસ્વરૂપ પણ હોય છે. ક્યારેક વસ્તુની ભાવરહિત અવસ્થાને પણ દ્રવ્યનિક્ષેપો કહેવાય છે.

દાખલા તરીકે પ્રભુ વીરનો વિચાર કરીએ તો શબ્દથી ઉલ્લેખિત 'મહાવીર' એવું નામ તે તેમનો નામનિક્ષેપો છે. તેઓની પ્રતિમા કે ચિત્રાદિ તે તેમનો સ્થાપનાનિક્ષેપો છે. ભાવ તીર્થંકરની પૂર્વ અને પાછળની જે અવસ્થા તે તેમનો દ્રવ્યનિક્ષેપો છે અને કેવળજ્ઞાન પામી, તીર્થને પ્રવર્તાવી પ્રભુ જ્યાં સુધી તીર્થંકરરૂપે વિચરતા હતા ત્યારની તેમની અવસ્થા તે વીરપ્રભુનો **ભાવનિક્ષેપો** છે. ભાવનિક્ષેપો જેમ શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવામાં પ્રબળ નિમિત્ત બને છે, તેમ તેઓશ્રીના શુદ્ધ ભાવ સાથે સંકળાયેલ તેમનું નામ, તેમની પ્રતિમા આદિ કે તેમનું દ્રવ્ય પણ શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવામાં નિમિત્તભૂત બને છે. જ્યાં સુધી શુદ્ધ આત્મદ્રવ્ય પ્રગટ ન થાય ત્યાં સુધી તે શુભભાવનું કારણ બને છે.

*સામાન્ય સર્વ તીર્થોને વંદન કરી તથા તેમ કરવાનું પ્રયોજન બતાવી હવે વિશેષથી ઊર્ધ્વ, અધો આદિ લોકના તીર્થોને વંદન કરવામાં આવે છે.*

**૧ ઊર્ધ્વલોકના તીર્થોની વંદના : (ગાથા ૧ થી ૬ાા)**

**પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિશ ।।૧।।**

**બીજે લાખ અટ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં,**
**ચોથે સ્વર્ગે અડલખ ધાર, પાંચમે વંદું લાખ જ ચાર ।।૨।।**

**છટ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીસ સહસ પ્રાસાદ,**
**આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદું શત ચાર ।।૩।।**

**અગ્યાર-બારમે ત્રણશેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણશેં અઢાર,**
**પાંચ અનુત્તર સર્વે મલી, લાખ ચોરાશી અધિકાં વળી ।।૪।।**

**સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર ભવનતણો અધિકાર,**
**લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઊંચાં બહોંતેર ધાર ।।૫।।**

**એકસો એંશી બિંબ પ્રમાણ, સભા-સહિત એક ચૈત્યે જાણ,**
**સો કોડ બાવન કોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ ।।૬।।**

**સાતસે ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ -**

**શબ્દાર્થ :**

પહેલા દેવલોકમાં રહેલાં બત્રીસ લાખ જિનભવનને હું નિશદિન વાંદું છું ।।૧।। બીજા દેવલોકના અટ્ઠાવીસ લાખ, ત્રીજા દેવલોકના બાર લાખ, ચોથા દેવલોકના આઠ લાખ અને પાંચમાં દેવલોકના ચાર લાખ જિનભવનને હું વાંદું છું ।।૨।। છટ્ઠા દેવલોકના પચાસ હજાર, સાતમાં દેવલોકના ચાળીસ હજાર, આઠમા દેવલોકના છ હજાર, નવમા અને દસમા દેવલોકના મળીને ચારસો જિનભવનોને હું વાંદું છું ।।૩।। અગિયારમા અને બારમા દેવલોકના મળીને ત્રણસો, નવ ગ્રૈવેયકના ત્રણસોને અઢાર, તથા પાંચ અનુત્તર વિમાનના પાંચ જિનભવન મળીને ચોરાશી લાખ સત્તાણું હજાર અને ત્રેવીશ (૮૪,૯૭,૦૨૩) જિનભવનો છે. તેને હું વાંદું છું, જેનો અધિકાર = જેનું વર્ણન (શાસ્ત્રમાં છે).

આ જિનભવનો સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બહોંતેર

યોજન ઊંચાં છે. ॥૪-૫॥ આ દરેક જિનભવન કે ચૈત્યમાં સભાસહિત ૧૮૦ જિનબિંબો છે. એ રીતે સર્વે મળીને એકસો બાવન ક્રોડ, ચોરાણું લાખ, ચુંમાલીસ હજાર, સાતસોને સાઈઠ (૧,૫૨,૯૪,૪૪,૭૬૦) વિશાળ જિન પ્રતિમાઓને યાદ કરી હું તેને ત્રણેય કાળ પ્રણામ કરું છું. ॥૬-૭॥

**વિશેષાર્થ :**

આ સંપૂર્ણ વિશ્વ ૧૪ રાજલોક પ્રમાણ છે. તેમાં સામાન્યથી ઉપરના (૯૦૦ યોજન ન્યૂન) સાત રાજલોકને ઊર્ધ્વલોક અને નીચેના (૯૦૦ યોજન ન્યૂન) સાત રાજલોકને અધોલોક કહેવાય છે. મધ્યમાં તિર્ચ્છાલોક આવેલો છે.

ઊર્ધ્વલોકમાં ૧૨ દેવલોક વગેરે દેવતાઓના આવાસ છે. તેમાં સૌધર્મ નામનો પ્રથમ દેવલોક છે. જેનો અધિપતિ સૌધર્મ ઇન્દ્ર છે. આ દેવલોકમાં બત્રીશ લાખ વિમાનો છે. જેમાં ફુલની શય્યા ઉપર દેવોનો જન્મ થાય છે. તેઓને મનુષ્ય આદિની જેમ ગર્ભાવાસ હોતો નથી. જન્મતાની સાથે જ તેઓ સોળ વર્ષના યુવાન જેવી કાયા ધરાવે છે અને મરતા સુધી તેમની કાયા એવીને એવી જ રહે છે. તેમનું પુણ્ય એવું હોય છે કે તેમને વસ્ત્ર, પાત્ર, અલંકાર, ખાદ્ય આદિ ભૌતિક સામગ્રી માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. તેઓ જે વસ્તુનું સ્મરણ કરે ત્યાં તે વસ્તુ હાજર થઈ જાય છે. વિશિષ્ટ રચનાઓથી યુક્ત તેમના વિમાનોની દિવાલ ઉપર સતત નાટકો ચાલું હોય છે અને એક નાટક ઓછામાં ઓછું બે હજાર વર્ષ ચાલે છે. આ ઉપરાંત ત્યાં અનેક રમણીય ક્રીડાંગણો બાગ, બગીચા ને વાવડીઓ હોય છે. વૈક્રિય શરીર ધરાવતા આ દેવો ધારે તેવું રૂપ કરી શકે છે, ઇચ્છે ત્યાં જઈ શકે છે અને તેમને ભવસંબંધી અવધિ કે વિભંગજ્ઞાન હોય છે.

આ રીતે ભૌતિક સુખની રેલમછેલમાં મહાલતા દેવો જો સાવધાન ન રહે તો વિષય-કષાયની જાળમાં ફસાઈને પુનઃ દુઃખની પરંપરા ભોગવવા સંસારમાં ભટકવા ચાલ્યા જાય છે; પરંતુ જે દેવો જિનભક્તિ આદિમાં જોડાય છે, તેઓ ભોગોની વચ્ચે પણ કાંઈક આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

### દેવલોકના દહેરાસરોનું વર્ણન :

દેવો જિનભક્તિ કરી અનાદિના કર્મમલને હળવો કરી શકે તે માટે દેવલોકના દરેક વિમાનમાં એક એક જિનભવન હોય છે. જે ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૨ યોજન ઊંચા હોય છે. આજના પ્રચલિત માપો પ્રમાણે કહીએ તો દેવલોકનું એક દહેરાસર લગભગ ૧૨૦૦ કિ.મી. લાંબું, ૬૦૦ કિ.મી પહોળું અને ૮૬૪ કિ.મી ઊંચું હોય છે. અત્યારનું આપણું કોઈ શહેર પણ આટલું મોટું નથી.

આ દરેક શાશ્વત જિનચૈત્યો રત્ન, સુવર્ણ અને મણિના બનેલા હોય છે. તેમાં પશ્ચિમ સિવાયની ૩ દિશામાં ૩ દ્વાર હોય છે. તે દરેક દ્વારે નીચે પ્રમાણે છ-છ સ્થાનો હોય છે.

૧. મુખમંડપ - પટ્ટશાખારૂપ

૨. રંગમંડપ - પ્રેક્ષાગૃહરૂપ

૩. મણિમય પીઠિકા ઉપર ચૌમુખજીથી અલંકૃત સમવસરણ (સ્તૂપ)

૪. અશોકવૃક્ષની પીઠિકા અને તેની ઉપર ૮ યોજન ઊંચું અશોકવૃક્ષ

૫. ધ્વજની પીઠિકા અને તેની ઉપર ૧૬ યોજન ઊંચી ઇન્દ્રધ્વજા અને

૬. નિર્મલ જલ યુક્ત વાવડીઓ (પુષ્કરિણી)

આ રીતે દરેક દ્વારમાં એક-એક ચૌમુખજી ભગવાન હોવાથી ત્રણેય દ્વારોની મળીને કુલ બાર પ્રતિમાઓ હોય છે.

ચૈત્યના મધ્યભાગમાં એક મોટી મણિપીઠિકા હોય છે. તેની ઉપર એક દેવછંદક એટલે કે, સ્તૂપ જેવા આકારવાળો ગભારો હોય છે. તે લગભગ મણિપીઠિકા જેટલો જ હોય છે, પણ તેની ઊંચાઈ થોડી વધુ હોય છે.. મણિપીઠિકાની ઉપર રહેલા દેવછંદકની ચારે દિશામાં ઋષભ, ચન્દ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ નામવાળી ૨૭-૨૭ પ્રતિમાઓ હોય છે. એમ કુલ મળી તે દેવછંદકોમાં ૧૦૮ પ્રતિમાઓ હોય છે. તેથી એક ચૈત્યમાં કુલ ૧૨૦ પ્રતિમાઓ (૧૨ દ્વારની + ૧૦૮ દેવછંદકોની) હોય છે.

આ ઉપરાંત દેવલોકના દરેક વિમાનમાં પાંચ સભાઓ હોય છે.

૧. ઉપપાતસભા ૨. અભિષેકસભા ૩. અલંકારસભા ૪. વ્યવસાયસભા ૫. સુધર્મા (સૌધર્મી) સભા

આ દરેક સભામાં ત્રણ ત્રણ દ્વાર હોય છે એટલે ૫ સભામાં કુલ મળીને ૧૫ દ્વાર હોય છે. એ દરેક દ્વાર ઉપર ચૌમુખજી ભગવાન બિરાજમાન હોય છે. એટલે પાંચ સભામાં કુલ (૧૫ x ૪) ૬૦ બિંબો હોય છે.

આ રીતે બારેબાર દેવલોકના ચૈત્યોમાં કુલ (ચૈત્યના ૧૨૦ + સભાના ૬૦) ૧૮૦ જિનબિંબો હોય છે. નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તરના વિમાનોમાં સભાઓ હોતી નથી. તેથી ત્યાંના ચૈત્યોમાં ૧૨૦ બિંબો જ હોય છે.

## દેવલોકના ચૈત્યના જિનબિંબોનું વર્ણન :

દેવલોકના જિનબિંબો કે ચૈત્યો કોઈએ બનાવ્યા નથી તે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. આ શાશ્વત બિંબો મુખ્યપણે સુવર્ણના હોય છે; પણ તેના નખ અને નેત્રો શ્વેત અંકરત્નના તથા તેના ખૂણાઓ લાલ લોહિતાક્ષરત્નના હોય છે. વળી તે અદ્‌ભુત પ્રતિમાની હથેળી, પગનાં તળીયાં, નાભિ, જીભ, શ્રીવત્સ, ચુચુક (સ્તનની ડીંટી), તાળવું, નાસિકાનો અંદરનો ભાગ અને માથાનો ભાગ રક્ત વર્ણના તપનીય સુવર્ણના હોય છે. દાઢી, મૂછ, રોમરાજી, કીકી, પાંપણ, ભવાં અને માથાના વાળ કાળા રંગના રિષ્ટરત્નના બન્યા હોય છે. તેમના બે હોઠ લાલ પરવાળાના હોય છે તો વળી નાસિકા લોહિતાક્ષ રત્નની હોય છે. તેમની શીર્ષઘટિકા એટલે કે માથા ઉપરની શિખા શ્વેત વજ્ર રત્નમય હોય છે. બાકી રહેલા શરીરના અંગો જેમકે ગળું, હાથ, પગ, જંઘા, પાની, સાથળ આદિ સુવર્ણના હોય છે.

આ દરેક જિનબિંબની પાછળ, પ્રભુની પ્રતિમાજીની ઉપર સુંદર સફેદ છત્ર ધારણ કરતી છત્રધારીની મૂર્તિ હોય છે. તેની બન્ને બાજુ ચંદ્રપ્રભ, વજ્ર, વૈડુર્ય વિગેરે રત્નોથી જડેલા સુવર્ણની દાંડીવાળા અને ખૂબ ઉજ્જવલ વર્ણવાળા વાળથી યુક્ત એવા ચામરને વીંઝતી ચામરધારીની મૂર્તિઓ હોય છે.

વળી, દરેક શાશ્વતી જિનપ્રતિમા આગળ બંને બાજુ એક એક યક્ષપ્રતિમા, નાગપ્રતિમા, ભૂતપ્રતિમા અને કુંજધરપ્રતિમા હોય છે. તે બધી વિનયપૂર્વક માથું નમાવીને બે હાથ જોડીને નીચે બેઠેલી હોય છે. આ બધી પ્રતિમાઓ પણ રત્નની બનેલી, અતિ મનોહર અને સુંદર હોય છે.

આ ચૈત્યોના ગભારામાં આવી પરિકરથી યુક્ત મનોહર રત્નવાળી ૧૦૮ પ્રભુજીની પ્રતિમાઓ હોય છે. તદુપરાંત ૧૦૮ ધૂપધાણા, ૧૦૮ કલશ, ૧૦૮ સોનાની ઝારી (નાના કળશ), ૧૦૮ દર્પણ, ૧૦૮ થાળા, ૧૦૮ સુપ્રતિષ્ઠ (થાળા મૂકવા માટે ટેબલ જેવું સાધન), ૧૦૮ રત્નોના બાજોઠ, ૧૦૮ હસ્તિકંઠ, ૧૦૮ નરકંઠ, ૧૦૮ કિન્નરકંઠ, ૧૦૮ કિંપુરુષકંઠ, ૧૦૮ મહોરગકંઠ, ૧૦૮ ગંધર્વકંઠ, ૧૦૮ વૃષભકંઠ. આ સર્વે અશ્વકંદથી વૃષભકંઠ સુધીની વસ્તુઓ શોભા માટે હોય છે.

વળી પુષ્પની[1] માલ્યની[2], ચૂર્ણની[3], સિદ્ધાર્થની[4], લોમહસ્તની (મોરપીંછની પૂંજણીની)[5], ગંધની[6], વસ્ત્રની[7] અને આભરણની[8] એમ ૮ જાતિની પ્રત્યેક ૧૦૮-૧૦૮ ચંગેરીઓ (એક જાતનું પાત્ર વિશેષ) હોય છે. આવી જ રીતે આઠ જાતના વસ્ત્ર હોય છે જે દરેક પણ ૧૦૮ હોય છે. તેમજ ૧૦૮ સિંહાસનો, ૧૦૮ છત્ર, ૧૦૮ ચામર અને ૧૦૮ ધ્વજ હોય છે. તદુપરાંત તેલ[1], કોષ્ઠ[2], ચોયગ[3], તગર[4],

એલાયચી[5], હરતાલ[6], હિંગલોક[7], મન:શીલ[8] અને અંજન[9] : આ નવ વસ્તુઓ મૂકવાના નવ જાતના ૧૦૮-૧૦૮ ડાબડા હોય છે. આ બધી વસ્તુઓ પણ રત્નમય અને અતિ મનોહર હોય છે.

## ઊર્ધ્વલોકના કુલ ચૈત્યો અને જિનબિંબો :

પહેલા દેવલોકમાં કુલ ૩૨,૦૦,૦૦૦ વિમાનો છે અને તે દરેકમાં એક એક ચૈત્ય છે. તે દરેક ચૈત્યમાં ઉપર જણાવ્યા પ્રમાણે ૧૮૦ જિનપ્રતિમા છે. તેથી ત્યાં કુલ ૫૭,૬૦,૦૦,૦૦૦ જિનબિંબો છે. બીજા, ત્રીજા આદિ બારે દેવલોકમાં આવી રીતે જ ચૈત્યો તથા જિનબિંબો છે. તે સર્વ દેવલોકની ગણત્રી કરીએ તો નીચે બતાવ્યા પ્રમાણે ઊર્ધ્વલોકમાં ૧૫૨,૯૪,૪૪,૭૬૦ વિશાલ જિનબિંબો પ્રાપ્ત થાય.

| દેવલોક | નામ | ચૈત્ય સંખ્યા | પ્રત્યેક ચૈત્યમાં બિંબ સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|---|
| પહેલો | સૌધર્મ | ૩૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૫૭,૬૦,૦૦,૦૦૦ |
| બીજો | ઈશાન | ૨૮,૦૦,૦૦૦ | ૧૮૦ | ૫૦,૪૦,૦૦,૦૦૦ |
| ત્રીજો | સનત્કુમાર | ૧૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૨૧,૬૦,૦૦,૦૦૦ |
| ચોથો | માહેન્દ્ર | ૮,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧૪,૪૦,૦૦,૦૦૦ |
| પાંચમો | બ્રહ્મલોક | ૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૭,૨૦,૦૦,૦૦૦ |
| છઠ્ઠો | લાન્તક | ૫૦,૦૦૦ | ૧૮૦ | ૯૦,૦૦,૦૦૦ |
| સાતમો | મહાશુક્ર | ૪૦,૦૦૦ | ૧૮૦ | ૭૨,૦૦,૦૦૦ |
| આઠમો | સહસ્રાર | ૬,૦૦૦ | ૧૮૦ | ૧૦,૮૦,૦૦૦ |
| નવમો<br>દસમો | આનત<br>પ્રાણત } | ૪૦૦ | ૧૮૦ | ૭૨,૦૦૦ |
| અગીયારમો<br>બારમો | આરણ<br>અચ્યુત } | ૩૦૦ | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| | ગ્રૈવેયક | ૩૧૮ | ૧૨૦ | ૩૮,૧૬૦ |
| | અનુત્તર | ૫ | ૧૨૦ | ૬૦૦ |
| કુલ | | ૮૪,૯૭,૦૨૩ | | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |

આ ગાથાઓ બોલતાં ઊર્ધ્વલોકના શાશ્વત ચૈત્યો અને તેમાં રહેલી પ્રશમરસ નિમગ્ન અલૌકિક પ્રભુ પ્રતિમાઓ અને તેની સહૃદય ભક્તિ કરતા દેવોને માનસપટ ઉપર ઉપસ્થિત કરી તેમને વંદન કરતાં સાધક વિચારે કે,

*"ધન્ય છે દેવોને અને દેવેન્દ્રોને કે જેઓ પાસે ભોગ ભોગવવાની ઉત્કૃષ્ટ સામગ્રી હોવા છતાં તેઓ જીવનની સફળતા તેમાં ન માનતા આપ કૃપાળુની ભક્તિ કરવામાં પોતાના જીવનનીં સફળતા માને છે. ધન્ય છે તેમના મનની નિર્મળતાને કે કોઈ મહેનત વિના મળેલા અમૂલ્ય સુખોને તે પુણ્યની પરાધીનતાવાળા અને મર્યાદિત સમય રહેનારા માને છે અને ઉપશમભાવના આપના સુખને સ્વાધીન અને સદાકાળ રહેનાર માની સદા તેને જ ઝંખે છે. ધન્ય છે તેમની દિવ્યદૃષ્ટિને કે જેના દ્વારા તેઓ આપના યોગસામ્રાજ્યને યથાર્થ નિહાળી શકે છે અને તેના કારણે જ સાક્ષાત્ વિચરતાં આપશ્રીના પાવનકારી કલ્યાણકોની ઉજવણીઓ કરી અને સમવસરણની તથા અષ્ટ મહાપ્રાતિહાર્યની રચના કરી આપની અનન્ય ભક્તિ કરે છે. આમ કરી પોતે તો આપની સાથે નાતો જોડે છે સાથે સાથે અનેક ભવ્ય જીવોને પણ આપનો પરિચય કરાવે છે.*

*હે વિશ્વવંદ્ય વિભુ ! વિબુધો જેવી ભક્તિ કરવાની મારી બુદ્ધિ પણ નથી અને સામર્થ્ય પણ નથી કે, નથી તેઓ જ્યાં ભક્તિ કરતા પાગલ બની જાય છે એ શાશ્વત ચૈત્યોને ભેટવાનું સૌભાગ્ય; છતાં પ્રભુ આજની પ્રભાતે અહીં બેઠા બેઠા શાન્તસુધારસ ઝીલતી આપની ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ પ્રતિમાઓને નજર સમક્ષ લાવી વંદન કરીને પ્રાર્થના કરું છું કે, મને પણ તેમના જેવી ભક્તિની વિશિષ્ટ શક્તિ આપજો."*

*ઊર્ધ્વલોકના શાશ્વત ચૈત્યો તથા જિનબિંબોની સંખ્યા જણાવ્યા પછી હવે પાતાળલોકના ચૈત્યો તથા જિનબિંબોની સંખ્યા જણાવી તેને વંદના કરવામાં આવે છે.*

## ૨ અધોલોકના ચૈત્યોની વંદના : (ગાથા ૭-૮)

**સાત કોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ ||૭||**

**એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ,**
**તેરશેં કોડ નેવ્યાશી કોડ, સાઠ લાખ વંદું કરજોડ ||૮||**

**શબ્દાર્થ :**

ભવનપતિના આવાસોમાં સાત ક્રોડ અને બહોંતેર લાખ (૭,૭૨,૦૦,૦૦૦) જિનચૈત્યો છે એવું શાસ્ત્રમાં કહેલું છે. તે દરેક ચૈત્યમાં એકસો ને એંશી જિનબિંબો હોય છે. તેથી બધા મળીને તેરસો ક્રોડ (તેર અબજ) નેવ્યાશી ક્રોડ અને સાઠ લાખ (૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦) જિનબિંબો થાય છે, જેને હું બે હાથ જોડીને વંદન કરું છું.

**વિશેષાર્થ :**

અધોલોક સાત રાજલોક પ્રમાણ છે. તેમાં રત્નપ્રભા આદિ સાતપૃથ્વીઓ છે. પણ તેમાં સર્વત્ર શાશ્વત ચૈત્યો નથી. માત્ર પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના પિંડમાં ભવનપતિ અને વ્યંતરનિકાયના અસંખ્યાતા આવાસોમાં જ શાશ્વત ચૈત્યો છે. અન્ય પૃથ્વીમાં ચૈત્યો નથી. ત્યાં માત્ર નારકીના જીવો રહે છે.

આ રત્નપ્રભા પૃથ્વી એટલે આપણે જેની ઉપર રહીએ છીએ તે પૃથ્વી. તેની જાડાઈ ૧,૮૦,૦૦૦ યોજન અને લંબાઈ પહોળાઈ ૧ રાજલોક જેટલી છે. તેમાં ઉપર-નીચે ૧૦૦૦ યોજન છોડી વચ્ચે ૧,૭૮,૦૦૦ યોજનના પિંડમાં દશ ભવનપતિના દેવોના ૭ ક્રોડ અને ૭૨ લાખ (૭,૭૨,૦૦,૦૦૦) ભવનો (આવાસ) આવેલા છે. તે દરેકમાં એક-એક ચૈત્ય છે.

આ દશ ભવનપતિમાં પ્રથમ જે અસુરકુમારના ભવનમાં ચૈત્યો છે તે ૫૦ યોજન લાંબા, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઊંચા કહેલા છે[2], એટલે લગભગ ૬૦૦ કિ.મી. લાંબા, ૩૦૦ કિ.મી પહોળા અને ૪૩૨ કિ.મી ઊંચા કહેલ છે. જ્યારે બાકીના નવનિકાયના જિનમંદિરો ૨૫ યોજન લાંબા ૧૨।। યોજન પહોળા અને ૧૮

---

2. લોકપ્રકાશ - ક્ષેત્રલોક સર્ગ ૨૩ ગાથા ૩૧૧-૩૧૫

યોજનની ઊંચાઈવાળા હોય છે. (૩૦૦ કિ.મી. x ૧૫૦ કિ.મી. x ૨૧૬ કિ.મી). વ્યન્તરોના આવાસોમાં જે શાશ્વત ચૈત્યો હોય છે તેનું માપ નવનિકાયના ચૈત્યો કરતાં અડધું જાણવું. તેથી તે ચૈત્યો ૧૨।। યોજન લાંબા, ૬। યોજન પહોળા અને ૯ યોજન ઊંચા હોય છે (લગભગ ૧૫૦ કિ.મી. x ૭૫ કિ.મી. x ૧૦૮ કિ.મી.).

ઊર્ધ્વલોકના દેવવિમાનના ચૈત્યોની જેમ આ પ્રત્યેક ચૈત્યોમાં પણ (ગભારાની ૧૦૮ + ૩ દ્વારની (૩x૪) ૧૨ + ૫ સભાની (૫x૩x૪) ૬૦) ૧૮૦ પ્રતિમાઓ હોય છે. તેથી પાતાળલોકમાં કુલ તેર અબજ, નેવ્યાસી કરોડ અને સાઇઠ લાખ જિનબિંબો હોય છે. જેની ગણતરી નીચે પ્રમાણે છે.

**પાતાળલોકમાં (ભવનપતિમાં) રહેલા શાશ્વત ચૈત્યો તથા શાશ્વત બિંબો**

| નામ | ચૈત્ય સંખ્યા | દરેક ચૈત્યમાં પ્રતિમાની સં. | કુલબિંબો |
|---|---|---|---|
| ૧. અસુરનિકાય | ૬૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૧૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨. નાગકુમાર | ૮૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૫૧,૨૦,૦૦,૦૦૦ |
| ૩. સુવર્ણકુમાર | ૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૨૯,૬૦,૦૦,૦૦૦ |
| ૪. વિદ્યુતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૫. અગ્નિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૬. દ્વીપકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૭. ઉદધિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૮. દિક્કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૯. પવનકુમાર | ૯૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૭૨,૮૦,૦૦,૦૦૦ |
| ૧૦. સ્તનિતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| કુલ | ૭,૭૨,૦૦,૦૦૦ | x૧૮૦= | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |

આ ગાથાઓ બોલતાં સાધક અધોલોકનું દૃશ્ય ઉપસ્થિત કરી, તે સર્જનાતીત, સંખ્યાતીત અને શબ્દાતીત સ્થાપના જિનને સ્મૃતિપટ પર અંકિત કરી હૃદયના ભાવપૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવી ત્યાંના સર્વ જિનબિંબોને વંદના કરતાં વિચારે કે,

*"શત્રુંજય, દેલવાડા, રાણકપુરના ચૈત્યો તો માનવોનું સર્જન છે જ્યારે આ શાશ્વત ચૈત્યો તો સર્જનાતીત છે.*

*માનવોનું આરસપહાણનું સર્જન જોતાં પણ અહો ! અહો ! ના ઉદ્ગારો સરી પડે છે તો આ સોના-ચાંદી-રત્નના ચૈત્યો જોતાં કેવા ભાવ થતા હશે. અહીં તો સંગેમરમરની પ્રતિમાઓ અને ત્યાંની હીરા માણેક રત્નોથી મઢેલી સોનાની પ્રતિમાઓ. અહીંના ચૈત્યો ગમે તેટલા અદ્ભૂત હોય તોપણ તેમાં બધું પત્થરનું અને લાકડાનું કે ઇંટ, ચુના અને માટીનું જ્યારે ત્યાં તો થાંભલા હોય કે કાંગરા હોય, છત હોય કે તળીયું હોય, તોરણ હોય કે ઝુમ્મર હોય ટેબલ હોય કે ડબ્બાઓ હોય, દીવાલ હોય કે દરવાજો હોય બધું જ રત્નોનું, સોનાનું અને હીરા માણેકથી જડેલું. સાંજના દીવાના ઝગમગાટમાં તારંગાના દાદાના દર્શન મનને આહ્લાદિત કરી મૂકે છે તો રત્નોના પ્રકાશની ભવ્યતામાં પ્રભુ કેવા દેદીપ્યમાન દેખાતા હશે. અહીંનો ઘંટારવ કલાકો સુધી કાનમાં ગુંજ્યા કરે છે તો ત્યાંના સેંકડો મણના મોતીઓથી જડેલા અને પરસ્પર અથડાતા ઝુમ્મરોનો રણકાર કેવો હશે ?*

*પ્રભુ ! ક્યારેક તો મેં આપના આ સ્વરૂપને પણ નીહાળ્યું હશે પણ ભવમાં ભમતા હું બધુ ભૂલી ગયો છું. આજે આપની એ ભવ્યતાને યાદ કરું છું અને બાહ્ય ભવ્યતાના માધ્યમે આપની આંતરિક ભવ્યતાને પ્રાપ્ત કરવા યત્ન કરું છું."*

*ઊર્ધ્વલોક અને અધોલોકના શાશ્વત ચૈત્યો તથા જિનબિંબોને વંદન કર્યા પછી હવે તીર્ચ્છાલોકના ચૈત્યોની વંદના કરતાં જણાવે છે.*

### 3 તીર્ચ્છાલોકના શાશ્વત ચૈત્યોની વંદના : (ગાથા - ૯)

**બત્રીસે ને ઓગણસાઠ, તિર્ચ્છાલોકમાં ચૈત્યનો પાઠ,**

**ત્રણ લાખ એકાણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥**

**શબ્દાર્થ :**

તીર્ચ્છાલોકમાં ત્રણ હજાર બસોને ઓગણસાઠ (૩૨૫૯) શાશ્વત ચૈત્યો છે, એવો શાસ્ત્રનો પાઠ છે. જેમાં ત્રણ લાખ, એકાણું હજાર, ત્રણસોને વીસ (૩,૯૧,૩૨૦) જિનપ્રતિમાઓ છે, તેને હું વંદન કરું છું.

**વિશેષાર્થ :**

શાસ્ત્રોમાં જણાવ્યું છે કે ૧૪ રાજલોક પ્રમાણ લોકના મધ્યભાગને તીર્ચ્છાલોક કહેવાય છે. ગોળાકારે રહેલા તીર્ચ્છાલોકનો વિષ્કંભ (diameter) ૧ રાજલોક પ્રમાણ છે. તેની મધ્યમાં જંબુદ્વીપ[3] નામનો દ્વીપ છે. જેની મધ્યમાં મેરુપર્વત છે. આ જંબુદ્વીપને ફરતો બંગડી આકારવાળો લવણસમુદ્ર છે. ત્યારપછી ક્રમશ: પૂર્વના દ્વીપ અને સમુદ્ર કરતાં બમણા બમણા વિસ્તારવાળા અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો આ તીર્ચ્છાલોકમાં આવેલા છે. તેમાં સૌથી છેલ્લે સ્વયંભૂરમણસમુદ્ર આવેલો છે. પ્રથમ જંબૂદ્વીપ છે. તે પછી લવણ સમુદ્ર છે. તે પછી બીજો ધાતકીખંડ, તેને ફરતો કાલોદધિસમુદ્ર અને તેના પછી ત્રીજો પુષ્કરવરદ્વીપ છે. આ ત્રણ દ્વીપમાંથી ત્રીજા પુષ્કરવરદ્વીપની મધ્યમાં આવેલા માનુષોત્તર પર્વત સુધી ૨½ દ્વીપમાં મનુષ્યોની વસતી હોય છે અને પુષ્કરવરદ્વીપના માનુષોત્તર પર્વત પછી મનુષ્યોની વસતી નથી હોતી.

તીર્ચ્છાલોકમાં કુલ ૩૨૫૯ શાશ્વત ચૈત્યો છે. તેમાં જંબુદ્વીપના ૬૩૫, ધાતકીખંડના ૧૨૭૨ અને પુષ્કરવરદ્વીપના ૧૨૭૨ મળી કુલ ૩૧૭૯ ચૈત્યો મનુષ્યક્ષેત્રમાં છે. જ્યારે ૮૦ ચૈત્યો મનુષ્યક્ષેત્રની બહાર રહેલા છે. જંબૂદ્વીપથી માંડી છેક તેરમાં રુચક[4] દ્વીપ સુધી શાશ્વત તીર્થો આવેલા છે. આ સર્વે તીર્થોમાં કુલ મળી ત્રણ લાખ એકાણું હજાર ત્રણસોને વીસ શાશ્વતી પ્રતિમાઓ છે. આ સર્વે શાશ્વતી પ્રતિમાઓ ૫૦૦ ધનુષ્યની ઉંચાઈ ધરાવે છે.

તે સર્વેની વિગત નીચે પ્રમાણે છે :

### 1. જંબૂદ્વીપના ભરતાદિ ક્ષેત્રના શાશ્વત ચૈત્યો :

## ૩૦ ચૈત્યો અને ૩૬૦૦ પ્રતિમાઓ

તીર્ચ્છાલોકની મધ્યમાં મેરુપર્વત છે અને તેની ફરતે ૧,૦૦,૦૦૦ યોજન પ્રમાણ જંબૂદ્વીપ છે. જંબૂદ્વીપમાં મેરુપર્વતની દક્ષિણમાં નિષધપર્વત છે અને ઉત્તરમાં નીલવંતપર્વત છે. આ બે પર્વતની વચ્ચે મહાવિદેહક્ષેત્ર છે. નિષધ

---

3. તીર્ચ્છાલોકની મધ્યમાં રહેલો જંબૂદ્વીપ ૧ લાખયોજનના વિષ્કંભવાળો (diameter), ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૨॥ હાથ ક્ષેત્રફળ (area) ધરાવતો અને ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ, ૧૩॥ અંગુલ, ૫ યવ અને ૧ યૂકાની પરિધિવાળો દ્વીપ છે. (circumference)
4. આ રુચક દ્વીપની આઠ કુમારિકાઓ તીર્થંકરપરમાત્માઓનું સૂતીકર્મ કરવા આવે છે.

પર્વતની દક્ષિણમાં ક્રમશ: મહાહિમવંત અને હિમવંત એમ બે પર્વતો અને આ ત્રણ પર્વતોની વચ્ચે હિમવંતક્ષેત્ર અને હરિવર્ષ છે. આ બન્ને અકર્મભૂમીઓ છે. વળી હિમવંતપર્વતની દક્ષિણમાં જંબૂદ્વીપના દક્ષિણ છેડે ભરતક્ષેત્ર છે. તે કર્મભૂમિ છે.

દક્ષિણવિભાગમાં આવેલા આ ત્રણ ક્ષેત્રો અને ત્રણ પર્વતો પર કુલ મળી ૧૫ ચૈત્યો છે.

(i) તેમાં દક્ષિણ છેવાડે રહેલા **ભરતક્ષેત્રમાં** ૩ શાશ્વત ચૈત્યો છે. જેમાંથી ૨ શાશ્વત ચૈત્યો તેની ઉત્તરમા રહેલ હિમવંત શિખર પર સ્થિત પદ્મદ્રહમાંથી નીકળતી ગંગા અને સિંધુ નદીઓના પ્રપાતકુંડમાં[5] છે. ત્રીજું ચૈત્ય ભરત ક્ષેત્રની મધ્યમાં રહેલા દીર્ઘ વૈતાઢ્યપર્વતના (સિદ્ધાયતન નામના) શિખર ઉપર છે.

(ii) ભરતક્ષેત્રની ઉપર ઉત્તરમાં **હિમવંત** નામનો વર્ષધરપર્વત[6] છે. તેની ઉપર પદ્મદ્રહમાં એક ચૈત્ય છે અને તેના શિખર ઉપર એક ચૈત્ય છે. આમ હિમવંતપર્વતના કુલ ૨ ચૈત્યો છે.

(iii) હિમવંતપર્વત પછી તેની ઉત્તરમાં **હિમવંતક્ષેત્ર** છે. તેમાં ભરતક્ષેત્રની જેમ જ કુલ ૩ ચૈત્યો છે. (૨ ચૈત્યો રોહિતા અને રોહિતાંશા નદીના પ્રપાતકુંડમાં અને ૧ ચૈત્ય વૃત્તવૈતાઢ્યના[7] શિખર પર)

(iv) હિમવંતક્ષેત્ર પછી તેની ઉત્તરમાં **મહાહિમવંત** નામનો વર્ષધરપર્વત છે. તેમાં પણ હિમવંતપર્વતની જેમ ૨ ચૈત્યો છે. (૧ શિખર ઉપર અને ૧ મહાપદ્મદ્રહમાં)

(v) તેના પછી ઉત્તરમાં **હરિવર્ષક્ષેત્ર** છે તેમાં પણ પૂર્વના ક્ષેત્રની જેમ ૩ ચૈત્યો છે (૨ ચૈત્યો હરિકાન્તા અને હરિસલિલા નદીના પ્રપાતકુંડોમાં

---

5. પ્રપાતકુંડ - મહાનદીઓ જે જે પર્વત ઉપરથી નીકળી છે, તે તે પર્વતની નીચે તે તે નદીના નામવાળા પ્રપાતકુંડ છે, કે જેમાં તે નદીનો પડતો ધોધ એ કુંડમાં જ પડીને બહાર નીકળે છે. તેથી દરેક નદીના ઉદ્ગમ સ્થાનની નીચે તે જ નામના પ્રપાત કુંડ હોય છે.

6. વર્ષધરપર્વત - વર્ષ એટલે ક્ષેત્ર, તેની મર્યાદાને ધારણ કરનારા, એટલે બે ક્ષેત્રોની વચ્ચે સરહદ ઉપર રહેલા પર્વતને વર્ષધરપર્વત કહેવાય છે.

7. વૃત્તવૈતાઢ્ય = ગોળાકારે રહેલો વૈતાઢ્યપર્વત

અને ૧ ચૈત્ય વૃત્તવૈતાઢ્ય પર્વતના શિખરે)

(vi) ત્યારપછી ઉત્તરમાં **નિષધ** નામનો વર્ષધરપર્વત છે. દરેક વર્ષધર પર્વતની જેમ અહીં પણ ૨ ચૈત્યો છે (૧ શિખરે અને ૧ તિગિંચ્છિદ્રહમાં)

જંબૂદ્વીપના દક્ષિણની જેમ ઉત્તરમાં પણ ૩ ક્ષેત્રો અને ૩ વર્ષધરપર્વતો છે.

(vii) મેરુપર્વતની ઉત્તરમા **નિલવંતપર્વત** છે. જેમાં બીજા વર્ષધરપર્વતોની જેમ ૨ ચૈત્યો છે (૧ શિખરે અને ૧ કેશરીદ્રહમાં)

(viii) નીલવંતપર્વત પછી **રમ્યક્ક્ષેત્ર** છે, તેમાં ૩ ચૈત્યો છે (૨ ચૈત્યો નરકાંતા અને નારીકાંતા નદીના પ્રપાતકુંડમાં અને ૧ વૃત્તવૈતાઢ્યપર્વતના શિખરે)

(ix) ત્યારપછી **રુક્મિપર્વત** છે. તેના ૨ ચૈત્યો છે. (૧ શિખરે અને ૧ મહાપુંડરીકદ્રહમાં)

(x) રુક્મિપર્વતની ઉત્તરમાં **ઐરણ્યવંતક્ષેત્ર** છે. જેમાં ૩ ચૈત્યો છે (૨ સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નદીના પ્રપાતકુંડમાં અને ૧ વૃત્ત વૈતાઢ્યપર્વતના શિખરે)

(xi) તે પછી છેલ્લે **શિખરી** નામનો વર્ષધરપર્વત છે. જેમાં પૂર્વવત્ ૨ ચૈત્યો છે. (૧ શિખરે અને ૧ પુંડરીકદ્રહમાં)

(xii) જંબૂદ્વીપના ઉત્તરના છેવાડે **ઐરવતક્ષેત્ર** છે. તેની મધ્યમાં દીર્ઘવૈતાઢ્ય પર્વતના શિખરે ૧ ચૈત્ય તથા રક્તા અને રક્તવતી નદીના પ્રપાતકુંડમાં ૨ ચૈત્યો છે. તેથી કુલ ૩ ચૈત્યો છે.


આમ ઉત્તર વિભાગમાં પણ ૧૫ શાશ્વત ચૈત્યો છે. તે દરેક ચૈત્યોમાં ૧૨૦ પ્રતિમાઓ છે (૧૦૮ સ્તૂપની + ૧૨ દ્વારની) તેથી જંબૂદ્વીપના ભરતાદિ ક્ષેત્રોમાં કુલ ૩૦ શાશ્વત ચૈત્યો અને ૩૬૦૦ (૩૦ x ૧૨૦) શાશ્વત પ્રતિમાઓ સ્થિત છે.

**જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્ર સિવાયના ચૈત્યો :**

| સ્થાન | | શાશ્વત ચૈત્યોની સંખ્યા | |
|---|---|---|---|
| 1. જંબુદ્વીપમાં | | | |
| (i) ભરતક્ષેત્રમાં | | ૩ | |
| ● ગંગા-પ્રપાતકુંડમાં ૧ | | | |
| ● સિંધુ-પ્રપાતકુંડમાં ૧ | | | |
| ● દીર્ઘ વૈતાઢ્યપર્વત પર ૧ | | | |
| (ii) લઘુહિમવંતપર્વતના | | ૨ | |
| ● શિખર પર ૧ | | | |
| ● પર્વત ઉપર દ્રહમાં ૧ | | | |
| (iii) હિમવંતક્ષેત્રમાં | | ૩ | |
| (iv) મહાહિમવંતપર્વતપર | | ૨ | |
| (v) હરિવર્ષક્ષેત્રમાં | | ૩ | |
| (vi) નિષધપર્વતપર | | ૨ | |
| તેથી દક્ષિણમાં | કુલ | | ૧૫ |
| (vii) નિલવંતપર્વતપર | | ૨ | |
| (viii) રમ્યક્ક્ષેત્રમાં | | ૩ | |
| (ix) રુક્મિપર્વતપર | | ૨ | |
| (x) ઐરણ્યવંતક્ષેત્રમાં | | ૩ | |
| (xi) શિખરીપર્વતપર | | ૨ | |
| (xii) ઐરવતક્ષેત્રમાં | | ૩ | |
| તેથી ઉત્તરમાં | કુલ | | ૧૫ |
| | | કુલ | ૩૦ |

આ ૩૦ ચૈત્યોમાં કુલ મળીને (૩૦ x ૧૨૦ ) ૩૬૦૦ પ્રતિમાજીઓ છે.

## ભરતાદિ ક્ષેત્રના ૩૦ ચૈત્યો :



## 2. જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રના શાશ્વત ચૈત્યો :


## ૧૨૪ ચૈત્યો ૧૪૮૮૦ પ્રતિમાઓ

(xiii) મહાવિદેહક્ષેત્રમાં મેરુની પૂર્વ ભાગમાં ૧૬ વિજયો હોય છે અને પશ્ચિમમાં ૧૬ વિજયો હોય છે. તેની મધ્યમાં સીતા નદી તથા સીતોદા નદી વહે છે. જેનાથી ઉત્તરમાં અને દક્ષિણમાં ૮-૮ વિજય થાય છે. આ દરેક વિજયો એક વક્ષસ્કાર પર્વત અથવા એક નદીથી છૂટા પડે છે. ૮ વિજયના ૭ આંતરા પડે છે. તેમાં એક આંતરમાં વક્ષસ્કારપર્વત અને બીજા આંતરમાં નદી હોય છે. આમ ૮ વિજયની સાથે ૪ વક્ષસ્કાર પર્વત અને ૩ આંતરનદી હોય છે. તેથી કુલ ૩૨ વિજયો, (૪x૪) ૧૬ વક્ષસ્કાર પર્વતો અને (૪x૩) ૧૨ આંતરનદીઓ પ્રાપ્ત થાય. દરેક વક્ષસ્કાર પર્વત ઉપર અને દરેક આંતરનદીમાં ૧ ચૈત્ય છે.


(xiv) ભરતક્ષેત્રની જેમ મહાવિદેહક્ષેત્રના દરેક વિજયમાં પણ ૨-૨ નદીઓ હોય છે. તે બન્ને નદીઓના દ્રહની મધ્યમાં ૧-૧ ચૈત્યો અને એક વિજયના મધ્યમાં રહેલ દીર્ઘ વૈતાઢ્યપર્વતના શિખર ઉપર ૧ ચૈત્ય હોય છે. આમ એક વિજયમાં કુલ ૩ ચૈત્યો હોય છે. આ રીતે ૩૨ વિજયોનો (૩૨x૩) ૯૬, વક્ષસ્કારપર્વતના ૧૬ અને આંતરનદીઓના ૧૨ એમ કુલ મળીને મહાવિદેહક્ષેત્રમાં નીચે જણાવેલ કોઠા મુજબ ૧૨૪ ચૈત્યો હોય છે. આ ૧૨૪ ચૈત્યોમાં દેરકમાં ૧૨૦ શાશ્વતી પ્રતિમાઓ હોય છે. તેથી મહાવિદેહ-ક્ષેત્રમાં કુલ ૧૪૮૮૦ શાશ્વત પ્રતિમાઓ છે.

| | સ્થાન : | શાશ્વત ચૈત્યોની સંખ્યા | |
|---|---|---|---|
| (xiii) | • ૧૬ વક્ષસ્કારપર્વત પર | ૧૬ ચૈત્ય | ૧૯૨૦ પ્રતિમાજી |
| | • ૧૨ આંતરનદીના કુંડોમાં | ૧૨ ચૈત્ય | ૧૪૪૦ પ્રતિમાજી |
| (xiv) | • ૩૨ વિજયોના વૈતાઢ્ય પર્વત પર | ૩૨ ચૈત્ય | ૩૮૪૦ પ્રતિમાજી |
| | • ૩૨ વિજયમાં નદીના કુંડોમાં | ૬૪ ચૈત્ય | ૭૬૮૦ પ્રતિમાજી |
| | | કુલ : ૧૨૪ ચૈત્ય... | ૧૪૮૮૦ પ્રતિમાજી |

## મહાવિદેહ ક્ષેત્રના ૧૨૪ ચૈત્યો :




દરેક વિજયના ૩ ચૈત્યો
કુલ (૩૨x૩) ૯૬ ચૈત્યો




મહાવિદેહક્ષેત્રના દરેક વિજયની મધ્ય ભાગમાં પૂર્વ-પશ્ચિમ લાંબો વૈતાઢ્યપર્વત છે. દરેક વિજયમાં રહેલ બે-બે નદીના કુંડોમાં પર્વત પરથી નદીઓ પડે છે અને કુંડમાંથી નીકળીને ઉત્તરના વિજયની નદીઓ દક્ષિણ તરફ તથા દક્ષિણના વિજયની નદીઓ ઉત્તર તરફ વહીને સીતા-સીતોદા નદીને મળે છે. એક વિજયના જુદા ચિત્રમાં આ બે નદીઓ તથા દીર્ઘ વૈતાઢ્યપર્વત બતાવ્યો છે. વૈતાઢ્યપર્વતના પૂર્વ દિશાના છેલ્લા કૂટ પર એક શાશ્વત ચૈત્ય છે. તથા બે નદીના કુંડોમાં પણ બે શાશ્વત ચૈત્યો છે. આમ એક વિજયના કુલ ૩ ચૈત્યો છે.

### 3. જંબૂદ્વીપના દેવકુરુ અને ઉત્તરકુરુના ક્ષેત્રમાં : ૪૫૬ ચૈત્યો ૫૪૭૨૦ પ્રતિમાઓ

(xv) મહાવિદેહની દક્ષિણ બાજુપર નિષધપર્વત છે અને ઉત્તરમાં નીલવંત પર્વત છે. તેમાં નિષધપર્વતથી મેરુપર્વત સુધીનું ક્ષેત્ર દેવકુરુ કહેવાય છે. નિષધ પર્વત પરથી સીતોદા નદી નીકળે છે. જે પર્વતની તળેટીમાં જે દ્રહ છે તેમાં પડે છે. તે દ્રહની મધ્યમાં ૧ ચૈત્ય છે. તે પર્વતની તળેટીની બન્ને બાજુ ઉપર ચિત્ર-વિચિત્ર એમ બે પર્વતો છે. તે પર્વતના શિખર પર ૨ ચૈત્યો છે. તે નદી દેવકુરુ ક્ષેત્રમાંથી ૫ દ્રહમાં થઈને પસાર થાય છે. તે દરેકમાં ૫ ચૈત્યો છે. આ દરેક દ્રહની બંને બાજુ ૧૦-૧૦ એમ કુલ ૨૦ કંચનગિરિ નામના પર્વતો છે અને તે દરેક ઉપર એક-એક દહેરાસર છે. તેથી એક દ્રહના ૨૦ કંચનગિરિ પર્વત અને ૫ દ્રહના મળીને કુલ ૧૦૦ કંચનગિરિપર્વત ઉપર ૧૦૦ ચૈત્યો છે.

(xvi) ઉત્તરકુરુ ક્ષેત્રમાં જાંબૂનદ નામના સુવર્ણની એક જંબૂપીઠ છે અને તેની ઉપર વિવિધ રત્નોનું બનેલું એક શાશ્વત જંબૂવૃક્ષ છે. તેના જેવું દેવકુરુમાં શાલ્મલિવૃક્ષ છે. તેમાં મુખ્યવૃક્ષ ઉપર ૧ જિનાલય છે. તેની ચારે બાજુ ૧૦૮ વૃક્ષો છે આ દરેકની ઉપર એક-એક જિનાલય છે. વળી તે મુખ્યવૃક્ષની ચાર દિશા અને વિદિશામાં રહેલ આઠ કૂટો ઉપર ૮ જિનાલય છે. આમ સર્વે મળીને (૧+૧૦૮+૮) = ૧૧૭ જિનાલયો છે.


(xvii) વળી નિષધપર્વતથી શરૂ કરી હાથીના દાંત જેવા આકારવાળા તથા મેરુ તરફ આગળ વધતા પતલા થતાં જતાં ગજદંત આકારના બે પર્વતો છે : પૂર્વમાં સોમનસ અને પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ. આ બે પર્વત પર ૨ ચૈત્યો છે. દેવકુરુની મધ્યમાં પણ ૧ ચૈત્ય આવેલું છે. આમ દેવકુરુમાં કુલ (૧+૨+૫+૧૦૦+૧૧૭+૨+૧)=૨૨૮ ચૈત્યો છે.

(xviii) ઉત્તરકુરુમાં પણ દેવકુરુની જેમ જ ૨૨૮ ચૈત્યો સમજી લેવા, માત્ર કોઠામાં જણાવ્યા પ્રમાણે નામ ફેરવી લેવા.


| સ્થાન | શાશ્વત ચૈત્યોની સંખ્યા |
|---|---|
| (xv) **દેવકુરુના ક્ષેત્રમાં** | |
| • સીતોદાનદીના દ્રહમાં | ૧ |
| • ચિત્ર-વિચિત્ર બે પર્વત પર | ૨ |
| • પાંચ દ્રહોના | ૫ |
| • કંચનગિરિના | ૧૦૦ |
| (xvi) **શાલ્મલિવૃક્ષના ૧૧૭** | |
| • મધ્યનું | ૧ |
| • બહારના | ૧૦૮ |
| • ફરતા ૮ ફૂટો પર | ૮ |
| (xvii) **ગજદંત પર્વતના** | |
| • સોમનસ ૧ | ૧ |
| • વિદ્યુત્પ્રભ ૧ | ૧ |
| • દેવકુરુક્ષેત્રની મધ્યમાં | ૧ |
| કુલ | ૨૨૮ ચૈત્યો |
| (xviii) **ઉત્તરકુરુના ક્ષેત્રમાં** | |
| • સીતાનદીના દ્રહનું | ૧ |
| • યમક-સમક પર્વતના | ૨ |
| • પાંચ દ્રહના | ૫ |
| • કંચનગિરિના | ૧૦૦ |
| • જંબૂવૃંક્ષના | ૧૧૭ |
| • ગજદંતપર્વતના | |
| માલ્યવંત ૧ | ૧ |
| ગંધમાદન ૧ | ૧ |
| • ઉત્તરકુરુની મધ્યમાં | ૧ |
| કુલ | ૨૨૮ ચૈત્યો |
| (૨૨૮ x ૨ =) ૪૫૬ **ચૈત્યો** x ૧૨૦ પ્રતિમાઓ= કુલ **૫૪૭૨૦ પ્રતિમાઓ** | |

## દેવકુરુ-ઉત્તરકુરુના ૨૨૮x૨=૪૫૬ શાશ્વત ચૈત્યો :


દરેક દ્રહના ૧૦ X ૨ એમ ૨૦ કંચનગિરિ પર્વતો




કંચનગિરિ



## જંબૂવૃક્ષ-શાંલ્મલિવૃક્ષ પરના ૧૧૭ ચૈત્યો :




ઉત્તરકુરુમાં પૂર્વાર્ધના મધ્યભાગમાં જંબૂવૃક્ષ છે. તેનું સ્થાન ગત ચિત્રમાં બતાવેલ છે, અહીં તેનું સ્વતંત્ર ચિત્ર આપ્યું છે. જંબૂદ્વીપના અધિષ્ઠાયકનો પ્રાસાદ આ વૃક્ષ પર છે.

ઉત્તરકુરુમાં પૂર્વાર્ધમાં ૧૦૦ યોજન લાંબો, પહોળો, વચ્ચેથી ૧૨ યોજન જાડો તથા છેડે ૦।। યોજન જાડો એવો જંબૂપીઠ છે. આના મધ્યભાગમાં મણિમય પીઠિકા પર જંબૂવૃક્ષ છે. આ વૃક્ષ વનસ્પતિકાય નથી, પરંતુ રત્નમય પૃથ્વીકાયનું છે. આ વૃક્ષનું મૂળ જમીનમાં ૦।। યોજન છે. ઉપરનું થડ ૨ યોજન ઊંચુ છે, ૦।। યોજન જાડું છે. થડ ઉપર વિડિમા નામની એક ઊર્ધ્વશાખા ૬ યોજન ઊંચી છે. ચાર દિશામાં ચાર શાખાઓ ૩।।। યોજન લાંબી છે. ઊર્ધ્વશાખા ઉપર એક સિદ્ધાયતન (શાશ્વત ચૈત્ય છે). જંબૂવૃક્ષની ચારે બાજુ બીજા જંબૂવૃક્ષોના છ વલયો છે. પ્રથમ વલયમાં અડધા માપવાળા ૧૦૮ જંબૂવૃક્ષો છે. આ ફરતા અને નાના ૧૦૮ જંબૂવૃક્ષો ઉપર પણ એવી જ રીતે એક-એક ચૈત્ય છે. વળી તેની ફરતા ૮ ફૂટો છે જેના ઉપર પણ એક-એક ચૈત્ય છે. જેમાં ૧૨૦ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

### 4. મેરુપર્વતના ચૈત્યો :

## ૨૫ ચૈત્યો 3000 પ્રતિમાઓ


(xix) મેરુપર્વતની તળેટીમાં સમભૂતલા પૃથ્વી ઉપર **ભદ્રશાલવન** છે. ત્યાંથી ૫૦૦ યોજન ઉપર **નંદનવન** છે. ત્યાંથી ૬૨૫૦૦ યોજન ઉપર **સોમનસવન** છે. તેનાથી ૩૬૦૦૦ યોજન ઉપર **પાંડુકવન** છે. આ ચારે વનમાં ચારે દિશામાં એક-એક ચૈત્યો છે, તેથી કુલ (૪x૪) ૧૬ ચૈત્યો પ્રાપ્ત થાય. વળી, મેરુપર્વત ઉપર ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે, તેની ઉપર એક ચૈત્ય છે; તેથી મેરુપર્વત ઉપર કુલ ૧૭ ચૈત્યો છે.

મેરુપર્વતની સમભૂતલા પૃથ્વી ઉપર ચાર વિદિશામાં ચાર પ્રાસાદો (દેવ-દેવીના મહેલો) છે. તે પ્રાસાદો અને ભદ્રશાલવનના ચારે ચૈત્યોની વચ્ચે એક-એક ફૂટ (ટેકરો) છે. આવા કુલ ૮ ફૂટો છે,'જેને **કરિફૂટપર્વતો** કહેવાય છે. તે દરેક **કરિફૂટપર્વત** ઉપર ચૈત્યો હોય છે, જેની મેરુના ચૈત્યો સાથે ગણત્રી કરતાં મેરુના કુલ ૨૫ ચૈત્યો થાય છે.

**મેરુપર્વતના ચૈત્યો :**

| **સ્થાન** | | **ચૈત્યોની સંખ્યા** |
|---|---|---|
| તળેટીમાં | • ભદ્રશાલવનમાં ૪ દિશામાં | ૪ |
| | • કરિફૂટપર્વતના | ૮ |
| પર્વત પર | • નંદનવનમાં ૪ દિશામાં | ૪ |
| | • સોમનસવનમાં ૪ દિશામાં | ૪ |
| | • પાંડુકવનમાં ૪ દિશામાં | ૪ |
| | • ચૂલિકાનું | ૧ |
| **કુલ** | | **૨૫** |

## મેરુની તળેટીના ૧૨ ચૈત્યો :





A - કરિકૂટપર્વતના ૮ ચૈત્યો

B - ભદ્રશાલવનના ૪ ચૈત્યો

C - દેવોનો મહેલ

દરેક પ્રાસાદ અને ભદ્રશાલ વનના ચૈત્યોની વચ્ચે એક કરિકૂટપર્વત છે. જેની ઉપર એક ચૈત્ય છે. તેથી મેરુની તળેટીમાં કુલ ૧૨ ચૈત્યો છે અને મેરુ ઉપર ૧૩ ચૈત્યો છે. આમ મેરુના કુલ ૨૫ ચૈત્યો છે.

મેરુપર્વત ઉપર ૧૩ ચૈત્યો :



**5-6. ધાતકી ખંડ તથા પુષ્કરવરદ્વીપના ચૈત્યો :**

**૧૨૭૨ ચૈત્યો ૧,૫૨,૬૪૦ પ્રતિમાઓ**

ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ બંગડી આકારના દ્વીપો છે. તે બન્નેની ઉત્તર અને દક્ષિણ દિશામાં એક-એક ઇષુકારપર્વત છે. આ પર્વતો દ્વીપના બે વિભાગ કરે છે. તે બન્ને વિભાગમાં ૧ ભરત, ૧ ઐરાવત અને ૧ મહાવિદેહક્ષેત્ર આદિ છે. આમ આ બે ક્ષેત્રોમાં કુલ ૨ ભરત, ૨ ઐરાવત અને ૨ મહાવિદેહક્ષેત્ર આદિ હોવાથી તેમાં જંબૂદ્વીપ કરતાં બમણા ચૈત્યો હોય છે. તદુપરાંત વધારાના બે ઇષુકારપર્વત ઉપર બે વધુ ચૈત્યો હોય છે. તેથી [૬૩૫ x ૨ = ૧૨૭૦ + ઈષુકારના ૨ = ૧૨૭૨] આમ ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ પ્રત્યેકમાં ૧૨૭૨ ચૈત્યો અને ૧,૫૨,૬૪૦ (૧૨૭૨x૧૨૦) પ્રતિમાઓ છે.

**7. મનુષ્યલોકની બહાર તિર્ચ્છાલોકના ચૈત્યો :**

**૮૦ ચૈત્યો ૯૮૪૦ પ્રતિમાઓ**


(xx) જંબૂદ્વીપથી ત્રીજો બંગડી આકારનો ૧૬ યોજન પહોળો પુષ્કરાવર્તદ્વીપ છે. તે દ્વીપના ૮-૮ યોજનના બે વિભાંગ કરતો માનુષોત્તરપર્વત છે, આ પર્વત પછી મનુષ્યની વસતી નથી. આ માનુષોત્તરપર્વતની ઉપર ચારે દિશામાં ૧-૧ ચૈત્ય છે.

(xxi) **નંદીશ્વરદ્વીપના ચૈત્યો :**

**૬૮ ચૈત્યો ૮૩૬૮ પ્રતિમાઓ**

જંબૂદ્વીપાદિ ૭ દ્વીપો તથા ૭ સમુદ્રો પછી ૮મો નંદીશ્વરદ્વીપ છે. તેની ઉત્તરદિશામાં મધ્યમાં અંજનગિરિ નામનો પર્વત છે. અંજનગિરિની ચારે દિશામાં ચાર દધિમુખપર્વતો છે. વચ્ચે વિદિશાના ખૂણામાં ૨-૨ રતિકરપર્વતો છે. આમ કુલ ૧૩ (૧+૪+૮) પર્વતો થયા. તે દરેકમાં શાશ્વત જિનચૈત્યો છે અને દરેક ચૈત્યોમાં (૧૦૮ + [૪ દ્વારની] ૧૬=) ૧૨૪ શાશ્વત પ્રતિમાજી છે.

**નંદીશ્વરદ્વીપની ઉત્તરમાં રહેલા ૧૩ ચૈત્યોની ગોઠવણ :**





નંદીશ્વરદ્વીપની ઉત્તર દિશામાં જેમ ૧૩ પર્વતો અને ૧૩ ચૈત્યો છે તેમ બાકીની ત્રણ દિશામાં પણ છે, એટલે કુલ (૧૩ x ૪) ૫૨ ચૈત્યો છે અને તેમાં કુલ (૫૨ x ૧૨૪) ૬૪૪૮ પ્રતિમાઓ છે.

શ્રી જિનેશ્વરભગવંતોના કલ્યાણકાદિ ઉજવવા તથા શાશ્વતી ઓળીની આરાધના આદિ કરવા દેવ અને દેવેન્દ્રો પરિવાર સહિત અહીં આવે છે અને અદ્ભુત મહોત્સવ કરી આનંદ માણે છે.

આ ઉપરાંત નંદીશ્વરદ્વીપની ચારે વિદિશામાં ચાર ચાર ઇંદ્રાણીની રાજધાની છે. તેથી કુળ ૧૬ રાજધાની થાય. તે દરેકમાં ૧૨૦ પ્રતિમાઓથી શોભતું એક શાશ્વત જિનમંદિર છે.

## નંદીશ્વર દ્વીપનાં ૬૮ ચૈત્યો :




| | | | |
|---|---|---|---|
| પર્વતના | ૧૩ x ૪ | = ૫૨ | ચૈત્યો |
| રાજધાનીના | ૪ x ૪ | = ૧૬ | ચૈત્યો |
| | | કુલ ૬૮ | ચૈત્યો |

(xxii) જંબૂદ્વીપ તીર્ચ્છાલોકનો પહેલો દ્વીપ છે. તેના પછી અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો છે. તેમાં અગિયારમો દ્વીપ કુંડલદ્વીપ છે તેમાં ચાર દિશામાં ચાર શાશ્વતા ચૈત્યો છે.

(xxiii) તેરમો દ્વીપ રુચકદ્વીપ છે, તેમાં પણ ચાર દિશાઓમાં ચાર ચૈત્યો છે.

**મનુષ્યલોકની બહાર તિર્છાલોકના ચૈત્યો :**

| ચૈત્યોનું સ્થાન | | શાશ્વત ચૈત્યોની સંખ્યા | દરેકમાં પ્રતિમાઓ | કુલ પ્રતિમાઓ |
|---|---|---|---|---|
| (xx) | માનુષોત્તરપર્વતની ૪ દિશામાં | ૪ | ૧૨૦ | ૪૮૦ |
| (xxi) | આઠમા નંદીશ્વરદ્વીપમાં | | | |
| | ● ગોળાકાર પર્વતોમાં | ૫૨ | ૧૨૪ | ૬૪૪૮ |
| | ● રાજધાનીમાં | ૧૬ | ૧૨૦ | ૧૯૨૦ |
| (xxii) | અગીયારમા કુંડલદ્વીપમાં | ૪ | ૧૨૪ | ૪૯૬ |
| (xxiii) | તેરમા રુચકદ્વીપમાં | ૪ | ૧૨૪ | ૪૯૬ |
| | તેથી મનુષ્યલોકની બહારના તીર્છાલોકમાં કુલ ચૈત્યો | ૮૦ | | ૯૮૪૦ |

આ રીતે તીર્છાલોકમાં નીચે પ્રમાણે શાશ્વત ચૈત્યો છે.

| | ક્ષેત્ર | ચૈત્યો | પ્રતિમાઓ |
|---|---|---|---|
| | જંબૂદ્વીપમાં | | |
| ૧. | ભરતાદિક્ષેત્રોમાં | ૩૦ | ૩૬૦૦ |
| ૨. | મહાવિદેહક્ષેત્રમાં | ૧૨૪ | ૧૪૮૮૦ |
| ૩. | દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રમાં | ૪૫૬ | ૫૪૭૨૦ |
| ૪. | મેરુપર્વતના | ૨૫ | ૩૦૦૦ |
| | તેથી જંબૂદ્વીપમાં કુલ | ૬૩૫ | ૭૬૨૦૦ |
| ૫. | ધાતકી ખંડમાં | ૧૨૭૨ | ૧,૫૨,૬૪૦ |
| ૬. | પુષ્કરવરદ્વીપમાં | ૧૨૭૨ | ૧,૫૨,૬૪૦ |
| | તેથી મનુષ્યલોકમાં | ૩૧૭૯ | ૩,૮૧,૪૮૦ |
| ૭. | મનુષ્યલોકની બહાર | ૮૦ | ૯૮૪૦ |
| | તીર્છાલોકમાં કુલ | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |

આ ગાથાઓ બોલતાં સાધક સંપૂર્ણ તીર્ચ્છાલોકનો નકશો મનમાં ઉપસ્થિત કરે અને તેમાં રહેલાં શાશ્વત ચૈત્યો તથા તેમાંની રત્નમય પ્રતિમાઓને સ્મૃતિપટ પર સ્થાપિત કરી અંજલિબદ્ધ પ્રણામ કરતાં વિચારે કે,

*"ઊર્ધ્વલોક કે અધોલોકના ચૈત્યોને જુહારવાની તો મારી શક્તિ નથી; પરંતુ તીર્ચ્છાલોકના આ શાશ્વતા તીર્થોને ભેટવાનું પણ મારું સામર્થ્ય નથી. અહીં રહ્યો છતો હું ભાવથી તે સર્વ શાશ્વતા તીર્થોને વંદના કરું છું. ધન્ય છે તે જંઘાચરણ અને વિદ્યાચરણ મુનિઓ કે જેઓ તીર્ચ્છાલોકના આ શાશ્વત ચૈત્યોના દર્શનાર્થે ઔદારિક શરીરે જઈ શકે છે.*

*માટે તો અત્યારે માત્ર કલ્પના કરીને સંતોષ માનવાનો છે. પ્રભુ! આપને પ્રાર્થના કરું કે ભલે આજે હું નંદીશ્વર આદિ દ્વીપની જાત્રા ન કરી શકું પણ મારા અંતરમાં રહેલ પરમાત્મ સ્વરૂપનું હું દર્શન કરી શકું એવી શક્તિ બક્ષજો અને તે માટે જરૂરી એવી કષાયોની અલ્પતા પ્રાપ્ત કરવા હું સત્ત્વપૂર્વક સુદૃઢ પ્રયત્ન કરી શકું એવા આશીર્વાદ આપજો"*

*ત્રણ લોકના સંખ્યાતા ચૈત્યોની સંખ્યા જણાવી વંદન કર્યા બાદ હવે જ્યાં અસંખ્યાતા ચૈત્યો છે તેને પણ નામોલ્લેખપૂર્વક વંદન કરતાં જણાવે છે.*

## ૪ – વ્યન્તર આદિના શાશ્વત ચૈત્યોને વંદના : (ગાથા – ૧૦)

**વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ,**
**ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥૧૦॥**

**શબ્દાર્થ :**

આ ઉપરાંત વ્યંતર અને જ્યોતિષી દેવોના નિવાસમાં જે જે શાશ્વતાં જિન-બિંબો છે, તેને પણ હું વંદન કરું છું. ગુણોની શ્રેણિથી ભરેલા ચાર શાશ્વત જિનબિંબોનાં શુભ નામ- ૧. શ્રી ઋષભ ૨. શ્રી ચન્દ્રાનન ૩. શ્રી વારિષેણ અને ૪. શ્રી વર્ધમાન છે.

**વિશેષાર્થ :**

રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે. તેમાં ઉપર નીચે ૧૦૦૦-૧૦૦૦ યોજન છોડી ૧૦ આંતરામાં ૧૦ ભવનપતિના ભવનો છે આ રત્નપ્રભા

પૃથ્વીના જે ઉપરના ૧૦૦૦ યોજન છોડ્યા, તેમાં પણ ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના આંતરાંમાં વ્યંતરનિકાયના અસંખ્ય ભવનો છે. વળી આ ૮૦૦ યોજનમાં જે ઉપરના ૧૦૦ યોજન છોડ્યા હતાં તેમાં ઉપર નીચેના ૧૦-૧૦ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનના આંતરાંમાં વાણવ્યંતરનિકાયના અસંખ્ય ભવનો છે. આ વ્યંતર અને વાણવ્યંતર નિકાયના દરેક ભવનમાં પણ એક-એક શાશ્વત ચૈત્ય છે; જે ૫૦ યોજન લાંબા, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઊંચા હોય છે. આમ વ્યંતરનિકાયમાં અસંખ્યાતા શાશ્વત ચૈત્યો છે.

તદુપરાંત સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા : આ પાંચ જ્યોતિષ દેવો છે. જે ચર અને સ્થિર એમ બે પ્રકારના હોય છે. તેમાં ૨$^{1}/_{2}$ દ્વીપમાં સંખ્યાતા[8] સૂર્ય-ચન્દ્રના વિમાનો હોય છે, જે ચર અર્થાત્ ગતિશીલ હોય છે. જેના કારણે આટલા ક્ષેત્રમાં દિવસ રાત, પક્ષ, માસ, વર્ષ આદિના વ્યવહારો થાય છે. ૨$^{1}/_{2}$ દ્વીપની બહાર જે અસંખ્યાતા જ્યોતિષી વિમાનો છે તે સ્થિર હોય છે. તેથી ત્યાં દિવસ-રાત આદિનો વ્યવહાર થતો નથી.

દેવલોકના અન્ય વિમાનોની જેમ પ્રત્યેક જ્યોતિષી વિમાનોમાં પણ એક શાશ્વત જિનાલય હોય છે. તે દરેકમાં ૧૨૦ જિનપ્રતિમા હોય છે. આમ જ્યોતિષીમાં પણ અસંખ્યાતી શાશ્વતી જિનપ્રતિમા છે. યાદ રાખવું કે વૈમાનિક દેવલોકમાં શાશ્વત ચૈત્યો થોડા છે (૮૪,૯૭,૦૨૩). તેનાથી ભવનપતિના દેવલોકમાં સંખ્યાતગુણા છે (૭,૭૨,૦૦,૦૦૦). તેનાથી વ્યંતરદેવલોકમાં અસંખ્યાતગુણા શાશ્વત ચૈત્યો છે અને જ્યોતિષીદેવલોકમાં તો તેનાથી પણ સંખ્યાતગુણા ચૈત્યો છે.

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ભરત, ઐરવત તથા મહાવિદેહક્ષેત્રમાં

---

8. ૧ ચંદ્રના પરિવારમાં ૧ સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાઓ હોય છે.

| | | |
|---|---|---|
| જંબુદ્વીપમાં | ૨ સૂર્ય | ૨ ચંદ્ર છે. |
| લવણસમુદ્રમાં | ૪ સૂર્ય | ૪ ચંદ્ર છે. |
| ધાતકીખંડમાં | ૧૨ સૂર્ય | ૧૨ ચંદ્ર છે. |
| કાલોદધિસમુદ્રમાં | ૪૨ સૂર્ય | ૪૨ ચંદ્ર છે. |
| અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં | ૭૨ સૂર્ય | ૭૨ ચંદ્ર છે. |

મનુષ્યલોકમાં કુલ ૧૩૨ સૂર્ય ૧૩૨ ચંદ્ર છે. તેવી જ રીતે નક્ષત્રો, ગ્રહો અને તારાદિની સંખ્યા પણ જાણવી.

મળી શ્રી ઋષભ, શ્રી ચન્દ્રાનન, શ્રી વારિષેણ અને શ્રી વર્દ્ધમાન :આ ચાર નામવાળા તીર્થંકરો અવશ્ય થાય છે અને દરેક શાશ્વત જિનબિંબો પણ આ ચાર નામોથી જ ઓળખાય છે.

આ ચારે ગુણયુક્ત સાન્વર્થ નામો છે. તેમાં

૧. શ્રી ઋષભ એટલે શ્રેષ્ઠ. શ્રેષ્ઠ કોટિની આત્મિક સંપત્તિવાળા ઋષભ કહેવાય છે.
૨. શ્રી ચન્દ્રાનન એટલે ચન્દ્ર જેવી સૌમ્ય અને શીતલ મુખાકૃતિને ધારણ કરનારા.
૩. શ્રી વારિષેણ એટલે સમ્યગ્જ્ઞાનરૂપ વારિ=પાણીનું સિંચન કરનારા
૪. શ્રી વર્ધમાન એટલે વધતાં જતાં આત્મિક ઐશ્વર્યવાળા અથવા વધતી જતી ગુણસમૃદ્ધિને ભોગવનારા.

આ ગાથા બોલતાં વ્યંતર આદિ લોકની સર્વે શાશ્વતી પ્રતિમાઓને યાદ કરી સાધક વિચારે કે,

*"હું પણ શાશ્વત છું અને આ પ્રતિમાઓ પણ શાશ્વતી છે. આ દરેક પ્રતિમા પરમાત્માની આંતરિક નિર્મળતાને પ્રકાશિત કરે છે. અનાદિકાળથી ચૌદ રાજલોકમાં ભ્રમણ કરતાં હું અનંતીવાર આ પ્રતિમાઓ પાસેથી પસાર થયો હોઈશ, અનંતીવાર મેં તેના દર્શન કર્યા હશે; પણ ભૌતિક સુખમાં આંધળા બનેલા મેં ક્યારેય પણ પ્રભુના વાસ્તવિક દર્શન નહીં કર્યા હોય. એથી જ હું આજ સુધી ભટકી રહ્યો છું.*

*પ્રભુ ! મને એવી શક્તિ આપ કે હું માત્ર બાહ્ય ચક્ષુથી તારા બાહ્ય સૌદર્યને દેખી સંતોષ ન પામું, પરંતુ મારા આંતર ચક્ષુ ખોલી તારા આંતરિક દર્શન કરું, તારા સ્વભાવનું સંવેદન કરું. હે નાથ ! આજની રળિયામણી પ્રભાતે આપની શાશ્વત આકૃતિઓને વંદન કરતાં એવી અભ્યર્થના કરું છું કે આપ જે શાશ્વત સુખ ભોગવો છો તે શાશ્વત સુખ તરફ મારું ચિત્ત આકર્ષાય અને નાશવંત સુખ પ્રત્યે મને ઘૃણા પેદા થાય."*

શાશ્વત જિનચૈત્યોની વંદનાનો વિભાગ અહીં પૂરો થાય છે. તેથી આ ગાથા બોલી લીધા પછી નીચે જણાવ્યા પ્રમાણે સઘળી શાશ્વતી જિનપ્રતિમાઓ બુદ્ધિમાં ઉપસ્થિત થવી જોઈએ.

| સ્થાન | ચૈત્યો | પ્રત્યેક ચૈત્યમાં પ્રતિમા | કુલ શાશ્વતી પ્રતિમાઓ |
|---|---|---|---|
| ઊર્ધ્વલોકમાં | ૮૪,૯૭,૦૨૩ | ૧૮૦/૧૨૦ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| તીર્ચ્છાલોકમાં | ૩૨૫૯ { ૩૧૯૯<br>૬૦ | ૧૨૦<br>૧૨૪ | ૩,૯૧,૩૨૦ |
| અધોલોકમાં | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| વ્યંતરનિકાયમાં | અસંખ્ય | | અસંખ્ય |
| જ્યોતિષીમાં | અસંખ્ય | | અસંખ્ય |
| કુલ અસંખ્ય + ૮,૫૭,૦૦,૨૮૨ | | અસંખ્ય + ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ | |

આ દરેક ચૈત્યોનું માપ નીચેના કોઠા પ્રમાણે છે અને ઊર્ધ્વ તથા અધોલોકમાં જિનપ્રતિમાજી સાત હાથ ઊંચા છે જ્યારે તીર્ચ્છાલોકમાં જિન પ્રતિમાજી ૫૦૦ ધનુષ્યના પ્રમાણવાળી છે.

**શાશ્વતા ચૈત્યોનું પ્રમાણ**

| કયા સ્થાનનાં ચૈત્યો | ચૈત્યોની લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ |
|---|---|---|---|
| ૧.વૈમાનિક દેવલોકના, નંદીશ્વરદ્વીપના રુચકદ્વીપના અને કુંડલદ્વીપના | ૧૦૦યો | ૫૦યો | ૭૨ યો |
| ૨.દેવકુરુ, ઉત્તરકુરુ, મેરુપર્વતના વનો, વક્ષસ્કાર, ગજદંત, ઈષુકાર, વર્ષધર અને માનુષોત્તર પર્વતોપરના , ભવનપતિના અને અસુરકુમારનિકાયના | ૫૦યો | ૨૫ યો | ૩૬ યો |
| ૩.ભવનપતિના નાગકુમાર આદિ ૯ નિકાયના | ૨૫ યો | ૧૨॥ યો | ૧૮ યો |
| ૪.વ્યન્તરનિકાયના | ૧૨॥ યો | ૬॥ યો | ૯ યો |
| ૫.મેરુપર્વતની ચૂલિકાના, યમક-શમક તથા ચિત્ર-વિચિત્રપર્વતોના, કંચનગિરિપર્વતોના, દીર્ઘવૈતાઢ્ય, વૃત્તવૈતાઢ્ય, સર્વે દ્રહોમાં, દિગ્ગજ કૂટોમાં, જંબૂ આદિ વૃક્ષોમાં અને સર્વે કુંડોમાં | ૧ ગાઉ | ૦॥ ગાઉ | ૧૪૪૦ ધનુષ |

*શાશ્વત ચૈત્યોને વંદન કર્યા પછી, હવે આ ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોને વંદન કરતાં જણાવે છે.*

**૫. દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોને વંદના ગાથા ૧૧-૧૨**

**સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ,**

**વિમલાચલ ને ગઢગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ।।૧૧।।**

**શંખેશ્વર કેસરિઓ સાર, તારંગે શ્રી અજિત જુહાર,**

**અંતરિક્ષ(ક્ખ) વરકાણો પાસ, જીરાવ(ઉ)લો ને થંભણ પાસ ।।૧૨।।**

**ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ,**

**શબ્દાર્થ :**

સમેતશિખર ઉપર વીશ તીર્થંકરોની પ્રતિમાઓ છે, અષ્ટાપદ ઉપર ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓ છે તથા શત્રુંજય, ગિરનાર, આબુ ઉપર પણ ભવ્ય જિનમૂર્તિઓ છે. તે સઘળી પ્રતિમાઓને હું વંદું છું. વળી શંખેશ્વર, કેશરિયાજી વગેરેમાં પણ જુદા જુદા તીર્થંકરોની પ્રતિમાઓ છે; તેમજ તારંગા ઉપર શ્રી અજિતનાથજીની પ્રતિમા છે. તે સર્વને હું વંદન કરું છું. તે જ રીતે અંતરીક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ અને સ્તંભન પાર્શ્વનાથનાં તીર્થો પણ પ્રસિદ્ધ છે, તે સઘળાને હું વંદન કરું છું. તે ઉપરાંત જુદા જુદા ગામોમાં, નગરોમાં, પુરોમાં અને પત્તનમાં ગુણના ગૃહરૂપ જે જે જિનેશ્વર પ્રભુના ચૈત્યો છે તે સઘળાને હું વંદન કરું છું.

**વિશેષાર્થ :**

પરમાત્માની કલ્યાણક ભૂમિઓ, પ્રભુના પાદાર્પણથી પવિત્ર થયેલી ભૂમિઓ અથવા જ્યાં પ્રાચીન પ્રભાવશાળી પ્રતિમાઓની સ્થાપના થઈ હોય તેવી ભૂમિઓને તીર્થભૂમિ કહેવાય છે. આ ભૂમિ ઉપર આવી અનેક પુણ્યાત્માઓ શુભ ક્રિયાઓ કરે છે. તેમના શુભ ભાવ અને શુભ ક્રિયાઓથી પવિત્ર થયેલા આ સ્થાનો પાપી અધમ આત્માઓને પણ પવિત્ર કરવાનું કાર્ય કરે છે. આ જ કારણથી આ ગાથાના એક એક શબ્દ દ્વારા આ તીર્થોને પ્રણામ કરવાના છે.

**સમેતશિખર વંદું જિન વીશ -**

આ ચોવીસીના વીશ-વીશ તીર્થંકરો જ્યાંથી મોક્ષે ગયા છે તે સમેતશિખર તીર્થ

ભારત દેશના ઝારખંડ (બિહાર) રાજ્યમાં આવેલું છે. અહીં વીશ-વીશ ભગવાનના સમવસરણ મંડાયા હતા. જગતના જીવોના ઉદ્ધાર માટે વીશ ભગવાને અહીં અમોઘ દેશનાનું દાન કર્યું હતું. ભગવાનના પાવનકારી વચનોથી પૂર્વમાં ગાજતું અને તેમની સાધનાના પુણ્યપૂંજથી પવિત્ર થયેલું આ તીર્થ છે. આ તીર્થનું સ્મરણ થતાં તેની સાથે સંકળાયેલા વીશ તીર્થંકર પરમાત્માઓ તથા તેમની સાધના પણ સ્મરણમાં આવે છે. તેથી તેનું સ્મરણ વિશેષ ભાવનું કારણ બને છે.

આ પદ બોલતાં સાધક વિચારે છે કે,

> *'મારી એવી તો શક્તિ નથી કે પૂજ્ય પાદલિપ્તસૂરિ મહારાજની જેમ વિદ્યાબળથી આકાશમાર્ગે ઊડી આ પવિત્ર તીર્થની રોજ સ્પર્શના કરી કર્મરજને દૂર કરી શકું, તોપણ ભાવથી આ તીર્થનું સ્મરણ કરી, જેઓ ત્યાં સુવિશુદ્ધ ભાવ પામ્યા હતા તે તીર્થંકરોને વંદન કરી મારા અશુદ્ધ આત્માને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરું.'*

**અષ્ટાપદ વંદું ચોવીશ -**

આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અષ્ટાપદથી મોક્ષે સીધાવ્યા હતા. આઠ પગથીયા હોવાથી તે તીર્થ અષ્ટાપદ તરીકે ઓળખાય છે. ચરમશરીરી જીવો જ આ તીર્થના દર્શન કરી શકે છે. ઋષભદેવ ભગવાન અહીં નિર્વાણ પામ્યા પછી ભરતચક્રવર્તીએ અહીં સિંહનિષદ્યા નામનું વિહાર બનાવી તેમાં વર્તમાન ચોવીશીના દરેક તીર્થંકરોની તેમની કાયા અને વર્ણને અનુસરતી રત્નમય પ્રતિમાઓ બિરાજમાન કરી છે. આ ઉપરાંત ૯૯ ભાઈઓ, મરુદેવા માતા તથા બ્રાહ્મી અને સુંદરી વગેરેની પ્રતિમાઓ પણ અત્રે પ્રતિષ્ઠિત કરી છે. વિષમકાળમાં આ મંદિર અને પ્રતિમાઓ જળવાઈ રહે તે માટે સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ (સાઇઠહજાર) પુત્રોએ આ પર્વતની આજુ-બાજુ ખાઈ ખોદી ગંગા નદીના વહેણને બદલી તેમાં પાણી ભરાવ્યા છે. આ કાળમાં આ તીર્થની દ્રવ્યથી સ્પર્શના તો શક્ય નથી, પરંતુ ભાવથી તેની વંદના કરીશું તો ક્યારેક આપણે પણ ગૌતમસ્વામીજી મહારાજાની જેમ ત્યાંની અદ્ભૂત પ્રતિમાઓના દર્શન કરવાનું સૌભાગ્ય પામી શકીશું.

આ પદ બોલતાં આ તીર્થ તથા ત્યાં રહેલી રત્નમય પ્રતિમાઓને સ્મરણમાં લાવી વંદન કરતાં વિચારવું કે,

*'આ કેવું અદ્ભૂત કુટુંબ કે જેઓ ભૌતિક ક્ષેત્રે તો સાથે રહ્યાં પરંતુ આત્માનંદની મસ્તી માણવા પણ સૌ સાથે સિદ્ધિગતિએ ગયા. હું પણ આવો પુરુષાર્થ કરી ક્યારે સિદ્ધિગતિને પામીશ ?'*

**વિમલાચલ -**

નિર્મળ અને અચળ અવસ્થાની પ્રાપ્તિનું જે પ્રબળ કારણ છે તેવું વિમલાચલતીર્થ આજે સૌરાષ્ટ્રના પાલિતાણા ગામમાં આવેલું છે. તે પ્રાય: શાશ્વતું છે. તેના કાંકરે કાંકરે અનંતા આત્માઓ ક્ષપકશ્રેણી પ્રારંભી, શુક્લ ધ્યાનના પ્રથમ બે પાયા પર આરોહી ઘનઘાતી કર્મનો ક્ષય કરી, શુક્લધ્યાનના અંતિમ બે પાયા સાધી, અયોગી ગુણસ્થાનકને સ્પર્શી, સકલ કર્મનો ક્ષય કરી, માત્ર એક જ સમયમાં સાત રાજલોકને વટાવી લોકના અંતે સાદિ-અનંત ભાંગે શાશ્વત-સ્વાધીન-સંપૂર્ણ સિદ્ધિસુખના સ્વામી બન્યા છે. આ સિદ્ધાચલનો મહિમા અચિન્ત્ય છે. ખુદ શ્રી સીમંધરસ્વામી ભગવાને ઇન્દ્રમહારાજાની આગળ તેના મહિમાગાન કરતાં કહ્યું છે કે, આ શત્રુંજયની તોલે આવી શકે તેવું બીજું કોઈ તીર્થ નથી.

'કોઈ અનેરો જગ નહિ એ તીર્થ તોલે
એમ શ્રીમુખ હરિ આગલે શ્રી સીમંધર બોલે.'

આ પદ બોલતાં પવિત્રતાના સ્થાનભૂત આ તીર્થનું સ્મરણ કરી અંતરંગ શત્રુને મહાત કરવાનો અને કર્મમળનું પ્રક્ષાલન કરી આત્માના વિમલ અને અચલ સ્વરૂપને પ્રગટ કરવાનો શુભ સંકલ્પ કરવાનો છે. વળી, જેના કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા, જે ક્ષેત્રના પ્રભાવે પાપી પણ પુણ્યાત્મા થયા, અધમ પણ ઉત્તમ આત્મા બન્યા તે ક્ષેત્રને ભાવથી વંદન કરી હું પણ મારા આત્માને શુદ્ધ બનાવું એવી ભાવના ભાવવાની છે.

**ગઢ ગિરનાર -**

ગિરનારતીર્થ વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થપતિ પ્રભુ નેમિનાથની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની ભૂમિ છે. આ તીર્થ શત્રુંજયતીર્થનો જ એક ભાગ ગણાય છે. તેથી તેની મહાનતા અને પવિત્રતા પણ તેટલી જ છે. તે સૌરાષ્ટ્રના જુનાગઢ શહેરમાં આવેલું છે. આવતી ચોવીસીના ચોવીસે ભગવાન અહીંથી જ મોક્ષે જવાના છે.

આ પદ બોલતાં પાવનકારી આ તીર્થને સ્મરણમાં લાવી વંદના કરતાં વિચારવું કે,

*'આ કાળમાં તો હું નિર્ભાગી પ્રભુના સાક્ષાત્ દર્શન કરીને મારામાં રહેલી પ્રભુતાને પ્રગટાવી શકતો નથી પણ જ્યારે લગભગ ૮૧,૦૦૦ વર્ષ પછી અહીં સમવસરણ મંડાય, પ્રભુ પધારે ત્યારે હું તેમના વચનોને ઝીલી, રાજુલની જેમ ભવોભવના લાગણીના બંધનોને તોડી સ્વભાવદશાને પ્રાપ્ત કરી પરમાનંદ પદને પ્રાપ્ત કરું'*

## આબુ ઉપર જિનવર જુહાર -

અર્બુદગિરિ તીર્થ રાજસ્થાનની શરૂઆતમાં જ આવેલું છે. તે અરવલ્લી પર્વત શૃંખલાનો એક ભાગ છે. આ ગિરિશ્રેણી ઉપર દેલવાડાના મંદિરો તરીકે ઓળખાતા મંદિરોના સંકુલમાં વિમલમંત્રી, વસ્તુપાલ-તેજપાળ, ભીમાશાહ આદિએ બનાવેલા અતિ ભવ્ય મંદિરો છે. જેના નિર્માણની વાતો તે તે શ્રાવકોની અદ્વિતીય ભક્તિની યશોગાથા ગાય છે. આબુની પાસે આવેલી ઐતિહાસિક નગરી ચંદ્રાવતીના તે કાળના દંડનાયક મહામંત્રી વિમલશાહે આ જિનાલય માટેની જગ્યા સ્વર્ણટંકા (સોનાના ચોરસ રૂપિયા) પાથરીને ખરીદી હતી. તો વળી વસ્તુપાલ-તેજપાળે અહીં જેટલો પત્થર કોતરી બહાર કઢાય તેટલું ભારોભાર સોનું આપી આ મંદિરની કોતરણી કરાવી છે. આબુની આગળ અચલગઢમાં, રાણકપુર તીર્થના નિર્માતા ધરણાશાહના ભાઈ રત્નાશાહે, જેમાં ભારોભાર સોનું છે તેવા ૧૪૪૪ મણના પંચધાતુના બિંબોથી સુશોભિત જિનમંદિરનું નિર્માણ કર્યું છે. શ્રીમાન શાંતિદાસ શેઠ દ્વારા નિર્મિત શાંતિનાથ પ્રાસાદ પણ અહીં જ આવેલું છે. આ પદ બોલતાં દુનિયામાં અજોડ ગણાય તેવી કારીગીરીવાળા આ તીર્થને યાદ કરી વંદન કરતા સાધકે તે નયનરમ્ય તીર્થના સહારે પોતાના આત્માને રમ્ય બનાવવાની પ્રાર્થના કરવાની છે.

## શંખેશ્વર -

આ અવસર્પિણીની પૂર્વની ઉત્સર્પિણીમાં શ્રી દામોદર નામના તીર્થંકર થયા હતા. એકદા સમવસરણમાં અષાઢી નામના શ્રાવકે પ્રભુને પોતાનું કલ્યાણ ક્યારે થશે તે અંગે પૃચ્છા કરી, ત્યારે શ્રી દામોદર તીર્થંકરે જણાવ્યું હતું કે આવતી ચોવીસીના શ્રી પાર્શ્વનાથ ભગવાનના કાળમાં તમો મોક્ષે જશો. તેથી ભક્તિભાવથી

અષાઢી શ્રાવકે શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ભરાવી તેની રોજ પૂજા કરવાની ચાલુ કરી. કાલાંતરે આ પ્રતિમા ત્રણેય લોકમાં પૂજાઈ. જરાસંઘ સાથેના યુદ્ધ વખતે શ્રી કૃષ્ણ મહારાજના સૈન્યને જરાસંઘે જરા નામની વિદ્યાના પ્રયોગથી મૃતપ્રાય: કરી મૂકેલું, ત્યારે શ્રી નેમનાથ પ્રભુના કહેવાથી કૃષ્ણ વાસુદેવે અઠ્ઠમ કરી પદ્માવતી દેવીને આરાધી, આ પ્રતિમાને મનુષ્યલોકમાં લાવી અને તેનું ન્હવણ જળ છાંટી, મૃતપ્રાય: સૈન્યને સજીવન કર્યું. ત્યારપછી આ અતિ પ્રભાવક અને અતિ પ્રાચીન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા શંખેશ્વર તીર્થમાં પ્રતિષ્ઠિત થઈ. આ પ્રતિમા લગભગ ૧૮ કોડાકોડી સાગરોપમ પહેલા નિર્મિત થઈ છે અને આ ભરતક્ષેત્રમાં છેલ્લા લગભગ ૮૬,૦૦૦ વર્ષોથી ભક્તો માટે એક આકર્ષણનું સ્થાન બની રહી છે. આ તીર્થનો પ્રભાવ અચિન્ત્ય છે. કહેવાય છે કે, શંખેશ્વર પાર્શ્વનાથના સ્મરણથી દરેક વિઘ્નો દૂર થઈ જાય છે. સુપ્રભાતે તેમનું નામસ્મરણ કરી તેમને વંદન કરતાં પ્રત્યેક સાધકે આત્મશુદ્ધિમાં બાધક બનનારા રાગ-દ્વેષ આદિ વિઘ્નોના સમૂહને શાંત કરવાની પ્રાર્થના કરવાની છે.

**કેસરીયો સાર -**

આ તીર્થ રાજસ્થાનમાં મેવાડ પ્રદેશના ઉદયપુર શહેર પાસે આવેલું છે. તે સ્થાનમાં આજથી લગભગ હજાર વર્ષ પૂર્વે ઋષભદેવ પ્રભુની ભવ્ય પ્રતિમા નીકળી હતી, જે ત્યાં જ સ્થાપિત કરવામાં આવી છે. આ મૂર્તિ ઉપર બહુ કેસર ચડતું હોવાથી તેનું કેસરીયાજી એવું નામ પ્રસિદ્ધ થઈ ગયું છે. કહેવાય છે કે આ પ્રતિમાજી પહેલાં લંકાપતિ શ્રી રાવણને ત્યાં પૂજાતી હતી અને પછી અયોધ્યામાં શ્રી રામચંદ્રજીના ત્યાં આ પ્રતિમા પૂજાઈ હતી. આજે પણ આ પ્રતિમા અતિ ચમત્કારિક અને સૌની ઇચ્છા પૂર્ણ કરનારી મનાય છે.

આ પદ બોલતાં અતિપ્રાચીન અને પ્રભાવશાળી આ પ્રતિમાનું સ્મરણ કરી તેને પ્રણામ કરતાં સાધક વિચારે કે,

> *"પ્રભુ ! આપ તો વીતરાગી છો, આપને કોઈ વિધિથી પૂજે કે અવિધિથી પૂજે આપને કોઈ ફરક પડતો નથી; પરંતુ આજે આ તીર્થમાં મિથ્યાત્વીઓના હાથે આપની જે અવિધિથી પૂજા થાય છે તેનાથી મારું મન પીડાય છે. પ્રભુ ! એવું સત્ત્વ આપજો કે આ અવિધિથી થતી પૂજા અટકાવી, વિધિપૂર્વક પૂજાનો પ્રારંભ કરાવી હું સ્વ-પર સૌના શ્રેયમાં નિમિત્ત બનું !"*

**તારંગે શ્રી અજિત જુહાર -**

'આબુની કોરણી તો તારંગાની ઊંચાઈ.' ૮૪ ગજ ઊંચાં આ તીર્થના દર્શન જોનારને આશ્ચર્ય ગરકાવ કરી મૂકે છે. પરમાર્હત્ કુમારપાળ મહારાજે પૂર્વે ૩૨ માળનું આ દહેરાસર બંધાવી તેમાં ૧૨૫ અંગુલ ઊંચી શ્રી ઋષભદેવ પરમાત્માની પ્રવાલની પ્રતિમા સ્થાપન કરી હતી. કાળના પ્રવાહે એ તીર્થ તૂટી ગયું. ઉપદ્રવ થતાં કુમારપાળ રાજાએ સ્થાપેલ પ્રવાલના જિનબિંબને ભંડારી દેવામાં આવ્યું. અત્યારે આ તીર્થમાં ચાર માળનું ચૈત્ય છે. તેમાં શ્રીઅજિતનાથ ભગવાનની વિશાળ પ્રતિમા છે. ત્યાં ઉપર કેગના લાકડા કે જેને બાળવાથી તેમાંથી પાણી ઝરે છે તેના ચોકઠા બનાવી એવી રીતે ગોઠવ્યા છે કે ૩૨ માળની ગણત્રી થઈ શકે. આ દહેરાસર ૧૪૨ ફુટ ઊંચું, ૧૫૦ ફૂટ લાંબું અને ૧૦૦ ફુટ પહોળું છે અને તે ૨૩૦ ફૂટના લાંબાં પહોળા ચોકમાં સ્થિત છે. ચારે બાજુ મનોહર કુદરતી વાતાવરણ છે.

આ પદ બોલતાં સાધક વિચારે કે,

*"ગણધર ભગવંતના જીવ પરમાર્હત્ કુમારપાળ મહારાજાએ નિર્મિત આ ભવ્ય જિનાલય અને જિનપ્રતિમા જેવી પ્રતિમાઓ તો હું બનાવી શકું તેમ નથી કે તેમના જેવી શ્રુતોપાસના કરવાની પણ મારી શક્તિ નથી, તોપણ ભાવપૂર્ણ હૃદયથી આપને વંદના કરું છું અને આવી ભક્તિ અને શક્તિ મારામાં પ્રગટે તેવી ભાવના ભાવું છું."*

**અંતરિક્ષ -**

મહારાષ્ટ્રના શીરપુર ગામના છેવાડે આવેલા આ તીર્થમાં શ્યામ વર્ણવાળા અર્ધપદ્માસનસ્થ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૦૭ સે.મી. ઊંચી અતિ પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે.

રાજા રાવણના બનેવી પાતાલલોકના રાજવી ખરદૂષણ એકવાર આ પ્રદેશ ઉપરથી વિમાન દ્વારા પસાર થઈ રહ્યા હતા. મધ્યાહ્ન સમયે જ્યારે જિનેશ્વરદેવની પૂજા અને ભોજનનો સમય થયો ત્યારે તેઓ આ પ્રદેશમાં ઉતર્યા. રાજા ખરદૂષણના સેવકો માલી અને સુમાલી પૂજા કરવા પ્રતિમા લાવવાનું ભૂલી ગયા હતા. તેથી પૂજા માટે તેઓએ ત્યાં જ રેતી અને ગોબરમાંથી પ્રતિમા બનાવી અને પૂજા પત્યા પછી પાછા ફરતાં તેને નજીકના

જલકુંડમાં વિસર્જિત કરી. દિવ્ય પ્રભાવથી તે પ્રતિમા અખંડ અને મજબુત બની ગઈ. પ્રતિમાના પ્રભાવે તે સરોવરનું પાણી પણ અખૂટ અને નિર્મળ રહેવા લાગ્યું. ઐકવાર આ કુંડના પાણીનો ઉપયોગ કરવાથી એલિચલપુરના (બીંગલપુરના) શ્રીપાળ રાજાનો કોઢ રોગ દૂર થયો. આ આશ્ચર્યકારક ઘટનાથી શ્રીપાળ રાજાને લાગ્યું કે, 'આ સરોવરમાં કાંઈક પ્રભાવ છે'. આરાધના કરતાં અધિષ્ઠાયક દેવે રાણીને સ્વપ્નમાં જણાવ્યું કે આ કુંડમાં ભાવિજીન શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. તમે તે પ્રતિમાને બહાર કાઢી સાત દિવસના વાછરડાથી જોડેલ રથમાં બેસાડી તમે સ્વયં સારથિ બનીને સારા સ્થાનમાં લઈ જાઓ પણ તે પૂર્વે પાછળ વળીને જોવું નહીં. પ્રભાતે જાગી રાજાએ તે જ પ્રમાણે કર્યું પણ કેટલેક દૂર જતાં સંશય આવ્યો તેથી રાજાએ પાછળ દૃષ્ટિ કરી. જોતાંની સાથે પ્રતિમાજી એ જ જગ્યાએ આકાશમાં સ્થિર થઈ ગઈ. એ વખતે પ્રતિમાજીની નીચેથી ઘોડેસવાર પસાર થઈ જાય એટલી જગ્યા હતી.

આ ચમત્કારી ઘટનાથી પ્રભાવિત થઈ રાજાએ ત્યાં જ શ્રીપુર (શીરપુર) નગર વસાવી નવું જિનમંદિર બંધાવી ૧૧૪૨માં મલ્લવાદી અભયદેવસૂરિ મ.સા.ના હાથે પ્રતિષ્ઠા કરાવી છે. અત્યારે પણ આ પાર્શ્વનાથજીનું બિંબ ભૂમિથી સ્હેજ ઉંચે નિરાધારપણે રહેલ છે. જેની નીચેના ભાગમાં સહેલાઈથી આરપાર કપડું જઈ શકે છે. આ તીર્થના પ્રભાવથી પૂ.ભાવવિજયજી ગણિના આંખોના પડલ દૂર થઈ ગયા હતા અને તેઓના આંખોનું તેજ પાછું આવ્યું હતું.

આ પદ બોલતાં આવી ચમત્કારિક મૂર્તિને ઉપસ્થિત કરી વિચારવું કે,

> *'મારા પરમ પુણ્યોદયે આજે પણ આવી દેવ અધિષ્ઠિત પ્રતિમાઓ છે. તેના દર્શન, વંદન ને સ્પર્શન કરી મારા મલિન આત્માને નિર્મલ કરવા યત્ન કરું અને શીઘ્ર આત્મિક આનંદ માણું.'*

**વરકાણો પાસ -**

આ પ્રાચીન તીર્થ રાજસ્થાનમાં આવેલું છે. શાસ્ત્રમાં આ નગર વરકનક તરીકે પ્રસિદ્ધ છે. આ નગરની વચ્ચે જિનમંદિર છે. અહીંના પ્રતિમાજી લગભગ વિ.સં. ૫૧૫ માં પ્રતિષ્ઠિત થયેલ છે.

આ પદ બોલતાં આ પાર્શ્વનાથ પ્રભુને સ્મૃતિપથ પર બિરાજિત કરી તેમના ચરણોમાં મસ્તક નમાવી આત્મશ્રેયાર્થે વંદના કરવાની છે.

**જીરાઉલા**

આ તીર્થ રાજસ્થાનમાં આવેલું છે. તેની સાથે એવો ઇતિહાસ સંકળાયેલો છે કે ધાંધલ નામના એક શ્રાવકને સ્વપ્ન આવ્યું કે દેવીત્રી નદીની ગુફામાં એક જિનબિંબ છે. તે મૂર્તિ બહાર કાઢ્યા પછી સં. ૧૧૦૯માં જીરાવલીમાં તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. એક વખત શીખોએ મૂર્તિ ઉપર લોહી છાંટ્યું અને તેના નવ ખંડ કર્યા. અધિષ્ઠાયક દેવની આરાધના કરતા તેમને જણાવ્યું કે તે નવ ટુકડાને ચંદનથી ચોંટાડી સાત દિવસ મંદિર બંધ રાખો તો પ્રભુની પ્રતિમા અખંડિત સુયોગ્ય ઠીક થઈ જશે. સાતમા દિવસે એક મોટો સંઘ યાત્રા કરવા આવ્યો. તેથી મંદિર ઉઘાડવામાં આવ્યું ત્યારે નવે ખંડો બરાબર ચોંટી ગયા હતા પણ સાંધાઓ સ્પષ્ટ દેખાતા હતા. વખત જંતાં આ તીર્થ અતિ પ્રખ્યાત બન્યું. ત્યારે સંઘે નવખંડી જીર્ણ મૂર્તિ સિંહાસનની જમણી બાજુ સ્થાપીને મધ્યભાગમાં પાર્શ્વનાથ ભગવાનની એક નવી મૂર્તિ સ્થાપન કરી. જીરાઉલા પાર્શ્વનાથની આ મૂર્તિ અત્યંત પ્રભાવશાળી હોવાના કારણે પ્રતિષ્ઠા, શાંતિસ્નાત્ર આદિ દરેક માંગલિક કાર્યમાં 'શ્રી જીરાઉલા પાર્શ્વનાથાય નમો નમઃ' એ મંત્ર ખાસ લખાય છે.

આ પદ બોલતાં સાધકે વિચારવું જોઈએ કે,

> *'સદેહે વિચરતા પ્રભુનો પ્રભાવ તો હોય પરંતુ સ્થાપના નિક્ષેપે રહેલા પ્રભુનો પણ કેવો અદ્વિતીય પ્રભાવ છે. આવી પ્રભાવશાળી આ પ્રતિમાનું નિત્ય સ્મરણ કરું અને તેમના પ્રભાવથી મારા મોહને મારી આત્માનંદને માણવા યત્ન કરું...'*

**થંભણ પાસ -**

ગુજરાતનું એક મોટું બંદર ખંભાત છે. તેમાં સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની અતિ પ્રભાવક પ્રતિમા છે. આ પ્રતિમા કુંથુનાથ તીર્થંકરના સમયમાં મમ્મણ નામના શ્રાવકે ભરાવી હતી. જેને ઇંદ્રે, કૃષ્ણમહારાજાએ, શ્રી રામચંદ્રજીએ, ધરણેન્દ્રદેવે, સમુદ્રના અધિષ્ઠાયકદેવે ઇત્યાદિ પ્રભાવક પુરુષોએ પૂજેલી છે. આ પ્રતિમાનો પ્રભાવ સાંભળી નાગાર્જુને પણ તેની ઉપાસના દ્વારા સુવર્ણરસસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. કાળના પ્રવાહમાં આ મૂર્તિ ધૂળમાં દટાઈ ગઈ હતી. લગભગ

બારમી સદીની શરૂઆતમાં નવાંગી વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરીજી મહારાજાને કોઢ રોગ થયો હતો. ત્યારે તેઓશ્રીજીને શાસનદેવીએ જણાવેલું કે, 'જ્યાં કપિલા ગાય રોજ દૂધ ઝરે છે તે સ્થાને પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. તેના દર્શન અને ન્હવણ જળથી તમારો રોગ દૂર થશે'. સૂરિજીએ જયતિહુયણ સ્તોત્રની રચના દ્વારા સર્વાંગે સંપૂર્ણ એવી આ પ્રતિમા પ્રગટ કરી અને ખંભાતથી પાંચ કોશ દૂર સ્થંભન ગામમાં તેની પ્રતિષ્ઠા કરી, તેથી તે સ્થંભન પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે.

આ પદ બોલતાં સાધક તે પ્રભાવક પ્રતિમાને સ્મરણમાં લાવી વિચારે કે,

*'આજ સુધી અનેકના દ્રવ્ય-ભાવ વિઘ્નોને દૂર કરનારી આ પાવનીય પ્રતિમા મારા પણ મોક્ષમાર્ગના વિઘ્નો દૂર કરે અને મને શીઘ્ર આત્મિક સુખ પ્રાપ્ત કરાવે.'*

*ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોનો નામોલ્લેખ કરી તેને વંદના કર્યા બાદ હવે સર્વે તીર્થોને વંદના કરતાં જણાવે છે.*

**ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ -**

આ પૃથ્વીતળ ઉપર જે કોઈ ગામ હોય, નગર હોય, પુર હોય કે પત્તન હોય, તેમાં શ્રી સંઘની ભક્તિ અર્થે, પોતાના કુટુંબ પરિવારની ભક્તિ માટે કે સર્વની ભક્તિ માટે જે પણ જિનચૈત્યોનું નિર્માણ થયું હોય, તેમાં જે જે જિનપ્રતિમાઓ બિરાજમાન હોય, સમ્યગ્દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ અને વૃદ્ધિમાં નિમિત્તભૂત તે સઘળી પ્રતિમાઓને હું ભાવપૂર્વક વંદન કરું છું.

*શાશ્વત - અશાશ્વત સ્થાપનાજિનને વંદન કર્યા પછી હવે ભાવજિનને તથા સિદ્ધભગવંતોને વંદન કરતાં કહે છે.*

## A જંગમ તીર્થોને તથા સિદ્ધ પરમાત્માને વંદના :

### ૧. વિહરમાનતીર્થંકરોને તથા સિદ્ધપરમાત્માને વંદના :

**વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥**

**ગાથાર્થ :**

વીશ વિહરમાન જિનો તથા આજ સુધીમાં થઈ ગયેલા અનંત સિદ્ધોને હું હંમેશા નમસ્કાર કરું છું.

**વિશેષાર્થ :**

**વિહરમાન વંદું જિન વીશ -**

વર્તમાન કાળે સદેહે તીર્થંકરરૂપે વિચરતા અર્થાત્ સમવસરણમાં બેસીને દેશના આપતા અથવા કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકરનામકર્મના ઉદયને ભોગવતા સાક્ષાત્ વિચરતા શ્રી તીર્થંકરભગવંતો તે ભાવજિન છે. હાલ મહાવિદેહક્ષેત્રમાં દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામી આદિ[9] વીસ તીર્થંકરભગવંતો સદેહે વિચરી રહ્યા છે, જ્યારે ભરત-ઐરવત ક્ષેત્રમાં હાલ પાંચમા આરામાં તીર્થંકરો વિચરતા નથી.

---

9. વીસ વિહરમાન જિનના નામો

A. જંબુદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં વિચરતા ૪ જિન
૧. શ્રી સીમંધર સ્વામી
૨. શ્રી યુગમંધર સ્વામી
૩. શ્રી બાહુ સ્વામી
૪. શ્રી સુબાહુ સ્વામી

B. પૂર્વ ધાતકી ખંડના મહાવિદેહક્ષેત્રમાં વિચરતા ૪ જિન
૫. શ્રી સુજાત સ્વામી
૬. શ્રી સ્વયંપ્રભ સ્વામી
૭. શ્રી ઋષભાનન સ્વામી
૮. શ્રી અનંતવીર્ય સ્વામી

C. પશ્ચિમ ધાતકી ખંડના મહાવિદેહમાં વિચરતા ૪ જિન
૯. શ્રી સુરપ્રભ સ્વામી
૧૦. શ્રી વિશાલપ્રભ સ્વામી
૧૧. શ્રી વજ્રધર સ્વામી
૧૨. શ્રી ચન્દ્રાનન સ્વામી

D. પૂર્વ પુષ્કરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ૪ જિન
૧૩. શ્રી ચંદ્રબાહુ સ્વામી
૧૪. શ્રી ઈશ્વર સ્વામી
૧૫. શ્રી ભુજંગદેવ સ્વામી
૧૬. શ્રી નેમિપ્રભ સ્વામી

E. પશ્ચિમ પુષ્કરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ૪ જિન
૧૭. શ્રી વીરસેન સ્વામી
૧૮. શ્રી મહાભદ્ર સ્વામી
૧૯. શ્રી દેવયશા સ્વામી
૨૦. શ્રી અજિતવીર્ય સ્વામી

આજથી લગભગ ૮૩ લાખ પૂર્વ[10]થી અધિક સમય પૂર્વે આ વીશ તીર્થંકરોનો જન્મ મહાવિદેહક્ષેત્રોની જુદી જુદી વિજયોના રાજકુળમાં થયો હતો. ત્યારે ભરતક્ષેત્રમાં ૧૭મા શ્રી કુંથુનાથ અને ૧૮મા અરનાથ ભગવંતની વચ્ચેનો કાળ વર્તતો હતો. તેઓના ચ્યવન સમયે માતાને ૧૪ સ્વપ્નોનું દર્શન, જન્મ થતાં છપ્પન દિક્કુમારિકાઓ દ્વારા જન્મમહોત્સવ અને પછી અસંખ્ય દેવો દ્વારા મેરુપર્વત ઉપર જન્માભિષેક થયેલો. તેઓ ૮૩ લાખ પૂર્વના થતાં, જ્યારે આપણા ભરતમાં ૨૦મા શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું શાસન ચાલતું હતું ત્યારે તેમની દીક્ષા થઈ હતી. ત્યારપછી ઉગ્ર ચારિત્રનું પાલન કરતાં ૧૦૦૦ વર્ષ પસાર થયા પછી ઘનઘાતિકર્મનો નાશ કરી આ વીશે તીર્થંકરોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્યારપછી અષ્ટ પ્રાતિહાર્ય, સમવસરણની રચના આદિથી શોભતા આ વીશે તીર્થંકરોએ ૮૪ મહાત્માઓને ત્રિપદી આપી, જેના આધારે તેઓશ્રીએ દ્વાદશાંગીની રચના કરી અને પ્રભુએ તેમને ગણધર પદ પર સ્થાપ્યા હતા. આ વીશ વિહરમાન જિનના પરિવારમાં ૮૪ ગણધરો અને ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) કેવળજ્ઞાની મુનિઓ તથા ૧ અબજ સાધુ-સાધ્વીજી ભગવંતો હોય છે.

આ પદ બોલતાં તે વીશે પરમાત્માઓને યાદ કરવાના છે. તે સાથે જ મનમાં સુવર્ણકમળ પર પદન્યાસ કરતા પ્રભુજી વિચરે છે, માથે છત્ર છે, સાથે ચામરધારી દેવતાઓ આદિ અલૌકિક ઋદ્ધિ સમૃદ્ધિ અને અનેક ગણધરો, સાધુ, સાધ્વી, કેવળીભગવંતો, શ્રાવક, શ્રાવિકાનો પરિવાર છે. આ બધું સ્મૃતિપથ ઉપર ઉપસ્થિત કરી વીશ વિહરમાન ભગવંતોને, ૧૬૮૦ ગણધર ભગવંતને, ૨,૦૦,૦૦,૦૦૦ (બે કરોડ) કેવળજ્ઞાની ભગવંતોને, ૨૦ અબજ સાધુ-સાધ્વીને, ભાવપૂર્વક બે હાથ જોડી વંદન કરવાના છે.

---

આ બધા તીર્થંકરોનો દેહ સુવર્ણવર્ણનો અને દેહનું પ્રમાણ ૫૦૦ ધનુષનું હોય છે.

| | |
|---|---|
| તેમનું ચ્યવન કલ્યાણક | • અષાઢ વદ ૧ |
| જન્મ કલ્યાણક | • ચૈત્ર વદ ૧૦ |
| દીક્ષા કલ્યાણક | • ફાગણ સુદ ૩ |
| કેવળજ્ઞાન કલ્યાણક | • ચૈત્ર સુદ ૧૩ |
| નિર્વાણ કલ્યાણક | • શ્રાવણ સુદ ૩ના હોય છે. |

10. ૧ પૂર્વ = ૭૦૫૬૦ અબજ વર્ષ

આ પદ બોલતાં મહાઋદ્ધિ અને સમૃદ્ધિથી યુક્ત વિહરમાન ભગવંતોને સ્મરણમાં લાવી તેમને વંદના કરતાં સાધક વિચારે કે,

*'પ્રભુ ! આપ સાક્ષાત હાજર હોવા છતાં મારા પુણ્યની ખામી છે તેથી નથી તો હું આપના પ્રત્યક્ષ દર્શન કરી શકતો કે નથી તો આપની દેશના સાંભળી સર્વ સંશયને છેદી અધ્યાત્મના માર્ગે આગળ વધી શકતો, ધન્ય છે મહાવિદેહના લોકોને જેમણે આપનો સંયોગ સફળ કર્યો છે. દ્રવ્યથી તો આપને પામવાની મારી તાકાત નથી તોપણ ભાવથી મને આપનો જે સંયોગ સાંપડ્યો છે તેને સુસફળ કરીને શીઘ્ર શાશ્વત સુખને પામું તે જ પ્રાર્થના.'*

**સિદ્ધ અનંત નમું નિશદિશ :**

ચૌદ રાજલોકના અંતે સ્ફટિક રત્નની બનેલી સિદ્ધશિલા છે. તેની ઉપર લોકના અંતભાગને સ્પર્શીને અનંતા સિદ્ધ ભગવંતો રહેલા છે.

સિદ્ધભગવંતોએ કર્મ અને શરીરાદિના બંધનોને તોડી, અનાદિકાલીન પરાધીનતાનો અંત આણી, અનંત જ્ઞાનમય, અખંડ આનંદમય પોતાના શુદ્ધસ્વરૂપને પ્રગટ કર્યું છે. શુદ્ધ સ્વરૂપમાં મગ્ન બની તેઓ શાશ્વત કાળ સુધી પરમ સુખ ભોગવશે.

આ પદ બોલતાં આવા સિદ્ધભગવંતોને સ્મરણમાં લાવી તેમને વંદના કરતા સાધક વિચારે કે,

*"હે ભગવંત ! જેવા આપ છો તેવો જ હું છું. આપનું સ્વરૂપ પ્રગટ છે જ્યારે મારું કર્મથી અવરાયેલું છે. અનંતુ જ્ઞાન, અનંતો આનંદ જેવા આપના છે તેવા જ મારા છે તેવું મેં શાસ્ત્રવચનથી જાણ્યું છે, પણ હજુ એ આનંદ માણવા નથી મળ્યો. ભગવંત ! આપના આલંબને આપના ધ્યાનાદિ દ્વારા મારે મારી શક્તિઓને પ્રગટાવવી છે. આપ કૃપા કરી મને સહાય કરજો."*

સિદ્ધ અવસ્થા એ જ સાધકની સિદ્ધિ છે, તેની સાધનાનું લક્ષ્ય છે, દરેક પ્રવૃત્તિઓનું કેન્દ્રબિન્દુ છે, તેથી સવારના પહોરમાં અનંત સિદ્ધોને વંદન કરી સાધકે પોતાના લક્ષ્યની સ્મૃતિ અને શુદ્ધિ કરવાની છે.

*સ્થાવરતીર્થોને વંદન કર્યા પછી હવે અંતમાં જંગમતીર્થને વંદના કરતાં જણાવે છે.*

## ૨. સાધુભગવંતોને વંદના :

**અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ શીલાંગના ધાર,**
**પંચમહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર ॥૧૪॥**

**બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણમણિમાલ,**
**નિતનિત ઊઠી કીર્તિ કરું, જીવ કહે ભવ-સાયર તરું ॥૧૫॥**

**ગાથાર્થ :**

અઢીદ્વીપમાં જે સાધુઓ અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનારા છે, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ તથા પંચાચારને સ્વયં પાળનારા છે અને બીજાઓની પાસે પણ પળાવનારા છે, તથા જેઓ બાહ્ય અને અભ્યંતર તપમાં ઉદ્યમશીલ છે, તેવા ગુણરૂપી રત્નોની માળાને ધારણ કરનારા મુનિઓને હું વંદન કરું છું. જીવ અર્થાત્ શ્રી જીવવિજયજી મહારાજ કહે છે કે, નિત્ય પ્રાતઃકાળમાં ઊઠીને આ બધાનું કીર્તન કરવા દ્વારા હું ભવસાગર તરી જઈશ.

**વિશેષાર્થ :**

સુવિશુદ્ધ સંયમને ધારણ કરનાર સાધુ-સાધ્વીજીભગવંતો સ્વયં સંસાર સાગરથી તરે છે અને અન્યને તરવામાં સહાયક બને છે માટે તેઓ પણ તીર્થ કહેવાય છે. વળી, સાધુભગવંતો સ્વ-પરના કલ્યાણ માટે ભગવાનની આજ્ઞા અનુસાર એક સ્થાનથી બીજા સ્થાનમાં વિહાર પણ કરે છે માટે તેઓ જંગમ તીર્થ કહેવાય છે.

સાધુ મહાત્માને પોતાનું કહી શકાય એવું કોઈ મકાન નથી હોતું. તેથી મમતાનો સર્વથા ત્યાગ કરનાર આ અગાર (ઘર) વિનાના મહાત્માઓને અણગાર કહેવાય છે.

મોક્ષનગરે સુખેથી પહોંચાડી શકે એવો રથ એટલે સંયમ, આ સંયમરૂપી રથના ૧૮૦૦૦ અંગો હોય છે. તે અંગોને જે સારી રીતે જાળવે તેનો રથ વેગથી ચાલે અને જલ્દી મોક્ષે પહોંચી જાય. સાધુ મહાત્માઓ સુવિશુદ્ધ રીતે

સંયમનું પાલન કરવા આ અઢારે હજાર શીલના (સંયમના) અંગોનું[11] દૃઢતાથી પાલન કરે છે. ક્યારેક કોઈક કારણોસર તેમાંના કોઈ એકાદ અંગમાં પણ સ્ખલના થાય તોપણ તેઓ પ્રાયશ્ચિત્ત દ્વારા તેને શુદ્ધ બનાવે છે.

પાંચ મહાવ્રતના મેરુભારને તેઓ નિરંતર વહન કરે છે. [12]પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ શ્રેષ્ઠ રીતે પાળે છે. જ્ઞાનાચાર આદિ પાંચ આચારોને સ્વ જીવનમાં તો સુંદર રીતે આચરે છે અને સાથે સાથે પોતાની નિશ્રામાં રહેલા અનેક સાધકોને આ આચારો પળાવવામાં સહાયક બને છે.

તપ વિના કર્મનિર્જરા શક્ય નથી, તેવો વિશ્વાસ હોવાથી તેઓ અનશન આદિ છ પ્રકારના બાહ્ય તપમાં અને પ્રાયશ્ચિત આદિ છ પ્રકારના અભ્યંતર તપમાં[13] સતત ઉદ્યમ કરે છે. ક્ષમા, નમ્રતા, ગંભીરતા આદિ અનેક ગુણરત્નોની માળાને અંગીકાર કરે છે. ગુણરત્નના ભંડાર સમાન આ સાધુ મહાત્માઓને પ્રાત: કાળે ઊઠતા જ નમસ્કાર કરવાના છે. તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી તેમની સાધના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાનો છે.

પ્રભુ આજ્ઞાનું પાલન કરતાં આ મહાત્માઓ જે રીતે અનાસક્ત ભાવમાં રમતા રહી, નિ:સંગ ભાવના સુખને અનુભવે છે તેવું સુખ દુનિયામાં બીજું કોઈ ભોગવી શકતું નથી. તેઓ તો સમતાના સાગરમાં સતત ઝીલતા રહી પ્રતિદિન પોતાના સ્વાભાવિક સુખની વૃદ્ધિ કરતા રહે છે. તેમના જેવું જીવન જીવવાની સામાન્ય સાધકમાં શક્તિ નથી હોતી, છતાં 'ક્યારે હું પણ તેમની જેમ આત્મભાવની રમણતા સાધીશ ?' તેવી તીવ્ર રુચિ તેના હૈયામાં સતત રમતી હોય છે.

સુપ્રભાતે આવા મુનિવરોનું સ્મરણ કરવાથી પૂર્વે જણાવેલા નામજિન, શાશ્વત-અશાશ્વત સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિનનું કીર્તન કરતાં ભવસાગરથી પાર ઉતરી શકાય છે, તેવું શ્રી જીવવિજયજી મહારાજ જણાવે છે.

આ બન્ને ગાથા બોલતાં સાધક અઢીદ્વીપમાં રહેલા સુવિશુદ્ધ સંયમનું પાલન કરતાં સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતોને સ્મરણમાં લાવી તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી વિચારે કે,

---

11. અઢાર હજાર શીલાંગનો બોધ અઢ્ઢાઈજ્જેસુ૦ સૂત્રમાંથી મળી શકશે.

12. સમિતિ-ગુપ્તિ અને પંચાચારની વિશેષ સમજ માટે જુઓ સૂત્રસંવેદના ભા.૧ પંચિદિય સૂત્ર.

13. તપવિષયક સમજ માટે જુઓ નાણંમિ સૂત્ર-સૂત્રસંવેદના-૩.

*"આ મુનિભગવંતો પણ મારા જેવા જ છે, છતાં તેમના મન અને ઇન્દ્રિયો કેટલા કાબુમાં છે, તેમનું જીવન કેવું સંયમિત છે ! હું તો કેવો કાયર છું, ઇન્દ્રિય અને મનને કેવો પરાધીન છું કે જેના કારણે લીધેલા નાના નાના વ્રતને પણ પાળી શકતો નથી. આજે આ મહાત્માઓને પ્રણામ કરી એવું ઇચ્છું કે મારામાં તેમના જેવું સત્ત્વ ખીલે અને હું પણ મોક્ષમાર્ગની સાધના કરી ભવસાગરથી તરી જાઉં"*

ઔષધના જ્ઞાન માત્રથી રોગ નાશ નથી પામતો પરંતુ ઔષધનું સેવન પણ આવશ્યક હોય છે. તેમ જ્ઞાન માત્રથી પરિણતિ પલટાતી નથી પણ ગણધર ભગવંતોએ બનાવેલા સૂત્રના માધ્યમે જ્ઞાનાનુસાર થતી ક્રિયા જ મોક્ષને અનુકૂળ પરિણતિ કેળવવાનો સચોટ ઉપાય બને છે. તે સૂત્રો શબ્દોમાં હોય છે અને શબ્દો અક્ષરોના બનેલા હોય છે. અક્ષરમાં અનંત શક્તિ રહેલી હોય છે. પણ તેને આપણે જગાડવાની હોય છે અને તે જગાડવા માટે આપણે સૂત્રોમાં પ્રાણ પૂરવા પડે છે. આ પ્રાણ ફૂંકવાની ક્રિયા એટલે સૂત્રનું સંવેદન. સૂત્રનું જ્યારે આપણને સંવેદન થાય છે, ત્યારે સૂત્ર સજીવન બની જાય છે અને ત્યાર પછી તેમાંથી અનર્ગળ શક્તિ બહાર પડે છે જે આપણામાં રહેલાં અનંતા કર્મોનો ક્ષય કરવા માટે એક યજ્ઞ સમાન બની રહે છે.

અનંત ગમ પર્યાયથી યુક્ત આ સૂત્રોના અર્થનું સંકલન કરવું એટલે એક ફુલદાનમાં ફુલો ગોઠવીને બાગનો પરિચય આપવા જેવી વાત છે. આથી જ સૂત્રોના સર્વ અર્થને સમજાવવાનું ભગીરથ કાર્ય તો પૂર્વના મહાબુદ્ધિમાન અનુભવી પુરુષો જ કરી શકે. તો પણ સ્વપરિણતિને નિર્મળ બનાવવાના ઉદ્દેશથી શરુ કરેલ આ લખાણમાં આજના સામાન્ય બૌદ્ધ જીવો ક્રિયા કરતાં યાદ કરી શકે તેટલો અર્થ સંકલિત છે.

સૂત્રાર્થ વિષયક લખાયેલ આ પુસ્તક નવલકથાની જેમ વાંચવાનું પુસ્તક નથી કે નથી અભ્યાસ કરવાનું માધ્યમ, પરંતુ પરિણતિને પલટાવવાના પ્રયાસના કઠિન માર્ગનો એક દીવો છે....

Sanmarg - 079-25352072